(શ્રીમદ્ર્વિટ્ઠલેશ્વરપ્રભુચરણ વિરચિત)

।।શ્રીપુરુષોત્તમપ્રતિષ્ઠાપ્રકારઃ।।

(ગુર્જરાનુવાદ સહિત)

પરિશિષ્ટ :

અમૃતવચનાવલી

દૂધનું દૂધ-પાણીનું પાણી

પ્રકાશક :
શ્રીવલ્લભવિદ્યાપીઠ-શ્રીર્વિલેશપ્રભુચરણ આ.હો.ટ્રસ્ટ,
વૈભવ કૉ-ઓપરેટિવ સોસાયટી,
પૂના-બેંગલોર રોડ, કોલ્હાપુર,
મહારાષ્ટ્ર ૪૦૦૦૧૬.

સમ્પાદક-સાનુવાદવિવરણકાર :
ગોસ્વામી શ્યામ મનોહર.

પ્રકાશનવર્ષ :
વિ.સં.૨૦૬૩.

નિઃશુલ્કવિતરણાર્થ પ્રતિ :
૧૦૦૦

મુદ્રક :
શૈલેષ પ્રિન્ટર્સ્
૧૪,વાય્.એ.ચુનાવાલા ઇંડસ્ટ્રિઅલ્ એસ્ટેટ્,
કોંડિવિટા રોડ, જે.બી.નગર,
અંધેરી (પૂર્વ), મુંબઇ:૪૦૦૦૫૯.

||શ્રીકૃષ્ણાય નમઃ||

||શ્રીમદાચાર્યચરણકમલેભ્યો નમઃ||

પ્રાક્કથન

શ્રીમત્પ્રભુચરણવિરચિત 'શ્રીપુરૂષોત્તમપ્રતિષ્ઠાપ્રકારઃ' સહુથી પહેલાં નેવુ વર્ષ પૂર્વ 'પુષ્ટિભક્તિસુધા' માસિક પત્રિકા(વર્ષ : ૫|અંક : ૮-૯)માં શ્રીમૂલચન્દ તેલીવાલાએ સમ્પાદિત કરી પ્રકાશિત કર્યો હતો. સમ્પ્રતિ વિ.સં.૨૦૫૭ માં વડોદરાના ગો.શ્રીચન્દ્રગોપાલજી દ્વારા પુનઃ પ્રકાશિત થયો. આ બન્ને પ્રકાશિત સંસ્કરણો અને તત્તદ્ ગ્રન્થાગારોંમાં ઉપલબ્ધ થતી માતૃકાઓમાં પાઠભેદ પણ દષ્ટિગત થાય જ છે..

શ્રીવલ્લભાચાર્ય મહાપ્રભુના અનુસાર **''વેદાન્તે ચ સ્મૃતૌ બ્રહ્મલિઙ્ગં ભાગવતે તથા બ્રહ્મેતિ પરમાત્મેતિ ભગવાનિતિ શબ્દ્યતે ત્રિતયે ત્રિતયં વાચ્યં''** (ત.દી.નિ.૧|૬) દિશાનિર્દેશના અનુસાર ચેતનાચેતન વસ્તુમાત્રની બ્રહ્મોપાદાનકતા કે બ્રહ્માત્મકતા તો **''ઐતદાત્મ્યમ્ ઇદં સર્વં, સ આત્મા તત્ ત્વમ્ અસિ''** (છાન્દો.ઉપ.૬|૮|૭) શ્રુતિવચનના બલપર સ્વતઃસિદ્ધ છે. આજ રીતે પરમાત્મતા કે સર્વાન્તર્યામિતા પણ **''તત્ સૃષ્ટ્વા તદેવ અનુપ્રાવિશત્''-''યઃ સર્વેષુ ભૂતેષુ તિષ્ઠન્ સર્વેભ્યો ભૂતેભ્યો અન્તરો...યસ્ય સર્વાણિ ભૂતાનિ શરીરમ્''-''ઉત્તમઃ પુરૂષસ્તુ અન્યઃ 'પરમાત્મા' ઇતિ ઉદાહ્તઃ યો લોકત્રયમ્ આવિશ્ય બિભર્તિ અવ્યયઃ ઈશ્વરઃ''** (તૈત્તિ.ઉપ.૨|૬ - બૃહ.ઉપ.૩|૭|૧૫ - ભગ.ગીતા.૧૫|૧૭) ઇત્યાદિ શ્રુતિસ્મૃતિવચનોના આધારપર બ્રહ્મના સૃષ્ટિસંકલ્પમાત્રથી સિદ્ધ છે. સૃષ્ટિગત, કિન્તુ, જડ-ચેતન રૂપોંમાં આનન્દધર્મરૂપ સાહજિક ઐશ્વર્યાદિ ષડ્ ભગવદ્ગુણ પોતાના પરિપૂર્ણ રૂપમાં પ્રકટ નથી થઈ શકતા. અતએવ ભાગવતપુરાણ એવં મહાપ્રભુ પણ કહે છે **''યુક્તં ભગૈઃ સ્વૈઃ ઇતરત્ર ચ અધ્રુવૈઃ''-''બ્રહ્મરૂપં જગદ્ જ્ઞાતવ્યં (બ્રહ્મ) જગતો અતિરિચ્યતે ઈતિ ન તત્ર આસક્તિઃ કર્તવ્યા. એકસ્મિન્નપિ પદાર્થે સર્વલીલાસહિતો ભગવાન્ અસ્તીતિ ચ દેશકાલરૂપઃ સન્ દેશકાલવસ્તુભ્યો વ્યતિરિચ્યતે ઇતિ... સર્વં ભગવાન્ અન્યથાપ્રતીતિઃ માયયા. સર્વત્ર સર્વલીલાસહિતઃ સર્વદોષવિવર્જિતઃ ઇત્યેતદ્ મતં... ભગવતઃ''** (ભાગ.પુરા.૨|૯|૧૬ - સુબો.૨|૯|૩૫-૩૬). અતઃ પ્રશ્ન ઉઠે છે કે જાગતિક કોઈ પણ પદાર્થની ભગવાન્ના રૂપમાં ઉપાસના કે આરાધના કઈ રીતે ઉપપન્ન થઈ

શકશે? અતએવ ધાતુ-શિલાદિમાં નિર્મિત ભગવદાકાર યા તો નર્યા આકારમાત્ર છે, એવા કે જ્યાં દિવ્ય ભગવદ્ગુણોનો કેવલ મિથ્યા અધ્યારોપણમાત્ર માની શકાય છે. અથવા ભગવદાકારોપાસનાની શાસ્ત્રવિહિતતયા કોઈ ને કોઈ પ્રકારની અદૃષ્ટોપકારકતા સ્વીકારવી પડશે.

ઈશ્વરાસ્તિત્વવાદી હોવા છતાંપણ મૂર્તિપૂજાનો વિરોધ કરવાવાળા મૂર્તિપૂજનને તો હેય માનવા છતાય પણ યજ્ઞયાગાદિ કર્મકાણ્ડમાં અર્ચના-પ્રાર્થના, માનસમૂર્તિનું ધ્યાન, નામસ્મરણ અથવા અન્ય પણ કોઈ ને કોઈ પ્રકારની ભગવદનુભાવરહિત ભગવાનના પ્રતિ એકતરફી ભક્તિભાવને તો માનવમાં પ્રશસ્ત માને જ છે. કેવલ મૂર્તિના ઉદાહરણમાં જ પરમેશ્વરની સર્વવ્યાપિતા સર્વજ્ઞતા અનુકમ્પાશીલતા અને આરાધનીયતા ના સામર્થ્યને ત્યારે કુણ્ઠિત માનવું એક પૂર્વાગ્રહગ્રસ્ત મૂર્તિદ્વેષ જ પ્રતીત થાય છે.

જે ધર્મગ્રન્થોમાં, અતઃ, મૂર્તિપૂજા પાપાચરણ હોય તેના અનુયાયીઓની કથા તો નોખી છે. આપણાં શાસ્ત્રોમાં, કિન્તુ, આવો મૂર્તિપૂજાવિરોધી ભાવ વર્ણિત નથી થયો. અતએવ મહાપ્રભુ કહે છે **''સાકારવ્યાપકત્વાત્ ચ મન્ત્રસ્યાપિ વિધાનતઃ શ્રીકૃષ્ણં પૂજયેદ્ ભક્ત્યા યથાલબ્ધોપચારકૈઃ''** (ત.દી.નિ.૨|૨૨૯). અતઃ ભાગવતપ્રતિપાદિત ભગવાન શ્રીકૃષ્ણની ભાગવતવર્ણિત ભક્તિના રૂપમાં આરાધના પ્રત્યેક પુષ્ટિભક્તિમાર્ગીય જીવનું પરમ કર્તવ્ય માનવામાં આવ્યું છે. શ્રીવિઠ્ઠલનાથ પ્રભુચરણોએ પણ અતએવ, ભગવત્સેવાની પૂર્વ ભગવદાકારવિશિષ્ટ પાર્થિવ દ્રવ્ય, અર્થાત્ ધાતુ-શિલાદિનિર્મિત મૂર્તિ, માં ભગવાન શ્રીકૃષ્ણના ભાગવતોક્ત વિવિધ પ્રાકટ્યનિરૂપક પદ્યોદ્વારા તે ભાવનાઓંને વાગોળવાની વિધિ સમજાવી છે.

અસ્તુ. તદન્તર્ગત પ્રસ્તુત ગ્રન્થમાં ઘણાં પાઠભેદ દષ્ટિગત થયા. તેમાં મુદ્રિત માતૃકાઓમાં સર્વાધિક વાત જે મને ખટકતી હતી તે આ કે આરાધ્ય મૂર્તિમાં જ્યારે ભાગવતોક્ત ભગવાન શ્રીકૃષ્ણની ભાવના કરવી જ હોય તો તેમના પ્રાકટ્યવર્ણનપરક પદ્ય પણ ભાગવતદશમસ્કન્ધીય [1]જન્મપ્રકરણ, તામસ [2]પ્રમાણ [3]પ્રમેય [4]સાધન અને [5]ફલ પ્રકરણોંમાં ઉપલબ્ધ થતાં અનેકવિધ પ્રાકટ્યવર્ણનપરક હોવા જોઈતા હતા જે મળતા ન હતા. તાજેતરમાં પ્રભુચરણની કૃપાના સ્વરૂપ બે-ત્રણ માતૃકાઓ

એવી પણ મળી જે મારી અપેક્ષાઓને સર્વથા સન્તુષ્ટ કરવાવાળી નિકળી. એતદર્થ આ પુનઃપ્રકાશન આવશ્યક લાગતું હોવાથી પ્રવૃત્ત થયો છું.

એમતો પ્રકાશિત કર્યા પછી પણ સમ્પ્રદાયમાં કોણ આ ગ્રન્થાનુસાર ભગવત્સ્વરૂપને પુષ્ટ કે પ્રતિષ્ઠાપિત કરશે! તેથી પુનઃપ્રકાશનની આવશ્યકતા તો પ્રશ્નાર્હ રહે જ છે છતાંપણ સર્વપ્રથમ તો શ્રીમત્પ્રભુચરણના દ્વારા ઉપદિષ્ટ હોવાને કારણે તથા બીજુ આ ગ્રન્થના સૈદ્ધાન્તિક મહત્ત્વને પણ જોતાં, સ્વમાર્ગમાં આ ગ્રન્થનું તો નિરન્તર પ્રકાશન થતું જ રહેવું જોઈએ એવું મને લાગે છે.

આ કથા અન્ય છે કે વર્તમાન કાલમાં અમે ગોસ્વામી મહાનુભાવોંની અનુયાયિવર્ગને તેમના નિજ ઘરોંમાં સેવાર્થ આત્મનિવેદન દીક્ષા પ્રદાન કરવાની અને તદર્થ તેમનેં ભગવત્સ્વરૂપ પધરાવી દેવાની રુચિ અતીવ ક્ષીણ થઈ ગઈ છે. અમારા અનુગામિજન નિજગૃહોમાં ભગવત્સેવામાં પરાયણ થઈને અમારી વ્યાવસાયિક પ્રદર્શનાર્થ ચાલતી હવેલિઓમાં દર્શન-પ્રસાદ-મનોરથ-ભેંટ-સામગ્રીસેવાની પઞ્ચવિધા ભગતિના અનુષ્ઠાનથી ક્યાંક પરાઙ્મુખ ન થઈ જાય, એવી ભીતિ અમને સતાવતી રહે છે. એતદર્થ મેંડ-મરજાદવાલી અપરસ, જે ન તો હવે અમારાથી સરખીરીતે પળાય છે કે ન તો અમારી હવેલિઓના કર્મચારિઓની બટાલિયનથી પણ, તેને અનુગામી જનતાને માટે અનિવાર્ય માનીને તેમને તેમનાં નિજગૃહોંમાં ભગવત્સેવાની છૂટ આપવામાં નથી આવતી! ક્યારેક-ક્યારેક નેગ-ભોગ-રાગના વૈભવથી રહિત ભગવત્સેવા કાં તો પુષ્ટિપ્રભુના માહાત્મ્યને ક્ષીણ બનાવી દે છે અથવા આવી સેવા કરવી એ પુષ્ટિપ્રભુને પરિશ્રમ દેવાનો હેતુ બની જાય છે, આ નિમિત્તનુ છદ્મ પણ પ્રચારિત કરીને જનતાને નિજગૃહોમાં ભગવત્સેવાર્થ હતોત્સાહિત કરવામાં આવે છે. આમ મહાપ્રભુને અભિપ્રેત ભગવત્સેવાનો સિદ્ધાન્ત સેવારીતિ તથા સેવ્યપ્રભુ પ્રદાન કરવાવાળા યોગ્ય અધિકારી ગુરૂનું ન મળવું વર્તમાન કાલમાં આપણાં સમ્પ્રદાયની એક મહતી વિડમ્બના છે.

તેથી આવા યોગ્ય અધિકારી ગુરૂના અભાવમાં પણ ભગવત્સેવાની અનુજ્ઞા તો શ્રીમદાચાર્યચરણોએ **''તદભાવે સ્વયં વાપિ મૂર્તિં કૃત્વા હરેઃ ક્વચિત્ પરિચર્યાં સદા કુર્યાત્''** (ત.દી.નિ.૨।૨૨૮) વચનદ્વારા કણ્ઠતઃ આપી જ છે. તદનુસાર યદિ કોઈ સ્વયં ભગવત્સેવામાં પ્રવૃત્ત થવા ચાહતો હોય તો આ પ્રતિષ્ઠાવિધિ નિશ્ચયેન ઉપકારક થઈ શકે છે.

એતાવતા સી.એ.ના વ્યવસાયમાં સ્વયંની ધોખા-ધડી (છેતરપીંડી)ના કારણે લાગેલા પ્રતિબન્ધવશાત્ હવે બ્રહ્મસમ્બન્ધદીક્ષાદાનના વ્યવસાયમાં પ્રવૃત્ત થઈ જવાવાળા અપુષ્ટિમાર્ગીય કથાકાર જે યથાકથઞ્ચિત્ હર કોઈને બ્રહ્મસમ્બન્ધ દીક્ષા હાલમાં દેવા લાગ્યા છે, આવાઓની વઞ્ચનામાં ફસાવું પણ કોઈ પુષ્ટિમાર્ગના અનુગામીને માટે આવશ્યક નથી લાગતું.

એતદર્થ પણ *'શ્રીપુરૂષોત્તમપ્રતિષ્ઠાપ્રકારઃ'* ગ્રન્થના પ્રકાશનની તાત્કાલિક આવશ્યકતા પ્રતીત થઈ રહી છે.

અહીંયા આ ઉલ્લેખ કરી દેવો સર્વથા પ્રાસંગિક જ થશે કે પ્રસ્તુત શ્રીમત્પ્રભુચરણવિરચિત *'શ્રીપુરૂષોત્તમપ્રતિષ્ઠાપ્રકારઃ'* અને શ્રીમદ્હરિરાયચરણવિરચિત *'સ્વમાર્ગીયસ્વરૂપસ્થાપનપ્રકારઃ'* ગ્રન્થોંમાં પ્રકટ થતો એકરૂપતાનો અભાવ અવશ્ય જ આંખોંમાં ખટકવાવાળી વાત કોઈને લાગી શકે છે. કેમકે શું શ્રીહરિરાયજીને આ ગ્રન્થ ઉપલબ્ધ કે અવગત નહીં હતો કે સ્વતન્ત્ર ઉપદેશ તેમણે કરવો પડ્યો ? કે પછી પરવર્તી કોઈ લેખકે પ્રભુચરણના નામપર, અન્ય અમુક ગ્રન્થોની જેમ , પોતાનું દુઃસાહસ આ રીતે પ્રકટ કરી દેખાડ્યું છે ? આવી આશંકા સહજ જ હૃદયમાં ઉઠી શકે છે.

મારા અભિપ્રાયના અનુસાર આવો કોઈ પણ તલનો તાડ બનાવતા પહેલાં ઉભય પ્રતિષ્ઠાપ્રકારોના નિગૂઢ મર્મનું અવગાહન કરવું આવશ્યક છે. તે કરી લીધાબાદ એકરૂપતા ન હોવા છતાં પણ બન્ને જ ગ્રન્થ નિશ્ચયેન એક-બીજાના પૂરક ગ્રન્થ જેવાં જ લાગશે. આ તથ્ય દષ્ટિગત થવાથી તથા નિરપવાદતયા બધી માતૃકાઓંમાં મળતી શ્રીમત્પ્રભુચરણના **''ઇત્યાદિષુ યત્ સ્વરૂપં નિરૂપિતં તત્ સ્વરૂપમેવ એતાનિ પદ્યાનિ પઠન્ ધ્યાયેત્''** (પ્રસ્તુત પુ.પ્ર.પ્ર.) આ વચનમાં 'આદિ'પદથી અનુક્તના સંગ્રહનો જે ઉપદેશ દ્યોતિત થઈ રહ્યો છે, તે જ કાર્ય શ્રીહરિરાયજીએ સરખીરીતે

સમ્પન્ન કર્યું છે. એવું મને લાગે છે.

મૂલમાં શ્રીમત્પ્રભુચરણોએ અહિં ભગવત્સ્વરૂપપ્રાકટ્યની ભાવનાના માટે સર્વપ્રથમતયા સાકારબ્રહ્મવાદનું પોષક પુરૂષસૂક્ત યોજિત કર્યું છે. દ્વિતીયતયા તે શ્રુત્યેકગમ્ય પ્રમેયની પ્રમાણરૂપા શ્રુતિઓદ્વારા અનુષ્ઠિત નિજ પ્રમેયનું ઉદ્બોધન યોજિત કર્યું છે. આ ભાગવતપુરાણના અન્તર્ગત દશમસ્કન્ધીય નિર્ગુણલીલાપરક ગુણપ્રકરણગત વેદસ્તુતિનું પદ્ય છે. તૃતીયતયા તે ઉદ્બુદ્ધ બ્રહ્મ-પરમાત્મરૂપ પ્રમેયનું ભગવાન શ્રીકૃષ્ણના રૂપમાં નિજ ભક્તોની વચ્ચે તેમને પ્રપઞ્ચાસક્તિથી છોડાવીને નિજાસક્તિમાં નિરુદ્ધ કરવાવાળી લીલાનું પ્રાકટ્યનિરૂપક પદ્ય છે. મહાપ્રભુ કહે છે **''સએવ પરમકાષ્ઠાપન્નઃ કદાચિદ્ જગદુદ્ધારાર્થમ્ અખણ્ડઃ પૂર્ણએવ પ્રાદુર્ભૂતઃ 'કૃષ્ણઃ' ઇતિ ઉચ્યતે''** (ત.દી.નિ.પ્ર.૩|૧|૧). અતઃ તદનુસાર ભક્તોને પ્રપઞ્ચને ભુલાવીને પોતાનામાં અનન્યાસક્ત બનાવવામાટે ભગવાન જન્મ લે છે. આવા આ અવતીર્ણ રૂપના વર્ણનપરક ભાગવતપુરાણના અન્તર્ગત દશમસ્કન્ધીય જન્મપ્રકરણગત પદ્ય યોજિત કરવામાં આવ્યું છે. ચતુર્થતયા આવા અવતીર્ણ પુરૂષોત્તમનું શ્રીનન્દના ગોકુલમાં પ્રાકટ્ય અને સમાગમન નિરૂપક, ભાગવતપુરાણના અન્તર્ગત દશમસ્કન્ધીય તામસપ્રમાણપ્રકરણગત, પદ્ય યોજિત કરવામાં આવ્યું છે. પઞ્ચમતયા નિજપ્રમેયના ગોપબાલકતયા શ્રીનન્દના ગોકુલમાં ક્રીડાર્થ આગમનની પ્રતીક્ષામાં નિરત અને તત્પૂર્વ જ ગોપવધુઓના રૂપમાં પ્રકટેલી શ્રુતિઓનું નિજ પ્રમેયના દર્શનાર્થ ઉત્કણ્ઠાપૂર્વક અભિસરણપરક પદ્ય યોજિત કરવામાં આવ્યું છે. ષષ્ઠતયા તે શ્રીકૃષ્ણ સ્વરૂપના વર્ણનપરક ભાગવતપુરાણના અન્તર્ગત દશમસ્કન્ધીય તામસપ્રમેયપ્રકરણગત પદ્ય યોજિત કરવામાં આવ્યું છે. સપ્તમતયા આવા પ્રમેયની પ્રાપ્તિના હેતુ (માટે) નિરૂપિત ભાગવતપુરાણાન્તર્ગત તામસસાધનપ્રકરણગત પદ્ય યોજિત કરવામાં આવ્યું છે. અષ્ટમતયા આમ પ્રમાણ-પ્રમેય-સાધનોના નિરુદ્ધ થયા પછી ફલપ્રકરણીય ભગવત્સ્વરૂપના બાહ્યપ્રાકટ્યનિરૂપક ભાગવતપુરાણના અન્તર્ગત દશમસ્કન્ધીય તામસફલપ્રકરણગત પદ્ય યોજિત કરવામાં આવ્યું છે. આ જ રીતે સેવાનવસરમાં આન્તર પ્રાકટ્યનિરૂપક પદ્ય પણ પ્રભુચરણોએ યોજિત કર્યું છે.

પ્રભુચરણ કહે છે **''તતઃ પુરૂષોત્તમાત્મકતાયાં જાતાયાં સ્વરૂપે 'ભગવાન શ્રીગોકુલેશઃ શ્રીકૃષ્ણો અયમ્' ઇતિ બુદ્ધિઃ કર્તવ્યા નચ સ્વરૂપાદિબુદ્ધિઃ''** અહીં સાક્ષાત્ શ્રીકૃષ્ણ હોવાની

બુદ્ધિ રાખવી એટલેકે તેવી ભાવના કરવાથી ભગવન્મૂર્તિમાં ભગવદ્ભાવ દઢ થઈ જશે આવો ઉપદેશ ફલિત થાય છે.

આ નિરૂપણનું પ્રયોજન તો આ જ સમજાવવું છે કે જે ભગવન્મૂર્તિ કે ભગવત્સ્વરૂપ નું ભજનાર્થ આપણે વરણ કરીએ છીએ, તેની મૂલભૂત શ્રૌત દર્શનશાસ્ત્રીય યા જ્ઞાનમાર્ગીય ઉપપત્તિ તો બ્રહ્મ દેશ-કાલ-સ્વરૂપેણ અપરિચ્છિન્ન હોવાને કારણે બ્રહ્મનું સર્વત્ર સર્વદા સર્વરૂપેણ વિદ્યમાન હોવું એ જ છે. તન્મૂલક તે પરમાત્મરૂપેણ પણ પ્રત્યેક પ્રાણી અને વસ્તુ માં અન્તર્યામી પરમાત્માના રૂપમાં વિદ્યમાન રહે જ છે. તૃતીય ભક્તિ-પ્રપત્તિમાર્ગીય ભાગવતીય ઉપપત્તિ આ છે કે સ્વયં ભગવાન ભક્તના ઉદ્ધારાર્થ નિજપ્રાપક સાધન કે અપ્રાપક અસાધન કે પ્રાપ્તિમાં બાધક કુસાધન ને પણ પોતાના અનુગ્રહનો અવાન્તરવ્યાપાર બનાવવામાં સર્વસમર્થ કૃપાલુ-દયાલુ પણ હોય જ છે. અતએવ મહાપ્રભુ કહે છે **''ભગવતો અદ્ભુતકર્મત્વમ્ અગ્રે વ્યુત્પાદ્યમ્ અસાધનમપિ સાધનં કરોતિ ઇત્યાદિ''** (ત.દી.નિ.પ્ર.૧|૧).

આ સર્વાતિશાયી સામર્થ્ય પ્રભુએ પોતાના શ્રીકૃષ્ણાત્મના પ્રાકટ્યમાં સ્ફુટતર દર્શાવ્યું છે. અતઃ શ્રીવલ્લભાચાર્ય મહાપ્રભુ અને શ્રીવિટ્ઠલનાથ પ્રભુચરણ પોતાના પુષ્ટિભક્તિમાર્ગીય સમ્પ્રદાયમાં આરાધ્યરૂપતયા શ્રીકૃષ્ણનું ભજન અપરિહાર્ય માને છે. અતએવ આચાર્યચરણ કહે છે **''તત્ર સાધનતા સર્વથા ભગવત્સમ્બન્ધેનૈવ અવચ્છિદ્યતે નતુ જ્ઞાનિત્વેન ભક્તત્વેન વા 'મામેવ યે પ્રપદ્યન્તે' ઇતિ વાક્યાત્'' - ''યે અસ્માભિઃ જ્ઞાનાદયઃ ઉપાયત્વેન ઉક્તાઃ તે લોકાનાં પ્રરોચનાર્થં નિરૂપિતાઃ, તથાપિ ન બાધિતાર્થત્વં, ભગવત્કૃપાયુક્તત્વે તેષામપિ ફલસાધકત્વાત્... વસ્તુતસ્તુ કૃપૈવ સાધનમ્''** (ત.દી.નિ.૨|૫૫,૩૦૭). તદનુસાર શ્રુત્યાદિ શાસ્ત્રોપદિષ્ટ કોઈ સાધનની સાધનતા ભગવત્કૃપાના અવાન્તરવ્યાપારતયા જ શક્ય હોવાથી ભગવત્કૃપાના અનુરૂપ જીવાત્માની અંદર માહાત્મ્યજ્ઞાન તથા સુદઢ સર્વતોધિક સ્નેહભાવાત્મક ભક્તિરૂપ અવાન્તરવ્યાપાર જ સર્વથા ઉપયુક્ત એવં આવશ્યક માનવામાં આવ્યો છે. આને જ મહાપ્રભુ 'પુષ્ટિભક્તિ' કહે છે. આ આવી પુષ્ટિભક્તિનો અનુભાવ મહાપ્રભુએ ભગવત્સેવા એવં ભગવત્કથા માં પૂર્ણ નિષ્ઠાના રૂપમાં જ સ્વીકાર્યો છે. તદર્થ જ સેવ્યપ્રભુનું સ્વરૂપ પણ ભાવાત્મક જ માન્ય કરવામાં આવ્યું છે. સ્વમાર્ગીય દીક્ષાપ્રદાતા આચાર્ય કે ગુરૂ નો અને/અથવા

ભગવદ્ભક્ત્યર્થ ઉદ્યત સેવકનો ભાવ જ અહીં પ્રમુખ નિર્વાહક હેતુ બને છે. અતએવ શાસ્ત્રીય મર્યાદાના અનુસાર ખણ્ડિત દગ્ધ આદિ ભગવન્મૂર્તિ અનારાધનીય હોવાની શાસ્ત્રીય આજ્ઞા અનુલ્લંઘનીય હોય છે. પણ શાસ્ત્રીય વિધિના અનુસાર જ્યાં પ્રાણપ્રતિષ્ઠા થઈ હોય ત્યાં જ તેને અનુલ્લંઘનીય માની છે, ભાવાત્મક પ્રતિષ્ઠામાં નહીં. જેમકે આચાર્યજ્યેષ્ઠાત્મજ શ્રીગોપીનાથ પ્રભુચરણ કહે છે **''નાત્ર પ્રાણપ્રતિષ્ઠાદિ વ્યાપકત્વાદ્ અજીવતઃ... ગુરૂદત્તાં/ સ્વયં લબ્ધાં/ ભક્તૈરપિ સુપૂજિતાં/ વ્યંગાંગીમપિ સેવેત યદિ ભાવો ન બાધતે''** (સાધ.દીપિ.૮૮-૯૦).

પાણિનિવ્યાકરણમાં 'અચ્'-'યણ્' આદિ પ્રત્યાહારોના વિધાયક સૂત્ર **''આદિરુત્યેન સહેતા = અન્ત્યેન ઇતા સહિતા આદિઃ મધ્યગાનાં સ્વસ્ય ચ સંજ્ઞા સ્યાત્''** (**સિદ્ધા.કૌમુ.૧|૧|૧|૭૧**) ન્યાયના અનુસાર, અતઃ, મધ્યપાતી અન્ય પણ પદ્યોના સંકલનમાં આપત્તિજનક કાંઈ નથી. પ્રત્યુત શ્રીમદાચાર્યચરણોપદિષ્ટ **''સર્વદા સર્વભાવેન ભજનીયો વ્રજાધિપઃ''** (ચતુશ્લો.૧) સર્વભાવ જ ચરિતાર્થ થઈ જાય છે. અતઃ આવા મધ્યપાતી પદ્યનું યોજન પ્રભુચરણોપદિષ્ટ પ્રતિષ્ઠાપ્રકારથી વિપરીત ન હોઈ ને સર્વથા પૂરક જ છે. અહીં ઇદમિત્થમ્ભાવનો મન્ત્રશાસ્ત્રીય આગ્રહ તો નહીં પરન્તુ ઇત્થમ્ભાવનો ભાવમાર્ગીય આગ્રહ તો પ્રભુચરણોક્ત 'આદિ'પદનો ફલિતાર્થ લાગે જ છે.

આ ગ્રન્થની સાથે શ્રીપુરૂષોત્તમચરણપ્રણીત એક *'પઞ્ચામૃતસ્નાપનપ્રકારઃ'* ગ્રન્થ પણ નૂતનતયા પ્રકાશિત થવા જઈ રહ્યો છે. પ્રતિષ્ઠાપ્રકારની જેમ અહીં પણ પઞ્ચામૃતસ્નાપનના પ્રકારમાં સ્વયં શ્રીમત્પ્રભુચરણોના બે ભિન્ન ગ્રન્થોંમાં એકરૂપતા ઉપલબ્ધ નથી થતી. આના સિવાય અદ્યયાવત્ પ્રચલિત પરમ્પરાની સાથે પણ ગ્રન્થોક્ત પ્રકાર એકવાક્યતાપન્ન નથી થતો. પ્રચલિત પ્રકારના અનુસાર પઞ્ચામૃતસ્નાપનનો ક્રમ : [૧]દુગ્ધ [૨]દધિ [૩]ઘૃત [૪]શર્કરા [૫]મધુ તથા અન્તમાં પુનઃ દુગ્ધ તથા શીતોદક દ્વારા સ્નાપનનો છે. યદ્યપિ પુનઃદુગ્ધસ્નાપન ન તો પ્રતિષ્ઠાપ્રકારમાં અને ન પઞ્ચામૃતસ્નાપનપ્રકારમાં પણ નિરૂપિત થયું છે. તો પણ પ્રચલિત ક્રમ પ્રતિષ્ઠાપ્રકારોક્ત ક્રમાનુસારી છે, જ્યારે કે સ્વયં શ્રીમત્પ્રભુચરણોપદિષ્ટ સેવાશ્લોકોક્ત ક્રમ અને શ્રીપુરૂષોત્તમચરણના પઞ્ચામૃતસ્નાપનપ્રકારોક્ત ક્રમ : [૧]દુગ્ધ [૨]દધિ [૩]મધુ [૪]શર્કરા [૫]ઘૃત ઉપલબ્ધ થાય છે. આ ક્રમભેદનો હેતુ કોઈ વૃદ્ધ

પુરૂષના મુખથી કાંઈ સાંભળીશકવાવાળાને અવગત હોય તો હોય, ગ્રન્થોમાં ક્યાંય આ વિષયનું સ્પષ્ટીકરણ ઓછામાં ઓછું મને તો ઉપલબ્ધ નથી થયું. એક પુરઃસ્ફૂર્તિક તન્ત્રયુક્તિ આ પણ વિચારી શકાય છે કે પ્રતિષ્ઠાપ્રકાર ગ્રન્થમાં ક્રમ વિવક્ષિત હોવાથી તેનું ક્રમસાધક પ્રામાણ્ય છે પરન્તુ શ્રીમત્પ્રભુચરણના મૂલ સેવાશ્લોકોમાં ક્રમ વિવક્ષિત ન હોઈ ને સ્નાનોપકરણીભૂત પઞ્ચવિધ દ્રવ્યોની કેવલ ભાવ-ભાવના જ ઉપદેશ્ય કે વિવક્ષિત હોવાથી તેનું ક્રમનિર્ણાયક પ્રામાણ્ય નથી.

આ ગ્રન્થોંમાંથી એક માતૃકા(ક)ની ઝેરોક્ષ પ્રતિલિપિ બૃહન્મન્દિરના પુસ્તકાલય અથવા શ્રીગટ્ટુલાલાજી-પુસ્તકાલય માંથી શોધીને ઉપલબ્ધ કરાવવાવાળા ગો.ચિ.શ્રીમન્દારબાવાના પ્રતિ તથા સમ્બદ્ધ ગ્રન્થાગારના અધ્યક્ષના પ્રતિ અમો અમારી હાર્દિક કૃતજ્ઞતા પ્રકટ કરીએ છીએ. મુંબઈ વિદ્યાપીઠના ગ્રન્થાગારમાંથી પણ પ્રભુચરણદ્વારા વિરચિત પુરૂષોત્તમપ્રતિષ્ઠાપ્રકારની બે અત્યુપકારક માતૃકા(ખ,ગ)ઓ શ્રીધર્મેન્દ્ર ઝાલાએ શોધી ને અમને ઉપલબ્ધ કરાવી તદર્થ શ્રીઝાલા તથા મુંબઈ વિદ્યાપીઠ ગ્રન્થાગારાધ્યક્ષના પ્રતિ પણ અમો અમારી હાર્દિક કૃતજ્ઞતા પ્રકટ કરીએ છીએ. સાથો સાથ અણુભાષ્યરશ્મિ (૪|૪|૧૬) માં ઉદ્ધૃત *શ્રીપ્રભુચરણોક્તસેવાશ્લોકાઃ* માં થી સન્દર્ભોપાત્ત શ્લોક અહીં તેમના આદ્યસમ્પાદકોના પ્રતિ અમારી કૃતજ્ઞતાજ્ઞાપનની સાથે પ્રકાશિત કરી રહ્યા છીએ. મારા અન્ય સર્વ પ્રકાશનોંની જેમ મુદ્રણાર્થ અપેક્ષિત સર્વ ઉત્તરદાયિત્વ શ્રીમનીષ બારાઈએ વહન કર્યું છે.

સાથો સાથ શ્રીમત્પ્રભુચરણવિરચિત પ્રતિષ્ઠાપ્રકારની વ્યાખ્યા પણ હું યોજિત કરવા જઈ રહ્યો છું. આશા છે કે આનાથી ગ્રન્થાભિપ્રાય હૃદ્ગત કરી શકવામાં કાંઈક સહાયતા મળશે અને તે પુષ્ટિભક્તોમાં પોતાના સેવ્યપ્રભુના વિવિધ આયામોની રસાનુભાવના પ્રવૃદ્ધ કરી શકશે. મારા અજ્ઞાનવશ, પરન્તુ, જો ગ્રન્થકારાભિપ્રેત ભાવથી આમાં કાંઈ વૈપરીત્ય થઈ ગયું હોય તો નિજાન્વવાય જાણીને પ્રભુચરણ મારા આ અપરાધને ક્ષમા કરે. કિમધિકમ્.

કસુમ્ભા છઠ, વિ.સં.૨૦૬૩ — ગોસ્વામી શ્યામ મનોહર

(મુંબઇ-કિશનગઢ)

તા.ક.

આ સમગ્ર હિન્દીમાં લખેલ ટીકાનો ગુજરાતીભાષામાં તર્જુમો શ્રીધર્મેન્દ્ર ઝાલા અને શ્રીમતી પદ્મિની ઝાલા બન્નેએ મળીને કર્યો છે. તેઓને મારા સાધુવાદથી અભિનંદિત કરતો...

ગો.શ્યા.મ.

।।श्रीकृष्णाय नमः।।

।।श्रीमदाचार्यचरणकमलेभ्यो नमः।।

।।श्रीपुरुषोत्तमप्रतिष्ठाप्रकारः।।

(पाठभेदटिप्पण्युपेतः)

अथ श्रीपुरुषोत्तमप्रतिष्ठाप्रकारो[पा.भे.१] लिख्यते : शुभवारनक्षत्र– योगा[पा.भे.२]दियुते दिने स्वरूपं पीठ[पा.भे.३] उत्थितं कृत्वा कुशेन ‘‘सहस्रशीर्षा...’’ इत्यारभ्य ‘‘सर्वं मनिषाण’’ (तैत्ति.आर.३।१३।२) इत्यन्तेन प्रोक्ष्य स्नानपात्रे स्थापयित्वा –

श्रीमदाचार्यचरणान् ध्यायात्.

महामन्त्रेण दुग्धादिषु तुलसीदलं प्रत्येकं निक्षिप्य मूर्तेः पट्टवस्त्रयुग्मं परिधाप्य तलेऽपि पट्टवस्त्रम् आस्तीर्य शङ्खे महामन्त्रेण च जलं तुलसीदलं चन्दनं च[पा.भे.४] निक्षिप्य तमेव[पा.भे.५] पठन् तेन पूर्वं स्नानं कारयेत्. ततः शंखएव निक्षिप्य पयसा दध्ना घृतेन शर्करया मधुना च क्रमेण स्नापयेत्. पुनः शुद्धोदकेन च[पा.भे.६] स्नापयेत्.

अङ्गवस्त्रं कृत्वा पट्टवस्त्रम् उत्तार्य स्नानपात्रे अङ्ग[पा.भे.७]वस्त्रम् आस्तीर्य तत्र स्थापयेत्. ततः पुष्पतैलम् आलिप्य पाटीरचूर्णेन उद्वर्तनं कृत्वा तप्तोदकेन स्नापयेत्. ततः[पा.भे.८] चन्दनम् आलिप्य स्नानं कारयेत्. ततो अङ्गवस्त्रं कृत्वा श्याममूर्तौ पुष्पतैलागुरुसारौ आलिप्य अन्यत्र एतद् अकृत्वा कुलहीकण्ठवस्त्रादीनि समर्प्य यथाशक्त्या आभरणानि समर्पयेत्. श्यामे नेत्रालङ्कारो अन्यत्र अञ्जनं गुञ्जामालां मयूरचन्द्रिकां प्रसूनमालां च समर्पयेत् वस्त्राणाम्[पा.भे.९] उपरि अगुरुसारं समर्पयेत् अङ्गरागं च[पा.भे.१०]. मृगमदं पिष्ट्वा तन्मध्ये यत्किञ्चित् कर्पूरचन्दने प्रक्षिप्य कपोलौ[पा.भे.११] मण्डयेत्. ततः[पा.भे.१२] चन्दनयुते तुलसीदले उभयोः चरणयोः[पा.भे.१३] स्थापयित्वा

पुनः श्रीमदाचार्यचरणसरसीरुह[पा.भे.१४]ध्यानं कुर्यात् :

‘‘चिन्ता[पा.भे.१५]सन्तानहन्तारो यत्पादाम्बुजरेणवः।
स्वीयानां तान् निजाचार्यान् प्रणमामि मुहुर्मुहुः।।’’

६. ततः श्रीकृष्णात्मकं पञ्चाक्षरं महावाक्यं स्वरूपहृदयं स्पृष्ट्वा त्रिवारं पठेत्.

ततो –

१. ‘‘जय-जय जहि अजाम्, अजित!, दोषगृभीतगुणां
त्वम् असि यद् आत्मना समवरुद्धसमस्तभगः।
अगजगदोकसाम् अखिलशक्त्यवबोधक ते
क्वचिद् अजया आत्मना च चरतो अनुचरेद् निगमः।।’’
(भाग.पुरा.१०।८४।१४).

इति श्लोकं पठेत्.

ततः –

२. ‘‘तम् अद्भुतं बालकम् अम्बुजेक्षणं
चतुर्भुजं शङ्खगदाद्युदायुधं।
श्रीवत्सलक्ष्मं गलशोभिकौस्तुभं
पीताम्बरं सान्द्रपयोदसौभगम्।।
महार्ह[पा.भे.१६]वैडूर्यकिरीटकुण्डल-
त्विषा परिष्वक्तसहस्रकुन्तलम्।
उद्दामकाञ्च्यङ्गदकङ्कणादिभिः
विरोचमानं वसुदेव ऐक्षत।।’’
(भाग.पुरा.जन्मप्रक.१०।३।९-१०).

३.‘‘नन्दस्तु आत्मज उत्पन्ने जाताह्लादो महामनाः।
आहूय विप्रान् वेदज्ञान् स्नातः शुचिर् अलंकृतः।।

....
नवकुङ्कमकिञ्जल्कमुखपङ्कजभूतयो।
बलिभिस् त्वरितं जग्मुः पृथुश्रोण्यश् चलत्कुचाः।।’’
(भाग.पुरा.प्रमा.प्रक.१०।५।१-१०).

४.‘‘त[पा.भे.१६] गोरजश्छुरितकुन्तलबद्धबर्ह-
वन्यप्रसूनरुचिरेक्षणचारुहासं।
वेणुं क्वणन्तम् अनुगैर् अनुगीतकीर्तिं
गोप्यो दिदृक्षितदृशो अभ्यगमन् समेताः।।’’
‘‘बर्हापीडं नटवरवपुः कर्णयोः कर्णिकारं
बिभ्रद्वासं कनककपिशं वैजयन्तीं च मालाम्।
रन्ध्रान् वेणोर् अधरसुधया पूरयन् गोपवृन्दैर्
वृन्दारण्यं स्वपदरमणं प्राविशद् गीतकीर्तिः।।’’
(भाग.पुरा.प्रमे.प्रक.१०।१२।४२, १०।१८।५).

५.‘‘श्यामं हिरण्यपरिधिं नवमाल्यबर्ह-
धातुप्रवालनटवेषम् अनुव्रतांसे।
विन्यस्तहस्तम् इतरेण धुनानम् अब्जं
कर्णोत्पलालककपोलमुखाब्जहासम्।।’’
(भाग.पुरा.साध.प्रक.१०।२०।२२).

६.‘‘तासाम् आविरभूच् छौरिः स्मयमानमुखाम्बुजः।
पीताम्बरधरः स्रग्वी साक्षान् मन्मथमन्मथः।।’’
‘‘उत्सवं श्रमरुचापि दृशीनाम्
उन्नयन् खुररजश्छुरितस्रक्।
दित्सया एति सुहृदाशिष एष
देवकीजठरभूरुडुराजः।।’’
(भाग.पुरा.फलप्रक.१०।२९।२, १०।३२।२३).

इत्यादिषु यत् स्वरूपं निरूपितं तत् स्वरूपमेव एतानि पद्यानि पठन् ध्यायेत्.

ततः सुवर्णमये वेणुवेत्रे पट्टमयनिदाने[पा.भे.१७] पीताम्बरे च समर्पयेत्. ततः पुरुषोत्तमात्मकतायां जातायां स्वरूपे ''भगवान् श्रीगोकुलेशः श्रीकृष्णो अयम्'' इति बुद्धि कर्तव्या न स्वरूपादिबुद्धिः.

ततः –

''तद्दर्शनाह्लाद[पा.भे.१८] विधूतहृद्रुजो
मनोरथान्तं श्रुतयो यथा ययुः।
स्वैर् उत्तरीयैः कुचकुङ्कुमाङ्कितैर्
अचीक्लृपन् आसनम् आत्मबन्धवे।।''
(भाग.पुरा.१०।२९।१३)

इति श्लोकं पठन् सिंहासनं स्पृष्ट्वा ''रसो वै सः. रसगुंह्येव अयं लब्ध्वा आनन्दी भवति'' (तैत्ति.उप.२।६।१) इति ऋचं पञ्चाक्षरं च[पा.भे.१९]–

''तत्र उपविष्टो भगवान् स ईश्वरो
योगेश्वरान्तर्हृदि कल्पितासनः।।
चकास गोपीपरिषद्गतो अर्चितस्
त्रैलोक्यलक्ष्म्येकपदं वपुर् दधत्।।''
(भाग.पुरा.१०।२९।१४)

इति श्लोकं च पठन् 'श्रीकृष्ण'पदार्थनिरूप्यो[पा.भे.२०] अयमेव इति ध्यायन् श्रीकृष्णं सिंहासने स्थापयेत्.

ततः चरणारविन्दाभ्यां तुलसीदलम्[पा.भे.२१] उत्तार्य स्वयं गृह्णीयात्. पुनः तुलसीदलं समर्पयेत्[पा.भे.२२]. धूपदीपौ कृत्वा बालभोगादिराजभोगपर्यन्तम् उत्सवभोगं च[पा.भे.२३] समर्पयेत्. ततः समयानन्तरम् आचमनं मुखवस्त्रं च[पा.भे.२४] कृत्वा वीटिकां वेणुवेत्रे

समर्प्य[पा.भे.२५] चूर्णमयम् आरार्तिकं कृत्वा–

''नमो–नमस्ते[पा.भे.२६] अस्तु ऋषभाय सात्वतां
विदूरकाष्ठाय मुहुः कुयोगिनाम्।
निरस्तसाम्यातिशयेन राधसा
स्वधामनि ब्रह्मणि रंस्यते नमः।।''
(भाग.पुरा.२।४।१४)

इति श्लोकेन नत्वा अनवसरं विदध्यात्.

श्रीमूर्तेरपि एवमेव, भगवता सहैव[पा.भे.२७] वा, एवंकरणे[पा.भे.२८] साक्षात् पुरुषोत्तमात्मकता सिद्धा[पा.भे.२९].
प्रादुर्भावादिस्तु तं–तं प्रति तत्तद्भावानुसारेणैव.

अतएव ह्

''तारतम्यं न स्वरूपे देहे वा तत्क्रियासु वा।
तथापि यावता कार्यं तावत् तस्य करोति हि।।''
(पु.प्र.म.१३).

इति पितृचरणैः निरूपितम्.

ततो अन्याश्रयत्यागपूर्वकं[पा.भे.३०] गुरूपदिष्ट–श्रीभागवत–भक्तिवर्धिनी–नवरत्न–प्रकारेण स एव भगवान् श्रीकृष्णो भजनीयः[पा.भे.३१]. अत्र उपपत्तिः भक्तिहंसे स्फुटीकृतेति न अत्र प्रपञ्च्यते.
म्लेच्छचाण्डालादिस्पर्शे अन्यमार्गीयस्पर्शेऽपि[पा.भे.३२] पञ्चामृतस्नानाभ्यङ्गौ कारयित्वा शृङ्गारं विधाय ''तद्दर्शनाह्लाद...'' इति पूर्ववदेव[पा.भे.३३].

इति श्रीविट्ठलदीक्षित[पा.भे.३४]विरचितः

पाठभेदतालिका

१.'प्रकारः' इति क-ख पाठयोः नास्ति. २.'योगादि' इति क-ख-ग पाठेषु नास्ति. ३.'पाटे' इति अ पाठे. ४. 'ध्यायन्' इति क-ख, 'ध्यायाद्' इति आ. ५.'च' अ-आ-ख पाठेषु अधिकः. ६. ''तमेव... निक्षिप्य'' इति ख पाठे नास्ति. ७.'अन्य' इति ख-ग पाठयोः. ८.'पुनः' इति ख-ग पाठयोः. ९.''वस्त्राणाम्... समर्पयेत्'' अंशो ग पाठे नास्ति. १०.'च'कारः क पाठे नास्ति. ११.'कपोले' इति अ-आ 'कपोलौ' क-ख-ग पाठेषु. १२.'पुनः' इति ख-ग पाठयोः. १३.'चरणारविन्दयोः' इति ख पाठे. १४.'सरसीरुह' इति ख पाठे नास्ति. १५.''चिन्तासन्तान... मुहुर्मुहुः'' इति आ पाठव्यतिरिक्ते नैकस्मिन्नपि उपलभ्यते. १६.''महार्हवैडूर्य... साक्षान् मन्मथमन्मथः'' इत्येतेषु पद्येषु कानिचित् पद्यानि अ-आ पाठयोः नोपलभ्यन्ते उपलब्धान्यपि न साकल्येन किन्तु प्रतीकोपन्यासरूपेणैव. १७. ''सुवर्णमये वेणुवेत्रे पट्टमये निदानपीताम्बरं समर्पयेत्'' इति अ पाठे, ''...वेणुवेत्रे पट्टमये पीताम्बरे च समर्पयेत्'' इति आ, ''सुवर्णमयवेणुवेत्रे पट्टमयेनिदाने पीताम्बरं च समर्पयेत्'' इति क, ''सुवर्णमयवेणुवेत्रे पट्टमये निदाने पीताम्बरं च समर्पयेत्'' इति ख, ''सुवर्णमयवेणुवेत्रे पट्टमये निदाने पीताम्बरं च निवेदयेत्'' इति ग. १८. एतत्पद्यस्थाने ''तद्दर्शनाह्लाविवृद्धसम्भ्रमः प्रेम्णा ऊर्ध्वरोमाश्रुकलाकुलेक्षणः रथाद् अवस्कन्द्य स तेषु अचेष्टतः प्रभोः अमूनि अंघ्रिरजांसि अहो इति'' (भाग.पुरा.१०।३५।२६) इति पद्यं ग पाठे. १९.'पञ्चाक्षरं च' इति आव्यतिरिक्तेषु सर्वेषु अ-क-ख-ग पाठेषु. २०.'कृष्णपदार्थः' इति ख. २१.'तुलसीदलम्' इति ग. २२. 'च समर्प्य' इति ख 'च समर्पयेत्' इति आ. २३.'च'कारो ग पाठे नास्ति. २४.'वस्त्रं च' इति ख 'च'काररहितं 'वस्त्रं' क पाठे. अन्येषु 'मुखवस्त्रादि' इति. २५. ''कृत्वा वीटिकां समर्प्य'' ख, ''वीटिकां वेणुवेत्रे च समर्प्य'' इति क. २६. ''नमस्ते, देवदेवेश शङ्खचक्रगदाधर भक्तेच्छोपात्तरूपाय परमात्मन् नमो अस्तु ते'' (भाग.पुरा.भूमिकृतस्तुतिपद्यं.१०।५६।२५) इति ग. २७.'एव'कारो मुद्रितपाठयोः नास्ति. २८.'एवंकृते' इति ख. २९.'पुरुषोत्तमात्मकतासिद्ध्या' इति ख-ग व्यतिरिक्तेषु सर्वेषु. ३०.'ततो अन्याश्रयत्यागपूर्वकम्' इति ग पाठे नास्ति. ३१.'सेव्यः' इति ख. ३२.'अन्यमार्गीयस्पर्शे' इति ख-ग पाठयोः नास्ति. ३३.'एव'कारो अ व्यतिरिक्तेषु नास्ति. ३४.'श्रीविट्ठलदीक्षित' इति ख पाठानुरोधात्. अन्येषु 'श्रीमद्विट्ठलेश्वरः' 'प्रभुचरण' इत्येवमादिपाठभेदाः अनुलिपिकारैः योजिताः प्रतिभान्ति.

---*---

अ पाठो मुद्रितः श्रीमूलचन्द तेलीवालासम्पादितः आ पाठो गोस्वामिश्रीचन्द्रगोपालसम्पादितः. क पाठः प्राचीना मातृका बड़ामन्दिर(मुंबइ)ग्रन्थागारीयमातृकाज़ेरोक्सप्रतिलिपिः. ख पाठो नातीव प्राचीना. ग पाठः प्राचीना मातृका. एते उभे मुंबइविश्वविद्यालयीयग्रन्थागारीय (सं.९४०-९४१) मातृकयोः ज़ेरोक्सप्रतिलिपिरूपे.

વિષયાનુક્રમણિકા

વિષય પૃષ્ઠ

૧. સાકાર વ્યાપક બ્રહ્મના સ્વરૂપના અનુસંધાનદ્વારા સેવ્યઆકારના અધિષ્ઠાનની શુદ્ધિની ભાવના: ૧-૧૭

મંગલાચરણ ૧

પુરૂષોત્તમપ્રતિષ્ઠાના પ્રમાણ ૧

પુરૂષોત્તમાવિર્ભાવવિચાર ૨

પુષ્ટિભજનનો પ્રકાર ૭

સ્વધર્મવિચાર ૯

પુષ્ટિભજન વિહિત કે અવિહિત ૧૨

વરણૈકલભ્યપુષ્ટિભક્તિનું પ્રયોજન શું? ૧૪

પુષ્ટિભક્તિની ભક્ત્યેતરનિરપેક્ષતા અને ઇતિકર્તવ્યતા ૧૫

૨. ''ભગવાન આચાર્યના વપુદ્વારા પોતાની ગતિ પ્રકટ કરે છે'' આમ કહેવાયેલું હોવાથી ભગવત્પ્રાદુર્ભાવાર્થ સર્વારમ્ભમાં નિજાચાર્યધ્યાન: ૧૭-૧૯

૩. ''સર્વ કાર્ય ભગવાનને સમર્પિત કરાયેલી વસ્તુઓ વડે નભાવવાથી બધું જ બ્રહ્મરૂપ બની જાય છે'' આવું કહેવાયેલું હોવાથી આત્મસમર્પણનું અનુસન્ધાન : ૧૯-૩૭

અન્ધરૂઢિનિરસન ૨૧

આધુનિક વૈષ્ણવ પુરૂષોત્તમસેવાના અનધિકારી! ૨૨

મહામન્ત્રવિચાર ૨૨

મન્ત્રની વિભૂતિપરકતાનો વિચાર ૨૩

પંચામૃતસ્નાનના વૈદિકમન્ત્રો ૨૬

શ્રીપ્રભુચરણકૃત પંચામૃતસ્નાનપદ્યો ૨૮

તન્ત્રોક્તપ્રતિષ્ઠાપ્રકારથી ભેદ ૨૯

પ્રતિષ્ઠામાં દ્રવ્યાદ્વૈત-ક્રિયાદ્વૈત-ભાવાદ્વૈતનો સમ્બન્ધ ૩૨

૪. ''ભજનમાં ઉદ્વેગના નિવારણ માટે ભગવાનને વસ્ત્ર અને આભૂષણોવડે પ્રેમપૂર્વક અલંકૃત કરી સુન્દર બનાવવા જોઈએ'' આવું કહેવાયેલું હોવાથી સુગન્ધી દ્રવ્યો વડે અભ્યંગ કરાવીને ભગવાનને વસ્ત્રાભૂષણોવડે અલંકૃત કરવા જોઈએ : ૩૭-૬૧

ભગવત્સેવાથકી નિરોધસિદ્ધિ ૩૮

ભક્તભાવિતરૂપમાં ભગવદાવિર્ભાવ ૪૧

આચાર્યગ્રન્થોમાં ઉપદિષ્ટ સેવાની ઇતિકર્તવ્યતાનો વિચાર ૪૪

દાન અને સમર્પણનો ભેદ ૪૬

ભગવત્સેવામાં મારૂં કે પારકું શું? ૪૭

બીજાના તનુ અને વિત્ત સાધન તો છે જ!!! ૪૯

ભગવત્પ્રદર્શન વિચાર ૫૧

સર્વત્રબ્રહ્મબુદ્ધિ રાખીને બધાને સેવા/દર્શન નો લાભ આપવો!!! ૫૫

કર્મ ઇચ્છાતન્ત્ર પરન્તુ જ્ઞાન વસ્તુતન્ત્ર ૫૭

૫. ''ગુરૂની આજ્ઞા અનુસાર ભગવત્સેવા કરવી જોઈએ'' આવું કહેવામાં આવ્યું હોવાથી ભગવત્સેવાર્થ મધ્યમાં પુનઃ નિજાચાર્યવન્દન સમજાવી રહ્યા છે : ૬૧-૬૩

૬. આત્મસમર્પણના પછી ક્રમપ્રાપ્ત ભક્તિબીજભાવરૂપ ભગવત્સમ્બન્ધનું અનુસન્ધાન અને એના આધારપર ભગવાનની ભીતર (અંદર) પણ ''આ જીવનો મારે ઉદ્ધાર કરવો છે'' આવી ઈચ્છાને પ્રગટ કરવાવાળી વિશેષ કૃપાવાળા સ્વરૂપના આવિર્ભાવની ભાવના : ૬૩-૬૯

૭. સદ્રૂપ મૂર્તિમાં સચ્ચિદાનન્દરૂપ ભગવાનના જાગરણ ની ભાવના : ૬૯-૭૪

૮. શ્રીકૃષ્ણાકૃતિમાં લોકવેદપ્રસિદ્ધ શ્રીકૃષ્ણના અવતીર્ણ હોવાની ભાવના : ૭૪-૭૫

૯. શ્રીનન્દના વ્રજમાં થયેલ લોકવેદાતીત પ્રેમાદિભાવચતુષ્ટયાત્મક ભગવાનનું પ્રાગટ્ય તથા તેવી લીલાઓનું ભાવન : ૭૫-૮૪

સેવ્યની રસરૂપતાનો વિચાર ૭૮

૧૦. આ પ્રકારે વિવિધ ભાવનાઓની સાથે સેવ્ય ભગવન્મૂર્તિની પુરૂષોત્તમાત્મકતા સમ્પન્ન થઈ જવાથી અગ્રિમ સેવાના પ્રકારનુ નિરૂપણ : ૮૪-૮૮

૧૧. ફલપ્રકરણમાં વર્ણિત ભગવત્પ્રાગટ્યના અનુસન્ધાનના પછી પ્રાદુર્ભૂત થયેલા રસાત્મક સ્વરૂપને પરમફલ હોવાના રૂપમાં ભાવાત્મક પાટપર બિરાજમાન કરાવવાની ભાવના : ૮૮-૧૦૫

શ્રીકૃષ્ણપદાર્થવિચાર ૮૯

ભક્તિ કેવળ શૃંગારભાવાત્મિકા કે સર્વભાવાત્મિકા ? ૯૪

એકરસબ્રહ્મની ઉપાસનામાં ભાષ્યોક્ત ગુણોપસંહારન્યાયવડે અન્યાશ્રય અને અન્યાસક્તિ ની બાધકતાનો વિચાર ૯૯

૧૨. સેવ્યવડે સેવકનું અને સેવકવડે સેવ્યનું પરસ્પર પ્રમાણ પ્રમેય સાધન અને ફલરૂપી નિરોધાત્મક સેવન : ૧૦૫-૧૧૩

તુલસીનું મહત્ત્વ ૧૦૬

વેણુ અને વેત્ર ની ભાવના ૧૦૮

૧૩. આપણાં સેવ્યસ્વરૂપ સદા નિજધામમાં લીલાવિહાર કરે છે એવી ભાવના કરી તેમની સેવાદ્વારા મને મુક્તિથી વધારે શ્રેષ્ઠ ભગવદ્ધામમાં ભગવત્સેવા કરી શકવાની કૃપા મારા ઉપર ભગવાને કરી છે એવી ભાવના : ૧૧૩-૧૧૭

૧૪. ભગવન્મૂર્તિની જેમ શ્રીસ્વામિનીની મૂર્તિના બાબતમાં ઉપદિષ્ટ પ્રાદુર્ભાવરીતિનો અતિદેશ : ૧૧૭-૧૧૯

૧૫. સેવાના આરમ્ભમાં તેવો અનુભાવ સિદ્ધ ન હોઈ શકવાને કારણે થતા ઉદ્વેગના નિવારણાર્થ આશ્વાસન : ૧૧૯-૧૨૨

૧૬. આ પ્રકારે પ્રતિષ્ઠાપિત શ્રીપુરૂષોત્તમના ભજનની ઈતિકર્તવ્યતાના નિરૂપક ગ્રન્થ અને કર્તવ્યનો ઉપદેશ : ૧૨૨-૧૨૫

૧૭. ભજનના આવા પ્રકારમાં નિત્ય આવાહ્ન-વિસર્જનની સિવાય પૂજાની ઘણી બધી રીતોનો અન્તર્ભાવ માન્ય કરયો હોવાને કારણે ક્યારેક અશુદ્ધિ કાંઈક આવી પડે ત્યારે શું કરવું : ૧૨૫-૧૩૨

પુરૂષોત્તમપ્રતિષ્ઠા સ્વાર્થ કે પરાર્થ ? ૧૨૮

ગ્રન્થોપસંહારાર્થ ઇતિશ્રી : ૧૩૨-૧૩૩

માહાત્મ્ય-બોધ-પરિપુષ્ટ-રતિ-સ્વરૂપ
શ્રીકૃષ્ણ-ભક્તિ-સરણી-તરણીઃ કિલાયમ્
મોહાન્ધકાર-કલિ-કલ્મષ-વારકો વૈ
શ્રીવલ્લભો વિજયતે જગદેકબન્ધુઃ ।।

॥ શ્રીકૃષ્ણાય નમઃ ॥

॥ શ્રીવલ્લભો વિજયતે જગદેકબન્ધુઃ ॥

॥ શ્રીપુરૂષોત્તમપ્રતિષ્ઠાપ્રકાર ॥
(સવિવરણાનુવાદ)

(મંગલાચરણ)

સચ્ચિદાનંદ બ્રહ્મ પોતાનાં સદંશનાં રૂપે કાળમાં અપરિચ્છિન્ન હોવા છતાં પણ લીલાવડે જન્મ ગ્રહણ કરે છે. તે કોઈ દેશમાં પરિછિન્ન ન હોવા છતાં પણ પોતાના ભક્તોની વચ્ચે ક્રીડાર્થ આવે પણ છે જ. સ્વરૂપથી અપરિચ્છિન્ન તે સર્વરૂપ હોવા છતાં પણ પોતાના પૃથક્ આનંદરૂપને પણ ક્યાંક (કોઈક સ્થળે) પ્રાદુર્ભાવિત કરે છે. પત્ર પુષ્પ ફળ કે જલ, જે કાંઈ ભક્તિભાવ સહિત તેમને નિવેદિત કરવામાં આવે તો, તે ભૂખ-તરસથી સર્વથા રહિત હોવા છતાં પણ ભકતભાવિત આકૃતિદ્વારા આરોગે પણ છે અને પાન પણ કરે છે. આવા સાકારબ્રહ્મવાદના સ્થાપક, શ્રુતિઓમાં પારંગત, શ્રીભાગવતના ગૂઢાર્થના પ્રકાશનમાં પરાયણ, પુષ્ટિમાર્ગના પ્રવર્તક નિજાચાર્યને તથા તેમના આત્મજ શ્રીવિઠ્ઠલનાથપ્રભુચરણની વાણીને પણ નમન કરીને તેનુ વિવરણ કરવા પ્રવૃત્ત થાઉં છું, તેઓએ મારૂં વરણ કર્યુ છે બસ આ એક કારણવશ.

(પુરૂષોત્તમપ્રતિષ્ઠાના પ્રમાણ)

શ્રીમદ્આચાર્યચરણોએ નિબન્ધમાં **"યથોક્ત લક્ષણવાળા ગુરૂ ન પણ મળતા હોય તો સ્વયં જ શ્રીહરિની મૂર્તિને પસંદ કરીને તેની પરિચર્યા તો, જ્યાં અનુકૂળ હોય ત્યાં રહીને, સદા-સર્વદા કરવી જોઈએ. બ્રહ્મના સાકાર તથા સર્વવ્યાપી હોવાને કારણે શ્રીહરિની સાથે-સાથે તેમની રૂપાકૃતિ પણ મૂર્તિમાં પ્રકટ થતી હોવાથી. ભગવત્પૂજનૌપયિક મન્ત્રો પણ શાસ્ત્રમાં ઉપલબ્ધ થતાં હોવાથી પણ. જે કાંઈ પૂજોપચાર સહજતાથી પોતાને ઉપલબ્ધ હોય તેના દ્વારા ભક્તિપૂર્વક શ્રીકૃષ્ણનુ પૂજન તો કરવું જ જોઈએ."**(ત.દી.નિ.૨।૨૨૮-૨૨૯) આવુ પ્રતિપાદન કર્યું છે. અતઃ ભગવન્મૂર્તિના જડ હોવાને કારણે, જન્ય હોવાને કારણે, અવિનાશી ન હોવાને કારણે, વ્યાવર્ત્ય હોવાને કારણે જે મિથ્યાત્વ અને હેયત્વની ધારણા પ્રસ્તુત કરવામાં આવે છે તેનો પરિહાર થઈ જાય છે.

મહાપ્રભુના આ વચનો સાક્ષાત્ ભગવાન્ હોવાના રૂપમાં ભગવન્મૂર્તિની આરાધના

કરવામાં પ્રમાણ છે. ''**કોઈ જેવી તેમની ઉપાસના કરે છે તેવા તે બની જાય છે**'' (મુદ્ગ.ઉપ.૩।૩) આવા શ્રુતિવચન પણ આ બાબતમાં પ્રમાણ છે. અતઃ શિલા ધાતુ વગેરેમાં કંડારેલા ભગવદ્-આકાર પોતાના આરાધકના ઉદ્ધારહેતુ સમર્થ હોય કે ન હોય પરન્તુ સાક્ષાત્ ભગવાન તો મૂર્તિના રૂપમાં પણ નિઃસન્દેહ પોતાના આરાધકના ઉદ્ધારમાં સમર્થ હોઈ જ શકે છે.

(પુરૂષોત્તમના આર્વિભાવ નો વિચાર)

આ પુરૂષોત્તમપ્રતિષ્ઠા ગ્રન્થમાં મૂર્તિઘટક શિલા કે ધાતુ ની શુદ્ધિને માટે જે પુરૂષસૂક્તદ્વારા માર્જનનુ વિધાન કરવામાં આવ્યુ છે તેમાં '**સહસ્ર**' શબ્દ અસંખ્યતાના અભિપ્રાયવશ પ્રયુક્ત થયો છે. અન્યથા મસ્તક અને નેત્ર સમસંખ્યાંક હોયતો ભગવાનનું રૂપ અટપટું લાગવા લાગે. આ રૂપને અલૌકિક માની લેવાથી તે અટપટું નહીં લાગે એવી શંકા વ્યર્થ છે, કેમકે આ સમસ્યાને બીજી રીતે પણ ઉકેલી શકાય છે. વસ્તુતસ્તુ ''**બધાં રૂપો અને તદનુરૂપ નામોને પણ તે ધારણ કરે છે**'', ''**બ્રહ્મ જ બધાં નામો... રૂપો... અને કર્મો ને ધારણ કરે છે. અતએવ (આથીજ) આ રૂપ-નામ-કર્મ ત્રણ હોવા છતાં પણ આત્માના રૂપમા એકજ હોય છે; અને આત્મા એક હોવા છતાં પણ, આ ત્રણેય રૂપોમાં પ્રગટ થાય છે**'' (ચિત્ત્યુપ.૧૨।૭, બૃહ.ઉપ.૧।૬।૧-૩) વગેરે શ્રુતિવચનોની સાથે પુરૂષસૂક્તના વચનનો સંવાદ સ્પષ્ટતાથી ઝળકે છે. તેથી તે પરમ તત્ત્વની સર્વાકારતા જ અહીંયા પ્રતિપાદનીય છે.

અતઃ બ્રહ્મના સર્વોપાદાન હોવાને કારણે તે સર્વરૂપ હોય છે, સર્વરૂપ હોવાને કારણે સર્વાકાર હોય છે. અતઃ બધા આકારોમાં બ્રહ્મની સાથે તાદાત્મ્ય સિદ્ધ હોવાથી જે તત્તદ્ (તે તે) આકાર સ્વતોવ્યાવર્ત્ય લાગે છે તે પણ બ્રહ્મદષ્ટિથી સર્વત્ર વિદ્યમાન જ હોય છે. તેમનાં સર્વત્ર વિદ્યમાન હોવા છતાં પણ તિરોહિત રહેવાને કારણે તેવો અનુભવ થઈ શકતો નથી. તે જો આવિર્ભૂત હોય તો તેની સત્તાનો અનુભવ પણ શક્ય બની જાય છે. આમ વસ્તુમાત્રનું જે બ્રહ્મતાદાત્મ્ય છે, તે તાદાત્મ્યના ભેદસહિષ્ણુ અભેદરૂપ હોવાને કારણે સિદ્ધ થઈ જાય છે. આને ભગવાને અર્જુનને દિવ્યદષ્ટિ પ્રદાન કરવાની પોતાની ઈચ્છાથી ''**પોતાના સ્વયંના નયનોથી મને જોઈ શકવાનુ સહેલુ ન હોવાથી, હું દિવ્યચક્ષુ તને પ્રદાન કરૂ છું**'' (ભગ.ગીતા.૧૧।૮) આ ઉપદેશમાં પ્રગટ કરી તે મુજબ દેખાડ્યુ પણ છે. આ દિવ્યાનુભવ ભગવાને આપેલી દિવ્યદષ્ટિદ્વારા જ જોઈ શકાય છે. તેવી રીતે શાસ્ત્રીય ઉપપત્તિઓ દ્વારા

પરોક્ષબોધના રૂપમાં પણ ઉપલબ્ધ થઈ શકે છે. કારણકે ''**આ બધું જ ઐતદાત્મક છે**'' (છાન્દો.ઉપ.૬।૮।૭) આ શ્રુતિવચનમાં પણ વિવક્ષિત છે. કારણકે ઈન્દ્રિયોથી અસન્નિકૃષ્ટ નિરાકાર વસ્તુનો 'ઈદં'કારદ્વારા નિર્દેશ શક્ય નથી. અતઃ બધું જ અહીંયા ભગવાનના આકારતયા (આકારના રૂપમાં) જ સિદ્ધ થાય છે.

''પારમાર્થિકરૂપે તો બ્રહ્મ સન્માત્ર નિરાકાર જ હોય છે, સાકાર તો વિકલ્પાત્મિકા બુદ્ધિથી જણાતું હોઇ વ્યાવર્ત્ય હોવાને કારણે આવિદ્યક મિથ્યા જ હોય છે. અતઃ ભગવન્મૂર્તિમાં પણ ભગવાનના આકારો મિથ્યા જ માની લેવા જોઈએ'', આવા વચન ગંભીર વિચાર કર્યા વિના કહેલી વાત લાગે છે. લોકદષ્ટિમાં અસત્‌ના રૂપમાં મનાયેલી વસ્તુઓનો પણ પુરૂષસૂક્તમાં ''**ભૂતકાલીન અથવા ભવિષ્યકાલીન આ બધું જ પુરૂષજ છે**'' કહીને ભૂત-ભાવી બધી વસ્તુઓનુ ભગવદાત્મક હોવુ કંઠતઃ પ્રતિપાદિત કરવામાં આવ્યું છે. અતઃ જ્યાં જેવા આકારને ભગવાન પ્રગટ કરવા ઈચ્છે ત્યાં તેવો આકાર લોકદષ્ટિમાં ઉપલબ્ધ થવા લાગે છે. અન્યત્ર તે ઉપલબ્ધ થઈ શકતો નથી.

અહીંયા એક આશંકા આ ઉભી થાય છે કે બધાં આકાર જો ભગવાનના જ હોયતો ઘડો-વસ્ત્ર વગેરે આકારોને પણ કેમ ભજનીય નથી માનવામાં આવતા ? આ બાબતમાં આચાર્યચરણોએ આપેલ સમાધાન-''**બ્રહ્મના સત્ ચિત્ અને આનન્દ આ ત્રણ રૂપોમાંથી ક્રમશઃ આધિભૌતિક આધ્યાત્મિક આધિદૈવિક આમ ત્રિવિધ રૂપ દેહ જીવાત્મા અને અન્તર્યામી પરમાત્માના પ્રગટ થાય છે**'' (ત.દી.નિ.૨।૧૧૯-૧૨૦). આના આધારપર ભગવાનમાંથી પ્રગટ આધિદૈવિક આકારોની જ ઉદ્ધારકતા અને ભજનીયતા માન્ય કરાયેલી છે. અન્ય આધ્યાત્મિક અથવા આધિભૌતિક આકારોની નહીં. કેમકે તે આકારોને ભગવાને સૃષ્ટિમાં જીવાત્માઓના ઉદ્ધારાર્થ પ્રગટ નથી કર્યા. આધિભૌતિક આકાર જેવા ઘડો કડા વગેરે આકૃતિઓનો માટી અથવા સુવર્ણ વગેરેમાંથી લૌકિક વ્યાપારોદ્વારા પણ આવિર્ભાવ યથાદષ્ટ શક્ય હોય છે. જે ઐશ્વર્યઆદિ છગુણોવાળાં અલૌકિક પરમાનન્દાત્મક આકાર હોય છે, તેને ભગવાન યા તો પોતાની ઈચ્છા અથવા બ્રહ્મજ્ઞાન અથવા ભગવદ્ભક્તિ રૂપી, જે ભગવાનનાં આવિર્ભાવક શાસ્ત્રોમાં ઉપદેશેલ આવાહન-પ્રતિષ્ઠાદિ કર્મરૂપ સાધનો હોય છે, તેના દ્વારા જ આવિર્ભૂત કરે છે. આમાં પ્રેમરૂપા ભક્તિ ભગવાનના આવિર્ભાવનો હેતુ બને છે આનું જ નિરૂપણ શ્રીઆચાર્યચરણ આમ કરે છે ''**ચિત્તમાં ભગવત્પ્રેમ સમ્પાદિત થવો જોઈએ.**

આના પછી તો પ્રેમપૂર્ણ ચિત્ત સર્વત્ર વિદ્યમાન ભગવાનને સ્વયં જ પોતાનો વિષય બનાવી લેશે... ભક્તિથી આવિષ્ટ ચિત્ત પોતેજ ભગવાનને શોધી કાઢે છે'' (સુબો.૨।૬।૩૬).

આ આવિર્ભાવ પણ, ક્યારેક તે-તે રૂપ અને તે-તે અર્થક્રિયા આમ બન્નેનો થાય છે ; તો ક્યારેક બેમાંથી કોઈ એકનો જ. વાઘની લૌકિક આકૃતિ, તેની કાષ્ઠમૂર્તિના ઉદાહરણમાં, વાઘરૂપના વિદ્યમાન હોવા છતાં પણ વાઘની અર્થક્રિયા પ્રગટ થતી નથી. આ રીતે નાટક વગેરેમાં અભિનયકર્તામાં અભિનેય ચરિત્રની અર્થક્રિયા પ્રગટ થવા છતાં પણ અકૃત્રિમ અભિનેય રૂપ નથી હોતુ. અતએવ પ્રસ્તુત ગ્રન્થના ઉપસંહારમાં પ્રભુચરણ **''આમ (પ્રતિષ્ઠા) કરી લીધા પછી મૂર્તિના સાક્ષાત્ પુરૂષોત્તમાત્મક હોવાનો ભાવ રાખવો જોઈએ. આવો પ્રાદુર્ભાવ અથવા આવી લીલા તો ભાવુકના પ્રતિ સ્વયં તેના ભાવોને અનુસાર જ થશે''** આ જે કહે છે તે પણ સંગત થઈ જાય છે. અહીંયા સાધનાવસ્થામાં ભગવદ્ભજન તે મૂર્તિમાં ''આ આત્મનિવેદી ભજનકર્તાનો હું મારા આ આકારદ્વારા ઉદ્ધાર કરીશ'' આવી ઈચ્છાથી વિશિષ્ટ ભગવાનનો આવિર્ભાવ થાય છે. પરન્તુ, જ્યાં સુધી ભજન ફળદશાને પ્રાપ્ત ન થાય ત્યાં સુધી તેવો અનુભાવ મૂર્તિમાં પ્રકટ દેખાતો ન પણ હોય તો પણ વિસંગતિની થતી નથી.

૧. સાકાર વ્યાપક બ્રહ્મના સ્વરૂપના અનુસંધાનદ્વારા સેવ્યઆકારના અધિષ્ઠાનની શુદ્ધિની ભાવના :

> **હવે શ્રીપુરૂષોત્તમપ્રતિષ્ઠાપ્રકાર લખે છે : શુભ વાર નક્ષત્ર યોગ વગેરેથી યુક્ત સુદિન જોઈને સેવનીય સ્વરૂપ ને પાટ પર ઠાડી મુદ્રામાં બિરાજાવીને કુશદ્વારા ''સહસ્ત્રશીર્ષા...'' થી આરંભ કરીને ''સર્વં મનિષાણ'' સુધી પુરૂષસૂક્તનો પાઠ કરતાં કરતાં પ્રોક્ષણ કરીને સ્નાનપાત્રમાં પધરાવીને –**

જોકે પ્રભુચરણોએ તો અહીંયા પુરૂષસૂક્તના આદ્યન્ત પ્રતીક જ ઉદ્ધૃત કર્યા છે તો પણ અધ્યેતાઓના પાઠસૌકર્યમાટે અમે અવિકલ (સંપુર્ણ) પુરૂષસૂક્ત ઉદ્ધૃત કરી દેવા ઈચ્છીએ છીએ :

સહસ્રશીર્ષા પુરૂષઃ સહસ્રાક્ષઃ સહસ્રપાત્ ।।

સ ભૂમિં વિશ્વતો વૃત્વા અત્યતિષ્ઠદ્ દશાઙ્ગુલમ્ ।।૧।।
પુરૂષએવેદં સર્વં યદ્ ભૂતં યચ્ચ ભવ્યમ્ ।।
ઉતામૃતત્વસ્યેશાન યદન્નેનાતિરોહતિ ।।૨।।
એતાવાનસ્ય મહિમા અતો જ્યાયાગુઁશ્ચ પુરૂષઃ ।।
પાદોડસ્ય વિશ્વા ભૂતાનિ ત્રિપાદસ્યામૃતં દિવિ ।।૩।।
ત્રિપાદૂર્ધ્વ ઉદૈત્ પુરૂષઃ પાદોડસ્યેહાભવાત્ પુનઃ ।।
તતો વિશ્વઙ્વ્યક્રામત્ સાશનાનશને અભિ ।।૪।।
તસ્માદ્ વિરાડજાયત વિરાજો અધિ પૂરૂષઃ ।।
સ જાતો અત્યતિરિચ્યત પશ્ચાદ્ ભૂમિમથો પુરઃ ।।૫।।
યત્ પુરૂષેણ હવિષા દેવા યજ્ઞમતન્વત ।।
વસન્તો અસ્યાસીદાજ્યં ગ્રીષ્મ ઇધ્મશ્શરદ્ધવિઃ ।।૬।।
સપ્તાસ્યાસન્ પરિધયઃ ત્રિઃ સપ્ત સમિધઃ કૃતાઃ ।।
દેવાઃ યદ્યજ્ઞં તન્વાનાઃ અબધ્નન્ પુરૂષં પશુમ્ ।।૭।।
તં યજ્ઞં બર્હિષિ પ્રૌક્ષન્ પુરૂષં જાતમગ્રતઃ ।।
તેન દેવાઃ અયજન્ત સાધ્યા ઋષયશ્ચ યે ।।૮।।
તસ્માદ્ યજ્ઞાત્ સર્વહુતઃ સમ્ભૃતં પૃષદાજ્યમ્ ।।
પશુઁસ્તાગુઁશ્ચક્રે વાયવ્યાન્ આરણ્યાન્ ગ્રામ્યાંશ્ચ યે ।।૯।।
તસ્માદ્ યજ્ઞાત્ સર્વહુતઃ ઋચઃ સામાનિ જજ્ઞિરે ।।
છન્દાગુઁસિ જજ્ઞિરે તસ્માત્ યજુસ્તાસ્માદજાયત ।।૧૦।।
૨ તસ્માદશ્વા અજાયન્ત યે કે ચોભયાદતઃ ।।
ગાવો હ જજ્ઞિરે તસ્માત્ તસ્માજ્જાતા અજાવયઃ ।।૧૧।।
યત્પુરૂષં વ્યદધુઃ કતિધા વ્યકલ્પયન્ ।।
મુખં કિમસ્ય કૌ બાહૂ કાવૂરૂ પાદાવુચ્યેતે ।।૧૨।।
બ્રાહ્મણોડસ્ય મુખમાસીત્ બાહૂ રાજન્યઃ કૃતઃ ।।
ઊરૂ તદસ્ય યદ્વૈશ્યઃ પદ્ભ્યાગુઁ શૂદ્રો અજાયત ।।૧૩।।
ચન્દ્રમા મનસો જાતઃ ચક્ષોઃ સૂર્યો અજાયત ।।
મુખાદિન્દ્રશ્ચાગ્નિશ્ચ પ્રાણાદ્વાયુરજાયત ।।૧૪।।
નાભ્યા આસીદન્તરિક્ષં શીર્ષ્ણો દ્યૌઃ સમવર્તત ।।
પદ્ભ્યાં ભૂમિર્દિશઃ શ્રોત્રાત્ તથા લોકાગુઁ અકલ્પયન્।।૧૫।।

વેદાહમેતં પુરૂષં મહાન્તમ્ આદિત્યવર્ણંસ્તમસસ્તુ પારે ।।
સર્વાણિ રૂપાણિ વિચત્ય ધીરઃ નામાનિ કૃત્વાડભિવદન્ યદાસ્તે ।।૧૬।।
ધાતા પુરસ્તાદ્ યમુદાજહાર શક્રઃ પ્રવિદ્વાન્ પ્રદિશશ્ચતસ્રઃ ।।
તમેવં વિદ્વાનમૃત ઇહ ભવતિ નાન્યઃ પન્થા અયનાય વિદ્યતે ।।૧૭।।
યજ્ઞેન યજ્ઞમયજન્ત દેવાઃ તાનિ ધર્માણિ પ્રથમાન્યાસન્ ।।
તે હ નાકં મહિમાનઃ સચન્તે યત્ર પૂર્વે સાધ્યાઃ સન્તિ દેવાઃ ।।૧૮।।
અદ્ભ્યઃ સમ્ભૂતઃ પૃથિવ્યૈ રસાચ્ચ વિશ્વકર્મણઃ સમવર્તતાધિ ।।
તસ્ય ત્વષ્ટા વિદધદ્રૂપમેતિ તત્પુરૂષસ્ય વિશ્વમાજાનમગ્રે ।।૧૯।।
વેદાહમેતં પુરૂષં મહાન્તમ્ આદિત્યવર્ણં તમસઃ પરસ્તાત્ ।।
તમેવં વિદ્વાનમૃત ઇહ ભવતિ નાન્ય પન્થા વિદ્યતેડયનાય ।।૨૦।।
પ્રજાપતિશ્ચરતિ ગર્ભે અન્તઃ અજાયમાનો બહુધા વિજાયતે ।।
તસ્ય ધીરાઃ પરિજાનન્તિ યોનિં મરીચીનાં પદમિચ્છન્તિ વેધસઃ ।।૨૧।।
યો દેવેભ્ય આતપતિ યો દેવાનાં પુરોહિતઃ ।।
પૂર્વો યો દેવેભ્યો જાતઃ નમો રુચાય બ્રાહ્મયે ।।૨૨।।
રુચં બ્રાહ્મં જનયન્તઃ દેવા અગ્રે તદબ્રુવન્ ।।
યસ્ત્વેવં બ્રહ્મણો વિદ્યાત્ તસ્ય દેવા અસન્ વશે ।।૨૩।।
હ્રીશ્ચ તેં લક્ષ્મીશ્ચ પત્યૌ અહોરાત્રે પાર્શ્વે નક્ષત્રાણિ રૂપમ્ ।।
અશ્વિનૌ વ્યાત્તમ્ ઇષ્ટં મનિષાણ અમું મનિષાણ સર્વં મનિષાણ ।।૨૪।।

(તૈત્તિ.આર.૩।૧૩।૨)

(પુષ્ટિભજનનો પ્રકાર)

પ્રોક્ષણ પ્રાયઃ શુદ્ધ્યર્થક હોય છે. અહીંયા, પરન્તુ, શુદ્ધિસંસ્કાર પણ કેવળ શાસ્ત્રીયમર્યાદાના નિર્વાહહેતુ અથવા સંસ્કાર-સંસ્કૃત પદાર્થ કર્માન્તરમાં વિનિયોગ માટે જ પદાર્થ હોય છે, આવા ગૌણભાવવશ આ પ્રોક્ષણનું સ્વરૂપ માની ન લેવુ જોઈએ. આ પ્રોક્ષણ તો સાકાર-વ્યાપક બ્રહ્મની ભાવનાના ઉદ્બોધનાર્થ પ્રયુક્ત થયુ છે. પુષ્ટિમાર્ગીય ભજનનો પ્રકાર શ્રુતિ સ્મૃતિ તન્ત્ર વગેરે શાસ્ત્રોમાં વિહિત ન હોવા છતાં પણ તેમનાથી અવિરૂદ્ધ હોવાની કસોટી પર ખરો ઉતરવાથી તથા ભાવરૂપ હોવાથી જ સ્વીકાર્ય બને છે. આ વાત ભાગવત માં-

''તેઓએ ન તો શ્રુતિવચનોનું અધ્યયન કર્યુ હતુ, ન કોઈપણ મહાપુરૂષોની ઉપાસના કરી હતી, ન કોઈ વ્રત અથવા તપસ્યા પણ કરી હતી... કેવળ સહજ ભાવમાત્રથી જ ગોપીજન ગાયો ખગ મૃગ તથા બીજા પણ અનેક મૂઢ બુદ્ધિવાળા નાગ વગેરે મને પ્રાપ્ત કરી કૃતકૃત્ય થઈ ગયા હતા... તેથી ઉદ્ધવ ! તું પણ વિધિ-નિષેધ, પ્રવૃત્તિ-નિવૃત્તિ અથવા શ્રોતવ્ય-શ્રુત ની ચિન્તા છોડીને સર્વાત્મભાવ સહિત કેવળ મારી શરણમાં આવી જા. હું બધાં દેહધારિઓનો આત્મા છું અને મારાદ્વારા જ તું પૂર્ણ નિર્ભય થઈ શકીશ.

(ભાગ.પુરા.૧૧।૧૨।૭-૧૫).

અહીંયા આ આશંકા થાય છે કે અવતારકાળમાં તો ભગવાને સ્વયં પોતાના મુખારવિન્દથી આવા વચન કહ્યા છે અતઃ તેવા નિઃસાધન જીવોને પણ ભગવાનના સ્વરૂપાનન્દનો લાભ વિચારી શકાય છે. સમ્પ્રતિ શાસ્ત્રોથી અવિરૂદ્ધ હોવા છતાં પણ કેવળ ભાવાત્મક ભજનનુ અનુષ્ઠાન અને જલતાડન જેવી વ્યર્થ ક્રિયા ની વચ્ચે અન્તર (ફરક) શું રહી જાય છે કે આને કોઈ અનુષ્ઠેય માને! બન્નેની અવિહિતતા સર્વથા સમાન જ લાગતી હોવાથી ?

સમાધાનતયા આ કહેવા માંગીયે છીએ કે ભગવાને સ્વયં પોતાના મુખારવિંદથી **''જે મારી સામે જેવી રીતે પ્રપન્ન થાય છે તેને હું તેવી રીતે ભજું છું''** (ભગ.ગીતા.૪।૧૧) આવું સ્વીકાર્યુ છે. અતઃ કેવળ ભાવ સહિત ભજન કરવાવાળાના પ્રતિ ભગવાનની પણ ભાવની જ અપેક્ષાનો સ્વીકાર કરી કૃપાનુ પ્રાકટ્ય અવશ્ય સ્વીકારવુ પડશે.

એમ તો કહી નહિં શકાય કે કેવળ મૂઢજનો જ આવી નિઃસાધન કૃપાના પાત્ર બનવાના અધિકારી હોય છે શાસ્ત્રવિજ્ઞ નહિં, કેમકે ઉદ્ધવજીને સકલ શાસ્ત્રોના ઉપદેશ આપ્યા પછી જ પોતાની કેવળભાવલભ્યતાનો ઉપદેશ ભગવાને આપ્યો છે. આવું પણ નથી કે કેવળ ભાવાત્મક ભજનના બહાના બનાવીને શાસ્ત્રાજ્ઞાઓની અવહેલના અથવા અનનુષ્ઠાન મહાપ્રભુ અથવા પ્રભુચરણ પ્રતિપાદિત કરે છે, કે જેનાથી શાસ્ત્રઆજ્ઞાઓના વિરોધની વાત ઉઠાવી શકાય.

(સ્વધર્મવિચાર)

આથી જ કહેવામાં આવ્યું છે કે ''જ્યાં સુધી દેહાભિમાન હોય ત્યાં સુધી વર્ણાશ્રમધર્મને જ પોતાનો સ્વધર્મ માનવો જોઈએ. કેમકે દેહાભિમાનના પ્રબળ હોવાથી ભગવદ્ધર્મ પણ વિધર્મ અથવા તો વળી પરધર્મ જેવો થઈ (રહી) જાય છે. જ્યારે, પરન્તુ, જીવ સ્વયં પોતાને દેહાદિના સંઘાતથી વ્યતિરિક્ત માની શકતો હોય તો ભગવદ્દાસ્ય જ સ્વધર્મ બની જાય છે અને વર્ણાશ્રમવગેરે પરધર્મ'' (સુબો.૩|૧૮|૨).

અહીંયા વર્ણાશ્રમધર્મોની બાબતમાં તેનાં 'પરધર્મ' હોવાનું વિધાન વર્ણાશ્રમધર્મ દેહાભિમાનમૂલક હોવાથી દેહધર્મરૂપ હોય છે આવો અભિપ્રાય સમજવો જોઈએ. આનાથી વિપરીત ભગવદ્ભજન આત્મધર્મતયા પ્રતિપાદિત કરાયેલું છે. આ વાત મહાપ્રભુએ ''ઉચ્ચકોટીના ભગવદીય વૈષ્ણવ લૌકિકતા અને વૈદિકતા તો કપટની સાથે નિભાવે છે. પરન્તુ વૈષ્ણવતા તેમનામાં સહજ જ હોય છે'' (પુ.પ્ર.મ.૨૦-૨૧) આ વચનમાં કહી છે. અહીંયા 'સહજ' પદ કેમકે જીવાત્માઓનું પુષ્ટિજીવતયા વરણ જે ભગવાન પોતાના બ્રહ્મરૂપમાંથી તેમના વ્યુચ્ચરણના સમયે જ કરી લે છે તે અભિપ્રાયવશ પ્રયુક્ત થયુ છે.

અહીંયા આશંકા થાય છે કે આત્મનિવેદનના સમયે ભગવાનના ચરણારવિંદમાં દાસ્યભાવપૂર્વક તુલસીદલ સમર્પિત કરી લેવા માત્રથી અહીં કયી વ્યક્તિનુ પોતાના દેહગેહાદિ ની બાબતમાં અહંમમાભિમાન નિવૃત્ત થઈ જાય છે? આવી સ્થિતિમાં આટલી આવી દુર્લભ ભક્તિના અધિકારી કોણ થઈ શકે છે! આ આશંકા પરન્તુ ઉચિત નથી કેમકે -

''[1] નિજ આશ્રમના અનુરૂપ આચારને નિભાવતા નિભાવતા બ્રહ્માનુભવ સહિત માહાત્મ્યજ્ઞાનપૂર્વક સ્નેહ થવાથી તે (સ્નેહ) બ્રહ્મભાવ પ્રકટ કરે છે. ભક્તિની ફલરૂપા અવસ્થામાં પોતાના આશ્રમના આચારોને નિભાવવાનું ફલાનુભૂતિમાં પ્રતિબંધક લાગતું હોય તો ફલાનુભૂતિની તન્મયતામાં પોતાના આશ્રમાચાર છોડી શકાય છે.''

''[2] અન્ય સર્વ શાસ્ત્રોની તુલનામાં વૈષ્ણવતન્ત્ર શીઘ્ર જ હૃદયગ્રન્થિના વિભેદક હોય છે. તો પણ પરમપુરૂષની આરાધનાના રૂપમાં જ ભજન કરવું જોઈએ તેમની વિભિન્ન વિભૂતિઓના રૂપમાં નહિં, અર્થાત્ કેવળ પુષ્ટિમાર્ગના અનુસાર ભજન કરવું જોઈએ. કેવળ પુષ્ટિમાર્ગાનુસાર ભજનના નિર્વાહમાટે અસમર્થ હોય તો તન્ત્રમાં કહેલાં પ્રકારથી પણ ભજન તો શ્રીકૃષ્ણનું જ કરવું જોઈએ. અથવા મર્યાદાવિધિની સાથે સમુચ્ચય કરીને પણ ભજન સમ્ભવ છે. કોઈ પણ અવસ્થામાં જે પુષ્ટિમાર્ગમાં અવસ્થિત હોય તેણે કેશવનું જ ભજન કરવું જોઈએ.''

''[3] સકલ અનર્થોની નિવૃત્તિ આ બે માંથી કોઈ એક માર્ગ દ્વારા શક્ય છે : ભક્તિમાર્ગ અને જ્ઞાનમાર્ગ. આમાંથી ભક્તિમાર્ગ દ્વારા સંસારજનિકા અવિદ્યાનો તિરોભાવ શનૈઃ-શનૈઃ થાય છે... અને સમ્પૂર્ણ તિરોભાવ ભગવત્સાક્ષાત્કાર થાય ત્યારે થઈ જાય છે. ભગવત્સાક્ષાત્કાર થવાથી બધાં મિથ્યા સ્વપ્ન દેખાતા બંધ થઈ જાય છે, જાગરિતાવસ્થામાં દેહ વગેરેમાં આત્મબુદ્ધિ રહી નથી જતી પરંતુ... સર્વદા બ્રહ્માનન્દની અનુભૂતિ થતી રહે છે... આમ ભગવત્સેવા બન્ને જ માર્ગોમાં હેતુ બની જાય છે. ભગવત્સેવાદ્વારા બન્ને જ મળી શકે છે. તે સેવા પણ શાસ્ત્રનિષ્ઠ અને પઞ્ચરાત્રોક્ત હોવી જોઈએ નહીંકે સ્વેચ્છાથી યથાકથઞ્ચિત કરેલી''.

([1]ત.દી.નિ.૨|૧૯૬, [2]સુબો.૧૧|૩|૪૭, [3]ત.દી.નિ.પ્ર.૩|૩|૫૮).

આ પ્રકારના વચનોદ્વારા શ્રીમદ્આચાર્યચરણોએ કેવા ભગવદ્રૂપનું કેવી અવસ્થામાં કેવી રીતિથી ભજન કરવું, અને તેના અનુકલ્પરૂપ કર્તવ્ય કયા-કેવા હોઈ શકે છે, શું ન કરવું વગેરે બધાં વિષયોનો ઉપદેશ સારી રીતે કર્યો છે. આના આધારપર આ કહી શકાય છે કે અહંમમાભિમાનનાં ત્રણ સ્વરૂપ હોઈ શકે છે : ૧. પરોક્ષ અહંમમાભિમતિ અર્થાત્ તેવી ધારણા ૨. અપરોક્ષ અહં-મમાનુભૂતિ ૩. નિખિલ આત્મા અને આત્મીય પદાર્થોનું ભગવાનને નિવેદન કર્યું હોવાથી નિખિલ પદાર્થોમાં તેમનાં ભગવદીય હોવાનો અહંમમાત્મક હૃદ્ગત ભાવવિશેષ. આ ત્રણમાંથી આત્મનિવેદનદ્વારા પ્રથમ પ્રકારની અહંમમાભિમતિ નિવર્તનીય મનાયેલી છે. ગુરૂદ્વારા ઉપદિષ્ટમાં શ્રદ્ધા રાખીને આત્મનિવેદન કરવાવાળા આધુનિકોની પરોક્ષ અભિમતિની નિવૃત્તિમાં કોઈ મુશ્કેલી દેખાઈ નથી રહી. અપરોક્ષ અહંમમાનુભૂતિની નિવૃત્તિનો ન તો ક્યાંય ઉપદેશ મળે છે અને ન તો બ્રહ્મના અપરોક્ષ દર્શનની પહેલાં તેને વિચારી પણ શકાય છે; અને ન તો અહંમમાનુભૂતિની નિઃશેષ નિવૃત્તિ ભગવદ્ભજનમાં ઉપકારિણી જ થાય છે. અતઃ તેનો તો વિચાર જ અપ્રસક્ત છે. તૃતીય (ત્રીજા) પ્રકારની અહંમમાનુભૂતિ તો ભગવદ્ભજનોપયોગી હોવાને કારણે અતિશય અભિષ્ટ જ માનવામાં આવી છે (મનાયેલી છે). અતઃ આત્મનિવેદનમૂલક પુષ્ટિભક્તિનો અધિકાર એટલો દુર્લભ નથી રહી જતો કે તેને કોઈ અશક્યોપદેશ માની શકે.

(પુષ્ટિભજન વિહિત કે અવિહિત ?)

અહીંયા એક આશંકા આ થાય છે કે શ્રુત્યાદિ શાસ્ત્રોથી વિરૂદ્ધ ન હોવાને કારણે કોઈ રીતે દોષરહિત માનીને પણ ચાલીએ પણ વિહિત ન હોવાને કારણે ભજન કરવાની આવી રીતિને કોઈપણ અપનાવવા કેમ ચાહશે (છચ્છશે). આ સિવાય આવી અશાસ્ત્રીય રીતિથી કરવામાં આવતા ભજનમાં શાસ્ત્રનિષિદ્ધ દોષ; યથા આજીવિકાર્થ કરવામાં આવતું ભજન ભજનકર્તાને અસ્પૃશ્ય દેવલક બનાવી દે છે, અપ્રસક્ત હોવાથી લાગુ કેવીરીતે થશે ? શાસ્ત્રનિષિદ્ધ દોષ શાસ્ત્રીય કર્મમાં જ લાગુ થઈ શકે છે (ઉદાહરણ તરીકે સગોત્રકન્યાથી વિવાહ શાસ્ત્રોકત વર્ણાશ્રમાચારવાળા વૈવાહિક સંસ્કારમાં દોષરૂપ થઈ શકે છે, પશુ-પક્ષી અથવા વર્ણાશ્રમબાહ્ય મનુષ્યોને માટે નહીં). કેમકે શાસ્ત્રીય દોષો લૌકિકદષ્ટિથી દોષ હોવા આવશ્યક નથી હોતા. આ આશંકાનું સમાધાન આ છે કે મૂળમાં ભક્તિ ન તો એકાન્તિકતયા વિહિત હોય છે અને ન તો સર્વથા અવિહિત પણ. અતએવ ભાગવતમાં પણ આ જ મળે છે કે –

''બધા જીવાત્માઓમાં હું પરમાત્મતયા (પરમાત્માના રૂપમાં) અવસ્થિત રહું છું, બધી પ્રિય વસ્તુ અથવા વ્યક્તિની ભીતર હું પ્રિયતમ પદાર્થના રૂપમાં અવસ્થિત રહું છું. તેથી મારી સાથે રતિ કરો, કેમકે દેહ વગેરે પણ સ્વયં મારા જ કારણે પ્રિય લાગે છે.''

''જે ધર્મોના અનુષ્ઠાનનો આદેશ, મેં, જે ગુણ-ધર્મોનાં તારતમ્યને જણાવીને, કર્યો છે તેને સારી રીતે જાણી લીધા પછી બધું જ છોડીને કેવળ મને ભજો. જે આમ ભજે છે તે સત્તમ હોય છે... ગૃહદાસની જેમ મારી સેવા પોતાના ઘરમાં નિષ્કપટ ભાવ સહિત કરો. આ સેવાનું ન તો અભિમાન કરવું સારી વાત છે, ન દમ્ભ ; અને ન આનો ગામમાં ઢંઢેરો પીટવો સારી વાત છે... જે લોકમાં સ્પૃહણીય માનવામાં આવે છે, જે સ્વયંને પ્રિય લાગે છે, તે મને નિવેદિત કરો તો ક્ષયિષ્ણુ સુખ પ્રદાન કરવાવાળી વસ્તુ પણ શાશ્વત સુખ પ્રદાન કરવાવાળી થઈ જશે.

(ભાગ.પુરા.૩।૯।૪૨-૧૧।૧૧।૩૨-૪૧)

આ વચનોમાં 'કરો' 'ભજો' 'નિવેદન કરો' આવા આજ્ઞાર્થક ક્રિયાપદોનો પ્રયોગ કર્યો હોવાથી ભક્તિને ન તો એકાન્તિકતયા વિહિત અને ન તો સર્વથા અવિહિત જ માની શકાય છે. વસ્તુતઃ તો અહીંયા ભગવાન પોતાની બાબતમાં સ્વતઃ સિદ્ધ

સર્વાતિશાયી પ્રિય હોવાની વાત ''રતિ કરો'' આવા આદેશાર્થક વચન દ્વારા સમજાવી રહ્યા છે. અતઃ શાસ્ત્રોનાં આદેશ વિના જે વાત કથમ અપિ (કોઈ પણ રીતે) સૂઝતી ન હોય આવી કોઈ અપૂર્વ વાતનો કોઈ આદેશ અહીંયા ભગવાન આપી નથી રહ્યા. તેથી અપૂર્વવિધિનો તો અવસર જ નથી. તો પણ **''જે વાત અપેક્ષિત પ્રસંગમાં અને બીજે પણ પ્રસક્ત થતી હોય તેને કેવળ અપેક્ષિત પ્રસંગમાં નિયત બનાવવાવાળા આદેશવચનને 'પરિસંખ્યાવિધિ' કહેવામાં આવે છે''** આવા નિયમના આધાર પર અલૌકિક પરમાત્માની જેમ લૌકિક વિષયોમાં પણ જીવાત્માની જે આસક્તિ રહેલી છે, તેનું નિવારણ કરવું એ જ આ વચનનું પ્રયોજન સિદ્ધ થાય છે. તેથીજ **''કૃષ્ણસેવા સદા કરવી જોઈએ''** આ વચનમાં આવશ્યકાર્થ 'ણ્યત્' પ્રત્યયની વિવેચના કરતાં કરતાં શ્રીપુરૂષોત્તમજી પણ **''કોઈ વાતનો આવશ્યક હોવાનો અર્થ થાય છે : પહેલાથી તે અવગત હોય પણ પાછળથી તેના વિના અનિષ્ટ થવાનું જ્ઞાન થવું, અથવા કોઈ કામ સ્વતઃ કરી જ રહ્યા હોઈએ પણ પાછળથી તે કામને ન કરવાથી કોઈ રીતના અનર્થનું નિશ્ચિત હોવાનું ભાન થવાથી તે કામ આવશ્યક લાગવા લાગે છે. તેથી આવશ્યક લાગવું કેવળ વિહિત હોવાના રૂપમાં લઈ નહીં શકાય.''** (સિદ્ધા.મુ.વિ.પ્રકા.૧) આવી વ્યાખ્યા આપે છે.

અતઃ ભક્તિ ન તો એકાન્તિકતયા અવિહિત હોય છે અને ન કેવળ વિહિતતયા અનુષ્ઠેય જ.

(વરણૈકલભ્ય પુષ્ટિભક્તિનું પ્રયોજન શું ?)

પરમાનન્દરૂપ ભગવાનમાં બધાં પ્રાણીઓનો સહજ સ્નેહ સ્વભાવસિદ્ધ હોવાના રૂપમાં નિરૂપિત થયો હોવાથી, વિધિ અકિઞ્ચિત્કર સિદ્ધ થઈ જાય છે. તો ભગવાને આવું નિરૂપણ કેમ કર્યું ? આ શંકાનું સમાધાન આ જ છે કે યદ્યપિ (જોકે) ભગવાન બધાં પ્રાણીઓ માટે પરમપ્રિય હોય છે તો પણ તેમને તે રૂપમાં ઓળખી શકવું બધાંને માટે સુલભ નથી હોતુ. કોઈકની અન્દર સ્વયં પોતાના પરમપ્રિય હોવાનો ભાવ ભગવાન ભરે છે. તો અન્યની અન્દર ધર્મ અર્થ કામ મોક્ષ રૂપી ચાર પુરૂષાર્થોના પરમપ્રિય હોવાનો ભાવ. તો ત્રીજા કોઈક ની અન્દર ઈન્દ્રિયવિષયોના પરમપ્રિય હોવાનો ભાવ ભરી દે છે. તદનુસાર ભગવાનના દ્વારા નિર્ધારિત પુષ્ટિમાર્ગ મર્યાદામાર્ગ અથવા પ્રવાહમાર્ગ ના માટે કરેલા વરણથી આ નિયત થાય છે. અતઃ પર્યવસાનવૃત્તિથી આ ભગવાનનું વચન સ્વયં તેમના દ્વારા કરેલા વરણનું જ પ્રત્યભિજ્ઞાપક છે, આમ સમજવું જોઈએ. અતઃ ભગવાનથી ઈતર કોઈપણ વિષયની

બાબતમાં પરમપ્રિય હોવાના ભ્રમના નિરસનાર્થ જ આ વચન છે. આ પ્રકારે ભક્તિમૂલક ભગવત્સેવા પણ ન તો એકાન્તિક રૂપમાં વૈધ હોય છે કે ન એકાન્તિકતયા અવૈધ જ. તો પણ જ્યારે કોઈ ભગવાનની સેવા કરતાં દેખાય છે તો તેમાં ઘણાં પ્રયોજન સંભવ હોઈ શકે છે. કોઈ નિષ્કપટ ધર્મબુદ્ધિથી, તો કોઈ કપટથી કરે છે. કોઈ અહંકારથી બીજાને નીચા દેખાડવા માટે, તો કોઈ ભક્ત હોવાના દમ્ભથી, તો કોઈ લાભ-પૂજા મેળવવાની મનોવિકૃતિવશ લોકમાં પ્રદર્શનાર્થ પણ કરી શકે છે. આ વિરૂદ્ધ સ્થિતિઓમાં ભક્તિના રૂપમાં અથવા ભક્તિસિદ્ધિના પ્રયોજનથી કરવામાં આવતી ભગવત્સેવાને અવસર જ નહિં મળે. અતઃ આત્મધર્મની બુદ્ધિ રાખીને ભગવદ્ભજન કરવાની પ્રેરણા આપવા માટે આ વચન છે, એમ નિશ્ચિત થાય છે.

(પુષ્ટિભક્તિની ભક્ત્યેતર નિરપેક્ષતા અને ઇતિકર્તવ્યતા)

ભગવાનનાં સ્વરૂપાનન્દને પ્રદાન કરવાવાળાં પુષ્ટિમાર્ગમાં આપણું વરણ થયા પછી પણ આપણે ક્યાંક ઈન્દ્રિયવિષયોના લૌલ્યના પ્રવાહમાર્ગપર ભટકતા ન થઈ જઈએ ! ભગવાન આપણને બચાવે કે અહંકાર વગેરે આસુરી ભાવોને વિવશ થઈને લૌકિક કામ રાગ અથવા બળ નું અવલમ્બન કરવાવાળી પ્રવાહી માનસિકતા આપણી અન્દર ઘર ન કરી જાય ! આપણાં શરીર અને પરિવાર ના પોષણાર્થ (પોષણ માટે) આજીવિકાના રૂપમાં જ ભગવદ્ભજન કરવું તેને ક્યાંક આપણે આપણો ધર્મ ન માની બેસીએ. કેમકે આ તો આસુરી જીવોની વિશેષતા છે. જે પુષ્ટિજીવ હશે તે તો આવુ વિચારી પણ નહિં શકે. આ પ્રભુચરણ અને પુરૂષોત્તમજી બન્નેએ જ કહી રાખ્યું છે -

''[1] શ્રવણ કીર્તન સ્મરણ વગેરે નવ પ્રકારની ભક્તિ પોતાના નવ પ્રકારનાં અધિકારિઓદ્વારા કરવામાં આવતાં કર્મમાર્ગ જ્ઞાનમાર્ગ ઉપાસનામાર્ગ અને ભક્તિમાર્ગનાં પણ બે ઉપભેદોથી અનેકવિધ હોય છે... આમાં ધર્મ અર્થ અને કામનાં પ્રયોજનવશ કરવામાં આવતાં શ્રવણાદિ કર્મમાર્ગીય જ હોય છે. તેમાં પણ અર્થાર્થી પુરૂષદ્વારા શાસ્ત્રીયવિધિ અનુસાર કરવામાં આવતાં હોય ત્યારે જ તે શ્રવણાદિ કર્મમાર્ગીય માનવામાં આવે છે, પરન્તુ શાસ્ત્રનિષિદ્ધ આજીવિકાના હેતુ (માટે) કરવામાં આવતું ભગવદ્ભજન તો ખેતીવાડીની જેમ લૌકિક કર્મ જ થાય છે ; જેમ કોઈ શૌચાર્થી ગંગાજળનો ઉપયોગ કરતો હોય તેમ. તેનાથી તો મલનિવૃત્તિના સિવાય બીજું પ્રયોજન સિદ્ધ નથી થઈ શકતું. પ્રત્યુત (ઉલટું) નિષિદ્ધ

આચરણને કારણે આવું કરનારાઓને તો પાપ જ લાગે છે.''

''[2] કૃષ્ણસેવાનું સ્વરૂપ આ જ છે, આવું સમજાવવા કહે છે 'ચિત્તનું કૃષ્ણમાં પ્રવણ હોવું જ સેવા છે...' ઈત્યાદિ. આમ કહેવાયેલી સેવાના સાધન બીજા કયા હોઈ શકે છે આ સમજાવે છે 'તેની સિદ્ધિ...' ઈત્યાદિ દ્વારા. વિત્ત આપીને બીજા કોઈ પુરૂષ દ્વારા કરાવાયેલી સેવા તે એક પ્રકાર હોઈ શકે છે, આવી રીતે બીજાનું વિત્ત લઈને કરવામાં આવતી સેવા તેનો બીજો પ્રકાર હોઈ શકે છે. આવી બન્ને પ્રકારની સેવા ચિત્તને કૃષ્ણપ્રવણ બનાવી નથી શકતી. આજ સમજાવવા માટે સમસ્ત ('તનુવિત્તજા') પદનો પ્રયોગ કરવામાં આવ્યો છે. અતઃ ભગવાનને આપણું સર્વસ્વ નિરૂપધિ નિવેદન કરીને ભગવાનની જ સેવામાં જ્યારે આપણાં દેહનો પણ વિનિયોગ કોઈ પ્રેમ સહિત કરતાં હોય તો જ (પ્રેમથી કરે ત્યારે) ચિત્ત કૃષ્ણપ્રવણ થઈ શકે છે (સિ.મુ.વિ.)'', ''તે (કૃષ્ણભક્તિ) ની પરિપક્વ દશામાં સ્નેહવશ કરવામાં આવેલ તે (શ્રવણ-કીર્તન આદિ ભક્તિનાં નવ પ્રકાર) સાધનરૂપ હોય છે. અતઃ શ્રવણ કીર્તન સ્મરણ પાદસેવન અર્ચન વન્દન દાસ્ય સખ્ય કે આત્મનિવેદન ની અન્તર્ગત ભક્તિનો કોઈ પણ પ્રકાર જો બીજા કોઈને વિત્ત પગારના રૂપમાં આપીને કરાવી લેવામાં આવતો હોયતો તેનાં ચિત્તની ભીતર રાજસભાવ જ પ્રબળ થશે, કૃષ્ણપ્રવણતા નહીં. જો વેતનના રૂપમાં પૈસા લઈને આ શ્રવણ કીર્તન આદિ ઉપાયોને કોઈ કરતાં હોય તો, યજ્ઞયાગમાં જેમ ઋત્વિજોને યાગફળ નથી મળતું પરન્તુ વિત્તદાતા યજમાનને જ મળે છે, તેમ પરવિત્ત લઈને કૃષ્ણસેવા કરવાવાળાનું ચિત્ત ક્યારે પણ ભગવાનમાં ચોંટી નથી શકતું. જો કહેવામાં આવે કે યાગફળ જેમ વિત્તદાતા યજમાનને મળે છે, તેમ જ સેવાનું ફળ પણ સેવાર્થ વિત્ત પ્રદાન કરવાવાળાને મળવું જોઈએ. યજ્ઞયાગ અને કૃષ્ણસેવા ની વચ્ચે અન્તર આ જ છે કે ત્યાં યજ્ઞયાગમાં ઋત્વિજોનું વરણ તેમને કર્મસમ્પન્ન થઈ ગયા પછી દક્ષિણા પ્રદાન કરવાની શાસ્ત્રીય વિધિ છે. આ રીતે કૃષ્ણસેવા કોઈ બીજાના દ્વારા સમ્પન્ન કરાવી લેવાની વિધિ ભક્તિની બાબતમાં શાસ્ત્રમાં દેખાડવામાં નથી આવી. (ન્યાયાલયમાં આપણી ફરિયાદ વકીલને તેની ફી આપીને કરાવી શકાય છે. પરન્તુ આપણાં પ્રિયતમ યા પ્રેમિકા ની સાથે પ્રેમાલાપ કોઈ બીજાને વિત્ત આપીને કરાવી નથી શકાતો !). **અતએવ ભક્તિમાર્ગમાં ભક્તિ કરવામાટે બીજા કોઈને વિત્ત આપીને આપણા પ્રતિનિધિ બનાવવાનું વિધાન ભગવાને ક્યાંય કર્યું નથી તેથી આવું કામ ક્યારેય ન કરવું જોઈએ પરન્તુ ભગવાને ભક્તિ કરવાની જે રીતિ બતાવી છે તેમ જ ભક્તિ કરવી જોઈએ (સિ.મુવિ.પ્ર.).**

([1] ભક્તિહં. [2] સિ.મુ.વિ.પ્ર.૨).

૨.''ભગવાન આચાર્યના વપુદ્વારા પોતાની ગતિ પ્રકટ કરે છે'' આમ કહેવાયેલું હોવાથી ભગવત્પ્રાદુર્ભાવાર્થ સર્વારમ્ભમાં નિજાચાર્યધ્યાન:

શ્રીમદાચાર્યચરણોનું ધ્યાન ધરતાં ધરતાં -

અતઃ (આથી) આપણાં આચાર્યચરણ દ્વારા પ્રવર્તિત આ શુદ્ધ પુષ્ટિભક્તિમાર્ગમાં કેવળ આપણાં આચાર્યચરણના વંશજ હોવાને કારણે જ પૂજનીય મનાતાં અને પોતાના જ આચાર્યચરણના ઉપદેશોમાં શ્રદ્ધા ન રાખવાવાળા ધનલાલસાને વશ પોતાની ભગવત્સેવાનું જે જનતામાં પ્રદર્શન કરે છે, તેમને નિષિદ્ધાચરણ કરવાવાળાં આસુરી જીવ જ સમજવા જોઈએ. જો પુષ્ટિભક્તિના માટે ભગવાને આપણું વરણ કર્યુ હોત તો આપણે આવા ક્યારેય ન થઈ શક્યા હોત. તેથી શ્રીમદાચાર્યચરણના ધ્યાનદ્વારા અને તેમના ઉપદેશોના અનુસરણદ્વારા શિલા ધાતુ વગેરે અધિષ્ઠાનોમાં ભગવદાકૃતિના રૂપમાં ભગવાન પુરૂષોત્તમ શ્રીકૃષ્ણ પ્રાદુર્ભૂત થઈને આપણી ભક્તિમાર્ગીય સેવાનો અંગીકાર કરે છે. આ સમજાવવા માગે છે **શ્રીમદાચાર્યચરણોનું ધ્યાન ધરતાં ધરતાં** વાક્યાંશથી.

ઉપનિષદ્ ગીતા ભાગવત વગેરે શાસ્ત્રોમાં આનું પ્રમાણ પણ મળે છે. યથા : **''[૧] આચાર્યદ્વારા પ્રાપ્ત થયેલી વિદ્યા જ પૂર્ણરૂપમાં સિદ્ધ થઈ શકે છે'', ''[૨] જેના કોઈ આચાર્ય હોય તે જ આ રહસ્ય સમજી શકે છે'', ''[૩] જે તત્ત્વદર્શી જ્ઞાની હોય તે તમને આ જ્ઞાનનો ઉપદેશ આપી શકશે'', ''[૪] ભગવાન પોતાની ગતિ આચાર્યના વપુદ્વારા પ્રગટ કરે છે''** ([૧] છાન્દો.ઉપ.૪|૯|૩ [૨] છાન્દો.ઉપ.૬|૪|૨ [૩] ભગ.ગીતા.૪|૨૪ [૪] ભાગ.પુરા.૧૧|૨૯|૬) આ પ્રકારના અનેક વચનોના આધાર પર આ સિદ્ધ થાય જ છે.

પુષ્ટિજીવોના ઉદ્ધારની ઈચ્છાને વશ ભગવાને, પુષ્ટિમાર્ગીય આત્મનિવેદનની દીક્ષા પ્રદાન કરવાનો અધિકાર અને તન્મૂલક નિજ સર્વસ્વનું સમર્પણ કરીને ભગવત્સેવા કરવાની રીતિનો ઉપદેશ પણ, આપણાં આચાર્યચરણોની સમક્ષ અને તેમના દ્વારા જ પ્રગટ કર્યો હોવાથી, તેમના ઉપદેશથી વિપરીત ભજનનો કોઈ પ્રકાર નિરૂપધિ ભગવદ્ભાવરૂપ પુષ્ટિભક્તિમાર્ગીય તો માની નહિં શકાય. આવી સ્થિતિમાં

જે ન તો વેદાદિ શાસ્ત્રોક્ત મર્યાદામાર્ગીય હોય; ન અવૈદિક બૌદ્ધ જૈન અથવા યહુદી ઈસાઈ કે મુસલમાનો ની ભજન કરવાની રીતવાળા જ, ત્યારે તે તો ન સ્વધર્મ કે ન પરધર્મ હોવાથી તે ભજનપ્રકારને અધર્મ જ અર્થાત્ કાં તો નર્યું છલકપટ અથવા તો ધરમનો ઝાંસો

જ માનવો પડશે. આ બાબતમાં કોઈ વિપ્રતિપત્તિ હોઈ નથી શકતી. અતઃ આચાર્યચરણ નું ધ્યાન ધરવાનો મતલબ એજ કે તેમને પોતાના આચાર્ય માનવા; અર્થાત્, તેમને પોતાના આત્મધર્મના ઉપદેશક માનીને તેમનો આશ્રય કરવાથી તેમના ઉપદેશોમાં શ્રદ્ધા વધશે જ. તેથી આવું ધ્યાન તો અવશ્ય જ કરવું જોઈએ.

આથીજ મહાનુભાવ શ્રીસૂરદાસજીએ પણ ગાયું છે **''ભરોસો દઢ ઈન ચરણન કેરો. શ્રીવલ્લભનખચન્દ્રછટા બિન સબ જગ માંઝ અંધેરો. સાધન ઓર નહિં યા કલિમેં જાસોં હોત નિવેરો.'' અહીંયા ''સબ જગ માંઝ અંધેરો''** જે કહ્યું તે આ અર્થમાં કે પુષ્ટિસમ્પ્રદાયનાં અનુગામીઓને માટે પુષ્ટિમાર્ગમાં તો શ્રીમદાચાર્યચરણ જ ભક્તિમાર્ગાબ્જમાર્તંડરૂપ છે. અતઃ તેમનાં ઉપદેશથી વિપરીત ચાલવાથી જેવું કે પ્રભુચરણ કહે છે **''હે શ્રીવલ્લભ ! આપનાં દ્વારા કહેવાયેલી વાતથી જો વિપરીત વાત કોઈ કહેતો હોય તો તે સ્વયં ભ્રાન્ત જ નહિં પ્રત્યુત સહજ આસુરી જીવ હોવાથી કેવળ અન્ધન્તમ નરકગામી થાય છે''** (શ્રીવલ્લ.૩) તદનુસાર આ જ અન્ધન્તમોરૂપ અન્ધકારનો ઉલ્લેખ આ પદમાં પણ સમજવો જોઈએ.

૩.''સર્વ કાર્ય ભગવાનને સમર્પિત કરાયેલી વસ્તુઓ વડે નભાવવાથી બધું જ બ્રહ્મરૂપ બની જાય છે'' આવું કહેવાયેલું હોવાથી આત્મસમર્પણનું અનુસન્ધાન :

મહામન્ત્ર બોલીને દૂધ વગેરે પાંચેય સ્નાનદ્રવ્યોમાં તુલસીદલ પધરાવીને, મૂર્તિને બે પીતામ્બર ધરાવીને, સ્નાનની ચોકી પર પણ એક પીતામ્બર બીછાવીને, મહામન્ત્ર બોલીને શંખમાં જલ તુલસીદલ અને ચન્દન પણ પધરાવીને, મહામન્ત્ર બોલતાં બોલતાં જ પહેલાં સ્નાન કરાવવા. ત્યારબાદ શંખમાં દૂધ દહીં ઘી બુરૂ અને મધ થી ક્રમપૂર્વક તે-તે મન્ત્રોને બોલતાં-બોલતાં સ્નાન કરાવી લેવા. ત્યારે પુનઃ શુદ્ધ જલથી સ્નાન કરાવવા.

શ્રાવણ શુક્લ એકાદશીની મધ્યરાત્રીમાં ગોકુલમાં યમુનાજીનાં તટપર સાક્ષાત્

પુરૂષોત્તમે પ્રગટ થઈને શ્રીમદાચાર્યચરણોને જે ઉપદેશ આપ્યો અને જે પ્રતિજ્ઞા લીધી કે -

''જે કોઈ જીવને બ્રહ્મસમ્બન્ધ કરાવશો, તે સર્વના દેહ અને જીવાત્માનાં બધાં દોષ સેવામાં પ્રતિબન્ધ નહિં કરે... અન્યથા આ લોક-વેદોક્ત[૧] સહજ[૨] દેશજ[૩] કાલજ[૪] સ્પર્શજ[૫] સંયોગજ દોષોની નિવૃત્તિ કોઈપણ રીતે (કથમપિ) શક્ય નથી... જેણે આ પ્રકારે આત્મનિવેદન કરી લીધું હોય તેણે પોતાનાં બધાં કાર્ય ભગવાનને નિવેદિત-સમર્પિત કરેલી વસ્તુઓથી જ ચલાવવા જોઈએ આ નિયમ છે... સર્વ કાર્યોનાં આરંભમાં જ સર્વ વસ્તુઓનું સમર્પણ કરવું જોઈએ... લોકમાં એક સેવક પોતાનાં સ્વામીની સાથે જેમ વર્તે છે તેવો જ દૈન્યપૂર્ણ વર્તાવ ભગવાનની સાથે કરવો જોઈએ. અતઃ ભગવાનને સ્વામી માનીને બધું જ પહેલાં સમર્પિત કરી દીધા પછી તે-તે વસ્તુઓથી પોતાનું કામ ચલાવવાથી બધું જ બ્રહ્મરૂપ થઈ જાય છે.''

(સિદ્ધા.૨૯.૨-૮).

આવું અનુસન્ધાન સેવક અને સ્વામી બન્નેની જ અન્દર જગાડવામાટે, સ્વયં પોતે અને સેવોપકરણભૂત પોતાની બધી સામગ્રીઓના સમર્પિત હોવાને કારણે શુદ્ધ હોવાની ભાવના કરવામાટે આ કર્તવ્યનો ઉપદેશ અપાઈ રહ્યો છે : **મહામન્ત્ર બોલીને** વાક્યાંશથી આરમ્ભ કરી **શુદ્ધજલથી સ્નાન કરાવવા** એ વાક્યાંશ પર્યન્ત.

(અન્ધરૂઢિનિરસન)

આને જોઈ લીધા પછી આ વાત સ્પષ્ટ થઈ જાય છે કે આજકાલ જે ઠાકોરજીને પુષ્ટકરવાની જે અન્ધરૂઢિ ચાલી નિકળી છે કે ચિત્ર અથવા સ્વરૂપને ગોસ્વામી ચરણસ્પર્શ કરી લે તો તે પુષ્ટ થઈ જાય છે, તે તો સર્વથા અપ્રામાણિક જ છે. (આ રીતે સ્પર્શકરવાથી અથવા ચરણસ્પર્શ કરી લેવા માત્રથી પુષ્ટ થઈ જતા હોય તો ચમચા-કટોરી લોટી-લંગોટી અથવા મોબાઈલ-ટી.વી. વગેરે બધુંજ પુષ્ટ થઈને પુરૂષોત્તમાત્મક બની જશે ! ત્યારે તો બધાંને સેવામાં પધરાવા પડશે ! જો અડવાથી નહિં પરન્તુ ચરણસ્પર્શથી આવું થતું માનવામાં આવે, તો ત્યારે પણ વિવાહમાં વલ્લભવંશજ વરને ભટ્ટવંશજા પોતાની વધુના અને કન્યાના વલ્લભવંશજ પિતાને ભટ્ટવંશજ અને પોતાના થનારા

જમાઈના પણ પગ સ્પર્શવા પડે છે, તો તે પણ પુષ્ટ થઈ જવાને કારણે પોતાની પત્નિ અને પોતાના જમાઈને પણ સેવા માટે સિંહાસનપર પધરાવવા જોઈએ ! તેથી ચરણસ્પર્શ કરવાથી પુષ્ટ થવાની ધારણા અપ્રામાણિક છે.) તેથી આવું તેઓ કેમ કરે છે એ તો જે કરવાવાળા હોય તેઓ જ જાણે કે કહી શકે. !

એક શંકા આ ઉઠી શકે છે કે શ્રીમદ્ગોપીનાથ પ્રભુચરણોએ જે **''ઘરમાં કોઇ રીતનો પ્રતિબંધ હોય ત્યારે ગુરૂનો આદેશ મળવાથી, ચિત્રમાત્રની સેવા પણ કરી શકાય છે.''** (સાધ.દીપિ.૮૨) આવી વાત કહી છે. તેથી જો ગુરૂના વચનમાત્રના આધારપર જો સેવા શક્ય હોય તો ચરણસ્પર્શ કરી દેવાથી તે શક્ય કેમ ન થઇ શકે ? આમાં સન્દેહ કેમ થવો જોઇએ ? આવો પ્રશ્ન કરવાવાળાને હું આ પ્રતિપ્રશ્ન પુછવા માંગીશ કે આખરે આ તે કેવો દુરાગ્રહ ! કે પ્રભુચરણે જે પુષ્ટકરવાની રીતિ બતાવી તે રીતે પુષ્ટ ન કરીને બીજી જ ન કહેલી મનઘડંત રીતિને અનુસરી સેવ્યસ્વરૂપ પુષ્ટ કરવા ?

(આધુનીક વૈષ્ણવ પુરૂષોત્તમસેવાના અનધિકારી !)

આ સન્દર્ભમાં આ બચાવ પણ ઠીક નથી કે આધુનિક વૈષ્ણવ સાક્ષાત્ પુરૂષોત્તમની સેવા કરવાના અધિકારી નહિં હોવાના કારણે તેમને પ્રભુચરણદ્વારા ઉપદેશેલ રીતિથી પ્રતિષ્ઠાપિત ભગવત્સ્વરૂપ ન પધરાવી આપવા જ વધારે ઉચિત છે. મનઃકલ્પિત રીતિથી, કેમકે, જે પુષ્ટ કરવાનો પ્રકાર ચલાવી રાખ્યો છે, તેને કારણે થનારી સેવા જો પુરૂષોત્તમની ન થતી હોય તો વૈષ્ણવોને અન્યાશ્રયદોષમાં ફસાવવાના અપરાધી શું ગોસ્વામી નહિં બની જાય ? જો આ આરોપથી બચવામાટે સાક્ષાત્ પુરૂષોત્તમની સેવા માને છે તો તો સાક્ષાત્ પુરૂષોત્તમની સેવા કરવાનો આધુનિક વૈષ્ણવોનો અધિકાર ગળે પડી જ જાય છે. જો પુરૂષોત્તમની સેવા ન માનીને તેમના પ્રતિનિધિભૂત કોઇ અનુકલ્પીય રૂપની સેવા માને તો પણ અન્યાશ્રય દોષની આપત્તિ તો દુરૂદ્ધર (દૂર કરવી મુશ્કેલ) જ બની રહેશે. (કેમકે જો ઠાકોરજીને ગુરૂભાવથી પધરાવવામાં આવે છે એવું જો માને છે તો 'ગુરૂ' પદદ્વારા શ્રીમદાચાર્યચરણ અભિપ્રેત છે કે આધુનિક દીક્ષાદાતા ? જો આચાર્યચરણ અભિપ્રેત હોય તો શ્રીકૃષ્ણાસ્યતયા કે શાસ્ત્રોપદેષ્ટા આચાર્યતયા ? પ્રથમ કલ્પમાં પુનઃ (વળી) પુરૂષોત્તમાત્મકતા સિદ્ધ થઇ

જશે. દ્વિતીય કલ્પમાં શ્રીકૃષ્ણલીલોચિત પદગાન અને સેવાશૃઙ્ગારભોગ આદિની રીતિ બાધિત થઇ જશે. આ જ વાત આધુનિક દીક્ષાદાતાની બાબતમાં પણ લાગુ પડશે.) અસ્તુ.

(મહામન્ત્રવિચાર)

અહિયાં **''મહામન્ત્ર બોલીને દૂધ આદિ પાંચેયમાં તુલસીદલ પધરાવીને... મહામન્ત્ર બોલીને જલ તુલસીદલ અને ચન્દન પણ પધરાવીને મહામન્ત્ર બોલતાં બોલતાં જ... સ્નાન કરાવવા -** અહિયાં પુનઃ પુનઃ 'મહામન્ત્ર' પદદ્વારા કયા મહામન્ત્રની વાત કહેવામાં આવી રહી છે ? શું નિવેદનગદ્યરૂપ મન્ત્ર કે પંચાક્ષરરૂપ કે અષ્ટાક્ષરરૂપ કે ગોપાલમન્ત્ર કે ગાયત્રીમન્ત્ર ? આ પ્રશ્નને પ્રસ્તુત કરવાનું કારણ આ જ છે કે યદ્યપિ (જોકે) પરમ્પરાની અનુસાર દૂધ વગેરેમાં ગદ્યમન્ત્ર સહિત પંચાક્ષર બોલીને તુલસીદલ પધરાવવામાં આવે છે. તો પણ સાધનદીપિકામાં **''આનામાટે શ્રીગોપાલમહામન્ત્રનું વરણ કરવું જોઇએ... તેના પછી બધું જ સમર્પિત કરીને જ શ્રીગોપાલમન્ત્રનો આશ્રય લેવો જોઇએ''** (સાધ.દીપિ.૫૬-૫૮) આ વચનમાં પાઞ્ચરાત્ર વૈષ્ણવતન્ત્રોક્ત શ્રીગોપાલમન્ત્રને જ મહામન્ત્રનાં રૂપમાં નિરૂપિત કર્યો હોય એમ લાગે છે. અન્યત્ર **''ગાયત્રીમન્ત્ર બોલીને શંખમાં તુલસી અને જલ પધરાવવા જોઈએ''** (સાધ.દીપિ.૧૧૦) આ વચનમાં શંખમાં પધરાવેલા તુલસી અને જલ દ્વારા પ્રોક્ષણની વાત ગાયત્રીમન્ત્ર બોલતાં બોલતાં બતાવેલી છે. તેથી સન્દેહ થવો સ્વાભાવિક છે.

અહિયાં સમાધાનનાં રૂપમાં આ સમજવું જરૂરી છે (જ્ઞાતવ્ય છે) : **''શ્રીકૃષ્ણના જે નામ છે તે જ પ્રમુખ મન્ત્ર છે''** (ત.દી.નિ.૧|૪) આમ કહ્યું હોવાથી યદ્યપિ (જોકે) ત્રણેય શ્રીગોપાલમન્ત્ર, અષ્ટાક્ષર તથા સગદ્ય પંચાક્ષર મન્ત્રો 'શ્રીકૃષ્ણ'નામઘટિત (બનેલાં) હોવાને કારણે 'પ્રમુખ' પદથી દ્યોતિત ઉત્કૃષ્ટતા તો સમાન જ માનવી પડશે. તો પણ મન્ત્રનો વિનિયોગ તો જે મન્ત્રનો જેવા વચનોં કે સદાચાર દ્વારા આદિષ્ટ અથવા પરમ્પરાગત હોય તેવી જ રીતે કરવામાં આવે છે. આજ રીતે ગાયત્રીમન્ત્રમાં અવતારકાલિક નામ ઉપલબ્ધ ન હોવા છતાં પણ ગાયત્રીમન્ત્રની ભગવદર્થકતા તો નિઃસન્દિગ્ધ જ છે. અતઃ સદાચારના અનુરોધદ્વારા અહીંયા વૈકલ્પિક રૂપમાં ગોપાલમન્ત્ર અથવા નિવેદનગદ્યસહિત પઞ્ચાક્ષરમન્ત્રનો જ વિનિયોગ ઉચિત માનવો જોઇએ.

(મન્ત્રની વિભૂતિપરકતાનો વિચાર)

આવી સ્થિતિમાં પ્રભુચરણોએ ભક્તિહંસમાં ગોપાલમન્ત્રને વિભૂતિપરક કેમ માન્યો ? આ બાબતમાં શ્રીપ્રભુચરણનું તાત્પર્ય સ્વયં તેમના વચનોમાં આમ (આ રીતે) ઉપલબ્ધ થાય છે : -

''પ્રેમાત્મિકા ભક્તિનાં સાધનતયા કરવામાં આવતા શ્રવણ-કીર્તન આદિ ભક્તિમાર્ગમાં 'મર્યાદા-ભક્તિ' કહેવામાં આવે છે... સ્નેહ પ્રકટ થયા પછી એક દિવ્ય વ્યસન જેવું થઈ જવાને કારણે કરવામાં આવતા શ્રવણ-કીર્તન આદિ ઉત્તમકોટીના પુષ્ટિભક્તિરૂપ હોય છે... સ્નેહવશ કરવામાં આવતાં હોવાથી આ શ્રવણાદિ સ્નેહના જ અનુભાવ બની જતાં હોવાથી સ્નેહમધ્યપાતી જ હોય છે... એતાવતા (આથી) આ સિદ્ધ થયું કે કર્મમાં જેમ વિધિ નિયામક હોય છે તેમ ભક્તિમાર્ગીય ભજનની રીતિમાં સ્નેહ જ પ્રમુખ નિયામક હોય છે, સ્નેહવાન ભક્તોના માટે તો. કિન્તુ જેમની અંદર હજી સ્નેહ પ્રકટ ન થઈ શક્યો હોય તેમના માટે સ્નેહીજનોનો ઉપદેશ પણ થોડા સમય માટે પ્રમુખ હોય શકે છે. તે ઉપદેશનું , કિન્તુ વેદાદિ શાસ્ત્રોથી અવિરૂદ્ધ હોવું આવશ્યક છે.''

(ભક્તિહંસ).

આવા પ્રતિપાદનમાં પ્રભુચરણોએ ભક્તિથી ભિન્ન કોઈ કામનાના પૂરકતયા (કામના પૂરી કરવા માટે) કરવામાં આવતા ગોપાલમન્ત્રના અનુષ્ઠાનને વિભૂતિપરક માન્યો છે. અતઃ અનિષિદ્ધ લૌકિક કામનાઓનાં પ્રબળ હોવાથી પણ જ્યાં મન્ત્રોમાં વિભૂતિપરકતા માનવામાં આવતી હોય, ત્યાં નિષિદ્ધ રીતિવાળી આજીવિકાનાં પ્રયોજનવશ કરવામાં આવતા ભજનમાં તો પુરૂષોત્તમની વિભૂતિની કથા તો દૂર કેવળ અન્ધન્તમ નરકના દ્વાર જ ઉઘડતા માનવા પડશે ! ભગવત્સ્વરૂપમાં અત્યધિક સ્નેહ રાખવાવાળા શ્રીગોપીનાથ પ્રભુચરણોએ જે ઉપદેશ કર્યો છે તદનુસાર તેવા સ્નેહરહિત આધુનિક આપણાં જેવાઓને માટે સમર્પણગદ્યની સાથે ગોપાલમન્ત્ર પણ બોલી લેવો એક વિકલ્પના રૂપમાં નિર્દુષ્ટ જ માની શકાય છે. અતએવ પ્રભુચરણના ચતુર્થાત્મજનાં ગૃહમાં ભગવતે કૃષ્ણાય ગોપીજનવલ્લભાય આવું ગદ્યમન્ત્રની સાથે જ બોલી લેવાની પ્રણાલી છે. આ શ્રીગોપાલમન્ત્રના અંગભૂત ભગવન્નામનાં સમુચ્ચયનો જ અંગીકાર છે. તેથી જ આ ઘરની દીક્ષાપ્રદાનની રીતિમાં પણ આવા

પ્રકારના ઉપદેશપ્રદાન કરવાની પ્રથા કહેવાયેલી-મનાયેલી છે.

અન્યથા ગોપાલમન્ત્રને એકાન્તિકતયા વિભૂતિપરક માનવાથી તો શ્રીમદાચાર્યચરણના સેવક શ્રીકૃષ્ણદાસજીએ તેમની સ્તુતિમાં જે પદ ગાયુ **''શ્રીગોપાલમન્ત્ર અષ્ટાક્ષર પઞ્ચાક્ષરકે શ્રવન કરાયે, ગદ્યમન્ત્ર સબ જીવનિકોં દે કૃષ્ણચરણ સબકે ચિત્ત લાયે''** (શ્રીકૃ.સાગ.શ્રીમહાપ્રભુ.૧૧૧૦) તે અસંગત થઈ જશે. જે મન્ત્ર એકાન્તિકતયા વિભૂતિપરક હોય તે મન્ત્રથી ચિત્તનું પુરૂષોત્તમમાં પ્રવણ થવું સ્વીકારવાનું અયુક્ત (અયોગ્ય) લાગે છે. અહીંયા એક શંકા આ ઉઠી શકે છે કે ત્યારે **''મન્ત્રોપાસના, વૈદિકી કે તાન્ત્રિકી દીક્ષા અથવા અર્ચના વગેરેની વિધિઓથી અસ્પૃષ્ટ રહીને પોતાનાં ભક્તોની વચ્ચે રમણ કરે છે''** (ભક્તિહં.મંગ.) આવું મંગલાચરણ ગ્રન્થોપક્રમમાં પ્રભુચરણોએ કેમ કર્યું ? પરન્તુ સાવધાની સાથે વિચારવાની વાત આમાં આ જ છે કે પુરૂષોત્તમ આ રીતે જો એકાન્તિકતયા અસ્પૃષ્ટ હોય તો પ્રસ્તુત પુરૂષોત્તમપ્રતિષ્ઠાપ્રકારમાં પણ વૈદિક પુરૂષસૂક્ત બોલવાની વિધિ હોવી નહોતી જોઈતી. આથી સ્વીકારવું પડશે કે સાધનબળથી પુરૂષોત્તમ અસ્પૃષ્ટ હોવા છતાં પણ પુષ્ટિભક્તિરૂપ પ્રમેયબળથી વૈદિક-તાન્ત્રિક મન્ત્ર અથવા અર્ચનની રીતિ પુરૂષોત્તમપર્યવસાયિની પણ થઈ શકે છે. સ્વયં શ્રીમદાચાર્યચરણ પણ તેથી જ કહે છે **''એકના પ્રધાન થવાથી અન્ય પોતાની મેળે વિભૂતિરૂપતા ગ્રહણ કરી લે છે''** (ત.દી.નિ.૩।૩।૫). અતઃ જ્યારે ગોપાલમન્ત્રના જપ આદિ લૌકિકકામનાઓની પૂર્તિને માટે કરવામાં આવે છે ત્યારે તે વિભૂતિપરક થાય છે. નહિં કે અહૈતુકી સાક્ષાત્ પુરૂષોત્તમની ભક્તિરૂપા સેવામાં તેનો પ્રયોગ અથવા વિનિયોગ વિભૂતિપરક થઈ શકશે. (થશે) અન્યથા લૌકિક દેહપરક અહંકારનો તથા આવી રીતે લૌકિક બન્ધુ વિત્ત ગેહ આદિપરક મમકારનો પણ **''દાસોઅહમ્''-''શરણં મમ''** મન્ત્રવચનોમાં (દ્વારા) ભગવાન શ્રીકૃષ્ણમાં વિનિયોગ પણ હેય સિદ્ધ થશે ! તો અહંકારાસ્પદ દેહનો અથવા મમકારાસ્પદ બન્ધુ વિત્ત ઘર વગેરેના વિનિયોગની તો કથા જ દૂર થઈ ગઈ !

બીજો એક સન્દેહ આ પણ નિરાકરણીય લાગે છે કે આગળ જઇને પ્રભુચરણોએ ભગવત્પ્રાકટ્યવર્ણન કરવાવાળા ભાગવતપદ્યોને બોલી લીધા પછી **''ત્યારે પુરૂષોત્તમાત્મકતા પ્રકટ થયા પછી''** આમ પ્રસ્થાપિત કર્યું છે અને સમર્પણ પણ

પુરૂષોત્તમનેજ કરવામાં આવતું હોય તો તેના પહેલાં આ સમર્પણની ભાવના સંગત કેવી રીતે થશે ? આ વિષયમાં આ જાણી લેવું આવશ્યક છે કે આ કોઈ સર્વથા પ્રાથમિક સમર્પણ તો છે નહિં. કેમકે આતો આત્મનિવેદનનું સ્મારણ જ છે. અતઃ અનુપપત્તિ કાંઈ હોઈ નથી શકતી. પૂર્વકાલિક આત્મસમર્પણ ન થયુ હોય ત્યારેતો પુરૂષોત્તમપ્રતિષ્ઠાનાં કર્મને સમ્પન્ન કરવાનો અધિકાર જ સિદ્ધ ન થતો હોવાથી પણ આ વાત સમજમાં આવે છે.

(પંચામૃતસ્નાનના વૈદિકમન્ત્રો)

આ સમજવું ખાસ જરૂરી છે કે યદ્યપિ (જોકે) પઞ્ચામૃતસ્નાપનમાં **'તત્તદ્મન્ત્ર'** આવો પાઠ બધી માતૃકાઓમાં ઉપલબ્ધ નથી થતો. કેવળ એક માતૃકામાં જ મળ્યો છે. તેથી આ સન્દેહ થવો સ્વાભાવિક છે કે આ પાઠ પ્રામાદિક છે કે પ્રામાણિક ? આ બાબતમાં સમાધાન આ છે કે શ્રીપુરૂષોત્તમચરણોએ પોતાનાં પઞ્ચામૃતસ્નાપનપ્રકારનાં ગ્રન્થમાં વૈદિક મન્ત્રોંનો પણ પરમ્પરાગત વિનિયોગ પ્રતિપાદિત કર્યો છે. પ્રભુચરણદ્વારા વિરચિત સેવાપદ્યોમાં પૃથગ્ પણ કાંઈક સ્નાનોપયોગી દ્રવ્યોની સાથે જોડાયેલી ભાવનાઓનાં પ્રતિપાદક સ્તુતિરૂપ પદ્ય પણ ઉપલબ્ધ થાય છે. આવી સ્થિતિમાં ઉપનીત ત્રૈવર્ણિકોનો જ વૈદિક મન્ત્રોચ્ચારણમાં અધિકાર માન્ય હોવાથી તેમણે શ્રીપુરૂષોત્તમચરણોંદ્વારા ઉપદિષ્ટ પ્રકારથી પઞ્ચામૃત સ્નાપન કરાવવું જોઈએ અને જે અનુપનીત હોય તેમણે પ્રભુચરણ દ્વારા ઉપદિષ્ટ પદ્યોચ્ચારણ કરીને ભગવાનને પઞ્ચામૃત સ્નાન કરાવવું જોઈએ.

અતઃ વૈદિકમન્ત્રોનાં ઉચ્ચારણ કરવાના અધિકારવાળા ઉપનીતોને માટે ભગવાનનાં પઞ્ચામૃતસ્નાપનનાં બોલવાનાં મન્ત્ર શ્રીપુરૂષોત્તમચરણોદ્વારા સંગૃહીત આનુપૂર્વી થી પ્રસ્તુત કરાય છે :

''પયસ્વતીરોષધયઃ પયસ્વદ્ વીરુધાં પયઃ. અપાં પયસો યત્ પયસ્તેન મામિન્દ્રઃ સઁસૃજ'' (તૈત્તિ.સંહિ.૧।૫।૧૦) દૂધથી સ્નાન કરાવતા સમયે.

''ૐ દધિ ક્રાવ્ણો અકારિષં જિષ્ણોરશ્વસ્ય વાજિનઃ. સુરભિનો મુખા કરત્પ્રણ આયૂઁષિતારિષત્.'' (તૈત્તિ.સંહિ.૧।૫।૧૧). દહીંથી સ્નાન કરાવતા સમયે.

''મધુ વાતા ઋતાયતે મધુ ક્ષરન્તિ સિન્ધવઃ. માધ્વીર્નઃ સન્ત્વોષધીઃ. મધુ

નક્તમુતોષસિ મધુમત્ પાર્થિવગૂઁરજઃ. મધુ દ્યૌરસ્તુ નઃ પિતા. મધુમાન્ નો વનસ્પતિર્મધુમાગૂઁ અસ્તુ સૂર્યઃ. માધ્વીર્ગાવો ભવન્તુ નઃ.'' (તૈત્તિ.સંહિ.૪|૨|૯). મધુથી સ્નાન કરાવતા સમયે.

''ઘૃતં મિમિક્ષિરે ઘૃતમસ્ય યોર્નિઘૃતે શ્રિતો ઘૃતમુવસ્ય ધામ. અનુષ્વધમાવહ માદયસ્વ સ્વાહાકૃતં વૃષભ વક્ષિ હવ્યમ્. સમુદ્રાદૂર્મિર્મધુમાગૂઁ ઉદારદુપાગૂઁશુના સમમૃતત્વમાનટ્.'' (તૈત્તિ.આર.૧૦|૧૦|૨|). ઘૃતથી સ્નાન કરાવતા સમય.

''શુક્રમસિ જ્યોતિરસિ તેજોડસિ દેવો વઃ સવિતોત્પુનાત્વચ્છિદ્રેણ પવિત્રેણ વસોઃ સૂર્યસ્ય રશ્મિભિઃ શુક્રં ત્વા શુક્રાયાં ધામ્ને-ધામ્ને દેવેભ્યો યજુષે-યજુષે ગૃહ્ણામિ જ્યોતિસ્ત્વા જ્યોતિષ્યર્ચિસ્ત્વાડર્ચિષિ ધામ્ને-ધામ્ને દેવેભ્યો યજુષે-યજુષે ગૃહ્ણામિ'' (તૈત્તિ.સંહિ.૧|૧|૧૦). બૂરાથી સ્નાન કરાવતા સમયે.

''ૐ આપો હિષ્ઠાઃ મયોભુવસ્તાન ઊર્જે દધાતન. મહેરણાય ચક્ષસે યોવશ્શિવતમો રસસ્તસ્ય ભાજયતેહનઃ ઉશતીરિવ માતરઃ. તસ્મા અરંગમામવો યસ્ય ક્ષયાય જિન્વથ આપો જનયથા ચ નઃ''(તૈત્તિ.સંહિ.૪|૧|૫). ''ૐ હિરણ્યવર્ણાશ્શુચયઃ પાવકા યાસુ જાતઃ કશ્યપો યાસ્વિન્દ્રઃ. અગ્નિં યા ગર્ભં દધિરે વિરૂપાસ્તા ન આપઃ શગૂઁ સ્યોના ભવન્તુ. યાસાગુ રાજા વરુણો યાતિ મધ્યે સત્યાનૃતે અવપશ્યઞ્જનાનાં મધુશ્ચ્યુતશ્શુચયો યાઃ પાવકાસ્તા ન આપઃ શગૂઁ સ્યોના ભવન્તુ. યાસાં દેવા દિવિ કૃણ્વન્તિ ભક્ષં યા અન્તરિક્ષે બહુધા ચરન્તિ યાઃ પૃથિવીં પયસોન્દન્તિ શુક્રાસ્તા ન આપઃ શગૂઁ સ્યોના ભવન્તુ''(તૈત્તિ.સંહિ.૫|૬|૧). ''પવમાનઃ સુવર્જનઃ. પવિત્રેણ વિચર્ષણિઃ. યઃ પોતા સ પુનાતુ મા, પુનન્તુ મા દેવજનાઃ. પુનન્તુ મનવો ધિયા. પુનન્તુ વિશ્વ આયવઃ. જાતવેદઃ પવિત્રવત્. પવિત્રેણ પુનાહિ મા.''(તૈત્તિ.બ્રાહ્મ.૧|૪|૮|૧).

''વસવસ્ત્વા પરિ ગૃહ્ણન્તુ ગાયત્રેણ છન્દસા રુદ્રાસ્ત્વા પરિ ગૃહ્ણન્તુ ત્રૈષ્ટુભેન છન્દસાડડદિત્યાસ્ત્વા પરિ ગૃહ્ણન્તુ જાગતેન છન્દસા દેવસ્ય સવિતુઃ સર્વે કર્મ કૃણ્વન્તિ વેધસઃ.'' (તૈત્તિ.સંહિ.૧|૧|૯|૧૭). શુદ્ધોદકથી સ્નાન કરાવતા સમયે.

(શ્રીપ્રભુચરણકૃત પંચામૃતસ્નાનપદ્યો)

ઉપનયન સંસ્કાર ન હોવાને કારણે જેમને વૈદિક મન્ત્રોચ્ચારણનો અધિકાર ન હોય તેમના માટે શ્રીમત્પ્રભુચરણોદ્વારા વિરચિત પદ્યોને પણ સંગૃહીત કરી દીધા છે :

પઞ્ચામૃતેન ભાવાત્મ-રૂપેણાતિ-પ્રિયેણ તે ।।
સ્નાપયામિ તતઃ સ્નાત્વા હૃદિ મે સુસ્થિરો ભવ ।।૧।।

પ્રિયા-હાસ્ય-પ્રભા-તુલ્ય-રૂપેણ પયસા ગવામ્ ।।
સ્નાનં સમાચાર વિભો કમ્બુસ્થેન વ્રજેશ્વર ।।૨।।
રાધિકાસ્યામૃત-કર-ચન્દ્રિકા-વિશદેન વૈ ।।
સરસેન ઘનેનેહ દધ્ના સ્નાનં સમાચર ।।૩।।
પ્રિયાધરામૃત-સ્પન્દ-મધુરેણ મહાપ્રભો ।।
શંખસ્થિતેન મધુના સ્નાત્વા મુદમવાપ્નુહિ ।।૪।।
પ્રિયા-સ્નેહૈક-રૂપેણ ઘૃતેન વ્રજનાયક ।।
સ્નાનં સ્નેહાત્મકં કૃત્વા સ્નિગ્ધતાં પ્રકટીકુરુ ।।૫।।
પ્રિયા-પ્રત્યંગ-સૌન્દર્ય-માધુર્ય-સમતાં ગતમ્।।
તયા શર્કરયા સ્નાત્વા પ્રત્યંગોચ્છૂનતાં વ્રજ ।।૬।।

અહીંયા વૈદિક મન્ત્રો અને પ્રભુચરણવિરચિત પદ્યોનો પઞ્ચામૃતસ્નાપનમાં સમુચ્ચય કેમ નથી માનવામાં આવતો ? વાત આ છે કે : સમુચ્ચય પણ શક્ય છે અને વિકલ્પ પણ. કે જે શ્રીમદાચાર્યચરણોંનાં સુબોધિનીવચનનાં આધારે સિદ્ધ થાય જ છે.

(તન્ત્રોક્તપ્રતિષ્ઠાપ્રકારથી ભેદ)

તન્ત્રાગમાન્તર્ગત વિષ્વક્સેનસંહિતામાં પ્રતિપાદિત પ્રતિષ્ઠાપ્રકારમાં ''પહેલાં વૈષ્ણવીકરણ કરે... તેનાં પછી સાધક મૂર્તિમાં મન્ત્રોદ્ધારા મન્ત્રન્યાસ કરે'' (વિષ્વ.સંહિ.૧૬|૨૨) આવું કહીને ''સૃષ્ટિન્યાસ સ્થિતિન્યાસ અને સંહતિન્યાસ... પચ્ચીસ તત્ત્વોનો પ્રતિમામાં ન્યાસ કરવો જોઈએ... અથવા દેવાધિદેવનાં મન્ત્રોનો ન્યાસ ક્રમથી સાંભળો. પહેલાં ચોવીસ શ્લોકોવાળું નારાયણસૂક્ત દેવનાં ચરણોંનો સ્પર્શ કરીને આચાર્ય બોલી લે ત્યારબાદ (પછી) સોળ પદ્યોવાળું પુરૂષસૂક્ત બોલે. તેનાં પછી અથર્વવેદમાનાં નારાયણોપનિષદ્માંથી જે પણ સૃષ્ટિ આદિના પદ્ય છે, તેને ત્રણ વાર બોલે'' (તત્રૈવ.૨૫-૨૯) આવું નિરૂપણ તો મળે જ છે તો પછી વ્યર્થ જ આ પ્રતિષ્ઠાપ્રકારને કેમ સ્વતન્ત્ર પ્રકાર માનવો કેમ તન્ત્રોક્ત જ ન માની લેવો ? આવી રીતે શ્રીપ્રશ્નસંહિતા આગમમાં પણ ''શિલાઓનું અધિવાસન કરીને... સ્નાપનાર્થં ઘડાઓમાં ભરે... ઘી... દૂધ... શેરડીનો રસ... પઞ્ચગવ્ય... ફળોનો રસ... સુગન્ધી પુષ્પોવાળું જલ... લોહજલ... મધુ... આનાથી મૂર્તિને સ્નાન કરાવે. શેરડીનાં રસથી સ્નાન કરાવતા સમયે 'મધુવાતા' મન્ત્ર બોલે,... ફળોનાં રસથી સ્નાન કરાવતા સમયે 'ફલિની'

અનુવાકનો પાઠ કરે, લોહજલથી સ્નાન કરાવતા સમયે 'હિરણ્યગર્ભ' મન્ત્ર બોલે, દહીંથી સ્નાન કરાવતા સમયે 'દધિક્રાવ્ણો' મન્ત્ર બોલે,... પઞ્ચગવ્યથી સ્નાન કરાવતા સમયે વારૂણ મન્ત્ર બોલે, પુષ્પોનાં સુગન્ધવાળા જલથી સ્નાન કરાવતા સમયે 'ગન્ધદ્વારા' મન્ત્ર બોલે'' (શ્રીપ્ર.સહિ.૬।૩૧-૪૧) આમ તાન્ત્રિક પ્રતિષ્ઠાવિધિના અન્તર્ગત પણ પઞ્ચામૃત આદિ દ્રવ્યોથી સ્નાપનરીતિ નિરૂપિત તો થઈ છે. આને જોઈને, પરન્તુ, સન્દેહ થાય છે કે આ બન્ને (વિધિ) એક જ પ્રકારની કેમ નથી ? આ અન્તર કેમ છે ? બીજી વાત એ કે થોડું-ઘણું અન્તર માનીને પણ ચાલીએ તો પછી આ પ્રશ્ન ઉઠે છે કે આગમોક્ત પ્રકારથી અન્તર પડ્યું જ કેમ ? આગમોક્ત પ્રકારનું યથાકઞ્ચિદ્ અનુસરણ કરવાથી જે આગમોનું પ્રામાણ્ય સ્વીકારી રાખ્યું છે તેને છોડવું પડશે. બીજી વાત આ પણ છે કે સ્વચ્છન્દતાને વધવા દેવાથી તો માર્ગની પ્રામાણિકતા જ નષ્ટ થઈ શકે છે. અતએવ મૂર્તિપૂજન નાં સન્દર્ભમાં મહાપ્રભુ પણ કહે છે કે **''આચાર્યનું કર્તવ્ય છે કે તે પોતાની વાતની સમ્પુષ્ટિ પઞ્ચરાત્ર વગેરે આગમવચનોદ્વારા કરે''** (સુબો.૧૧।૩।૪૮). આમ મૂર્તિભજનનાં પ્રકારમાં તન્ત્રાગમોનું પ્રામાણ્યતો સ્વીકાર્યુ જ છે. અતઃ પિતા અને પુત્ર ના પ્રતિપાદનમાં અહીંયા પરસ્પર મતભેદ જેવું કાંઈક લાગે છે તે લાગવું ન જોઇએ ?

કેમકે અહીંયા શ્રુતિ અને તન્ત્ર વગેરે શાસ્ત્રોમાં જે ભજનનો પ્રકાર દેખાડવામાં આવ્યો છે, તેના અંગભૂત કર્મનાં રૂપમાં પુરૂષોત્તમપ્રતિષ્ઠાની પદ્ધતિ સમજાવવામાં નથી આવી રહી. સ્વયં મહાપ્રભુ પણ કહે છે **''પરાત્માની વિધિને અનુસરવી - નહિં કે પુરૂષોત્તમની વિભૂતિઓનું ભજન કરવાની પદ્ધતિનું અનુસરણ કરવું જોઇએ - અર્થાત્ કેવળ પુષ્ટિમાર્ગના અનુસાર (પુષ્ટિમાર્ગ અનુસારી) ભજન કરવું જોઇએ, તે કરી શકવામાં અસમર્થ હો તો તન્ત્રોક્ત પ્રકારથી અન્તતઃ કૃષ્ણનું જ ભજન કરવું જોઇએ''** (સુબો.૧૧।૩।૪૭). અતઃ જે વાત અહીંયા આચાર્યચરણ કહી રહ્યા છે, કેવલ પુષ્ટિમાર્ગીય પ્રણાલીથી પુરૂષોત્તમભજનની અનુસાર જ પ્રતિષ્ઠાપ્રકારનું નિરૂપણ પણ પ્રભુચરણ પણ કરી રહ્યાં છે. અતઃ તન્ત્રોક્ત પ્રકારથી કાંઇક ભિન્ન પ્રકાર હોવા છતાં પણ ચિન્તા કરવાની કોઇ જરૂર નથી, અને ન તો પિતા અને પુત્ર ની વચ્ચે કોઇ ખાસ મતભેદ દેખાતો. ન તો જે તન્ત્રાગમોનું પ્રામાણ્ય સ્વીકાર્યુ છે તેને છોડી દીધુ હોય તેવું પણ કાંઇ છે. કેમકે પુષ્ટિમાર્ગ અને તન્ત્રમાર્ગનાં સમુચ્ચયનાં કલ્પની વાત જ્યાં કહેવાઇ રહી હોય ત્યાં આવી સ્વતન્ત્રપ્રક્રિયાનો ઉપદેશ અપાતો નથી.

ઉલ્લેખનીય છે કે વિષ્વકસેન સંહિતાના આગમોક્ત પ્રતિષ્ઠાપ્રકારમાં ''વૈષ્ણવીકરણ કરે'' આ વચનમાં જે વિષ્ણુસમ્બન્ધી ન હોય તેને વિષ્ણુસમ્બન્ધી બનાવવાની વાત કહેવામાં આવી રહી છે. વ્યાકરણનિયમને અનુસાર 'ચ્વી' પ્રત્યયના પ્રયોગનો ફલિતાર્થ આજ થાય છે. જગતનાં નિર્માણને અનુરૂપ જે ઐચ્છિક ભેદ ભગવાને પ્રકટ કર્યો છે તેને પ્રધાન માનીને આપવામાં આવેલો આ ભજનોપદેશ છે. જ્યારે કે કેવળ પુષ્ટિમાર્ગમાં ''ભગવાનમાં સ્વરૂપગત ઐક્ય હોવા છતાં પણ ભગવલ્લીલામાં પાર્થક્ય'' નો સિદ્ધાન્ત માન્ય હોવાથી સર્વત્ર જગત અને જગતસૃષ્ટાની વચ્ચે તાદાત્મ્ય સ્વીકારવામાં આવ્યું છે. અતઃ ભક્તિ અને તન્મૂલક પરિચર્યાનો પણ ઉપદેશ તાદાત્મ્ય પર જ અવલમ્બિત છે. આટલું તારતમ્ય તન્ત્રોક્ત અને પુષ્ટિમાર્ગીય પ્રતિષ્ઠાપ્રકારમાં છે જ. અતએવ ન કેવળ ભજનીય ભગવન્મૂર્તિ પ્રત્યુત **''આ પાંચેય પૃથ્વી જલ વગેરે ભૂતો વિષ્ણુના પાંચ રૂપો છે. ભૂ ભુવ સ્વઃ વગેરે ભુવન પણ વિષ્ણુ જ બન્યા છે. આ બધા વન પણ વિષ્ણુ જ છે. આ બધા પર્વતો દિશાઓ નદીઓ સમુદ્ર બધું જ વિષ્ણુ છે. જે છે અથવા જે નથી તે બધાંને વિષ્ણુરૂપજ જાણવાં જોઇએ''** (વિષ્ણુપુરા.૨।૧૨।૨૮) આ વિષ્ણુપુરાણનાં વચન અનુસાર વસ્તુમાત્રનું વિષ્ણુરૂપ હોવું સ્વીકારવામાં આવ્યુ હોવાથી બધુંજ વિષ્ણુ જ છે. તેથી વૈષ્ણવીકરણ અપ્રાસંગિક સિદ્ધ થાય છે. આજ કારણ છે કે શિલા અથવા ધાતુ વગેરે કોઇમાં પણ વૈષ્ણવીકરણ કર્મ અપેક્ષિત નથી, સર્વત્ર વિષ્ણુની ભાવના કરવામાત્રથી બધું જ શુદ્ધ થઇ જાય છે.

(પ્રતિષ્ઠામાં દ્રવ્યાદ્વૈત-ક્રિયાદ્વૈત-ભાવાદ્વૈતનો સમ્બન્ધ)

યદ્યપિ તેવી ભાવશુદ્ધિ ભાગવતોક્ત (દ્રષ્ટ.ભાગ.પુરા,૭।૧૫।૬૨-૬૭) દ્રવ્યાદ્વૈત-ક્રિયાદ્વૈત-ભાવાદ્વૈતોના સિધ્ધ થયા પછી જ સમ્ભવ છે. છતા પણ ક્રમિક સોપાનો દ્વારા તેમનું અનુવર્તન શક્ય થઇ જાય છે. ભક્તિનાં પૂર્વાઙ્ગભૂત ભગવન્માહાત્મ્યમાં ઉપયોગી ભગવદ્ગીતોક્ત **''બધાં ભૂતોમાં જેને કારણે એક અવ્યય ભાવનો બોધ થતો હોય એવો કે અનન્તવિભાગોમાં વિભક્ત નામ-રૂપ-કર્મોમાં એક અવિભક્ત તત્ત્વનું જ્ઞાન થવા લાગે, તો આવા જ્ઞાનને સાત્ત્વિક સમજવું જોઇએ''** (ભગ.ગીતા.૧૮।૨૦) આ આવા સાત્ત્વિક જ્ઞાનથી જ ભગવન્મૂર્તિમાં અહીંયા ભાવશુદ્ધિ પ્રથમ અને પ્રધાન પણ માનવામાં આવી છે. અતઃ વૈષ્ણવીકરણ અહીંયા અનપેક્ષિત જ હોય છે.

આ કથા ભિન્ન (અલગ) છે કે ભાવાદ્વૈતની તુલનામાં દ્રવ્યાદ્વૈત અધિક સુશક્ય (સુશક) હોવાથી તેને પ્રથમ અપનાવવું જોઇએ. આ દ્રવ્યાદ્વૈતનું નિરૂપણ ભાગવતમાં ''સ્વયં અને સ્વયંના પત્ની પુત્ર વગેરે જ નહી પ્રત્યુત બધાં જ દેહધારીઓના સ્વાર્થ અને કામ નું ઐક્ય સ્વીકારવું એ 'દ્રવ્યાદ્વૈત' કહેવાય છે. અતઃ જ્યાં સુધિ કોઇ અસહ્ય આપત્તિ ન આવી પડે ત્યાં સુધી જેને જેનાદ્વારા જે હેતુવશ જેના માટે જે જ્યાં નિષિદ્ધ ન હોય... તેનાથી પોતાનાં કર્મોને નિભાવવા જોઇએ'' (ભાગ.પુરા.૭।૧૫।૬૫-૬૭) આમ કરવામાં આવ્યું છે.

આ દ્રવ્યાદ્વૈત ભગવત્સેવામાં અધિકારસમ્પાદક હોય છે. આ મહાપ્રભુએ ''પોતાની શક્તિ અનુસાર સ્વધર્માચરણ કરવું જોઇએ અને વિધર્મથી બચવું જોઇએ. પોતાની ઇન્દ્રિયોનાં અશ્વોપર લગામ કસેલી રાખવી જોઇએ. આ ત્રણેય વાતોને ક્યારેય છોડવી ન જોઇએ... વિધર્મનો અર્થ થાય છે કે જે કામ નિષિદ્ધ હોય તે. આમાં યથાશક્તિની વાત કહેવામાં નથી આવી કેમકે નિષિદ્ધતો સર્વથા અકરણીય (ન કરવા યોગ્ય) જ હોય છે'' (ત.દી.નિ.પ્ર.૨।૨૩૮) એમ સમજાવ્યું જ છે. આવરણભંગકારે આનુ વિવરણ પણ કર્યું છે :

> ''જે અનિષિદ્ધ ભોગ હોય તેને પણ સેવામાં બાધક બનતા કામનાં નિવર્તક હોવાનાં રૂપમાં અપનાવવો જોઇએ નહિં કે ઇન્દ્રિયોંને ભોગ પ્રિય લાગે છે એ હેતુથી... જે આટલું કરી શકવામાં પણ સમર્થ ન હોય તે આ કામોનો ઉપભોગ કરતી વખતે ઓછામાં ઓછું ''તે આજે નહિં તો કાલે દુઃખદ બની જશે'' આટલું તો અનુસન્ધાન રાખીને ચાલવું. જેમકે ભાગવતના એકાદશસ્કન્ધમાં સમજાવવામાં આવ્યું છે કે આટલું સમજી શકવું પણ એક સારી શરૂઆત હોય શકે છે કે ''હું આ હેય કામોપભોગનો ત્યાગ કરવામાં અસમર્થ છું''. (તત્રૈવ)

જે આ બાબતમાં પણ પોતાને અનધિકારી માનતો હોય તેનો બીજા બે અદ્વૈતોંનો અધિકાર સ્વતઃ નિરસ્ત થઇ જાય છે. આથી દ્રવ્યાદ્વૈત પછી આવે છે ક્રિયાદ્વૈતનું અનુસન્ધાન જે ''મન-વાણી-દેહથી પરબ્રહ્મને સાક્ષાત્ સર્વકર્મોનું સમર્પણ 'ક્રિયાદ્વૈત' કહેવામાં આવે છે'' (ભાગ.પુરા.૭।૧૫।૬૪) આમ દેખાડવામાં આવ્યું છે. જો દ્રવ્યાદ્વૈતનું અનુસન્ધાન સિદ્ધ ન થઇ શકે તો આસુરી કર્મોને જ ભગવાનને લોકો સમર્પણ કરવા લાગશે. જે કેવળ પાખંડ જ થશે. આ બે અનુસન્ધાનો સિદ્ધ થાય ત્યારે ભાવાદ્વૈતનું અપરોક્ષ અનુસન્ધાન શક્ય ન હોય તો પણ પરોક્ષ શાબ્દબોધરૂપ

અનુસન્ધાન શક્ય થઇ જાય છે. ''કાર્ય અને કારણ કોઈ બે વિભિન્ન વસ્તુ નથી પરન્તુ એકજ વસ્તુની બે અવસ્થા હોય છે. ઉદાહરણતયા પટ અને તન્તુ બે પૃથક્ વસ્તુ ન હોઈને બે પૃથક્ અવસ્થામાત્ર હોય છે. આમાં બે વસ્તુ હોવાની અનુભૂતિ અવાસ્તવિક હોય છે. આવી સમજ અને/અથવા અનુભૂતિને 'ભાવાદ્વૈત' કહેવામાં આવે છે'' (ભાગ.પુરા.૭।૧૫।૬૩) આ વચનમાં કહેલા પ્રકારથી ત્યારબાદ સાક્ષાત્ અનુભૂતિ પણ ક્યારેક થવા લાગશે. આમ ભાવાદ્વૈતની સમજથી ભાવશુદ્ધિ અને તે ભાવાદ્વૈતાનુભૂતિ ફલિત થઈ જાય છે ''આ અને આવા અન્ય વેદોક્ત ઉપાયોથી ગૃહસ્થ પણ પોતાના કર્મોદ્વારા ભાગવતી ગતિ પ્રાપ્ત કરીને... ભગવાનમાં ભક્તિમાન થઈ શકે છે'' (ભાગ.પુરા.૭।૧૫।૬૪-૬૭) આવી રીતે સમજાવવામાં આવ્યું છે.

અહીંયા સમજવા લાયક વાત આ છે કે આમ તો દ્રવ્યાદ્વૈત અને ક્રિયાદ્વૈત નું અનુસન્ધાન પ્રારંભમાંતો મૂર્તિરૂપેણ ભજનીય ભગવાનનાં સ્વરૂપની સાથે; તથા તેમના ભજનાનુકૂલ પરિજનોની સાથેજ, માનવામાં અને નભાવવામાં આવે છે. અન્તમાં પરન્તુ વધીને તેનુ સર્વગ્રાહી થવુજ આદર્શ સ્થિતિ છે. જેમકે શ્રીમદાચાર્યચરણ કહે છે :

> ''શિવ કે વિષ્ણુ માંથી કોઈપણ એકનાં પ્રતિ સમર્પિત થવાથી આત્મા નિશ્ચય તદીય થઈ જાય છે. જો તદીય ન પણ હોય પરન્તુ બેમાંથી કોઈ એક પર સરખી રીતે આશ્રિત હોય તો પોતાના ઈષ્ટદેવના આશ્રય અને તદીયતા ને દઢ કરવામાટે પોતાનો વર્ણાશ્રમ ધર્મ નભાવતા રહેવું જોઇએ. અન્યથા બમણો ભાર વધી જાય છે.''
>
> (બાલબોધ.૧૮-૧૯).

> ''ભક્તિનાં બીજભાવને દઢ કરી લેવો હોયતો વર્ણાશ્રમધર્મને નભાવતા નભાવતા ઘરમાં રહીને અવ્યાવૃત્ત થઈને કૃષ્ણનું પૂજન અને શ્રવણ આદિ દ્વારા ભજન કરવું જોઇએ.''
>
> (ભક્તિવ.૨).

આ રીતે આપણે જોઈ શકીએ છીએ કે દ્રવ્યાદ્વૈત અને ક્રિયાદ્વૈત ના અનુસન્ધાન દ્વારા અહંકાર-મમકાર-ને ભક્તિના અનુકૂલ બનાવી દેનાર એક વિલક્ષણ સંસ્કાર

સમ્પન્ન થઈ જાય છે. સુસંસ્કૃત અહંકાર અને મમકાર સમય જતાં ભાવાદ્વૈત ની અપરોક્ષ અનુભૂતિમાં પ્રતિબંધક નથી રહી જતા. આ ભાવાદ્વૈતનું નિરૂપણ જ **''તેણે ઈચ્છા કરી કે હું અનેકધા પ્રકટ થઈ જાઉં'', ''અહીંયા આ બધુંજ એક થઈ જાય છે''** (છાન્દો.ઉપ.૬।૨।૩, બૃહ.ઉપ.૧।૪।૭) આવા અનેક શ્રુતિવચનોમાં જે પ્રતિપાદિત થયું છે. ન તો આ (અદ્વૈત) દ્વિત્વના અત્યન્તાભાવરૂપ હોય છે; અને, ન તો સૃષ્ટિની ઈચ્છાને કારણે પ્રકટ કરેલ લીલાત્મક દ્વૈત પણ એકત્વના અત્યન્તાભાવરૂપ હોય છે. અતએવ આ જડજીવરૂપ જગતનું બ્રહ્મની સાથે તાદાત્મ્ય બ્રહ્મની અંદર ભક્ત અને ભગવાનના દ્વૈતને નિભાવવામાં અર્થાત્ સેવક અને સેવ્ય હોવાનો સમ્બન્ધ બાંધવામાં અતીવ ઉપકારક જ થાય છે, વિઘાતક નહિં. ભગવદ્ભક્તિની અંગભૂત સેવા અને કથા રૂપી સાધનોનું નિગૂઢ રહસ્ય આજ છે.

આમ ભાવાદ્વૈતોપયોગી તાદાત્મ્યના અનુસન્ધાનાર્થ ભગવન્મૂર્તિમાં આત્યન્તિકી ભેદબુદ્ધિ દૂર કરવા માટે તન્ત્રોક્ત વૈષ્ણવીકરણ કોઈક અધિકારિઓ માટે વિહિત હોવા છતાંપણ પુષ્ટિભક્તિના પ્રકારમાં અનાવશ્યક માનવામાં આવ્યું છે. બ્રહ્મનું આ જડજીવરૂપ જગતની સાથે જે શ્રૌત તાદાત્મ્ય છે અને તન્મૂલક આ ભક્તિનાં પ્રકારમાં જેનો અધિકાર ન હોય તેને (તેણે) તો શ્રીમદાચાર્યચરણોક્ત **''કેવળ પુષ્ટિમાર્ગના અનુસરણમાં સમર્થ ન હોય ત્યારે તન્ત્રોક્ત પ્રકારથી પણ કૃષ્ણનું જ ભજન કરવું જોઈએ''** (સુબો.૧૧।૩।૪૭). આમ પુષ્ટિસમ્પ્રદાયમાં પુષ્ટિભક્તિનાં પ્રકારથી શક્ય ન હોય ત્યારે ભિન્ન પ્રકારથી પણ શ્રીકૃષ્ણનું ભજન બહુ આવશ્યક છે. આ વાત **''જગદીશપુરીમાં પંઢરપુરમાં શ્રીરંગમ્માં તિરૂપતિ બાલાજીના મન્દિરમાં; અથવા આવી પૂજાપ્રણાલી જ્યાં પણ અનુસરવામાં આવતી હોય ત્યાં રહીને શ્રીકૃષ્ણભક્તિમાં તત્પર રહેવું જોઈએ''** આ કારિકાના પ્રકાશમાં અને આવરણભંગમાં પણ **''આ સ્થાનોનો ઉલ્લેખ વૈકલ્પિક છે અનિવાર્ય નથી... પૂજાનું નિરન્તર અનુષ્ઠાન ભગવત્સાન્નિધ્યનું પ્રયોજક થાય છે'', ''આ પ્રપત્તિમાર્ગ છે જે ભક્તિમાર્ગનાં અનુકલ્પતયા ઉપદેશાયેલ છે''** (ત.દી.નિ.પ્ર.આ.૨।૨૨૫) આ રીતે પ્રતિપાદન કરવામાં આવ્યું છે. અહીં 'પ્રપત્તિમાર્ગ' મર્યાદાભક્તિમાર્ગરૂપ હોય છે જેને પુષ્ટિભક્તિમાર્ગના અનુકલ્પતયા કહેવામાં આવેલ છે. આ વાત શ્રીમદાચાર્યચરણ –

''[1]પાપકર્મોના નિર્હાર અર્થાત્ દૂરીકરણ (દૂર કરવાના) પ્રાયશ્ચિતરૂપ હોય છે... વૈદિક કે તાન્ત્રિક માર્ગોથી જે પૂજા કરે છે તેને તામસસાત્ત્વિક સમજવા જોઈએ. પરપુરૂષ ભગવાનને પોતે કરેલાં સર્વ કર્મોના સમર્પણના રૂપમાં જે શ્રીહરિનું પૂજન કરે છે તેને રાજસસાત્ત્વિક સમજવા જોઈએ... કિન્તુ નિત્યકર્મની જેમ ભગવાનનું પૂજન તો કર્તવ્ય જ છે એમ માનીને જે પૂજન કરે છે તેને સાત્ત્વિકસાત્ત્વિક સમજવા જોઈએ. આ બધામાં ભગવાનને પોતાનાથી પૃથક્ માની પૂજન કરવામાં પૂર્વોક્ત ભાવ હોય છે''. ''[2]અભેદ પારમાર્થિક હોય છે એવા શાસ્ત્રના આધારે ત્રિવિધ ભક્તિયોગ સમજાવામાં આવ્યા છે... અર્થાત્ તમોગુણ રજોગુણ અને સત્ત્વગુણ ના તારતમ્યથી સગુણા ભક્તિનાં ત્રણ પ્રકાર હોય છે. અમે જે ભક્તિને, કિન્તુ, સમજાવવા ઈચ્છીએ છીએ તે તો નિર્ગુણા ભક્તિ છે. આમ ચારેય પ્રકારના ભક્તિમાર્ગ મૂળમાં તો ભગવાનના દ્વારા જ પ્રતિપાદિત છે''.

(સુબો.[1]૩।૨૯।૧૦ [2]૩।૩૨।૩૭).

અહીંયા અવધેય (જાણવા યોગ્ય) એ જ છે કે શ્રીગોપીનાથ પ્રભુચરણોએ જે સાધનદીપિકામાં **''આચાર્યનો અનુગ્રહ પ્રાપ્ત કરીને''** અહીંથી આરમ્ભ કરી **''આ રીતે નવમાંથી સાત પ્રકારની ભક્તિ કરવાનો શરણાગત જીવ અધિકારી હોય છે''** (સાધ.દીપિ.૨૪-૩૦) કહ્યું, આ વચનમાં આવા ભજનનાં પ્રકારનું વિવરણ આપ્યું છે.

૪.''ભજનમાં ઉદ્વેગના નિવારણ માટે ભગવાનને વસ્ત્ર અને આભૂષણોવડે પ્રેમપૂર્વક અલંકૃત કરી સુન્દર બનાવવા જોઈએ'' આવું કહેવાયેલું હોવાથી સુગન્ધી દ્રવ્યો વડે અભ્યંગ કરાવીને ભગવાનને વસ્ત્રાભૂષણોવડે અલંકૃત કરવા જોઈએ :

અંગવસ્ત્ર કરાવવામાટે પીતામ્બર ઉતારીને તેને સ્નાનપાત્રમાં વસ્ત્ર બિછાવીને ત્યાં પ્રભુને પધરાવવા. પછી ફૂલેલ ચોપડીને આંબળા અને ચન્દન થી અભ્યંગ કરાવી લીધા બાદ સમોયા જલથી સ્નાન કરાવવા ત્યાર પછી અંગવસ્ત્ર કરી શ્યામમૂર્તિ હોય તો અત્તર અને અગર (અગુરૂસાર) શ્રીઅંગપર સમર્પવા. ગૌર સ્વરૂપમાં તે આવશ્યક નથી. ત્યારબાદ કુલેહ કંઠવસ્ત્ર આદિ ધરાવીને યથાશક્તિ આભરણ પણ ધરાવીને શ્યામ સ્વરૂપ હોયતો નેત્રાલંકાર પણ ધરાવવા અન્યથા નેત્રોમાં કાજલ આંજીને ગુંજામાળા મોરચન્દ્રિકા અને ફૂલની માળા પણ ધરાવવી. વસ્ત્રોપર પણ અગર (અગુરૂસાર) ધરાવવું જોઈએ. અંગરાગ અને કસ્તુરીને પીસીને તેમાં થોડું કપૂર અને ચન્દન મેળવીને બન્ને ગાલોં પર

(કપોલ પર) કમળની ત્રણ પાંખડી માંડવી. તેના પછી ચંદન સમર્પેલા તુલસીદલ બન્ને ચરણોમાં પધરાવવા –

પ્રકૃત વિષયના અનુસરણ માટે : મૂર્તિને પંચામૃતથી સ્નાન કરાવી લીધા પછી ભગવન્મૂર્તિમાં બાહ્યેન્દ્રિયોનો ઘનિષ્ઠ અનુરાગ પ્રકટ થઈ શકે તેના માટે મન બુદ્ધિ અહંકાર અને ચિત્તમાં પણ ભગવત્પ્રાકટ્ય અને ભગવદનુરાગ અભીપ્સિત હોવાને કારણે તેનો જ ઉપદેશ અહીંયા આપી રહ્યા છે. પીતામ્બર ઉતારીને અહીંથી શરૂ કરીને અનવસર કરવા આ વાક્ય સુધી. એતાવતા (આના વડે) ભગવત્સ્વરૂપમાં નિરોધ સાધવાવાળી સેવાનો ઉપદેશ જ આપવામાં આવ્યો છે.

(ભગવત્સેવા થકી નિરોધસિદ્ધિ)

આનું નિરૂપણ ભાગવતમાં પણ ''રાજા અમ્બરીષે પોતાના મનને શ્રીકૃષ્ણના ચરણારવિંદમાં લગાવી દીધું, વૈકુંઠના ગુણગાનમાં તેમની વાણી નિરત થઈ ગઈ, શ્રીહરિના મંદિરનુ માર્જન વગેરે સેવામાં પોતાના કરોને તત્પર બનાવી લીધા, ભગવાન અચ્યુતની સત્કથાઓના શ્રવણમાં તેમના કાન તલ્લીન થઈ ગયા, આંખો પણ ભગવાન મુકુન્દની મૂર્તિ અને મન્દિર ના દર્શનમાં તત્પર થઈ ગઈ, તેમના અંગ ભગવદભક્તોની સાથે ભેટવાવાળા અંગ બની ગયા, ઘ્રાણેન્દ્રિય શ્રીતુલસી, જે ભગવાનના ચરણકમલોની સુગંધ ધારણ કરે છે, તેને સુંઘવાનુ સુખ લેવા લાગી ગઈ, તેમની રસના ભગવાનને ધરેલાં ભોગનોજ સ્વાદ લેવાવાળી બની ગઈ, તેમના ચરણ શ્રીહરિના ક્ષેત્રોમાં યાત્રા કરવાવાળા ચરણ થઈ ગયા, તેમનું મસ્તક પણ ભગવાન હર્ષીકેશના ચરણોમાં નમી રહેવાવાળુ મસ્તક થઈ ગયુ, ઈન્દ્રિયોને સુખ આપવાવાળા વિષય પણ ભગવાનને અર્પિત હોવાથી ભગવત્પ્રસાદના રૂપમાં તેમને ગમવા લાગ્યા હતાં જેવુકે ભગવદીય જનોંમાં ભગવત્સ્નેહવશ થાય છે.'' (ભાગ.પુરા.૯।૪।૧૮-૧૯) આ રીતે દેખાડવામાં આવેલી રીતિથી ભક્તિ નિરોધાવસ્થાને પ્રાપ્ત કરીને સર્વાત્મભાવરૂપા બની જાય છે અને આનો ઉપદેશ અહીંયા પ્રભુચરણ આપવા ચાહે (ઇચ્છે) છે.

આને શ્રીમદાચાર્યચરણોએ પણ ''શ્રીહરિમૂર્તિનું ધ્યાન સદા ધરતા રહેવું જોઈએ, કેમકે ભક્તનો ભક્તિમય સંકલ્પ અને ભગવાનનો તે મૂર્તિના રૂપમાં પોતાનો કૃપાનુભાવ જણાવવાના સંકલ્પને કારણે પણ ભગવાન ત્યાં બિરાજેલા હોય છે. અતઃ તે મૂર્તિના દર્શન-સ્પર્શન તો સ્પષ્ટ જ ભગવદ્દર્શન અને ભગવત્સ્પર્શન છે, તે ભગવન્મૂર્તિને માટે પોતાના કર-ચરણોને સદા સક્રિય

રાખવાં જોઈએ, આ રીતે ભગવાનના સ્વરૂપ ગુણધર્મ કે લીલા ના શ્રવણ-કીર્તન સમયે પોતાની સેવ્ય ભગવન્મૂર્તિના સ્વરૂપ ગુણધર્મ કે લીલા ના શ્રવણ-કીર્તનની ભાવના રાખવી જોઈએ. આપણી પુત્રકામનાને પણ ભગવત્સેવામાં સહયોગીની કામનાના રૂપમાં ઉદાત્ત બનાવવી જોઈએ... જે ઈન્દ્રિયનું કાર્ય ભગવદર્થ કથમપિ (કોઈપણ રીતે) શક્ય ન હોય તેને નિશ્ચિત જ સંયત કરવાનો પ્રયાસ કરવો જોઈએ'' (નિરો.લક્ષ.૧૭-૧૯) નિરોધલક્ષણ ગ્રન્થમાં ભક્તિને નિરોધરૂપ બનાવવા માટે આ જ ઉપદેશ આપવામાં આવ્યો છે. ભક્તિની શુદ્ધિ તો પ્રપઞ્ચને ભૂલી ને ભગવાનમાં અનન્યતયા આસકત થઈ તે જવું છે. આને જ નિરોધાવસ્થાપન્ના ભક્તિ માનવામાં આવે છે. તેને પ્રકટ કરવામાટે કયા-કયા ઈન્દ્રિયરૂપ કરણનો ભગવાનમાં નિરોધ ભગવાનના ક્યા ગુણધર્મવડે સિદ્ધ થાય છે આ પણ શ્રીમદાચાર્યચરણોએ સમજાવ્યું છે :

> ''[૧] પોતાના દિવ્ય રૂપથી ભગવાન મોક્ષપ્રદ બની જાય છે, [૨] દિવ્ય રસથી આનન્દદાયક, [૩] પોતાની દિવ્ય ગન્ધદ્વારા ભક્તિપ્રદ બને છે, [૪] પોતાના સ્પર્શથી ભગવાન આપણાં બધાં તાપ હરિ લે છે, [૫] પોતાના નાદથી ભગવાન આપણું મન હરિ લે છે, [૬] યોગદ્વારા સાયુજ્યપ્રદ બને છે, [૭] દ્વેષદ્વારા ભગવાન જીવને કાલકવલિત (કાળનો કોળિયો) બનાવે છે, [૮] સ્વામીના રૂપમાં ભગવાન જીવને બધી રીતનું સુખ પ્રદાન કરે છે, [૯] ભગવાનમાં હીનભાવ રાખવાવાળાઓ માટે ભગવાન દુ:ખપ્રદ પણ થાય છે, [૧૦] આમ તો સ્વયં ભગવાન સકલ અર્થોના દાતા બને છે, [૧૧] જે બુદ્ધિદ્વારા ભગવાનને સમજવાનો પ્રયાસ કરે છે તેને ભગવાન યોગ પ્રદાન કરે છે, [૧૨] અમૃતના એકમાત્ર સેતુ ભગવાનથી જે પોતાને ભિન્ન માને છે તેને માટે ભગવાન મૃત્યુપ્રદ બની જાય છે, [૧૩] અન્યથા ભગવાન જેવા છે તેવા જ સ્વીકારવાવાળાને માટે જ્ઞાનપ્રદ બને છે, [૧૪] જે ભગવાનની સાથે સ્નેહ કરી શકે છે તેમને નિશ્ચિત પ્રભુ જ આધીન થઈ જાય છે''
>
> (ત.દી.નિ.૩।૬।૮-૧૧)

આ વચનોમાં જોઈ શકાય છે કે ભક્તોને માટે આવિષ્કૃત દિવ્ય રૂપ[૧]થી નાદ[૫] સુધીના ભગવાનના ગુણધર્મ ભક્તોની ચક્ષુરિન્દ્રિય રસનેન્દ્રિય ઘ્રાણેન્દ્રિય ત્વગિન્દ્રિય અને શ્રવણેન્દ્રિય માં ભરેલી લૌકિક વિષયોની આસકિતને તેની ક્ષુદ્રતાથી છોડાવીને પોતાનામાં નિરૂદ્ધ અનન્યાસક્તિમાં ઉદાત્તીકૃત કરી દે છે.

આ રીતે યોગ[૬]થી શરુ કરીને સ્નેહ[૧૪]ની વચમાં -

૧. યોગેશ્વરેશ્વર હોવાના કારણે ભગવાન યોગ[૬]દ્વારા સ્વયંમા પ્રવેશ પ્રદાન કરે છે; આનાથી આરૂઢ યોગીઓના મનનો નિરોધ કહેવાયો છે. મિત[૧૧] અર્થાત્ બુદ્ધિદ્વારા સારીરીતે અવગત થાય ત્યારે બુદ્ધિપ્રેરક ભગવાન આરુરુક્ષુ સાધકને યોગ પ્રદાન કરી બુદ્ધિનો નિરોધ સિદ્ધ કરી દે છે.

૨. જોકે **"હું જ સ્વયં ઈશ્વર છું, હું જ ભોગી છું, હું જ સિદ્ધ છું, હું જ બલવાન અને સુખી છું, હું સમ્પન્ન અભિજાત છું. મારી બરાબર કોણ હોઈ શકે છે... આ રીતના અજ્ઞાનથી લોકો બહુધા વિમોહિત રહે છે."** (ભગ.ગીતા.૧૬।૧૪-૧૫) ભગવદ્ગીતામાં વર્ણિત આ લક્ષણવાળા ભગવાનને હીન માને૯ છે અને આવા દૈત્યોપમ દપ્તજનોને ભગવાન દુઃખ પણ પ્રદાન કરીને તેમની અહંકારની ગ્રન્થિનું ભેદન કરી તેમને નિર્મળ બનાવી દે છે. હું ભગવાનનો દાસ છું અને તે મારા સ્વામી[૮] છે આવો દૈન્યભાવ રાખવાવાળા સેવાપરાયણ જે દૈવી જીવ હોય છે, તેમને પોતાની સેવાદ્વારા બધાં સુખ પણ આપે છે. અતએવ મહાપ્રભુ કહે છે **"જે જીવાત્મા બ્રહ્માનન્દમાં પ્રવિષ્ટ થઈ જાય છે તેમને કેવળ આત્માદ્વારા જ સુખની અનુભૂતિ થાય છે, કેમકે તેમના દેહાદિ સંઘાત પોતાના કારણભૂત તત્ત્વોમાં લીન થઈ જાય છે. ભક્તોને, જ્યારે કે સર્વ બાહ્યેન્દ્રિયો અન્તઃકરણ તથા આત્મચૈતન્ય દ્વારા પણ બ્રહ્માનુભવ પ્રાપ્ત થતો હોવાને કારણે બ્રહ્માનન્દ અનેક પ્રકારે મળી શકે છે. અતઃ મુક્ત થવાને બદલે પોતાના ઘરમાં ભગવત્સેવામાં પરાયણ થવું ભક્તોને માટે મુક્તિથી પણ અધિક હોય છે."** (ત.દી.નિ.૧।૫૦-૫૧). આનાથી સિદ્ધ થાય છે કે પોતાના સેવકોને માટે ભગવાન સર્વવિધ સુખોના પ્રદાતા બને છે. આ રીતે બે પ્રકારના અહંકારો, [ક]હું સ્વયં પરમેશ્વર છું અને [ખ]હું પરમેશ્વરનો સેવક છું, નો બે પ્રકારથી ભગવાન નિરોધ કરે છે.

૩. દ્વેષ[૭] જ્ઞાન[૧૩] સ્નેહ[૧૪] રૂપી ભાવોને પ્રકટ કરીને ભગવાન ક્રમશઃ પ્રવાહમાર્ગીય મર્યાદામાર્ગીય અને પુષ્ટિમાર્ગીય જીવાત્મા, જે તેમના ચિદંશભૂત હોય છે, તેમનો પોતાનામાં નિરોધ સિદ્ધ કરે છે. ત્રણેય નિરોધના પ્રકારોને ક્રમશઃ મારણ મોચન અને ભજન ના રૂપોમાં સમજી શકાય છે.

(ભક્તભાવિત રૂપમાં ભગવદાવિર્ભાવ)

આ રીતની નિરોધરૂપા ભક્તિને વશ થઈને ભગવાન ભક્તની સેવા સ્વીકારતા હોય તો ભગવાનના ભક્તવશ થવાના પહેલાં ન તો ભગવન્મૂર્તિની પુરુષોત્તમતા પ્રકટ થાય અને ન મૂર્તિની સેવા પણ સાર્થક સિદ્ધ થઈ શકશે આવી આશંકા ન કરવી જોઈએ કેમકે **"[૧૪] સ્નેહાદ્ વશ્યો ભવેદ્ ધ્રુવમ્"** આવું જે કહ્યું છે તે પુરૂષોત્તમરૂપતા સમ્પન્ન થવાથી પહેલાં (પૂર્વ) પણ પોતાની મૂર્તિ પ્રતિ ભક્તના અકૃત્રિમ સ્નેહાનુભાવને જોઈને ભક્તાનુષ્ઠિત સેવાને મૂર્તિરૂપવડે સ્વીકાર કરી શકે છે, આવુ માનવું આવશ્યક છે. આ ભાગવતમાં પણ કહેવાયેલું છે કે **"જેવી-જેવી બુદ્ધિ રાખીને ભક્ત આપની વિભાવના કરે છે તેવું-તેવું સ્વરૂપ આપ પોતાના વાસ્તવિક અનુગ્રહ દ્વારા પ્રકટ કરો છો"** (ભાગ.પુરા.૩।૯।૧૧) આની વ્યાખ્યા કરતા સુબોધિનીકાર કહે છે -

"ભક્તગણ ભગવાનના જેવા પણ રૂપની વિભાવના કરે છે તેવું સ્વરૂપ - તે ચાહે બ્રહ્મરૂપ હોય કે વૈકુંઠરૂપ હોય કે અવતારરૂપ હોય - ભગવાન પ્રગટ કરી દે છે. આમાં હેતુ (કારણ) છે સદનુગ્રહ, અર્થાત્ આ અનુગ્રહ સત્ હોય છે. જ્ઞાનીઓપર તો ભગવાન કેવળ અનુગ્રહ જ કરે છે. જ્ઞાન સિદ્ધ થયા પછી, કિન્તુ, તે (જ્ઞાની) બ્રહ્મલીન થઈ જાય છે. તેથી તે અનુગ્રહ બાધિત થઈ જાય છે. અહીંયા ભક્તોના ઉદાહરણમાં, કિન્તુ, અનુગ્રહ અબાધિત રહે છે. કેમકે તે બ્રહ્મમાં સ્વરૂપવડે લીન થવાને બદલે પોતાની બધી વૃત્તિઓ તથા સામર્થ્ય દ્વારા તલ્લીન થઈને ભજન કરતો રહે છે. ભક્તને તો સાયુજ્ય પણ ભજનાનન્દમાં બાધક નથી બની શકતું."

(સુબો.૩।૯।૧૧).

આવું જ પ્રતિપાદન અન્યત્ર (બીજે પણ) ઉપલબ્ધ થાય છે :

[૧] **"કર્મયોગ આદિ સર્વે કૃષ્ણના પ્રગટ થવાના હેતુ બને છે. પરન્તુ આના દ્વારા પ્રગટ થતું શ્રીકૃષ્ણનું સ્વરૂપ ઉદાસીન હોય છે. અતઃ ફલાનુભૂતિ પણ સર્વાત્મના નથી થઈ શકતી. જ્યારે કે ભક્તિ કરવાથી તો સ્વયં શ્રીકૃષ્ણ પણ અતિ આદરની સાથે પ્રગટ થઈને સ્વયં-પોતાને ભક્તને સોંપી દે છે."**

[૨] **"જેમ કોઈ પિતા પોતાના બાળકનું મન રાખે છે, તેવી રીતે જ ભગવાન પણ ભક્તના મનોરથ નભાવે છે, અતએવ (આચીજ) તો સર્વાતિશાયી પ્રેમને વશ થઈને ભગવાને ગોપીજનોની કામના પૂર્ણ કરી. અતઃ નિરૂપાધિક સેવા અને નિષ્કામ ભજન**

કરવાથી કોઈ પણ ભક્ત ભગવાનના દર્શન પોતાની યોગ્યતાને અનુરૂપ પામી શકે છે જે અન્યથા કોઈ પણ રીતે શક્ય નથી હોતું. પ્રાણીમાત્ર પર દયાભાવ રાખવાવાળા, જે મળે તેનાથી સન્તુષ્ટ રહેવાવાળા અને પોતાના ઈન્દ્રિયલોલ્યના ઉપશમ કરવાવાળા, ઉપર જનાર્દન ભગવાન તરત જ સન્તુષ્ટ થાય છે... અતઃ પોતાનાથી જે થઈ શકે તેટલી જ ભગવત્સેવા કરવી જોઈએ. તેનાથી અધિક સેવા કે ન્યૂન સેવા કરવાથી કોઈ પ્રયોજન સિદ્ધ થતું નથી.''

[૩] ''પ્રેમથી કરવામાં આવતી સેવા બધા ઉદાહરણોમાં સેવ્યને વશ કરવાનું કારણ બને છે.''

(ત.દી.નિ.૨।૩૧૨-૩૧૩, તત્રૈવ પ્ર.૩:૫-૩૧૭, ૩૨૩).

અહીંયા પ્રથમ વચનમાં *''ભક્તિ કરવાથી તો સ્વયં શ્રીકૃષ્ણ પણ અતિ આદરની સાથે પ્રગટ થઈને સ્વયં પોતાને ભક્તને સોંપી દે છે.''* આવુ જે કહેવાયું છે તેથી પોતાની મૂર્તિના રૂપમાં પણ પ્રગટ થઈને સ્વયં-પોતાને ભક્તને સોંપી દેવાની પ્રક્રિયામાં, જીવાત્માની અંદર ભક્તિના અકૃત્રિમ અનુભાવનું પહેલાં પ્રકટ થવું એ ભગવાનને પણ જો પોતાના પ્રમાણબલનો પ્રયોગ કરવો હોય તો અપેક્ષિત રહે છે. અતઃ મૂર્તિનું પુરૂષોત્તમાત્મના પ્રકટ થવાની પહેલા પણ મૂર્તિના તેવા ભક્તિમય ઉપચાર તો ભક્તિના અનુભાવરૂપ જ હોય છે. બીજા વચનમાં ''[૧] નિરૂપાધિક સેવા [૨] નિષ્કામ ભક્તિ [૩] અને પોતાનાથી બની શકે તેવા (યથાયોગ્ય) ઉપચારોના સમર્પણ દ્વારા ભગવાનના દર્શન પ્રાપ્ત કરી શકે છે'' આવા નિરૂપણના કારણે પોતાના ભજનનું ગામમાં જનતાની સામે પ્રદર્શન, અને તે પ્રદર્શનને પણ જનતાથી ધન એકત્રિત કરવાના પ્રયોજનથી કરવું એ સકામતા જ છે. આથી સ્વપરમાર્ગીય સર્વ દર્શનાર્થી જનતાના ધનથી ભગવાનના સુખવિચારનું પાખંડ કરવું તે તો સકામ ભક્તિને નિષિદ્ધકામરૂપા બનાવવા જેવી વાત છે. સેવાની ચાલી નીકળેલી આવી કુરીતિ આપણાં માર્ગમાં અતીવ હેય (ધૃણાસ્પદ) છે. ત્રીજા વચનમાં આ જ સેવા પ્રેમની સાથે નભી શકે તો તે સેવ્યને સેવાકર્તાના વશ્ય બનાવી શકે છે. આ રીતિ ઉપદિષ્ટ થઈ છે. આવી સેવાદ્વારા સ્વયં પોતાનો અને પોતાના પદાર્થોનો ભગવાન માટે વિનિયોગ સુકર (સહેલો) થઈ શકે છે.

(આચાર્યોક્તગ્રન્થોમાં ઉપદિષ્ટ સેવાની ઈતિકર્તવ્યતાનો વિચાર)

આવી ભજનરીતિની અનેકવિધ ઇતિકર્તવ્યતા પ્રધાનતયા [૧]સિદ્ધાન્તમુક્તાવલીમાં [૨] નવરત્નપ્રકાશમાં [૩]ભક્તિવર્ધિનીમાં [૪]નિરોધલક્ષણમાં [૫]પઞ્ચશ્લોકીમાં [૬]ચતુઃશ્લોકીમાં ઉપદિષ્ટ થઈ છે. -

''[૧] ચિત્તનું શ્રીકૃષ્ણપ્રવણ થવું સેવા છે. તે આપણાં તનુવિત્તનું સેવાપ્રણાલીથી શ્રીકૃષ્ણાર્થ વિનિયોગ કરવાથી સિદ્ધ થાય છે.'', ''[૨] આ સેવાની પ્રણાલીમાં સેવ્ય પ્રભુને દાનના રૂપમાં ધન અન્ન વસ્ત્ર આભૂષણ આદિ વિનિયુક્ત કરવામાં આવ્યાં હોય તો તેને આપણાં કામમાં પુનઃ લઈ નથી શકાતા પરન્તુ નિવેદિત/સમર્પિત કર્યું હોય તો લઈ શકાય છે'', ''[૩] ભક્તિના બીજભાવને દઢ કરવાનો ઉપાય તો પોતાના ઘરમાં રહીને પોતાના વર્ણાશ્રમધર્મ નિભાવવાવાળા અવ્યાવૃત્તે શ્રીકૃષ્ણનું ભજન પૂજા-શ્રવણાદિ દ્વારા કરવું જોઈએ'', ''[૪] ભગવાન જ્યારે ગોચારણાર્થ વૃન્દાવન પધારતા ત્યારે જેવું દુઃખ યશોદાજીને ગોકુલમાં... તેવું દુઃખ સેવાના અનવસરમાં મને ક્યારે થશે... ગોચારણ પછી પુનઃ ઘરે પાછા આવવાથી જેવું સુખ ગોકુલમાં... થતું હતું તેવું સેવાના અવસરમાં મને ક્યારે ભગવાન પ્રદાન કરશે... ભગવાનના મથુરા પધારી જવાથી તેમના વિયોગમાં ઉદ્ધવજીના વ્રજ આવવાથી ભગવત્કથાનો જેવો ઉત્સવ થયો તેવો ઉત્સવ વિયોગમાં ભગવત્કથા સાંભળવાના સમયે મારા મનમાં ક્યારે અનુભૂત થશે'', ''[૫] પરિવારમાં કલત્ર-પુત્ર-આદિ અનુકૂલ હોયતો તેમનાથી પણ ભગવત્સેવા કરાવી શકાય છે. તેઓ ઉદાસીન હોય તો પોતેજ કરવી જોઈએ. તેઓ, પરન્તુ પ્રતિકૂલ હોયતો તેમનો ત્યાગ કરી શકાય છે'', [૬] આપણો ધર્મ તો આજ છે... આમ તો પ્રભુ સર્વસમર્થ છે. અતઃ આપણે નિશ્ચિન્ત થઈને સેવા કરવી જોઈએ... જો ગોકુલાધીશને કોઈ પોતાના હૃદયમાં આમ ધારણ કરી શકતા હોય તો તેનાથી અધિક શ્રેષ્ઠ શું હોઈ શકે છે !... અતઃ કોઈ પણ સ્થિતિમાં ભગવાનના સ્મરણ અને ભજન છોડવા ન જોઈએ''.

(કારિ.૨, ન.પ્ર.કારિ.૨, કારિ.૩, કારિ.૧-૩, ૧-૪).

આ રીતના કંઠોકત નિર્દેશોદ્વારા મહાપ્રભુ અને પ્રભુચરણો એ સેવોપદેશ આપ્યો છે. અતઃ ભગવત્સેવા તો પોતાના તનુથી અને પોતાના વિત્તથી જ કરવી જોઈએ. અતઃ સ્વયં કે બીજા કોઈના સેવ્યસ્વરૂપને નિવેદન/સમર્પણ ને બદલે દાન/ભેટના રૂપમાં કાંઈક દ્રવ્ય કે સેવોપયોગી સામગ્રી આપી હોય તેને પુનઃ આપણાં ઉપભોગમાં ન લેવી જોઈએ. સેવાના સ્વતનુવિત્તજા રૂપને નભાવવાને માટે સ્વયં જે સમર્પિત

કર્યું હોય તેનું જ પુનર્ગ્રહણ અનુમત હોય છે. વસ્તુ ભગવત્સેવાર્થ સમર્પિત હોયતો ભગવત્પ્રસાદના રૂપમાં આપણાં ઉપભોગાર્થ તેને લઈ શકાય છે. ભગવત્સેવા સ્વયં પોતાના ઘરમાં કરવી જોઈએ અન્યત્ર નહિં. શ્રીઆચાર્યચરણ આજ્ઞા કરે છે **''જે સ્વામી હોય છે તે તો પોતાના ઘરમાંજ રહે છે અન્યત્ર નહિં. અતઃ જો આપણા ઘરમાં ભગવાન બીરાજતાં ન હોય તો પછી ભગવાનને આપણાં સ્વામી કેવી રીતે માની શકાય''** (સુબો.૧૦।૩૮।૧૨). વ્રજના ભક્તજનોના જે-જેવા ભાવ હતા તેવી ભાવના કરતાં કરતાં આપણાં સેવ્યસ્વરૂપની સેવા કરવી જોઈએ. પોતાને અનુકૂળ પરિવારજનોની સાથે કરવી જોઈએ, અન્ય દર્શનાર્થીજનોની સમક્ષ કે તેમના આર્થિક સહયોગના દ્વારા નહિં. ભગવત્સેવા પણ સ્વયં તે સેવાથી અતિરિક્ત ધર્મ અર્થ કામ કે મોક્ષ પુરુષાર્થને પ્રમુખ માનીને તેના અંગના રૂપમાં નહિં. તે તો પંચમપુરુષાર્થના રૂપમાં કરવી જોઈએ. આ રીતની મહત્ત્વપૂર્ણ ઈતિકર્તવ્યતા ઉપદિષ્ટ છે.

(દાન અને સમર્પણનો ભેદ)

ભગવત્સેવાના આ નિર્દેશ શ્રીમદાચાર્યચરણના અનુગ્રહ વિના મૂઢ જનોની મતિમાં આરૂઢ થઈ શકતા નથી. આ આપણે જોઈ શકીએ છીએ કે **''‘ઉત્સર્ગ’ એટલે દાન; અર્થાત્ સ્વેચ્છયા કરવામાં આવેલો ત્યાગ. તદનુસાર જીવાત્મા જ્યારે સમર્પણ કરે છે ત્યારે તે સમ્પન્ન થાય છે તેથી ઉત્સર્ગ ભગવાનના અનુગ્રહથી જ શક્ય થઈ શકે છે''** આવો અનર્ગલ પ્રલાપ ભગવદનુગ્રહવશ નહિં પરન્તુ શ્રીમદ્વલ્લભના વાક્સુધાસાગરની ગંભીરતાને સમજી શકે એવી મતિથી વિરહિત, તેના તટપર વાનરની જેમ ઉછળકુદ કરવામાં જ જે પોતાનો પુરૂષાર્થ માની બેઠો હોય અને કોઈ કવિજનને જ રૂચે તેવી સ્વચ્છન્દ કલ્પના કરવામાં જે કુશળ હોય, એવા કોઈકનું કામ હોઈ શકે છે ! કેમકે શ્રીપુરૂષોત્તમચરણ જ જ્યારે -

> **''દાન એટલે કે આપણાં સ્વત્વનો પરિત્યાગ કરી બીજાનું સ્વત્વ ઉત્પન્ન કરવું ''તમને આ આપી રહ્યો છું હવે આ મારૂ (મારું) ન રહ્યું' વગેરે શબ્દોમાં જેને અભિવ્યક્ત કરી શકાય એવો મનોવ્યાપાર હોય છે. આવું કરવાથી નિશ્ચિત જ સ્વયં આપણે દત્ત વસ્તુનું પુનર્ગ્રહણ નથી કરી શકતા, દત્તાપહાર દોષ લાગતો હોવાથી. નિવેદનમાં, જ્યારેકે, કેવળ તદીય હોવાનું અનુસન્ધાન રાખવામાં આવતું હોવાથી વસ્તુનો ત્યાગ નહિં પરન્તુ તેનામાં રહેલા આપણા અભિમાનનો ત્યાગ જ અપેક્ષિત હોય છે કે ‘આ તમને સમર્પિત/ નિવેદિત કરી રહ્યો છું’ આ એક પૂર્વોક્ત મનોવ્યાપારથી વિલક્ષણ મનોવ્યાપાર છે. સમર્પણ કરવાથી આપેલી વસ્તુનો પુનઃ ઉપયોગ દાતા (સમર્પણકર્તા) પણ કરે તો કોઈ દત્તાપહાર દોષની વાત નથી થતી''.**
>
> (નવરત્નપ્રકાશ.૧)

અહીંયા દાન અને સમર્પણ ની વચ્ચે જે અન્તર છે તે તો બરાબર સમજાવી દેવામાં આવ્યું છે. છતાં પણ ઉત્સર્ગને દાન માનવું અને દાનને સમર્પણ માનવું એ તો નરી મૂઢતા કે મહાસાહસિકતા કે પછી બન્ને જ પ્રગટ કરવી તે છે.

(ભગવત્સેવામાં મારું કે પારકું શું ?)

આ રીતે બીજા પણ કોઈક લોકો અગડમ-બગડમ કાંઈક વિચારતા રહે છે કે **''ભગવાને આ ત્રણેય લોક પોતાની ક્રીડાનેમાટે પ્રગટ કર્યા પરન્તુ કુત્સિત બુદ્ધિવાળા લોકો તે જગતમાં પોતાના સ્વત્વ કે સ્વામિત્વ નો દાવો કરવા લાગે છે.''** (ભાગ.પુરા.૮।૨૨।૨૦) આવું કહેવાયેલું હોવાથી સ્વત્વાભિમાન કે સ્વામિત્વાભિમાન રાખ્યા વગર કોઈ પોતાના તનુથી કે પોતાના જ વિત્તથી સેવાનો દુરાગ્રહ કેવી રીતે રાખી શકે ! અતઃ પોતાના તનુવિત્તથી જ સેવા કરવાની હઠ કુત્સિત બુદ્ધિનું પરિણામ હોવાથી આવિદ્યક અહન્તા-મમતા છે. અતઃ તેનો ત્યાગ કરી બધું જ ભગવત્સ્વામિક છે આવું અનુસન્ધાન કરવાથી આત્મનિવેદનની ભાવનાથી પણ આવી હઠ કરવી એ વિરુદ્ધ છે. અતઃ પોતાના કે બીજા કોઈપણ ભગવત્સેવાના દર્શનાર્થી ભક્તના તનુવિત્તનો વિનિયોગ કરવામાં પણ કોઈ દોષ નથી.

આ તો દરેક ઉપાયથી લાભપૂજા ઉપાર્જિત કરવાની કામનાવાળાઓએ ઘડી કાઢેલું ભગવત્સેવાનું અકાંડતાંડવ જ કેવળ છે ! કેમકે **''શ્રીકૃષ્ણસેવાનું સ્વરૂપ આ જ છે તે કહી રહ્યા છે ‘ચિત્તનું શ્રીકૃષ્ણમાં પ્રવણ થઈ જવું સેવા છે અને તે પ્રવણ ત્યારે થશે જ્યારે આપણાં તનુ-વિત્તદ્વારા તેમની સેવા કરવામાં આવે’ ઉક્ત સેવાના સાધન અન્ય પણ કાંઈક હોઈ શકે તે ‘તે...’આ અંશમાં કહેવામાં આવે છે. પ્રથમ બીજા કોઈને વિત્ત આપીને તેના દ્વારા કરાવવામાં આવતી સેવા; અને, દ્વિતીય આ રીતે બીજાનું વિત્ત લઈને કરવામાં આવતી સેવા. આવી બન્ને પ્રકારની સેવા કરવાથી ચિત્ત ક્યારે પણ શ્રીકૃષ્ણમાં પ્રવણ નથી થઈ શકતું, આ જણાવવાને**

સમસ્ત‘તનુવિત્તજા’ પદનો પ્રયોગ કરવામાં આવ્યો છે. તેથી ભગવાનના માટે સ્વસર્વસ્વનું નિરૂપધિ નિવેદન કરીને ત્યારબાદ ત્યાંજ સ્વદેહનો પણ વિનિયોગ પ્રેમપૂર્વક કરવાથી ચિત્ત શ્રીકૃષ્ણપ્રવણ થઈ શકે છે'' (સિ.મુ.પ્ર.૨) આ વચનમાં અહંતા-મમતાના દ્યોતક ‘સ્વ’પદનો પ્રયોગ વારંવાર પ્રભુચરણોએ કર્યો તે શું પુષ્ટિમાર્ગીય ભગવત્સેવકોની બુદ્ધિને કુત્સિત બનાવવા માટે? આપણાં સમ્પ્રદાયમાં આવું વિચારવાવાળાને ધિક્કાર! અતઃ જે પુરૂષોત્તમજી કહી રહ્યા છે કે **''વસ્તુતઃ તો બધુંજ ભગવદીય છે તો પણ... રમણાર્થ ભગવાને પોતે પોતાનામાંથી દ્વિતીયનું નિર્માણ કર્યુ હોવાથી તે દ્વૈતના કારણે તે તે પદાર્થોમાં જે જીવાત્માને સ્વત્વ અને સ્વીયત્વ નું અભિમાન થાય છે, કેવળ તે અભિમાનનો ત્યાગ કરીને ''બધું જ ભગવદીય છે''** આવી ભાવનાને નિવેદન કહેવાય છે'' (સિ.ર.વિ.૨). ભગવાનને સ્વામી ન માનવાના મનોભાવની સાથે કોઈ વ્યક્તિ કે વસ્તુ ની બાબતમાં સ્વત્વ કે સ્વીયત્વ નું રાખવામાં આવતું અભિમાન ત્યાગ કરવા લાયક હોય છે. નહિં કે ભગવાનને સ્વામી માનીને ભગવાનદ્વારા પોતાના સેવકને પ્રદત્ત વસ્તુ કે વ્યક્તિ ની બાબતમાં સ્વત્વ કે સ્વીયત્વ ની અભિમતિને હેય માનવાની કોઈ આવશ્યકતા છે. અન્યથા એક-બીજાની પત્નિઓમાં પણ મમતા ત્યાગ કરી દેવાથી દામ્પત્યની વ્યવસ્થા સમાપ્ત થઈ જશે. પછી તો આ બ્રહ્માદ્વયનું જ્ઞાન કે આદર્શ ધર્મ કેવળ સ્વૈરી અને સ્વૈરિણી ને માટે જ ઉપયુક્ત રહી જશે! સર્વત્ર ભગવદીયત્વનું અનુસન્ધાન તેમના માટે વરદાનરૂપ થઈ શકે.

(બીજાના તનુ અને વિત્ત સાધન તો છે જ !!!)

કોઈક મૂઢ લોકો આવો પણ પ્રલાપ કરે છે કે પ્રભુચરણોએ જે **''આવી બે પ્રકારની તનુજા અને વિત્તજા સેવા ચિત્તને શ્રીકૃષ્ણપ્રવણ બનાવવાની (કરવાની) સાધિકા નથી બનતી''** આ નિષેધ બીજાના તનુવિત્તથી કરાયેલી સેવા સાધિકા નથી બનતી, આટલું માત્ર દર્શાવવા માટે કર્યો છે નહિં કે બીજાના તનુ કે વિત્ત માનસી સેવાના સાધન નથી થતાં, આવો સિદ્ધાન્ત જણાવવા માટે. અતઃ બીજાને વિત્ત આપીને કરાવવામાં આવેલી સેવા તે વિત્તજા સેવા અને આવી રીતે બીજાનું વિત્ત લઈને કરાયેલી તનુજા સેવા પણ ભગવત્સેવા હોવાથી માનસસેવાના સાધનરૂપ તો બને છે ચાહે માનસસેવાસાધિકા ન પણ થતી હોય.

આવી અતિમાનુષી બુદ્ધિના પ્રદર્શનની બાબતમાં શું કહી શકાય! કેમકે

‘સાધન’નો અર્થ ત્યારે શું માન્યો [ક]હેતુ કે [ખ]કરણ? જો હેતુ માનીએ તો તે પણ [ક/૧]જ્ઞાપકહેતુ કે [ક/૨]કારકહેતુ? આમાં [ક/૧]જ્ઞાપકહેતુ તો સ્વીકારી નહીં શકાય, કેમકે સિદ્ધાન્તમુક્તાવલીમાં સેવા કરવાનો ઉપદેશ આપવામાં આવી રહ્યો છે. નહિંકે માનસસેવાની બાબતમાં અહીંયા કોઈ અનુમિતિ કરવામાં આવી રહી છે કે **''કૃષ્ણસેવા સદા અનુમેયા''** તેથી આ ક્રિયારૂપા સેવાનો ઉપદેશ છે. [ક/૨]કારકહેતુ પણ સ્વીકારી ન શકાય, વિકલ્પોની સામે ટકી ન શકતા હોવાથી. કેમકે કારક હોવું તેને શું સાક્ષાત્ સાધન હોવું માનવું કે પરમ્પરયા સાધન હોવું? સાક્ષાત્ સાધન હોવું તો કહી નહિં શકાય, કેમકે તે તો સાધક હોવાનું જ બીજુ નામ છે. જેવું કે **''સાધકતમં કરણમ્''** (પાણિ.સૂ.૧|૪|૪૨) સૂત્રમાં ‘તમપ્’પ્રત્યયનો અર્થ પ્રકૃષ્ટતયા ઉપકારક હોવું મનાયેલો છે. આ પ્રકૃષ્ટોપકારની પરિભાષા **''ક્રિયાની અવ્યવહિત ફલનિષ્પત્તિ જેના વ્યાપાર પછી કહેવી અભિપ્રેત હોય તેને ‘કરણ’ કહેવામાં આવે છે''** (સિ.કૌ.ત.બો.૧|૪|૪૨) આના અનુસાર કરણ અને સાક્ષાત્ સાધક ની વચ્ચે અન્તર રહી નથી જતું. ત્યારે તો **''ચિત્તની શ્રીકૃષ્ણપ્રવણતાની સિદ્ધિને માટે તનુવિત્તજા કરવી જોઈએ''** આ વિધાનમાં તનુવિત્તજાનું કરણ હોવું સિદ્ધ થશે. કરણ હોવું એટલે માનસી સેવામાં પ્રકૃષ્ટોપકારક હોવું સિદ્ધ થશે. આનાથી [ખ]કરણ હોવાના વિકલ્પનું પણ નિરસન થઈ જાય છે.

અતઃ હવે રહી જાય છે પરમ્પરયા જે સાધન હોય તેની ચિન્તા. આ બાબતમાં પણ વિચારવું જોઈએ કે સ્વમાર્ગીય ગુરૂસ્થાનીય ગોસ્વામિઓદ્વારા અનુષ્ઠિત સ્વગૃહાધિષ્ઠિત સેવ્ય પ્રભુની પારકા તનથી કરાવવામાં આવેલી સેવા કે પારકા ધનથી કરવામાં આવેલી સેવા જો ફલનિષ્પત્તિમાં પ્રકૃષ્ટ ઉપકારક ન થતી હોય અને કેવલ પરમ્પરયા ઉપકારક થતી હોય તો આવી સેવા આખરે તેઓ કરે છે શું કામ? પ્રકૃષ્ટોપકારક પોતાના તન અને પોતાના ધન થી કરવામાં આવતી સેવામાં તેમને કઈ ન્યૂનતા અખરે છે કે પરમ્પરયા ઉપકારિણી સેવા કરે છે? જો ધનોપાર્જનની કામના પૂરી કરવામાટે! તો બધા ગોસ્વામી દેવલક સિદ્ધ થશે. આજ વાત લોકમાં પોતાના ભજનકર્તા હોવાની કીર્તિની કામનાની બાબતમાં પણ લાગુ પડશે કે સેવા ફલરૂપ નહિં રહી જાય. જો અનુગામી વૈષ્ણવજનોને ભગવત્સેવાનો બોધ પ્રદાન કરવાનેમાટે કરે છે, તો તે પણ તેમનું ધન લીધા વગર શક્ય હોવાથી, તે સેવા પારકાનું ધન લીધા વિના પણ કરી શકાય છે. જો પ્રદર્શનદ્વારા જનતાના ઉદ્ધારની વાત કહેવાતી હોય તો તે પણ જનતાથી ભગવત્સેવાર્થ ધન લીધા વિના શક્ય

હોવાથી પ્રામાણિક નથી લાગતી.

આના સિવાય પોતાના માર્ગના અનુગામિઓદ્વારા તેમના ઘરમાં કરવામાં આવતી કૃષ્ણસેવામાં ગોસ્વામી મહાનુભાવ કેમ મુખ્ય પરિચારક બનીને તનુજા સેવા અને મુખ્ય દર્શનાર્થી બનીને મનોરથાર્થ ધન કેમ નથી આપતા ? ઉદ્ધારની હાર્દિક કામના હોય તો આ ઉપાયાન્તર પણ શક્ય છે.

જો ગોસ્વામીઓની દ્વારભૂતતા અનિવાર્ય માનતા હોય તો પોતાના શિષ્યોની સેવા માનસી સેવાના રૂપમાં કેવી રીતે ખીલી શકશે ! આધુનિક ગોસ્વામી ન પણ કરતાં હોય પરન્તુ પૂર્વમાં આચાર્યચરણ કે પ્રભુચરણો એ ૮૪ કે ૨૫૨ સેવકોના માથે બિરાજતા ઠાકુરજીની આવી સેવા કેમ ન કરી? કેમ તેમની સેવાને માટે તેમને ધન પ્રદાન ન કર્યુ ? જેવી રીતે પારકા ધનને આજે વલ્લભવંશજ ગોસ્વામી સમર્પણ માને છે તેવી રીતે જ ગોસ્વામિઓનું ધન પણ વૈષ્ણવોના ઘરમાં બિરાજતા પ્રભુનેમાટે સમર્પણ જ માની લેવું જોઈતું હતું. કેમ આવુ નથી કરતા? વૈષ્ણવોના ઉદ્ધારની કામનાવશ તેમના ઠાકુરજીની સેવાને નેગ-ભોગ-રાગથી સમૃદ્ધ કેમ નથી બનાવતા? આવી સેવાને કારણે જો ખરેખર જ સેવ્ય સુખ સમધિક થતું હોય તા? આ પૂછવું જોઈએ કાવ્યકલ્પનાદ્વારા સિદ્ધાન્તની કલ્પના કરવાવાળા દેવપશુઓને !

(ભગવત્પ્રદર્શનવિચાર)

આમ જ શ્રીમદ્ગોપીનાથ પ્રભુચરણોંએ ''**સ્વીય ભક્તોને દર્શન કરાવવા**'' (સા.દી.૧૦૮) આવી જે છૂટ આપી છે, તેનાથી 'સ્વીય' પદ પોતાના સેવ્ય ભગવત્સ્વરૂપના દર્શનના અધિકારીના વિશેષણતયા યોજિત કર્યુ છે. આમાં પણ અભિપ્રેત તો આ જ લાગે છે કે અભક્ત સ્વીયોની સમક્ષ અથવા ભક્ત અસ્વીયોની સમક્ષ પોતાના સેવ્ય ભગવત્સ્વરૂપ કે તેમની સેવાનું પ્રદર્શન ન કરવું જોઈએ.

અહીંયા એક શંકા એવી ઉઠાવવામાં આવે છે કે ''**સ્વયં ના જન્મ કે કર્મ કે વર્ણ કે આશ્રમ અથવા જાતિ ના કારણે જેને પોતાના દેહમાં અહમ્ભાવ (અહંભાવ) ન હોય... ધન કે આત્મા ની બાબતમાં જેને સ્વ-પરનો ભેદ ભાસિત ન થતો હોય... તે ભાગવતોત્તમ હોય છે.**'' (ભાગ.પુરા.૧૧।૨।૫૧-૫૨). ભાગવતોત્તમનું સ્વરૂપ આમ સમજાવ્યું હોવાથી,

આ રીતે ''***આ નિજ છે આ પરાયુ (પારકું) છે, આવી ગણના ટૂંકામનવાળા કર્યા કરે છે. ઉદારચરિત્રવાળાંઓનેમાટે તો વસુધા જ એક કુટુંબની જેમ હોય છે***'' આવું સુભાષિત પણ કહેવાતું હોવાથી બધે બ્રહ્મબુદ્ધિ રાખતાં રાખતાં ભગવદીયતાના અનુસન્ધાનની સાથે સમારબ્ધ સેવામાં વચમાં જ આ સ્વતનુ/પરતનુ (સ્વદેહ/પરદેહ) એવં સ્વવિત્ત/પરવિત્ત નો કલહ શું એક વ્યામોહને ઉભારતો નથી ? કોઈકને સ્વકીય માનવા અને અન્યને પરકીય, એકને ભગવદીય માનવા બીજાને નહીં. શું આ વિરોધાભાસ નથી ? ઉત્તરરૂપેણ એમ કહેવું પડશે કે આ આપત્તિ કરવાવાળાં પરાયા (પારકા) ધનને મેળવવાની કામનાને વશ આવી આપત્તિ કરી રહ્યાં છે કે ધનકામના રાખ્યા વિના ? જો ધનકામનાને વશ આવું બ્રહ્મજ્ઞાન સૂઝી રહ્યું હોય તો મહાપ્રભુનું પણ એક સુવચન અનુસન્ધેય છે '''**કૃષ્ણ' શબ્દ દુષ્ટપુરૂષના મુખથી નિકળવાથી મલિન બનીને કોઈ મલિન અર્થનો જ વાચક થાય છે, ભગવાનનો નહીં**'' (સુબો.૧૦।૭૧।૩૨). આ ન્યાયના અનુસાર આ બ્રહ્માદ્વયનું જ્ઞાન પણ મલિન ધનકામનાને પ્રગટ કરવાવાળી શબ્દાવલીમાં પ્રગટ થયું હોવાથી મલિન જ થશે. આ મનોવૃત્તિદ્વારા ભગવદીયતા નથી શોધાઈ રહી પ્રત્યુત પરધનના અપહરણાર્થ ધનિકતા જ.

અસ્તુ. અહીંયા આ એક બીજી પણ સ્પષ્ટ કરવા લાયક વાત છે કે કોને દર્શન કરાવવા આ બાબતમાં તો યથોપદિષ્ટ રીતિ માન્ય ન હોય તો કોને દર્શન કરાવવા આ બાબતમાં કેવી વ્યવસ્થા અભિપ્રેત છે એ દેખાડવી પડશે. શું આપણાં સેવ્ય ભગવત્સ્વરૂપનું પ્રદર્શન અસ્વીય ભક્તોને પણ કરાવી શકાય ? અથવા સ્વીય અભક્તોની સમક્ષ પણ પ્રદર્શન અભિપ્રેત છે ? પ્રથમ કલ્પમાં તે ભક્તોને આપણાં બનાવવા કે માનવાનેમાટે અથવા તેમનો ભક્તના રૂપમાં આદર કરવા માટે ? તેમને પોતાના બનાવવા કે માનવા ના પ્રયોજનવશ પોતાના સેવ્ય ભગવત્સ્વરૂપની સેવાના દર્શન કરાવવાની વાત તો જચતી નથી, કેમકે દર્શન કરવા આવવાવાળા કતિપય (થોડાક) લોકોને આપણાં બનાવવા કે માનવા ના પહેલાં તેમને પરાયા (પારકા) માનવા પડશે તેથી બ્રહ્માદ્વયનો તથા બધાના ભગવદીય હોવાનો ભાવ તો પહેલાં જ ખંડિત થઈ ગયો ! તેથી પુનઃ ટૂંકું મન હોવાની પ્રતીતિ થશે. ઘરે આવેલાં જે કોઈની બાબતમાં બ્રહ્માદ્વયનો બોધ અને ભગવદીય હોવાનો બોધ અને ભગવદીય હોવાનો ભાવ રાખીને દર્શન દ્વારા તેમનો આદર કરવાની વાત પણ અનાવશ્યક છે

કેમકે તેમના અભિમુખ અભિગમન અભિવન્દન સ્વગૃહાનયન પાદપ્રક્ષાલન વગેરે અનેકવિધ ઉપાયો દ્વારા તે શક્ય હોય તો પછી પોતાના સેવ્યનું પ્રદર્શન નિયતતયા એકમાત્ર ઉપાય માની નહીં શકાય.

ત્યારે બચી જાય છે સ્વીયજન અભક્ત હોય ત્યારેપણ તેમને પોતાના ઠાકોરજીના દર્શન કરાવવાનો કલ્પ. આમાં, પરન્તુ પ્રયોજનની જીજ્ઞાસા કરવાથી ભક્તિબીજભાવને પ્રગટ કરવો અથવા તેને દઢ કરવો, શું માનવું? આને સેવાનું પ્રમુખપ્રયોજન માનવું કે આનુષંગિકપ્રયોજન સ્વીકારવું? જેને દર્શન કરાવવા છે તેઓના અભક્ત હોવાછતાં પુષ્ટિજીવ હોવાના નિશ્ચયની સાથે કે તેવી કોઈ ચિન્તા કર્યા વગર સર્વત્ર બ્રહ્મબુદ્ધિ રાખતાં રાખતાં બધાના ભગવદીય હોવાના નિશ્ચય પૂર્વક?

આ સન્દર્ભમાં અવધેય છે કે ભક્તિનો બીજભાવ જ પ્રગટ કરવો હોય તો તે સત્સંગ આદિથી પણ શક્ય હોવાથી તે અન્યથા ઉપપન્ન થઈ જાય છે. આ રીતે તેને દઢ કરવાનું પ્રયોજન હોય તો તે પણ તેને દઢ કરવાના સાધન શ્રીમદાચાર્યચરણોંએ ભક્તિવર્ધિનીમાં **''બીજભાવને દઢ કરવો હોય તો ઘરમાં રહીને પૂજા અને શ્રવણ આદિ કરતાં કરતાં શ્રીકૃષ્ણને ભજવા જોઈએ''** (ભ.વ.૨) આવા અન્ય પણ ઉપાય દેખાડ્યા છે આપણાં સ્વીય અભક્તોની સમક્ષ પોતાના સેવ્યપ્રભુના પ્રદર્શનનું પ્રમુખ પ્રયોજન તેમનામાં રહેલા બીજભાવને પ્રકટ કરવો કે દઢ બનાવવો હોય તો સેવા ફળરૂપ નહિં રહી જાય. અતઃ આનુષંગિક પ્રયોજન કેવળ સ્વીય અભક્તોના પ્રતિ માનતા હોય તો પુનઃ ટૂંકાં મનવાળા હોવાનો આરોપ લાગી જશે. કોઈક લોકો વિચારે છે કે **''ભૂતલપર ભક્તિના પ્રચારાર્થે જ મહાપ્રભુએ પોતાના વંશનું પ્રવર્તન કર્યું''** (સર્વો.સ્તો.૨૨) આ નામવાળા આચાર્યના વંશજ હોવુ સાર્થક કરવા માટે સર્વને દર્શન કરાવવા અને ન જાણે કયો જીવ પુષ્ટિજીવ હશે તેથી, તેને ભક્ત બનાવવા માટે બ્રહ્મસમ્બન્ધદીક્ષા અને સેવામાં રૂચિ વધારવા માટે સેવાપ્રદર્શન આવશ્યક માને છે કેમકે *ન્યાયપ્રણાલીમાં સો અપરાધિઓનું દંડ મળવાથી બચી જવું તેટલું ખરાબ નથી મનાતું જેટલું એક નિરપરાધીનું દંડીત થઈ જવું!*, આ નીતિ અનુસાર બધાને કે (અથવા) ઓછામાં ઓછુ સ્વીય અભક્તને તો દર્શન કરાવવા આવશ્યક માને છે.

શિષ્યૈષણાની દુર્દમ અચિકિત્સ્ય વેદનાથી પીડિત ગુરૂઓથી બચવા માટે આનું

સમાધાન જાણી રાખવું આવશ્યક છે! કેમકે શ્રીમદ્ગોપીનાથપ્રભુચરણોએ **''ભગવાનના માહાત્મ્યનું જ્ઞાન પ્રાપ્ત કરવા માટે ભગવાનના ગુણકર્મોનું શ્રવણ આવશ્યક હોય છે તથા એતદર્થ શાસ્ત્રોપદેશક ગુરૂની અપેક્ષા પણ રહે જ છે''** (સા.દી.૯) આવા પ્રતિપાદન દ્વારા શાસ્ત્રોપદેશને ભૂતલપર ભક્તિના પ્રચારાર્થ ઉપયોગી માન્યો છે; નહિંકે નિજ સેવ્યભગવત્સ્વરૂપ કે તેમની સેવાનું પ્રદર્શન.

(સર્વત્ર બ્રહ્મ બુદ્ધિ રાખીને બધાને સેવા/ દર્શન નો લાભ આપવો!!!)

હવે આવું પણ કહેવાય છે કે કોણ પ્રવાહી જીવ છે કે કોણ મર્યાદાજીવ કે કોણ પુષ્ટિજીવ આ બાબતમાં ચિન્તા વ્યર્થ હોવાથી બધામાં બ્રહ્મબુદ્ધિવશાત્ પ્રગટ થવાવાળી ભગવદીયતાની ધારણા રાખીને કોઈ અભક્ત હોય ત્યારે પણ ભવિષ્યમાં ભક્ત બની જશે, એવી શુભભાવના રાખીને બધાં જીવોની સામે પ્રદર્શન કરવું જોઈએ. આવું માનવાથી તો આ બ્રહ્માદ્વયબુદ્ધિવશાત્ પુષ્ટિમર્યાદાપ્રવાહનો વિભેદ માનવાનું જ બંધ કરી દેવું પડશે. કેમકે વ્યવહારમાં તે અપેક્ષિત નથી રહી જતું.

પૂછી શકાય છે કે આવી સ્થિતીમાં સર્વત્ર બ્રહ્મના તાદાત્મ્યબુદ્ધિનાં અનુરોધવશ સમારબ્ધ પુરૂષોત્તમપ્રતિષ્ઠાકર્મને પણ ત્યારે અનુપપન્ન માનવું પડશે. અરે ભાઈ! થોડોક સંયમ પોતાની ધનલાલસાપર પ્રગટ કરીને આ કેમ નથી વિચારતા કે આપણે તો મહાપ્રભુ અને પ્રભુચરણ નાં ઉપદેશોનું અનુસરણ કરવું છે. શું ઉચિત છે કે શું અનુચિત આને આપણાં સ્વાર્થાભિપ્રેત તાત્પર્યવશ નિર્ધારિત નથી કરવાનું. સાંભળો! કે સ્વમાર્ગરહસ્ય તેઓ શું દર્શાવવા માગે છે! દ્રવ્યાદ્વૈતનાં સોપાનપર આરોહણ કર્યા વગર જેવી રીતે ક્રિયાદ્વૈતનું અનુવર્તન પાષણ્ડૈકપર્યવસાયી બની જાય છે. તેવી રીતે જ આ બન્ને સોપાનોપર આરોહણ કર્યા વિના ભાવાદ્વૈતનું અનુવર્તન પણ લૌકિક વિષયોમાં પાષણ્ડૈકપર્યવસાયી બની જાય છે. આવું ન વિચારો કે આવી સ્થિતિમાં પુષ્ટિમાર્ગીય પુરૂષોત્તમપ્રતિષ્ઠાપ્રકાર પણ શાસ્ત્રોમાં વિહિત ન હોવાને કારણે પાષણ્ડૈકપર્યવસાયી થઈ જશે. પુષ્ટિમાર્ગ સર્વ શાસ્ત્રપ્રમાણોનાં અવિરોધથી પ્રગટ કરાયેલો આપણાં આચાર્યચરણોએ પોતાની વાણી દ્વારા પ્રગટ કરેલો માર્ગ છે. જેમકેદ્ર

''હું બધી આત્માઓનો પણ આત્મા છું... બધા પ્રેમાસ્પદોંમાં પરમપ્રેમાસ્પદ છું. અતઃ મારામાં પોતાનો પ્રેમ જગાડો કેમકે દેહ વગરે પણ મારા જ કારણે પ્રિય લાગે છે.''

(ભાગ.પુરા.૩।૯।૪૨).

''કામ ક્રોધ ભય સ્નેહ ઐક્ય અથવા સૌહદ જે પણ ભાવ આપણો શ્રીહરિમાં દઢ બંધાઈ જાય તો આપણે તન્મય થઈ શકીશું.''

(ભાગ.પુરા.૧૦।૨૬।૧૫).

''શ્રીકૃષ્ણના અવતારમાં તો રાગદ્વેષ પણ મોક્ષના સાધક બની જાય છે... અતઃ કૃષ્ણાવતારમાં કોઈ પણ ભગવદ્ધર્મ મોક્ષદાયક થઈ શકે છે.''

(સુબો.૧૦।૮૭।૪૭).

''ભગવાન બધાં જીવાત્માઓની ભીતર બિરાજમાન પરમાત્મા, પરમપ્રિય અને પરમેશ્વર પણ હોય છે. અતઃ તેમનાં આશ્રિત જનોને શું નથી આપતા? અતઃ ભગવાન જે કાંઈ આપે છે તેને જાણવાવાળા, સાક્ષાત્ ભગવાનને છોડીને અન્ય કોઈ દેવતાન્તરને ક્ષુદ્ર ઐશ્વર્ય આદિની કામના રાખીને શા માટે ભજવા ઈચ્છશે? ભગવાનની ચરણરજનું સેવન કરવાવાળાઓને શું નથી મળતું કે તેમને ભૂલીને બીજા કોઈનાં ભજનની અપેક્ષા રહી જાય! બ્રહ્માજીનું આયુષ્ય મળી જવાથી પણ ભગવાને જે ઉપકાર કર્યા છે તેનો પ્રત્યુપકાર શક્ય નથી, જો કોઈ તેમને સારી રીતે સમજી શકે કે યાદ રાખી શકે. કેમકે ભગવાન બધાં દેહધારીઓનાં બાહ્ય આધિદૈહિક તથા આભ્યન્તર આધ્યાત્મિક અશુભોને બહારથી નિજધર્મોપદેશક આચાર્યનાં રૂપમાં અને ભીતર જીવાત્માનાં ચિદંશની અંદર બિરાજમાન આનન્દાંશ અન્તર્યામી બુદ્ધિપ્રેરક પરમાત્મા પરમેશ્વર નાં રૂપમાં ધોઈને નિર્મળ બનાવી દે છે.''

(ભાગ.પુરા.૧૧।૨૯।૫-૬).

અતઃ દ્રવ્યાદ્વૈત અને ક્રિયાદ્વૈત ની પહેલાં પણ અપવાદરૂપથી ભગવન્મૂર્તિમાં ભાવાદ્વૈતમૂલક પુરૂષોત્તમપ્રતિષ્ઠાપન નિર્દુષ્ટ માનવું જોઈએ. એતાવતા સર્વત્ર તેની ક્રિયાન્વિતિ કે ભાવાન્વિતિ આત્મકલ્યાણને માટે ઉલ્લિખિત ઉભયવિધ અદ્વૈતોના ચિત્તારૂઢ થવા પહેલાં પ્રામાણિક માની નથી શકાતી. અતએવ યથોપદેશ ભગવત્સેવાનાં અંગભૂત સમર્પણમાં ક્યાંક તાદાત્મ્યઘટક દ્વૈતમૂલક સદસદ્વિવેક અપેક્ષિત હોય છે, જેમ કે કર્મેન્દ્રિયોના વિષયીભૂત ત્યાગ ગ્રહણ કે ઉપેક્ષા રૂપિ

ક્રિયાઓમાં. આવી રીતે જ્ઞાનેન્દ્રિયોનાં વિષયીભૂત રૂપરસગંધાદિ વિષયોમાં શાસ્ત્રની વિધિ અનુસાર સદસદ્વિવેક અપેક્ષિત હોય છે. આ જ રીતે **''પુરૂષોત્તમ[ક]ના પ્રતિ અને તેના આધીન રહેવાવાળાં ભગવદીય[ખ] અજ્ઞાની[ગ] કે દ્વૈષકતા[ઘ] પુરૂષોના પ્રતિ જે યથાક્રમ પ્રેમ[ક] મૈત્રી[ખ] કૃપા[ગ] ઉપેક્ષા[ઘ] ના ભાવ રાખે છે''** આ કારીકાની વ્યાખ્યામાં આચાર્યચરણ કહે છે કે ''સ્વયં શાસ્ત્રમાં જ તરતમભાવ રાખીને અનેકવિધ જ્ઞાનોનું નિરૂપણ કરવામાં આવ્યું છે'' (સુબો.૧૧।૨।૪૬). અતઃ ઉપદેશાનુસાર જ ક્યાંક દ્વૈત તો ક્યાંક અદ્વૈત નાં દર્શનની વૃત્તિ રાખવી જોઈએ નહિ કે સ્વૈરવૃત્તિવશ.

(કર્મ ઇચ્છાતન્ત્ર પરન્તુ જ્ઞાન વસ્તુતન્ત્ર)

અહીંયા આ એક શંકા થાય છે કે કર્મ તો કોઈ ઈચ્છાથી કે અનિચ્છાથી કે અન્યથાઈચ્છાથી કરે કે ન કરે અથવા અન્યથા પણ કરી શકાય છે, પોતાની ઈચ્છા અનુસાર. જ્ઞાન કે દર્શન તો પુરૂષની ઈચ્છાનાં અનુસાર નથી થતા, વિષયવસ્તુને આધીન જ અનુભૂત થાય છે. પછી ક્યાંક-ક્યારેક દ્વૈત તો ક્યાંક-ક્યારેક અદ્વૈત ના દર્શનની વાત યુક્તિયુક્ત નથી લાગતી. આ વિષયમાં સમાધાન આજ છે કે ન તો બધી ક્રિયાઓ પુરૂષની ઈચ્છાનાં આધીન જ પ્રગટ થાય છે; કેમકે, શ્વાસોચ્છ્વાસ ખાંસી અંગકમ્પન પક્ષ્મસ્ફૂરણ કે બાહુસ્ફૂરણ જેવી ઘણી બધી ક્રિયા પુરૂષનાં ન ચાહવા છતા પણ શરીરમાં પ્રગટ થતી રહે છે. રૂપ રસ ગંધ સ્પર્શ શબ્દ આદિ ઈન્દ્રિયોનાં બહુવિધ વિષયો સમાન કાળમાં (એક જ સમયે) તે-તે ઈન્દ્રિયોથી સંનિકૃષ્ટ હોવાછતાં પણ પુરૂષની ઈચ્છાને વશ કોઈ વિષયવિશેષનું ગ્રહણ, તો ઉપેક્ષિત ઈતર વિષયોનું અગ્રહણ પણ, થતું દેખાય છે. ઉદાહરણતયા મુખનાં ચક્ષુઃસંનિકૃષ્ટ રહેવા છતાં પણ મુખમાં પુરૂષની ઈચ્છાના કારણે જો મુખસ્થ નેત્ર જોવાની ઈચ્છા હોય તો તે દેખાય દે છે. ત્યારે નાક કાન કે કેશ દેખાતા નથી, જો ચિબુક કે અધરોષ્ઠોને જોવાની ઈચ્છા હોય તો નેત્ર કે કપાળ દેખાઈ નહીં દે.

અતઃ સિદ્ધ થઈ જાય છે કે પુરૂષોત્તમપ્રતિષ્ઠા કર્મમાં પુરૂષસૂક્તના અનુસાર બ્રહ્મ અને મૂર્તિ ની વચ્ચે રહેલા તાદાત્મ્યના ઘટક અદ્વૈતનું દર્શન કર્તવ્યરૂપ હોય છે. તે સમયે ભગવન્મૂર્તિને બદલે અન્યત્ર કોઈ પશુ-પક્ષી-દૈત્ય-દાનવની મૂર્તિમાં રહેલા ભજનાર્થ બ્રહ્માદ્વૈતને જોવું આવશ્યક નથી. અતઃ તેમના પૂજનની કોઈ

આવશ્યકતા પ્રતીત નથી થતી. તેવી જ રીતે પ્રતિષ્ઠાપિત ભગવન્મૂર્તિનાં ભજનમાં પુનઃ ભજનીય ભગવાન અને ભજનકર્તા ની વચ્ચે રહેલાં દ્વૈતનું દર્શન કરવું જો કોઈ બન્ધ કરી દે તો પ્રતિષ્ઠાકર્મ સ્વયં નિરર્થક સિદ્ધ થઈ જશે. આ રીતે ભજનોપયોગી ધન કે સામગ્રી નાં સમ્પાદનમાં બ્રહ્મતાદાત્મ્યના ઘટક દ્વૈતપર અવલમ્બિત થવાવાળા પોતાના કે પારકા દ્રવ્યનું અન્તર ઉપયોગી થાય છે. તેથી પોતાના દ્રવ્યથી જ ભગવદારાધનનો આગ્રહ ધર્મ્ય માનવામાં આવ્યો છે. જ્યારે કે પારકા ધનથી કરવામાં આવતું ધર્માનુષ્ઠાન તો ધનોપાર્જનનું એક છદ્મ (છળ) પણ હોઈ શકે છે. અતઃ પોતાના ધનથી કરવામાં આવેલી સેવામાં ઉપયુક્ત સામગ્રીનું પ્રસાદનાં રૂપમાં પુનર્ગ્રહણ પ્રશસ્ત માનવામાં આવ્યું છે. જે ધન ન તો સ્વયં સેવાકર્તાના કે ન તેની સાથે રહેવાવાળા તેના પારિવારિક જનોનું હોય તેવા ધનથી કોઈ સામગ્રી ભગવાનને નિવેદિત કરવામાં આવી હોય તેને નિવેદિત કે સમર્પિત માની ને પોતાના ઉપભોગમાં લેવાથી સેવા ભક્તિમયી આરાધના ન રહીને આજીવિકાને અર્જિત કરવામાટેની પાખંડપૂર્ણ છેતરપિંડી બની જાય છે. અતઃ પ્રથમ તો તેનો સેવામાં વિનિયોગ જ ન કરવો જોઈએ અને કર્યો હોય તો સ્વયં ઉપભોગ ન કરવો જોઈએ. આવી સાવધાની રાખવાથી ભક્તિ પુષ્ટિભક્તિ રહી શકે છે અન્યથા તો ઉદરપોષણાર્થ આજીવિકા જ. તેથી આધુનિક વિત્તૈકચિત્ત આચાર્યવંશજોના ભગવત્સેવાછલની બાબતમાં અધિક કાંઈ ચિન્તન ન કરવું જ ઉપયુક્ત છે!

આજ વાત મહાપ્રભુએ પણ અતએવ સમજાવી છે -

''નિર્ગુણ ભક્તિયોગનું લક્ષણ... જે આપણી ભગવા ન માટેની અહૈતુકી ભક્તિ હોય... આ ભક્તિ પ્રેમની સહિત કરવામાં આવતી સેવા છે. 'હેતુ'=ફ્લાનુસન્ધાન તેનાથી રહિત જે સેવા હોય તે 'અહૈતુકી'=અનિમિત્તા હોય છે. આવુ કહીને સગુણા ભક્તિનું વારણ કરી દીધું... ભક્તિ કરવામાટે અતઃ ચોરી લૂંટફાટ કે ઠગાઈ કરીને સેવાસામગ્રી ભેગી કરવી સારી વાત નથી.''

''જે બ્રહ્માનન્દમાં પ્રવિષ્ટ થઈ જાય છે તેઓમાં ભક્તિનો વિલાસ પ્રગટ નથી થતો... બ્રહ્માનન્દમાં ભજનીય અને ભક્ત બન્ને જ અવ્યક્ત બની જાય છે. જલમાં ડૂબીજવાવાળાને જલપાનનું સુખ વ્યક્ત નથી રહી જતું. અનુભવનો રસ અતઃ ભિન્નતયા

સ્થિત થવાથી જ મળે છે.''

''અસત્સંગ ક્યારેય ન કરવો જોઈએ તે ભક્તિમાર્ગમાં બાધક થઈ જાય છે.''

(સુબો.૩।૨૯।૧૨, ૧૦।૨૬।૩૯, ૧૦।૮૪।૨૨)

અહીંયા પ્રથમ વચનમાં બ્રહ્મસ્વરૂપનાં અનુરોધવશ અભેદની પ્રધાનતા દરસાવીને અહૈતુકી અવ્યવહિતા ભક્તિને નિર્ગુણા-ભક્તિના રૂપમાં આપણાં આચાર્યચરણોએ સ્વીકારી છે. આની વિપરીત જીવ અને ઈશ્વરની વચ્ચે ઐચ્છિક ભેદને પ્રધાન માનીને તેનાપર અવલમ્બિત થવાવાળી (ભેદપર આધારીત) ભક્તિ સગુણા કે સહૈતુકી ભક્તિ મનાયેલી છે. અહૈતુકી નિર્ગુણા ભક્તિને માટે ભજનીય સ્વરૂપનું વરણ અને તદર્થ બ્રહ્મ અને જગતની વચ્ચે અભેદમૂલક આ પુરૂષોત્તમપ્રતિષ્ઠાનું કર્મ છે. અતઃ જે ભગવન્મૂર્તિને આપણે પ્રતિષ્ઠાપિત કરવા ઈચ્છતા હોઈએ તે ભગવન્મૂર્તિ અને સાક્ષાત્ ભગવાનની વચ્ચે અભેદ માનવો જોઈએ. ત્યારબાદ કેમકે તે મૂર્તિ આપણા ભગવાન માટેના ભક્તિભાવનો આલમ્બનવિભાવ બની જાય છે. અતઃ તેની સાથે આપણું પણ તાદાત્મ્ય સ્વીકારવું એ પુષ્ટિભક્તિની અનિવાર્યતા છે. દ્વિતીય વચનમાં તેવી નિર્ગુણા ભક્તિ આપણાં હૃદયમાં પૂર્ણતયા ખીલી શકે તો જે ભગવત્સેવાનું અનુષ્ઠાન કરવાનુ છે તેના માટે સર્વત્ર બ્રહ્મદર્શનાનુરોધી બ્રહ્માનન્દની પ્રધાનતાના બદલે આપણા જે ભજનીય ભગવત્સ્વરૂપ છે તેના ભજનાનન્દનું જ ઐચ્છિક દ્વૈતમૂલક પ્રાધાન્ય મનાયેલું છે. આ રીતે તૃતીય વચનમાં તે રીતે પ્રાદુર્ભૂત થયેલી ભક્તિના પોષક સત્સંગ માટે પુરૂષોમાં સદસદ્વિવેક પણ આવશ્યક માનવામાં આવ્યો છે.

આ પ્રકારની ભક્તિની બાબતમાં સ્વારૂઢ શાખોચ્છેદનની મૂઢતાનો આરોપ કોઈક લોકોની બુદ્ધિમાં ઉઠે છે. જે શાખાપર કિન્તુ, ભક્તિ આરૂઢ થઈ છે તે શાખા ન તો ઐકાન્તિક અદ્વૈતવૃક્ષની છે અને ન ઐકાન્તિક દ્વૈતવૃક્ષની જ. તે શાખા તો છે ભેદસહિષ્ણુ-અભેદરૂપ તાદાત્મ્યતરૂની જ. અતઃ આવા આરોપમાં વિચારણીય કાંઈ પણ નથી રહી જતું. આથીજ ''તત્ ત્વમ્ અસિ'' (છાન્દો.ઉપ.૬।૮।૭) આ વચનમાં 'ત્વં=તું (તમે)'પદથી વાચ્ય જીવની જ 'તત્=તે'પદથી વાચ્ય બ્રહ્માત્મકતા 'અસિ=છે' ક્રિયાપદદ્વારા બોધિત થાય છે. નહીંકે 'તે'પદથી વાચ્ય બ્રહ્મની

જીવાત્મકતા. બ્રહ્મ સ્વયં જીવભાવાપન્ન થયો હોવા છતાં પણ જીવોથી વ્યતિરિક્ત પણ હોય છે. અતઃ અહીંયા કાંઈ પણ અનુપપન્ન નથી. અતએવ શ્રુતિમાં પણ ‘તત્’પદાર્થને ઉદ્દેશ્ય બનાવીને ‘ત્વં’પદાર્થથી તેનો અભેદ ‘અસ્તિ=છો’ ક્રિયાપદથી દ્યોતિત નથી થતો. જૈન-બૌદ્ધ મતોની જેમ જીવ બ્રહ્મ નથી બનતો ઉપનિષદોના અનુસાર બ્રહ્મ જ જડ-જીવ બન્યો છે.

૫.‘‘ગુરૂની આજ્ઞા અનુસાર ભગવત્સેવા કરવી જોઈએ’’ આવું કહેવામાં આવ્યું હોવાથી ભગવત્સેવાર્થ મધ્યમાં પુનઃ નિજાચાર્યવન્દન સમજાવી રહ્યા છે :

પુનઃ શ્રીમદાચાર્યચરણકમલનું ધ્યાન કરવું જોઈએ૰
ચિન્તાસન્તાનહન્તારો યત્પાદામ્બુજરેણવઃ।
સ્વીયાનાં તાન્ નિજાચાર્યાન્ પ્રણમામિ મુહુર્મુહુઃ।।

અહીંયા પ્રતિષ્ઠાપ્ય ભગવાન પુરૂષોત્તમની સેવાને માટે પુનઃ શ્રીમદાચાર્યચરણકમલનું વન્દન સેવાકર્તામાં દૈન્યભાવનાના ઉદ્બોધનાર્થ છે. આ **પુનઃ શ્રીમદાચાર્યચરણકમલનું ધ્યાન૰**વાક્યાંશથી આરંભ કરી **પ્રણમામિ મુહુર્મુહુઃ** વાક્યાંશ પર્યન્ત સમજાવામાં આવ્યું છે. અહીંયા અવધેય આ જ છે કે લૌકિક વિષયોની બાબતમાં ચિન્તા દૂર કરવાની કોઈ વાત નથી, કેમકે ત્યારે તો ભક્તિ સકામતાવશ સગુણા બની જશે.

આ પુરૂષોત્તમપ્રતિષ્ઠારૂપ કર્મમાં આ પુરૂષદોષરૂપ ચિન્તાને દૂર કરવાની વાત અકસ્માત જ કેવી રીતે આવી ટપકી? આ પ્રશ્નનુ સમાધાન **‘‘એક મારા શરણમાં આવી જા હું તને બધાં પાપોથી મુક્ત કરી દઈશ, કોઈ પ્રકારનો શોક ન કર’’** (ભગ.ગીતા.૧૮।૬૬) આ ભગવદ્વચનમાં ‘‘શોક ન કર’’ આમ કહેવાયેલું છે. અહિંયા બધા પ્રકારની આધ્યાત્મિક ચિન્તાઓને છોડીને ભગવાનની શરણાગતિનો ઉપદેશ આપવામાં આવ્યો છે. આપણાં માર્ગમાં સેવા-ભક્તિની પહેલાં શરણાગતિરૂપ ધર્મનું અનુષ્ઠાન અને તદન્તર્ગત વિધિ-નિષેધ પણ જ્ઞાતવ્ય અને અનુસર્તવ્ય હોય છે. છતાંપણ

આપણાં સેવાભાવનાં આલમ્બનવિભાવરૂપ સર્વતો રક્ષ્ય ભગવત્સ્વરૂપ અને શરણાગતિભાવનાં આલમ્બનવિભાવરૂપ સર્વતો રક્ષક સ્વરૂપમાં વિરૂદ્ધધર્માશ્રયતાના ઉપદેશાર્થ આ ચિન્તાનિવૃત્યર્થ મહાપ્રભુના ચરણકમલોનું ધ્યાન ધરવાની વાત સમજાવવામાં આવી રહી છે. બધાં પ્રકારના પાપ-શોક વગેરેથી ભગવાનના રક્ષક હોવાનો ભાવ આપણાં મનમાંથી સરકી (ખસી) ન જવો જોઈએ કે અમારા આત્માનો ઉદ્ધાર કેવી રીતે થશે, અમારા પરિવારજનોનું નિવેદન થયું કે નહીં, જો તેઓ નિવેદિત છે તો ભગવત્સેવામાં તેમનો વિનિયોગ કેમ નથી થતો, અમે તો આત્મા-આત્મીય બધાનું નિવેદન કર્યું કિન્તુ ભગવાને તેને સ્વીકાર્યું કે નહીં, સેવાર્થ અપેક્ષિત સામગ્રી કે વિત્ત કેવી રીતે ભેગા કરવા, સેવામાં સહકાર આપવા કોઈ પરિવારમાં કેમ તૈયાર નથી થતું, આવી ચિન્તા બધી વ્યર્થ જ હોય છે. મહાપ્રભુના ચરણકમલોની પરાગથી પરિતૃપ્ત મત્તભ્રમરોના જેવા મહાભાગ્યવાન ભગવદીયોનાં મનમાં આવી ચિન્તા થઈ જ નથી શકતી.

ત્યારે નિજાચાર્યોપદેશથી વિપરીત ભગવદ્ભજનમાં ધનિકોદ્વારા ઉપાહ્રત ધનના વગર કરવામાં આવતી ભગવત્સેવા ભગવત્સુખરૂપા નહિ કરી શકીએ. અતઃ ધનિક દર્શનાર્થિઓના સેવાદર્શનાર્થ આગમનની ચિન્તા કે આ બાબતની કુટિલ ચતુરાઈ આપણા આચાર્યચરણના વંશજોએ શા માટે કરવી જોઈએ? આવી ચિન્તા કે ચતુરાઈ કરવાથી તો નિજાચાર્યનાં હૃદગત ભાવાનુરોધી ભગવત્પ્રાદુર્ભાવ થઈ નહીં શકે પ્રત્યુત પ્રાદુર્ભૂત ભગવાનનો પણ તિરોભાવ જ થઈ જાય છે. આ વાત ઉજ્જૈનની બ્રાહ્મણીની (૨૫૨વૈષ્ણવ.વા.૩૮।૧) વાર્તાનાં આધાર પર સિદ્ધ થાય છે.

સ્વયં-પોતાને વાલ્લભ માનવાવાળાએ પોતાના ‘વિમર્શ’ નામના ગ્રન્થમાં આ જે કહ્યું કે ‘‘કોઈને પોતાનાં સમ્પ્રદાયનાં કે ભક્ત માન્યા વિના દર્શન કરાવવા દોષરૂપ થાય છે. ભગવદ્દર્શનાર્થ આવવાવાળા, પરન્તુ કોઈ પણ દર્શનાર્થીને પોતાના સમ્પ્રદાયનો કે ભગવદીય ભક્ત માની લઈને દર્શન કરાવવામાં કોઈ દોષ નથી થતો.’’ આવા કુવિમર્શની નીતિ-રીતિ-નિષ્ઠાની પોલ અમે અમારી વિશોધનિકાના ત્રણ ભાગોમાં ખોલી દીધી છે. તેને વાંચી જોવાથી બધી વાત સ્પષ્ટ થઈ જશે.

તેથી અહીંયા તેના વિસ્તારમાં જવુ અનપેક્ષિત છે.

૬.આત્મસમર્પણના પછી ક્રમપ્રાપ્ત ભક્તિબીજભાવરૂપ ભગવત્સમ્બન્ધનું અનુસન્ધાન અને એના આધારે ભગવાનમાં પણ ''આ જીવનો મારે ઉદ્ધાર કરવો છે'' આવી ઈચ્છાને પ્રગટ કરવાવાળી વિશેષ કૃપાવાળા સ્વરૂપના આવિર્ભાવની ભાવના :

આના પછી પઞ્ચાક્ષરવાળુ શ્રીકૃષ્ણાત્મક મહાવાક્ય સ્વરૂપના હૃદયનો સ્પર્શ કરીને ત્રણ વખત બોલવું જોઈએ :

પુષ્ટિજીવોની ભક્તિ-પ્રપત્તિથી જોડાયેલી બધી પ્રકારની આધ્યાત્મિક ચિન્તાઓનાં નિવર્તક નિજાચાર્યના ચિન્તનદ્વારા નિશ્ચિન્ત થઈને સ્વયંમાં ભગવદીયત્વ અને પ્રતિષ્ઠાપ્ય ભગવત્સ્વરૂપમાં સ્વામિત્વનો ભાવ જાગી શકે એ પ્રકારનો મૂર્તિનાં સાક્ષાત્ પુરૂષોત્તમ શ્રીકૃષ્ણ હોવાના અનુસન્ધાનનો ઉપદેશ આપી રહ્યા છે **પાંચ અક્ષરવાળા શ્રીકૃષ્ણાત્મક મહાવાક્ય**દ્વવાક્યાંશથી આરમ્ભ કરી **ત્રણ વાર બોલવું જોઈએ** વાક્યાંશ સુધી.

અહીંયા એક સન્દેહ થાય છે કે બ્રહ્મસમ્બન્ધમન્ત્રનાં અન્તર્ગત કેમ કેવળ પાંચ અક્ષરોનું જ શ્રીકૃષ્ણરૂપ હોવાનું કહેવામાં આવ્યું છે? તેના સિવાયના પણ અક્ષરોને કૃષ્ણરૂપ ન માનવામાં આવતા હોય તો ૮૪વૈષ્ણવોની વાર્તામાં અમ્બાલા નગરના કાયસ્થ નારાયણદાસને તેમના ઘરમાં ભગવત્સેવાને માટે **''ઘરમાં સગવડતા ન હોવાથી સ્વરૂપસેવા તારાથી નહીં બની શકે તેથી અષ્ટાક્ષરમન્ત્ર અને ગદ્યમન્ત્ર નાં મારા હસ્તાક્ષર પધરાવી આપું છું એમને ભોગ ધરીને પ્રસાદ લેજે''** (૮૪વૈષ્ણ.વા.૫૭|૧) આવો આચાર્યચરણોએ જે આદેશ આપ્યો તે કેમ આપ્યો? તેથી સમગ્ર મન્ત્ર કૃષ્ણાત્મક છે કે કેવળ તેના અન્તર્ગત કેવળ પાંચ અક્ષરવાળું મહાવાક્ય? આ બન્નેમાં શું યોગ્ય લાગે છે?

શ્રીકૃષ્ણના નામ સાક્ષાત્ શ્રીકૃષ્ણાત્મક હોય છે. તેમના સહિત હોવાથી તો પરમ્પરયા ભક્તિ અને પ્રપત્તિ નાં મન્ત્રનાં અંગભૂત અવશિષ્ટ અક્ષરોને પણ તે

ભગવાનનાં ગુણધર્મરૂપ છે એમ માનવું ઉચિત હોય છે. આ **''નામ અને અર્થ ની વચ્ચે અભેદ હોય છે વેદ પણ શ્રીહરિનાં અનેક નામોની શબ્દરાશી છે અતએવ કહેવાયેલું છે 'અનેક રૂપ ધારણ કરી અનેક નામવાળા તે બની ગયા' આ વાક્યના આધારપર તે વેદ અને વેદાર્થ ઉભયરૂપ હોવાથી નામ પણ બધાને શુદ્ધ કરે છે.''** (ત.દી.નિ.૩|૬|૪૧-૪૨) આ વચનમાં ઉપલબ્ધ થાય છે. કેવળ પાંચ અક્ષરોને શ્રીકૃષ્ણરૂપ માનવાથી **''અનેકવિધ રૂપ અને નામ ધારણ કરી જે સ્વયં ક્રીડા કરે છે, જે જગત બનીને ક્રીડા કરે છે અને જેના કારણે જગત ક્રીડા કરે છે''** (ત.દી.નિ.૧|૧) આ વચનની સંગતિ કેવી રીતે બેસશે? આનું સમાધાન આમ થાય છે કે જેમ રૂપાત્મક જગતમાં કોઈક રૂપ ''જે ક્રીડા કરે છે'' આ કલ્પમાં આવે છે. કોઈક રૂપ ''જે જગત બનીને ક્રીડા કરે છે'' આ કલ્પમાં અન્તર્નિહિત હોય છે. અન્ય કોઈક રૂપ ''જેના કારણે જગત ક્રીડા કરે છે'' આ કલ્પની અન્તર્ગત માનવામા આવે છે; તે જ પ્રકારે નામોની બાબતમાં પણ કોઈક નામ સચ્ચિદાનન્દરૂપ હોય છે, અન્ય કોઈક કેવળ ચિદ્રૂપ હોય છે; અન્ય કોઈક કેવળ ધ્વન્યાત્મક શબ્દ હોવાથી કેવળ સદ્રૂપ જ હોય છે. તેથી બ્રહ્માત્મક હોવું બધે સમાન હોવા છતાં પણ શ્રીકૃષ્ણાત્મક હોવું પાંચ અક્ષરોવાળા મહાવાક્યનું માન્ય રાખવું જોઈએ શ્રીપ્રભુચરણના વચનના પ્રામાણ્યના અનુરોધવશ. ત્યારે ''ભગવતે કૃષ્ણાય'' આ સાત અક્ષરોનું પણ શ્રીકૃષ્ણાત્મક હોવુ માન્ય કરવું જોઈતુ હતું સમાનયોગક્ષેમન્યાયના કારણે! આ બન્નેમાં વસ્તુતઃ એક અન્તર છે 'ભગવતે'-'કૃષ્ણાય' શબ્દો સમર્પણ કર્તાની સમર્પણક્રિયાની અપેક્ષાથી સ્વતન્ત્ર જીવાત્માના સમ્પ્રદાનાર્થક હોવાથી ક્રિયાશેષ હોય છે. અતઃ પરતન્ત્ર અર્થના વાચક બની જાય છે જ્યારે કે પાંચ અક્ષરોવાળા મહાવાક્યમાં 'કૃષ્ણ'પદાર્થ સમ્બોધનાર્થક પ્રથમા વિભક્તિમાં પ્રયુક્ત થયો હોવાથી અન્યશેષ નથી થઈ શકતો (નથી હોતો) 'તવ'-'અસ્મિ'પદ તો ''હું કૃષ્ણસ્વામિક છું'' આ અર્થનાં બોધક હોવાથી કૃષ્ણશેષ અર્થના વાચક છે. આનાથી પહેલાં આવવાવાળા ''હું દાસ છું'' આ અર્થની બોધક પદરાશિ હોવાથી પણ આ જ સિદ્ધ થાય છે.

અહીંયા એક આશંકા થાય છે કે ★**''તું તે છે'', ''આજે પણ કોઈ જો આમ જાણી શકે કે 'હું બ્રહ્મ છું' તો તે દેખાઈ રહેલ આ જે કાંઈ છે તદ્રૂપ બની જાય છે... આનાથી વિપરીત જે પોતાનાથી અન્ય કોઈ દેવતાની ઉપાસના કરે છે કે 'તે દેવ કોઈ બીજા છે અને હું કોઈ બીજો છું' તો તે કોઈ પશુની જેમ બ્રહ્મને જાણી નથી શકયો. અતઃ તે તો દેવતાઓનો પશુ જ રહી જાય છે''** (છાન્દો.ઉપ.૬|૮|૭, બૃહ.ઉપ.૧|૪|૧૦) આ શ્રુતિઓમાં નિન્દિત હોવાથી ''હું

દાસ છું'' આવી બુદ્ધિ તો સ્વયંના પશુ હોવાનું પ્રમાણ હોવી જોઈએ! તેથી ''તે કૃષ્ણ હું સ્વયં છું'' આ રીતની ભાવના શા માટે ન કરવી?★ આવી શંકા કરવી ઉચિત નથી, કેમકે ઔપનિષદિક જ્ઞાનમાર્ગમાં પોતાના આરાધ્ય દેવતાના સ્વયંને દાસ માન્યા વગર સ્વયંને દેવતારૂપ માનવું ઉપકારક થાય છે. તે ઉપનિષત્પ્રતિપાદ્ય પરમાત્માની, કિન્તુ, ભાગવતોક્ત ભક્તિમાં સ્વયંના તત્વતઃ પરમાત્મારૂપ હોવા છતાં પણ જીવાત્માને પરમાત્માના દાસ માનવામાં કોઈ આપત્તિ માનવામાં આવતી નથી. કેમકે વિવિધ નામ રૂપ કર્મોના ભેદથી પ્રગટેલાં બ્રહ્માણ્ડમાં કોઈ પણ વસ્તુ કે તત્વ ને બ્રહ્મબુદ્ધિથી નિહાળવાથી નિરપવાદતયા પ્રત્યેક વસ્તુનું બ્રહ્મતયા ભાન થાય છે. તે જ બ્રહ્મને, જ્યારે, અંશી પરમાત્મા હોવાના ભાવથી જોવામાં આવે, ત્યારે બધું જ તેનો અંશ લાગે છે. તે જ બ્રહ્મને જ્યારે, ભગવાન હોવાની બુદ્ધિથી ભજવા હોય ત્યારે બધું જ તેને આધીન કે તેના સહજ દાસ જેવું લાગે છે. અતએવ બ્રહ્મ અને જીવના તાદાત્મ્યના ઉપદેશરૂપ બ્રહ્મસમ્બન્ધદ્વારા જીવમાં ભજનોપયિક માહાત્મ્યજ્ઞાન પ્રગટ થાય ત્યારે પુરૂષસૂક્તદ્વારા તેમની પ્રતિષ્ઠા મૂર્તિમાં કરવામાં આવે છે. તેને કરી લીધા પછી ભગવન્મૂર્તિમાં પણ ભજનીય હોવાનું માહાત્મ્ય ઝલકવા લાગે છે. ત્યારે નિજાત્મા અને સકલ આત્મીય પદાર્થોના નિવેદનદ્વારા પ્રતિષ્ઠાપ્ય મૂર્તિની બાબતમાં પારમાત્મિકી આસક્તિના અનુકૂલ બોધ થાય છે. આ સિદ્ધ થઈ જવાથી સાક્ષાત્ ભગવાન શ્રીકૃષ્ણ હોવાની બુદ્ધિથી મૂર્તિના સેવન માટે ''હું ભગવાનના આ સ્વરૂપનો દાસ છું'' આવી ભાવનાસહિત ભજન અપેક્ષિત હોય છે. આમાં શ્રુતિ સ્મૃતિ પુરાણ કે તન્ત્ર કોઈ પણ શાસ્ત્રથી વિરોધ ઉઠી ન શકે. આમ બધાં શાસ્ત્રોની એકીકૃત પ્રક્રિયા મહાપ્રભુએ પ્રતિપાદિત કરી છે.

જેમ કે ભક્તિમાર્ગના પ્રાણાધારરૂપ ભાગવતમાં કહેવામાં આવ્યું છે :

''બ્રહ્મનું પોતાનું સ્વરૂપ એટલુ દુર્બોધ છે કે કોઈ તેને જાણી નથી શકતું. અતઃ તેને જણાવવા માટે બ્રહ્મ ક્રમશઃ પરમાત્મા ભગવાન અને અન્તમાં લીલાવતારરૂપોને પણ ધારણ કરે છે. આ લીલાવતારોના ચરિત્રના અમૃતના સાગરની લહેરોમાં લહેરાતા રહેવા માટે ઘણાં બ્રહ્મજ્ઞાની મુક્તિની કામનાનો પણ પરિત્યાગ કરી દે છે, (કે) જેમણે ભગવાનના

ચરણકમલોની આસપાસ મંડરાતા હંસોની વચ્ચે વાસ કરવા માટે પોતાના ઘરનો પણ ત્યાગ કરી દીધો હોય છે.''

(ભાગ.પુરા.૧૦।૮૪।૨૧).

''અતઃ ભગવાનની ભક્તિયોગથી આરાધના કરવાવાળા ભગવદીય યોગીઓને જ્ઞાન-વૈરાગ્યની અપેક્ષા રાખ્યા વગર પણ પ્રાયઃ શ્રેયઃ સિદ્ધ થઈ જાય છે. જે કાંઈ કર્મથી કે તપથી કે જ્ઞાન-વૈરાગ્યથી કે દાન-ધર્મથી કે અન્ય શ્રેયસ્કર ઉપાયોથી પ્રાપ્ત થઈ શકે છે, તે બધું જ ભગવાનની બાબતમાં ભક્તિયોગથી નિરાયાસ પ્રાપ્ત થઈ જાય છે.''

(ભાગ.પુરા.૧૧।૨૦।૩૧-૩૩).

આ અને આવા અન્ય પણ વચનોનાં કારણે ભક્તિયોગની પ્રારમ્ભિક અવસ્થાના અપવાદને છોડીને જ્ઞાનમાર્ગીય જ્ઞાન બહુ ઉપયોગી નથી થતું. છતાંપણ ભક્તિયોગમાં ઉપયોગી ભાવની બાબતમાં શ્રુતિમાં જે નિન્દાવચન મળે છે તેની સંગતિની જિજ્ઞાસાના સમાધાન માટે ભાગવતોક્ત આ ભક્તિનું નિગૂઢ રહસ્ય જાણી રાખવું સારી વાત થશે :

''પોત-પોતાની અધિકારિતાની બાબતમાં જે નિષ્ઠા છે તે જ ગુણ છે. કેમકે કોઈ શ્રેષ્ઠથી શ્રેષ્ઠતર વિષયની બાબતમાં પણ પોતાની અધિકારીતા ન હોવાછતાં તેને અપનાવવું દોષરૂપ થઈ જાય છે... આથીજ શાસ્ત્રોક્ત વિધિ અનુસાર જેવી રીતે કોઈ એકનો ગુણ બીજા કોઈ માટે દોષરૂપ થઈ શકે છે, તેવી રીતે કોઈ એકનો દોષ બીજા કોઇકના માટે ગુણરૂપ પણ થઈ શકે છે.''

(ભાગ.પુરા.૧૧।૨૧।૨-૧૬).

અતએવ જ્ઞાનમાર્ગમાં જેને દોષરૂપ માનવામાં આવ્યું હોય તેનું ભક્તિમાર્ગમાં દોષરૂપ હોવું અનિવાર્ય નથી. પોતે અને પોતાના આરાધ્ય ની વચ્ચે એકાન્તિક અદ્વૈતભાવ જ્ઞાનમાર્ગમાં ગુણરૂપ હોવા છતાં પણ ભક્તિમાર્ગમાં દોષરૂપ હોય છે. અતઃ મહાપ્રભુના અનુસાર ભક્તિના માહાત્મ્યજ્ઞાનવાળા અંશમાં ગુણરૂપ હોય છે અને સુદઢ સર્વતોધિક સ્નેહવાળા અંશમાં દોષરૂપ. અતઃ અવસ્થાભેદથી ભિન્ન બન્નેનુ એકીકૃતરૂપ પુષ્ટિભક્તિનુ પરમ રસાધાયક રહસ્ય છે.

ભગવાનના શરણાગત ભક્તોની બાબતમાં, અતએવ, બ્રહ્મજ્ઞાનીમાં કોઈ રીતના

કલહની મનોવૃત્તિ નથી હોતી પણ અપ્રપન્ન જ્ઞાનમાર્ગવાદી તો કલહ કરે જ છે. આવી સ્થિતીમાં ભગવાન શ્રીરામની પ્રતિજ્ઞા કે **''એક વાર પણ મારી શરણમાં આવીને 'હું તમારો છું'આવી પ્રાર્થના કરવાવાળાને બધાં પ્રકારની ભીતિથી મુક્ત કરવો એ મારૂ વ્રત છે''**(વાલ્મિ.રામા.૬।૧૮।૩૩-૩૪). તેથી પોતાના અને ભગવાનની વચ્ચે રહેલાં પૂર્ણ અદ્વૈતને સારી રીતે જાણીને પણ ભગવાનની શરણમાં જવાની કામનાવાળા જે ભક્ત હોય છે,તેમને આવા જ્ઞાનમાર્ગવાદીઓની અદ્વૈતભંગની ધમકીથી ભગવાન સ્વયં બચાવી લે છે,પોતાના લીલાવતારોમાં પ્રગટ ગુણ-ધર્મ-સ્વરૂપ-ચરિત્રમાં પ્રગટ કરેલઉદ્ધારસામર્થ્યના દ્વારા !

અતઃ પ્રતિષ્ઠાપ્ય ભગવન્મૂર્તિના હૃદયનો સ્પર્શ કરીને એકવાર પણ પઞ્ચાક્ષર મન્ત્ર બોલવાથી ભયની આત્યન્તિક નિવૃત્તિ થઈ જાય છે. આથી જ ત્રણવાર તેને અવશ્ય જ બોલવો જોઈએ. **''જ્ઞાનીઓના આલોચનાત્મક વચન પણ ભક્તની અંદર મોહ ઉત્પન્ન નથી કરી શકતા. પોતાનું ભજનીય સ્વામીરૂપ પ્રગટ કરી ભગવાન સ્વયં તેને (પોતાને) ભક્ત-સેવકને સોંપી દે છે. તે ભક્તને પણ પ્રિય જ લાગે છે. અતઃ તેમની અંદર તે ભગવત્પ્રદત્ત પોતાના ભજનીય રૂપને સ્વામી ન માનવાનો મોહ કેવી રીતે ઉત્પન્ન થઈ શકે !''** (સંન્યા.નિર્ણ.૨૦) મહાપ્રભુનું આવુ સ્પષ્ટવચન પ્રાપ્ત હોવાથી. છતાંપણ બીજા કોઈના દાસ બનવું તો સર્વત્ર કષ્ટપ્રદ જ માનવામાં આવે છે અતઃ દાસ બનવાનો મોહ શા માટે પાળવો ? આવો આક્ષેપ અથવા આત્યન્તિક-અદ્વૈતના મોહનું નિરાકરણ રામાનુજીય સમ્પ્રદાયના શ્રીવેદાન્તદૈશિકે સારી રીતે કર્યું છે. જેવું કે તેઓ પ્રતિપાદન કરે છે :

> **''મુક્તિનું સ્વરૂપ નિરવધિક આવિર્ભૂત સુખનો ઉપભોગ છે, મુક્તાવસ્થામાં જો ભગવાનની સેવા કરવી પડતી હોવાના કારણે દુઃખરૂપ કોઈને લાગતી હોય તો તે (વાત) સ્વયં ભગવાનના સ્વરૂપના જ્ઞાપક પ્રમાણથી વિરૂદ્ધ જતી હોવાથી ઉપપન્ન નથી થઈ શકતી. કેમકે પાપોદયના કારણે કરવી પડતી સેવા દુઃખપ્રદ હોઈ શકે છે પરન્તુ પુણ્ય અને પાપ બન્નેથી ઉપર ઉઠીને પરમાનન્દસ્વરૂપ ભગવાન વિષ્ણુની સુખમયી સેવાના દુઃખપ્રદ હોવાનું કોઈ કારણ બચી નથી જતું.''**
>
> (તત્ત્વમુ.કલા.૨।૬૪).

યદ્યપિ જેવો આત્યન્તિક ભેદ રામાનુજીય વેદાન્તમાં અભિપ્રેત છે તેવો આત્યન્તિક

ભેદ વાલ્લભ વેદાન્તમાં માન્ય નથી, તો પણ આપણે ત્યાં જેવો ઐચ્છિક ભેદ સ્વીકારવામાં આવ્યો છે તેનાં સન્દર્ભમાં પણ આ પ્રત્યુત્તર વાલ્લભવેદાન્તને પણ સર્વથા ઉપપન્ન જ લાગે છે.

૭.સદ્રૂપ મૂર્તિમાં સચ્ચિદાનન્દરૂપ ભગવાનના જાગરણની ભાવના :

> **તેના પછી ''હે અજિત ! આપની જય હો !! જય હો !!! સ્વરૂપાજ્ઞાનરૂપ દોષોને પ્રગટ કરવાને સત્ત્વરજતમોગુણોને ગ્રહણ કરવાવાળી અનાદિ માયા = પ્રકૃતિનો આપ ત્યાગ કરો ! આપ પોતાના સ્વરૂપમાં જ ઐશ્વર્ય વીર્ય યશ શ્રી જ્ઞાન વૈરાગ્ય વગેરે બધાં દિવ્ય ગુણોને ધારણ કરીને રહો છો. સર્વ ચરાચરના ભીતર (અંદર) કામ કરવાવાળી સકલ શક્તિઓના ઉદ્બોધક આપ જ છો. આપ જ ક્યારેક યોગનિદ્રારૂપા અજા પ્રકૃતિની સહિત તો ક્યારેક સ્વયમેવ (પોતેજ) પણ પોતાની ઈચ્છાને અનુરૂપ વર્તો છો. જેવી રીતે આપ વર્તો છો તેવી રીતે નિગમ = વેદ પણ આપનું અનુચરણ કર્યા કરે છે.'' (ભાગ.પુરા.૧૦।૮૪।૧૪) આ શ્લોકનુ પઠન કરવું જોઈએ.**

અહીંયા એક શંકા થાય છે કે **''જે ભૂમા છે તેજ સાચું સુખ હોય છે અલ્પમાં સાચું સુખ હોતુ નથી. ભૂમા જ સાચું સુખ છે''** (છાન્દો.ઉપ.૭।૨૩।૧) આ શ્રુતિ વચનમાં કહેવાયેલ તે નિરવધિક સુખરૂપ 'ભૂમા'નાજ અપરપર્યાય હોવાના રૂપમાં ગીતામાં 'પુરૂષોત્તમ' પદ પ્રયુક્ત થયું છે. આવા તે પરમ તત્ત્વની સેવા કરવાવાળાની બાબતમાં દુઃખરૂપ દોષની સમ્ભાવના સ્વીકારી નથી શકાતી. જે અવિદ્યાકલ્પિત ન હોય એવા સ્વરૂપ વગર સેવા શક્ય નથી હોતી. સેવાર્થ અવિદ્યાપ્રયુક્ત જીવભાવ તો અપેક્ષિત રહે જ છે. તે અવિદ્યાકલ્પિત સ્વરૂપ પુનઃ પઞ્ચપર્વાધ્યાસમૂલક હોય છે. આ અધ્યાસની હેતુભૂત વ્યામોહિકા માયાની નિવૃત્તિની પ્રાર્થના કરવી એ અહીં આ પુરૂષોત્તમપ્રતિષ્ઠાવિધિમાં કાંઈક વિપરીત જેવી વાત લાગે છે. તેથી હે અજિત ! **સ્વરૂપાજ્ઞાનરૂપ દોષોને પ્રગટ કરવામાટે સત્ત્વરજતમો ગુણોને ગ્રહણ કરવાવાળી અનાદિ માયા-પ્રકૃતિનો !** ઇત્યાદિ વેદસ્તુતિના પદ્યનો પાઠ અહીંયા શા માટે દેખાડવામાં આવ્યો છે ?

આ વિષયમાં આ અવગન્તવ્ય છે : અખિલ સ્થાવર-જંગમોની બાહ્ય-

આભ્યન્તર-ઈન્દ્રિયોની શક્તિના ઉદ્‌બોધક, વસ્તુના અભિન્નનિમિત્તોપાદનરૂપ મૂળહેતુ ભગવાન જ હોય છે. પ્રકૃતિ તો દ્વારભૂત કરણ હોવાના રૂપમાં પ્રયુક્ત થાય છે. આ વાત મહાપ્રભુ કહે છે :

''પ્રપઞ્ચ ભગવાનદ્વારા નિર્મિત છે. સ્વયં ભગવાન જ પોતાની સર્વભવનસામર્થ્યરૂપા માયાદ્વારા પ્રપઞ્ચરૂપ ધારણ કરીને પ્રગટ થાય છે. આ સર્વભવનસામર્થ્યની અન્તર્ગત એક જે અવિદ્યા છે તે શક્તિના કારણે જીવને સંસાર થતો હોય એમ કહેવાય છે... આ પ્રપઞ્ચનું મૂલોપાદાન ન તો પ્રકૃતિ હોઈ શકે છે... ન તો આને વિવર્તરૂપ જ માની શકાય છે... આ તો ભગવાનનું કાર્ય અર્થાત્ તે પરમકાષ્ઠાપન્ન બ્રહ્મરૂપ વસ્તુની કૃતિથી પ્રગટ થયું છે એટલું જ નહીં પરન્તુ (અપિતુ) ભગવદ્રૂપ પણ છે.''

(ત.દી.નિ.પ્ર.૧।૨૩).

અહીંયા ગીતાના જે વચનનો વિચાર કરવાથી એક આશંકા ઉભરે છે તે આમ છે : **''જે ધારણાને કારણે સ્વપ્ન ભય કે શોક થતાં હોય... તે ધારણા તામસી હોય છે''** - **''જે સુખ આરમ્ભમાં અને ફળપરિણતિમાં પણ આત્મમોહક હોય કે નિદ્રા આળસ કે પ્રમાદ ને કારણે ઉત્પન્ન થતું હોય તેને તામસ સમજવું જોઈએ.''** (ભગ.ગીતા.૧૮।૩૫,૩૯) આ વાક્ય દ્વારા જીવોને થતી નિદ્રા અને ભગવાનની યોગનિદ્રા અલગ-અલગ પ્રકારની હોય છે. આવી સ્થિતિમાં યોગનિદ્રાના ત્યાગની પ્રાર્થનાનો આ પ્રતિષ્ઠાકર્મની સાથે કેવી રીતે સન્દર્ભ જોડી શકાય ?

આના સમાધાનાર્થ મહાપ્રભુનું આ વચન અનુસન્ધેય છે **''યોગનિદ્રા તો ભગવાન એક લીલાના રૂપમાં સ્વીકારે છે, જીવની જેમ નિદ્રાથી અભિભૂત થઈને નિદ્રિત નથી થતા. કેમકે ભગવન્નિદ્રા માયા કે પ્રકૃતિ આ ત્રણેય એક જ તત્ત્વના ત્રણ રૂપ છે... ભગવાનની આ તે શક્તિ છે કે જેનાથી ભગવાન જીવોને વ્યામોહિત કરે છે. કેમકે ભગવાનની યોગનિદ્રા જીવોમાં નિદ્રા આળસ વગેરે રૂપોમાં વ્યામોહિકા બનીને પ્રગટ થાય છે''** (સુબો.૧૦।૮૪।૧૪). આ આચાર્યવચનના પર્યાલોચન કરવાથી બ્રહ્મની સદંશરૂપા પ્રકૃતિ પણ આવી જ કોઈ સમ્મૂર્છિતાવસ્થા જેવી ભગવાનની યોગનિદ્રા છે. સચ્ચિદાનન્દરૂપ ભગવાનની આનન્દાંશદ્વારા લીલાવિહારની ઈચ્છા **''તેણે પોતાની એકાકિતામાં રમણ કરવાને બદલે દ્વિતીયની કામના કરી''** (બૃહ.ઉપ.૧।૪।૩) આમ નિરૂપિત થઈ છે. ભગવાનની જ **''હું એકાકી 'ઘણાં બધા**

રૂપોમાં પ્રગટ થઈ જાઉ''' (છાન્દો.ઉપ.૬।૨।૩) ઈચ્છાના કારણે ભગવાનના ચિદંશોની સાથે તે જ શક્તિરૂપા પ્રકૃતિ, ભગવાનના અપ્રતિહતસત્સંકલ્પને કારણે, પોતાની સમ્મૂર્છિતાવસ્થાનો ત્યાગ કરી મહદાદિ પઞ્ચમહાભૂત પર્યન્ત તિરોહિતચિદાનન્દાંશરૂપ વિકારોનો પ્રસવ કરે છે. આવું હોવાના કારણે સદંશભૂત ભગવન્મૂર્તિમાં પણ ભગવાનની યોગનિદ્રિતાવસ્થા જેવી કોઈ અવસ્થાની ભાવના કરવામાટે તથા ભક્તગૃહમાં ભક્તોદ્વારા અનુષ્ઠિત સેવાનો અંગીકાર કરવાના એક નૂતન લીલાનન્દને પ્રગટ કરવામાટે ભગવાનને જગાડવાની ભાવના કરવામાટે આ પાઠ સર્વથા પ્રાસંગિક જ લાગે છે. એક વાત વળી બીજી પણ એ છે કે **''ભગવાનની બધી લીલાઓનો અન્તર્ભાવ પુષ્ટિલીલામાં શક્ય હોવાથી સમગ્ર સૃષ્ટિ કૃષ્ણાર્થ જ પ્રગટ થતી જાણવી જોઈએ. અતએવ તો ભક્તિની સાથે શ્રીહરિનો આશ્રય લેવાથી બધાં કાર્ય સિદ્ધ થઈ જાય છે.''** (ત.દી.નિ.૩।૬।૯૮-૯૯) આવું નિરૂપણ મળતું હોવાથી પુષ્ટિમાર્ગીય ભક્તના દેહ ગેહ ધન કે પરિજન વગેરે બધું જ ભગવત્સૃષ્ટિની અન્તર્ગત છે. તેથી પુરૂષોત્તમપ્રતિષ્ઠા વિધિમાં વસ્તુમાત્રનું શ્રીકૃષ્ણાર્થક હોવું શ્રીકૃષ્ણસેવામાં તેમને વિનિયુક્ત કરવા એ છે. તે વિનિયોગરૂપા સેવાની અંગીકૃતિની લીલાના આરમ્ભક હોવાના રૂપમાં પણ આ પદ્યનો પાઠ ઉપપન્ન જ છે.

''સેવકોનો વ્યવહાર લોકમાં સ્વામીના પ્રતિ જેવો હોય છે તેવા જ પ્રકારે બધી વસ્તુઓ તથા ક્રિયાકલાપો નું બ્રહ્મને સમર્પણ કરી દેવાથી દોષ પણ બ્રહ્માત્મક બની જાય છે. જેમ ગંગામાં મળી જવાથી અન્યાન્ય જલરાશિ પણ ગંગારૂપ થઈ જાય છે તેની જેમ અહીંયા પણ સમજી લેવું જોઈએ.''

(સિદ્ધા.૨૯.૮-૯).

આ પ્રતિપાદનનું અવલોકન કરવાથી અહિંયા પણ બ્રહ્મસમ્બન્ધ લઈને આપણાં સર્વસ્વને ભગવાનની સેવામાં વિનિયોગ કરવાથી બધા દોષ અપહત (દૂર) થઈ જાય છે. અતઃ સર્વ દોષોના મૂળમાં રહેલી વ્યામોહિકામાયાકાર્યભૂતા અહંતા-મમતા સેવામાં પ્રતિબન્ધક ન થઈ શકે, તદર્થ પણ આ પદ્યનું પઠન આવશ્યક છે. આ જ વાત **''આ વ્યામોહિકા માયાને મારવાની (નાશ કરવાની) શું આવશ્યકતા છે ? આ તો અનેક ગુણોવાળી છે સુષુપ્તિમાં પરમાનન્દાનુભૂતિરૂપ ગુણનો આધાન પણ જીવાત્મામાં કરે છે. તોપણ ગુણવતી હોવા છતાંપણ જીવાત્માઓને સ્વયં પોતાના સ્વરૂપને ભૂલાવી દેવાના દોષરૂપ ગુણોને ધારણ પણ કરતી હોવાથી આનું નિરસન આવશ્યક છે''** (સુબો.૧૦।૮૪।૧૪) સુબોધિનીના આ વચનમાં મહાપ્રભુએ કહી છે. જેઓ પરીક્ષા વગર જે-કોઈને

પોતાના ગુરૂ માની લે છે અથવા યોગ્ય અધિકારી હોવાની પરીક્ષા લીધા વગર જે કોઈને ભક્તિમાર્ગમાં દીક્ષિત કરી દેવામાં આવે છે, આવા લોકાનુગત પશુરૂપ આંધળા ગુરૂના આંધળા અનુગામી જે બ્રહ્મસમ્બન્ધ દેતા-લેતા રહેતા હોય, આવા મૂઢજન પણ જ્યાં સુધી સ્વયંના ઘરોમાં સર્વસ્વનો વિનિયોગ નથી કરતા, ત્યાં સુધી તેમના કોઈ પણ દોષ કેવળ બ્રહ્મસમ્બન્ધ લેવામાત્રથી દૂર થઈ જતાં માની લેવા એ ભ્રાન્તિની પરાકાષ્ટા છે.

૮. શ્રીકૃષ્ણાકૃતિમાં લોકવેદપ્રસિદ્ધ શ્રીકૃષ્ણના અવતીર્ણ હોવાની ભાવના :

તેના પછી ''કમળની પાંખડીના જેવા નેત્રવાળા, ચાર ભુજાઓમાં શંખ ચક્ર ગદા વગેરે આયુધોને ધારણ કરેલાં, વક્ષપર શ્રીવત્સના સોનેરી ચિહ્નવાળા, ગળામાં કોસ્તુભમણિ ધારણ કરેલાં, સજલ મેઘના જેવા શ્યામલ અંગપર પીતામ્બર ધારણ કરેલા, મહર્ઘ વૈડુર્યમણીથી નિર્મિત કિરીટમુગુટ અને કુન્ડલોની કાન્તિથી જેમની ઘુંઘરાળી લટોં સૂર્યકિરણોંની સમાન ચમકી રહી હતી, કટિમાં ધરેલી કરધનીની લરો જેમની લટકી રહી હતી, બાહુઓમાં બાજુબંધ અને હસ્તમાં કંકણ જેમને શોભિત થઈ રહ્યાં હતા આવા અદ્ભૂત બાળકને વસુદેવજીએ જોયાં.''(ભાગ.પુરા.૧૦|૩|૯-૧૦)...

અહિયાં કોઈ પૂછવા માગે કે મથુરામાં તો ચતુર્વિધ વ્યૂહથી વિશિષ્ટ લોકવેદપ્રસિદ્ધ પુરૂષોત્તમ પ્રાદુર્ભૂત થયા. પુષ્ટિમાર્ગમાં જ્યારેકે લોકવેદાતીત દ્વિભૂજ યશોદાત્મજ પુરૂષોત્તમની ભક્તિ હોવી જોઈએ. અતઃ પુષ્ટિભક્તિરૂપા સેવાના માટે પ્રતિષ્ઠાપ્ય ભગવન્મૂર્તિની પ્રતિષ્ઠાવિધિમાં ચતુર્ભુજ વાસુદેવ પુરૂષોત્તમના જન્મના પદ્યનો પાઠ કેમ દેખાડવામાં આવ્યો છે ? તેથી વાસુદેવજીને થયેલાં દર્શનના વર્ણનવાળા સ્વરૂપની ભાવના કાંઈક અયોગ્ય લાગે છે ? વાહ શું પુષ્ટિભાવનો પ્રકર્ષ છે કે પ્રભુચરણોના નિરૂપણમાં અસમ્ભાવના કે વિપરીતભાવના પ્રગટ થવા લાગી ! કેમકે જે ગોપીકાઓના ભાવરૂપ ભગવાનને લોકવેદાતીત માનવામાં આવે છે તે ગોપીજન પણ તે જ લોકવેદાતીત ભગવાનને -

''આપ ગોપરાણી શ્રીયશોદાના સુત નથી પ્રત્યુત બધાં દેહધારીઓના અન્તર્યામી છો ! બ્રહ્માજીની જગતના રક્ષણ કરવાની પ્રાર્થનાના કારણે આપ સાત્વતોંના કુળમાં

પ્રગટ્યા છો.''

''આપ અભયદાન દેવાવાળા અને વૃષ્ણિઓમાં શ્રેષ્ઠ છો.''

''પોતાની શ્રમયુક્ત કાન્તિથી નયનોમાં ઉત્સવ પ્રગટ કરવાવાળા... સુહૃદોને આશિષ દેવાની ઈચ્છાથી માતા દેવકીની જઠરભૂમિપર ઉગેલા નક્ષત્રોના રાજા ચન્દ્રમાના જેવા શ્રીકૃષ્ણ આવી રહ્યા છે.''

(ભાગ.પુરા. : ૧૦|૨૮|૪-૫, ૧૦|૩૨|૨૩)

આ ગીતરૂપ નિરૂપણોમાં લોકવેદપ્રસિદ્ધતયા જ ગોપિકાઓ પોતાના લોકવેદાતીત પુરૂષોત્તમનુ વિભાવન કરી રહી છે. તેથી તેમના ભાવરૂપાત્મક ભગવાનમાં ઉભયવિધ રૂપોનો સમાહાર સિદ્ધ થતો હોવાથી તેમને ગુરૂપમ માનવાવાળા પુષ્ટિમાર્ગીઓએ પણ ભગવાન ઉભયવિધ જ સ્વીકારવા જોઈએ. **''કૌણ્ડિન્ય ઋષિ અને ગોપિકાઓ ગુરૂ મનાયેલાં છે તેથી તેમના ભાવ, જે ભાવના કરવાથી પ્રગટ થશે, તે ભાવને જ સાધન માનવા જોઈએ બીજું કાંઈપણ અપેક્ષિત નથી હોતુ''** (સંન્યા.નિર્ણ.૮) આવો આચાર્યચરણોનો આદેશ પણ મળતો હોવાથી આ આવશ્યક છે.

૯.શ્રીનન્દના વ્રજમાં પણ લોકવેદાતીત પ્રેમાદિભાવચતુષ્ટયાત્મક ભગવાનનું પ્રાગટ્ય તથા તેવી લીલાઓનું ભાવન :

''નન્દસ્ત્વાત્મજ...શુચિર્ અલંકૃત...નવકુઙ્કુમકિઞ્જલ્કં...ચલત્કુચાઃ'' (ભાગ.પુરા.પ્રમા.પ્રક.૧૦|૫|૧-૧૦). ''તં ગોરજશ્છુરિતકુન્તલ...અભ્યગમનસમેતા'', ''બર્હાપીડં નટવરવપુઃ...પ્રાવિશદ્ ગીતકીર્તિઃ'' (ભાગ.પુરા.પ્રમે.પ્રક.૧૦|૧૨|૪૨, ૧૦|૧૮|૫). ''શ્યામં હિરણ્યપરિધિં...મુખાબ્જહાસમ્'' (ભાગ.પુરા.સાધ.પ્રક.૧૦|૨૦|૨૨). ''તાસામ્ આવિરભૂદ્ શૌરિઃ...સાક્ષાત્ મન્મથઃ'', ''ઉત્સવં શ્રમ રુચાપિ...દેવકીજઠરભૂરુડુરાજઃ'' (ભાગ.પુરા.ફલપ્રક.૧૦|૩૨|૨૩) ઇત્યાદિ (વગેરે) પદ્યોમાં ભગવાનનું જેવુ સ્વરૂપ **નિરૂપિત થયું છે તેવા સ્વરૂપનું આ પદ્યોના પાઠના સમયે ધ્યાન કરવું જોઈએ -**

અહિયાં પ્રભુચરણોએ ''ઇત્યાદિ પદ્યોંમાં જેવુ ભગવાનનું સ્વરૂપ નિરૂપિત થયું છે તેવા સ્વરૂપનું આ પદ્યોનો પાઠ કરતા સમયે ધ્યાન કરવુ જોઈએ'' આવુ કહ્યું હોવાથી તથા

પરમ્પરામાં પણ ભગવજજન્મોત્સવની વેળામાં જન્મપ્રકરણના ઉક્ત બે પદ્યોનું નહીં પ્રત્યુત પ્રથમથી લઈને અઢાર પદ્યોના અનુવાદરૂપ શ્રીસૂરદાસજીનુ ''વ્રજ ભયો મહરિકે પૂત'' વ્રજભાષાનું પદ ગાવામાં આવે છે, આ હેતુના વશ (આ કારણે) પણ બધાંજ મૂલપદ્યોને અહીંયા સંગૃહીત કરી દેવા ચાહિયે છીએ. આ રીતે (પ્રકારે) અન્ય પણ શ્રીહરિરાયજી દ્વારા ઉપદર્શિત પ્રસક્તાનુપ્રસક્ત પદ્યોને પણ. આને વ્યર્થ વિસ્તાર ન માનવો જોઈએ, કેમકે જેને આ ભગવાનના જન્મોત્સવની ભાવનાના પદ્યોમાં જ વ્યર્થ વિસ્તાર લાગતો હોય તે અવશ્ય આ પદ્યોમાં નિરૂપિત ભાવના ન કરે અન્યથા કરવામાં કોઈ બાધક કે વિસ્તાર નથી. જેને આ શ્લોકોને બોલવામાં તકલીફ લાગતી હોય તે પૂર્વોક્ત સૂરદાસજીનું; કે ''બધાઈ માઈ આજ બધાઈ'' પદ નન્દદાસજીનું; અથવા ''જન્મ સુતકો હોત હી આનન્દ ભયો'' પદ હરિરાયજીનું પણ જન્મપ્રસઙ્ગના અનુગાનરૂપ આ પદોનુ ગાન કરી શકે છે.

''નન્દસ્તુ આત્મજ ઉત્પન્ને જાતાહ્લાદો મહામના: આહૂય વિપ્રાન્ વેદજ્ઞાન્ સ્નાત: શુચિર્ અલઙ્કૃત: વાચયિત્વા સ્વસ્ત્યયનં જાતકર્મ આત્મજસ્ય વૈ કારયામાસ વિધિવત્ પિતૃદેવાર્ચનં; તથા, ધેનૂનાં નિયુતે પ્રાદાદ્ વિપ્રેભ્ય: સમલંકૃતે તિલાદ્રીન્ સપ્ત રત્નૌઘશાતકુમ્ભામ્બરાવૃતાન્. કાલેન સ્નાનશૌચાભ્યાં સંસ્કારૈસ્ તપસા ઇજ્યયા શુદ્ધ્યન્તિ દાનૈ: સન્તુષ્ટ્યા દ્રવ્યાણિ આત્મા આત્મવિદ્યયા. સૌમઙ્ગલ્યગિરો વિપ્રા: સૂતમાગધવન્દિન: ગાયકા: ચ જગુર્ નેદુર્ ભેર્યો દુન્દુભયો મુહુ:. વ્રજ: સંમૃષ્ટસંસિક્તદ્વારાજિરગૃહાન્તર: ચિત્રધ્વજપતાકાસ્રક્ચૈલપલ્લવતોરણૈ:. ગાવો વૃષા વત્સતરા હરિદ્રાતૈલરૂષિતા:. વિચિત્રધાતુબર્હસ્રગ્વસ્ત્રકાઞ્ચનમાલિન: મહાર્હવસ્ત્રાભરણકઞ્ચુકોષ્ણિષભૂષિતા: ગોપા: સમાયયુ: રાજન્ નાનોપાયનપાણય:. ગોપ્યશ્ ચ આકર્ણ્ય મુદિતા: યશોદાયા: સુતોદ્ભવમ્ આત્માનં ભૂષયાઞ્ચક્રુ: વસ્ત્રાકલ્પાઞ્જનાદિભિ:. નવકુઙ્કુમકિઞ્જલ્કમુખપઙ્કજભૂતય: બલિભિસ્ ત્વરિતં જગ્મુ: પૃથુશ્રોણ્યશ્ ચલત્કુચા:. ગોપ્ય: સુમૃષ્ટમણિકુણ્ડલનિષ્કકણ્ઠ્યશ્ચિત્રામ્બરા: પથિ શિખાચ્યુતમાલ્યવર્ષા: નન્દાલયં સવલયા વ્રજતીર્ વિરેજુ: વ્યાલોલકુણ્ડલપયોધરહારશોભા:. તા આશિષં પ્રયુઞ્જાના: 'ચિરં પાહિ' ઇતિ બાલકે, હરિદ્રાચૂર્ણતૈલાદ્ભિ: સિઞ્ચુત્યો અજનમ્ ઉજ્જગુ:. અવાદ્યન્ત વિચિત્રાણિ વાદિત્રાણિ મહોત્સવે કૃષ્ણે વિશ્વેશ્વરે અનન્તે નન્દસ્ય વ્રજમ્ આગતે. ગોપા: પરસ્પરં હૃષ્ટા: દધિક્ષીરઘૃતામ્બુભિ: આસીઞ્ચન્તો વિલિમ્પન્તો નવનીતૈશ્ચ ચિક્ષિપુ:. નન્દો મહામનાસ્

તેભ્ય: વાસોડલઙ્કારગોધનં સૂતમાગધબન્દિભ્યો યે અન્યે વિદ્યોપજીવિન: તૈસ્તૈ: કામૈર્ અદીનાત્મા યથોચિતમ્ અપૂજયત્, વિષ્ણો: આરાધાનાર્થાય સ્વપુત્રસ્ય ઉદયાય ચ. રોહિણી ચ માહાભાગા નન્દગોપાભિનન્દિતા વ્યરચદ્ દિવ્યવાસસ્રક્કણ્ઠાભરણભૂષિતા. તત આરભ્ય નન્દસ્ય વ્રજ: સર્વસમૃદ્ધિમાન્ હરે: નિવાસાત્મગુણૈ: રમાક્રીડમ્ અભૂન્ નૃપ !''

(ભાગ.પુરા.૧૦|૫|૧-૧૮)

અહીંયા શ્રીહરિરાયજી અને શ્રીપુરૂષોત્તમજી દ્વારા ઉપદિષ્ટ તથા પરમ્પરાગતતયા ઉલ્લેખિત પ્રમાણપ્રકરણીય ગોપીજનોદ્વારા બાળરૂપ પ્રભુની રક્ષાના બહાને કરેલાં ભાવસ્થાપન પણ અવશ્યંગ્રાહ્ય હોવાથી સંગૃહીત કરવામાં આવ્યા છે :

''અવ્યાદ્ અજો અઙ્ઘ્રિમ્, અણિમાન્ તવ જાનુ, અથ ઊરૂ યજ્ઞો, અચ્યુત: કટિતટં, જઠરં હયાસ્ય:, હૃત્ કેશવસ્, ત્વદુર ઇશ:, ઇનસ્તુ કણ્ઠં, વિષ્ણુ: ભુજં, મુખમ્ ઉરુક્રમ:, ઇશ્વર: કમ્, ચક્રી અગ્રત:, સહગદો હરિ: અસ્તુ પશ્ચાત્, ત્વત્પાર્શ્વયો: ધનુરસી મધુહા અજન: ચ, કોણેષુ શઙ્ખ:, ઉરુગાય ઉપરિ ઉપેન્દ્રસ્, તાર્ક્ષ્ય: ક્ષિતૌ, હલધર: પુરુષ: સમન્તાત્. ઇન્દ્રિયાણિ હૃષીકેશ:, પ્રાણાન્ નારાયણો, અવતુ, શ્વેતદ્વીપપતિશ્ ચિત્તમ્. મનો યોગેશ્વરો અવતુ. પૃશ્નિગર્ભસ્તુ તે બુદ્ધિમ્, આત્માનં ભગવાન્ પર:, ક્રીડન્તં પાતુ ગોવિન્દ:, શયાનં પાતુ માધવો, વ્રજન્તમ્ અવ્યાદ્ વૈકુણ્ઠ:. આસીનં ત્વાં શ્રિય:પતિ:, ભુઞ્જાનં યજ્ઞભુક્ પાતુ સર્વગ્રહભયઙ્કર:. ડાકિન્યો યાતુધાન્ય: ચ કૂષ્માણ્ડા: યે અર્ભકગ્રહા: ભૂતપ્રેતપિશાચા: ચ યક્ષોરક્ષવિનાયકા: કોટરા રેવતી જ્યેષ્ઠા પૂતના માતૃકાદય: ઉન્માદા યે હિ અપસ્મારા દેહપ્રાણેન્દ્રિયદ્રુહ:, સ્વપ્નદૃષ્ટા મહોત્પાતા વૃદ્ધબાલગ્રહા: ચ, યે સર્વે નશ્યન્તુ તે વિષ્ણોર્ નામગ્રહણભીરવ:.''

(ભાગ.પુરા.૧૦|૫|૨૨-૨૯)

(સેવ્યની રસરૂપતાનો વિચાર)

અહીંયાં એક એવી શંકા ઉઠે છે કે લોકવેદપ્રથિત પુરૂષોત્તમ પાત્રસ્થાનીય હોય છે અને તેમનામાં ભરેલા રસના જેવા લોકવેદાતીત પુરૂષોત્તમ હોય છે. આવું માની લેવાથી ઉલ્લિખિત પદ્યમાં રક્ષ્ય તો રસરૂપ પુરૂષોત્તમ લોકવેદાતીત ભગવાન છે અને રક્ષકતો લોકવેદપ્રસિદ્ધ પાત્રસ્થાનીય. કેમકે કોઈ ને કોઈ પાત્રમાં જ તો રસની

રક્ષા શક્ય હોય છે. પુષ્ટિભક્તિમાં તો રસરૂપ ભગવાન જ રસનીય કે ભજનીય હોય છે નહીં કે પાત્રરૂપ! આ પ્રકારની શંકાના સમાધાનતયા આ જિજ્ઞાસ્ય છે કે કેવીરીતે અને કેવા પ્રમાણના બળપર આ માન્યું કે ભગવાન રસરૂપ હોય છે! આવું શ્રીહરિરાય મહાપ્રભુના વચનોના પ્રમાણબલપર તો માની ન શકાય કેમકે શ્રુતિરૂપ વેદોમાં પ્રસિદ્ધ હોવાના રૂપમાં જ શ્રીકૃષ્ણની રસાત્મકતાનું પ્રતિપાદન તેઓએ કર્યું છે તેથી તે વેદપ્રથિત પુરૂષોત્તમમાં પર્યવસિત નહીં થાય તો ક્યાં થશે જુઓ : ''**'રસો વૈ સઃ' આ શ્રુતિની અનુસાર તે રસાત્મક છે. આવા કૃષ્ણમાં પોતાની મતિ બ્રહ્મવાદની અનુસાર સ્થિર કરવી જોઈએ... પહેલા સંયોગાત્મક સ્વરૂપ વસુદેવજીના ઘરમાં સ્વયં પ્રગટ થયું. ત્યાર બાદ તે નન્દરાયજીનાં ઘરમાં પધાર્યું. ત્યાં ભાવાત્મક વ્રજમાં સંશ્રિત ગોપીકાઓના ભાવરૂપ સ્વરૂપને પોતાનામાં સંસ્થિત કર્યું. તે સ્વસ્થિત સ્વરૂપદ્વારા વ્રજમાં ભગવાન સતત રમણ કરે છે.''** (સ્વમા.મૂ.નિરૂ.૧,૧૭-૧૮) આ નિરૂપણમાં રસાત્મક સ્વરૂપની અન્તઃસ્થિતિ જ દેખાડવામાં આવી છે. પરન્તુ પ્રષ્ટવ્ય અહીંયા આ બને છે કે પ્રતિષ્ઠાપ્ય ભગવન્મૂર્તિની પ્રતિષ્ઠા આન્તર અભિપ્રેત છે કે બાહ્ય? આન્તરપ્રતિષ્ઠા તો કહી શકાતી નથી, કેમકે સેવા **''તે ફલરૂપા અને સાધનરૂપા હોય છે. આમાં માનસી સેવા પરા ફલરૂપા હોય છે''** (સિ.મુ.પ્ર.૧). આમ મૂળમાં સેવાના બે પ્રકાર પ્રભુચરણોંએ માન્યા છે. આમાં ફલરૂપા સેવા માનસી કે આન્તર હોય છે. તેની સાધનરૂપા તનુવિત્તજા બાહ્ય હોય છે. આવી સ્થિતિમાં સેવ્ય ભગવન્મૂર્તિની અન્તઃપ્રતિષ્ઠા સ્વીકારવી શક્ય નથી. હવે જો બાહ્ય પ્રતિષ્ઠા અભિપ્રેત માનીએ તો બાહ્ય સ્વરૂપની અંદર સ્થિત ભાવાત્મક સ્વરૂપની જેમ તેના પાત્રસ્થાનીય ભગવન્મૂર્તિને પણ ભજનીય તો માનવી જ પડશે, કેમકે આલમ્બનવિભાવ ન હોય તો સ્થાયીભાવરૂપ રસનું સ્વરૂપ પણ સિદ્ધ નહીં થઈ શકે. સ્થાયિભાવ તો ભગવદ્વિષયક સ્નેહરૂપ હોવાથી સેવ્ય પ્રભુના ધર્મરૂપ હોય છે અને પોતાના ધર્મીપર અવલમ્બિત હોય છે. આ વાત મહાપ્રભુએ **''પ્રીતિ તો ભગવાનનો એક એવો ધર્મ છે કે જેને ભગવાન બધાં જીવોની વચ્ચે થોડા-ઘણાં રૂપમાં વહેંચે છે કે જેથી જીવાત્મા સુખની અનુભૂતિથી વંચિત ન રહી જાય. અતઃ જેની જ્યાં પ્રીતિ બંધાઈ જાય છે ત્યાં તે સુખ પામવા લાગે છે''** (સુબો.૨|૨|૭) આ વિધાનમાં કહી છે.

અતઃ ભાવરૂપ ભગવત્પ્રેમ ભગવદ્ધર્મરૂપ હોવાના કારણે ભગવદાત્મક હોવા છતાં પણ ભગવદ્અનુગ્રહ કે ભગવત્કૃત પ્રદાન વિના જીવાત્મામાં પ્રતિષ્ઠિત થઈ નથી શકતો. અતઃ ભાવસહિત સેવા કરવામાટે ભગવન્મૂર્તિમાં ભાવ કે ધર્મની

પ્રતિષ્ઠા કરવામાં આવે છે. ધર્મ ધર્મી વિના તો રહી નથી શકતો અતઃ મૂર્તિમાં ધર્મિરૂપ ભગવાનનો આવિર્ભાવ પણ માનવો જ જોઈએ. સ્નેહના આલમ્બનવિભાવમાં સ્નેહીને અનુરાગ થાય છે. ભગવન્મૂર્તિ પ્રત્યેના સ્નેહને ભક્તિના સ્થાયિભાવપ્રયુક્ત અનુભાવ જ જાણવો જોઈએ. આવું ન માનવાથી તો તેને ભક્તિ માનવી પણ શક્ય નહિં રહી જાય. મહાપ્રભુએ જે **''ભક્તિ પોતાનો અનુભાવ જો પ્રગટ ન કરે તો તે થોથા ધર્માચરણનુ રૂપ લઈને ભક્તિ હોવાનો સ્વભાવ ખોઈ દે છે.''** (ત.દી.નિ.૩|૯|૨૭-૨૮) એમ પ્રતિપાદન કર્યુ છે. પુષ્ટિમાર્ગીયધર્માર્થકામમોક્ષનું નિરૂપણ કરનારી ચતુઃશ્લોકીમાં યથાક્રમ પ્રમાણપ્રમેયસાધનફલનું પ્રતિપાદન પણ સુવચ હોવાથી સર્વભાવની સાથે કરવામાં આવતી સેવાનું જેવીરીતે પુષ્ટિમાર્ગીય ધર્મ હોવું માન્ય છે, તે રીતે જ પુષ્ટિમાર્ગમાં ભગવાનના ભજનીયસ્વરૂપના બોધાર્થ સેવાનું પ્રેમરૂપ કે પ્રમાણરૂપ હોવું પણ માન્ય છે. અતએવ પ્રેમ આસક્તિ વ્યસન અને વ્યસનોત્તર ફલના દ્યોતક પ્રમાણ પ્રકરણથી લઈને ફલપ્રકરણ પર્યન્તના ભગવત્પ્રાકટ્યના નિરૂપક પદ્યોના સંકલનાર્થ **''નન્દસ્ત્વાત્મજ...દેવકીજઠરભૂરૂડુરાજઃ'' ઇત્યાદિ પદ્યોમાં જેવું ભગવાનનું સ્વરૂપ નિરૂપિત થયું છે, તેવા સ્વરૂપનું આ પદ્યોનો પાઠ કરતા સમયે ધ્યાન કરવું જોઈએ** આવી વિધિ પ્રભુચરણોંએ દેખાડી છે. અહીંયાં અમુક માતૃકાઓમાં અનુક્ત હોવા છતાંપણ આદ્યન્ત પદ્યોના ગ્રહણને કારણે મધ્યપાતી પ્રમેયસાધનપ્રકરણગત પદ્યોનો ઉહ ત્યાં પણ કરવો જોઈએ.

શ્રીભાગવતદશમના સાત અધ્યાયવાળા પ્રમાણપ્રકરણના અર્થાત્ પાંચમાં અધ્યાયથી અગિયારમાં અધ્યાય સુધીના અધ્યાયો ભગવાનના અલૌકિક ચરિત્રમાં લીલામધ્યપાતી બધાં પ્રમાણનુ અન્વેષણ કરવાવાળા છે. પ્રગટ કે સુદૃઢ થવાવાળી ભક્તિયુક્ત મનોવૃત્તિના હેતુવશ પ્રમાણાન્વેષણ કરવામાં તો અજ્ઞાન અથવા અન્યથાજ્ઞાન ના દ્વારા પણ ભગવાનના લીલાર્થ ગૃહીત સ્વરૂપનો બોધ તથા આનન્દ પ્રાપ્ત થઈ શકે છે. આવું મહાપ્રભુએ **''અજ્ઞાનમ્ અન્યથાજ્ઞાનમ્ પ્રમાણં ભક્તિહેતુકમ્''** (ત.દી.નિ.૩|૧૦|૪૩) વડે સમજાવ્યું છે.

પોતાના સેવ્યસ્વરૂપમાં અનન્યપ્રેમના કારણે કોઈક બ્રહ્મધર્મોનુ કે પરમાત્મધર્મોનુ કે ભગવદ્ધર્મોનુ કે શ્રીકૃષ્ણના અવતારકાલિક ધર્મોનુ પણ અજ્ઞાન કે અન્યથાજ્ઞાન સ્વરૂપસેવાના નિર્વાહાર્થ બહુ બાધક નથી થઈ શકતું. અહિંયા આ જાણી રાખવા

લાયક વાત છે કે ભગવત્સ્વરૂપના કે ભગવલ્લીલાના અજ્ઞાન-અન્યથાજ્ઞાનના કારણે પ્રગટતી ભક્તિ પ્રમાણબલના વિચારથી પ્રશસ્ત નથી હોતી. અતએવ તે ન તો ઉપદેશાર્હ હોય છે અને ન અભિનન્દનાર્હ જ. પરન્તુ પ્રમેયબલના વિચારથી તો આપણાં માટે કાંઈ વિચારણીય જ બચતું નથી. કેમકે પ્રમેયબલના પ્રસંગમાં યુક્તાયુક્ત નો વિચાર કરવાનો એકાધિકાર ભગવાનનો જ હોય છે. છતાંપણ ભક્તિહેતુક ભગવત્સ્વરૂપનુ કે ભગવલ્લીલાનુ અજ્ઞાન હોય કે અન્યથાજ્ઞાન હોય, બન્ને જ ભગવત્સેવામાં પ્રમાણરૂપ થઈ શકે છે. અતએવ પ્રભુચરણદ્વારા પ્રદત્ત કિશોરાવસ્થાવાળા ભગવત્સ્વરૂપની સેવા કરવાવાળીને બાલકૃષ્ણ સ્વરૂપનુ અજ્ઞાન (દ્રષ્ટ.૨૫૨ વાર્તા.૨૨૩) સર્વથા નિર્દુષ્ટ જ માનવામા આવ્યું. આથી વિપરીત બાલભાવના રાખીને સેવા કરવાવાળી બીજી વૃદ્ધાના ઠાકોરજીએ જ્યારે બાલ્યભાવોચિત બિલાડીથી ડરવાની ફરીયાદ કરી ત્યારે એમને પૂતના વગેરે અસુરોને મારવાની લીલા યાદ અપાવવાવાળી વાત પ્રમાણિક હોવા છતાં પણ અપરાધરૂપ માનવામાં આવી (દ્રષ્ટ.૨૫૨ વાર્તા.૮૩). અતઃ સેવામાં લીલૌપયિક અજ્ઞાન કે અન્યથાજ્ઞાન પ્રમાણરૂપ હોય છે. પરન્તુ લીલાથી વિપરીત ભગવત્સ્વરૂપનુ યથાર્થજ્ઞાન પણ ક્યારેક અપ્રમાણ થઈ શકે છે. અતઃ પ્રમાણપ્રકરણીય ભગવત્સ્વરૂપના પ્રાગટ્યનો ભાવ સેવ્ય ભગવન્મૂર્તિ અને સ્વયં સેવક આમ બન્નેને માટે સેવામાં સહાયક થાય છે.

ત્યાર બાદ આસક્તિ વ્યસન અને નિરોધાવસ્થા કે સર્વાત્મભાવ અવસ્થાઓમાં ભાવની અભિવૃદ્ધિની આકાંક્ષાથી પ્રમેયપ્રકરણ સાધનપ્રકરણ તથા ફલપ્રકરણ માં મળતા પદ્યોમાં નિરૂપિત લીલાઓની ભાવના :

''ગાયની ખુરોથી ઉડવાવાળી રજથી છવાયેલી ઘુંઘરાળી અલકોવાળાં, મસ્તકપર મયુરપિચ્છનો ગુચ્છ ધારણ કરેલાં, વન્યપુષ્પોને પણ ત્યાં ખોસીને રાખવાવાળાં, પોતાના સાથી ગોપબાલકોદ્વારા વખાણવામાં આવતા, રૂચિર ચિતવનની સાથે હસીને મુરલી વગાડવાવાળાં આવાં શ્રીકૃષ્ણની સન્મુખ ગોપીજન તરસતા નયનોથી દર્શન મેળવવામાટે દોડી આવી'', ''નટવરરૂપ ધારણ કરેલા ભગવાન મયુરપિચ્છોના ગુચ્છને પોતાના કેશગુચ્છોમાં, કાનોમાં કનેરના પુષ્પોને, પીતામ્બર તથા વૈજયન્તીમાલા ધારણ કરી, વેણુનાં રન્ધ્રોને પોતાની અધરસુધાથી પૂરિત કરતા કરતા, તેમની કીર્તિનું ગાન કરવાવાળા ગોપવૃન્દોની સાથે વૃન્દારણ્યમાં પ્રવિષ્ટ થયા'', ''વનજધાતુઓદ્વારા વિવિધ આકૃતિઓથી

ચિત્રિત સાંવરા (શ્યામલ) શ્રીઅંગપર સોનેરી વસ્ત્ર ધારણ કરી, કણ્ઠમાં વનમાલા, કેશના અંબોડામાં મયુરપંખ નો ગુચ્છ ખોસેલા, વૃક્ષોના નવીન કૂંપણોથી પણ પોતાને સજાવીને નટવેષ ધારણ કરી એક શ્રીહસ્ત પોતાના સાથી ગોપબાલકોના ખભાપર રાખી અને બીજા શ્રીહસ્તથી કમળના પુષ્પને નચાવતા-નચાવતા, કર્ણોને પણ ઉત્પલથી અલંકૃત કરવાવાળા, ઘુંઘરાળી અલકોથી ઘેરાયેલાં હસતા મુખારવિન્દવાળા શ્રીકૃષ્ણની બાબતમાં પહેલાં સાંભળેલી મનોહારિણી સુન્દરતાને નયનોથી નિરખીને પોતાની ભીતર (અન્દર) જ મનથી તેમની સાથે લપટાઈ ગઈ'', ''સહસા તેમની વચ્ચે કામદેવને પણ મથિત કરી દેવાવાળા પીતામ્બર અને વનમાળા ધારણ કરેલાં મન્દસ્મિત કરતા-કરતા ભગવાન શૌરી પ્રગટ થઈ ગયા''. ''ગાયોની ખુરોથી ઉડેલી રજથી છવાયેલી ઘુંઘરાળી અલકવાળા, દેવકીરૂપા ભૂમિપર પૂર્ણ ચન્દ્રમાની સમાન ઉદિત થવાવાળા, થાક્યા-થાક્યા સા મુખારવિન્દની શોભાદ્વારા પોતાના સુહૃદોને વરદાન પ્રદાન કરવામાટે, જુઓ ! ગોચારણ કરી શ્રીકૃષ્ણ ગોકુલમાં આવી રહ્યા છે !''.

આ પદ્યોના પાઠના સમયે સેવાકર્તાની અન્દર ભક્તિના આસક્તિજનક પ્રમેયરૂપ, વ્યસનજનક સાધનરૂપ; તથા, નિરોધાવસ્થા કે સર્વાત્મભાવ ને ફલિત કરવાવાળા ફલરૂપ ભગવાનની ભાવના સેવ્યમૂર્તિમાં કરવી જોઈએ. આવું ન વિચારવું જોઈએ કે આટલાજ શ્લોક પર્યાપ્ત હતા પછી શ્રીહરિરાયજી તથા શ્રીપુરૂષોત્તમજી એ અધિક પદ્યોનો ઉહ કેમ કર્યો ? પૂર્વાચાર્યોદ્વારા ઉપદિષ્ટ ન હોવાના કારણે તથા સ્વોત્પ્રેક્ષિત હોવાના કારણે પણ આ પદ્યોના પાઠથી સેવ્ય ભગવન્મૂર્તિમાં અન્યથાભાવનો દોષ પ્રસક્ત થઈ શકે છે, આવી શંકા ન કરવી જોઈએ કેમકે ''ઋષિગણોને દિવ્ય લોકોમાં પાછા ફરતાં જોઈને મનુષ્યોએ દેવતાઓને પૂછયું 'હવે અમારી વચ્ચે ઋષિઓનું કામ કોણ કરી શકશે ?' આના સમાધાનાર્થ દેવતાઓએ ઊહરૂપ તર્કર્ષિ તેમને સોંપ્યાં મન્ત્રોના અર્થના ચિન્તનની પ્રક્રિયામાં પ્રગટ થતા અભ્યૂહ અતઃ ઋષિવત્ પ્રમાણ હોય છે. અતઃ વેદાદિ શાસ્ત્રવચનોની વ્યાખ્યાનદ્વારા જે પણ કાંઈ અભ્યૂહ કરવામાં આવે છે, તેને આર્ષ જ સમજવો જોઈએ'' (નિરૂ.નિઘ.૧૩।૧।૧૨) આવું કહેવાયેલું હોવાથી અભ્યૂહમાં કોઈ પ્રકારનો દોષ ન હોવાથી અભ્યૂહિતમાં દોષ કેમ થશે ?

આ રીતે પ્રમેય સાધન અને ફલ પ્રકરણોના અન્તર્ગત ભગવાનના પ્રગટ થવાના વર્ણન કરવાવાળા ભાગવતીય પદ્યોના આધારે ભાવના કરવાથી સેવ્ય ભગવન્મૂર્તિ

પોતાના સેવક ભક્તમાં ભક્તિની આસક્તિ અને વ્યસન અવસ્થાની ઉદ્દીપક થઈ શકશે. આવું મહાપ્રભુ પણ **''અતઃ પોતાના ભક્તિભાવરૂપ પ્રમાણદ્વારા શ્રીકૃષ્ણને જાણી લેવાથી શ્રીકૃષ્ણનું પ્રમેયરૂપ પ્રગટ થઈ જવાથી શ્રીકૃષ્ણમાં આસક્તિ વર્ણિત થઈ શકે છે. પ્રમાણ પ્રકરણમાં સર્વતોઽધિક સ્નેહ નિરૂપિત થયો હવે પ્રમેયપ્રકરણમાં આસક્તિ અને સાધનપ્રકરણમાં ભક્તિની વ્યસનાવસ્થા નિરૂપિત થાય છે, અને ચતુર્થ ફલપ્રકરણમાં ફલપ્રાપ્તિ, આમ ચારેય પ્રકારથી વ્રજજન ભગવાનમાં જ કેવળ નિરૂદ્ધ થઈ ગયા''** (ત.દી.નિ.૩।૧૦।૫૯-૬૦) આ કારિકાઓમાં કહે છે.

૧૦.આ પ્રકારે વિવિધ ભાવનાઓની સાથે સેવ્ય ભગવન્મૂર્તિની પુરૂષોત્તમાત્મકતા સમ્પન્ન થઈ જવાથી અગ્રિમ સેવાના પ્રકારનુ નિરૂપણ :

> **તેના પછી સુવર્ણનિર્મિત વેણુ અને વેત્ર અને પિતામ્બર પણ સમર્પિત કરવા. આમ પુરૂષોત્તમાત્મકતા પ્રગટ થઈ જવાથી પોતાના સેવ્યની બાબતમાં ''આ સાક્ષાત્ ભગવાન શ્રીગોકુલેશ શ્રીકૃષ્ણ છે'' આવી બુદ્ધિ કરવી જોઈએ નહિંકે તેમના કેવળ સ્વરૂપ કે તેમની જડમૂર્તિ કે ચિત્તને એકાગ્ર બનાવવામાં ઉપયોગી પ્રતીક આદિ હોવાની.**

આમ પ્રમાણ પ્રમેય સાધન અને ફલ ચારેય પ્રકારના નિરોધને સિદ્ધ કરવાવાળા ભગવત્સ્વરૂપની ભાવના (અને) આપણાં હૃદયમાં પ્રેમ આસક્તિ વ્યસન અને સર્વાત્મભાવરૂપ ફલાનુભૂતિના સાધક (ભગવત્સ્વરૂપ) હોવાની પણ ભાવનાદ્વારા પુષ્ટ ભગવત્સ્વરૂપમાં ભગવાનનું સાક્ષાત્ પ્રાગટ્ય માનવાની ભાવનાનો ઉપદેશ આપે છે તેના પછી સુવર્ણનિર્મિત વેણુ અને વેત્ર વાક્યાંશથી પ્રારમ્ભ કરી વચમાં પુરૂષોત્તમાત્મકતાના પ્રગટ થઈ જવાથી આમ પણ નિરૂપિત કરીને નહિંકે તેમનુ કેવળ સ્વરૂપ... પ્રતીક વગેરે હોવાની આ વાક્યાંશ પર્યન્ત.

આજકાલ આમતો આપણાં માર્ગમાં સેવ્ય ભગવદ્‌વિગ્રહની બાબતમાં તેમને ભગવાનની મૂર્તિ માનવાની બુદ્ધિને નિષિદ્ધ માની ને 'સ્વરૂપ' માનવાનુ-કહેવાનુ જ પ્રચલન છે. અતઃ અહિયાં જિજ્ઞાસા થાય છે કે સેવ્ય ભગવન્મૂર્તિને સ્વરૂપ ન માનવાના ઉપદેશની સંગતિ શું? આ વિષયનુ સમાધાન આ છે કે 'મૂર્તિ' નામ મૂળમાં આકારવાચક હોય છે. આ **''શ્રીહરિની મૂર્તિનુ સદા ધ્યાન કરતા રહેવુ જોઈએ''**

(નિરો.લક્ષ.૧૭) આ વચનમાં સ્વયં મહાપ્રભુએ આ પદનો પ્રયોગ કર્યો હોવાથી દોષ થઈ જવાની પ્રચલિત ભીતિ તો નિરાધાર છે. **''સાકારવ્યાપકત્વાત્ ચ''** (ત.દી.નિ.૨।૨૨૯)વચનમાં બ્રહ્મને વ્યાપક અને સાકાર માનવામાં આવ્યા હોવાથી પણ આકારાર્થક 'મૂર્તિ' પદના પ્રયોગમાં કોઈ આપત્તિજનક વાત નથી લાગતી. એતાવતા (આથી) આ ભજન કેવળ ભગવદાકારનું જ ભજન છે અર્થાત્ સાક્ષાત્ ભગવાનનું ભજન નથી, આવી બુદ્ધિના નિરાકરણાર્થ જ સેવ્ય પ્રભુના મૂર્તિ હોવાનો ઉલ્લેખ નિષિદ્ધ છે. આ પ્રકારે ''સ્વ (પોતાનુ) + રૂપ (આકૃતિ) = સ્વરૂપ'' આવા સિમિત અર્થમાં કે સેવ્ય ભગવાનના રૂપની જ સેવા થઈ રહી છે સાક્ષાત્ ભગવાનની નહિં, આવી બુદ્ધિના નિરાકરણાર્થ પ્રભુચરણ અહિંયા આવો ઉપદેશ આપી રહ્યા છે. આના કારણે ''જે સ્વયં પોતાના રૂપની સાથે હોય'' આવી બુદ્ધિ ભગવાનમાં રાખીને કરેલા 'સ્વરૂપ' પદના પ્રયોગમાં કોઈ આપત્તિ માની નથી શકાતી. અતએવ મહાપ્રભુ પણ **''યોગ્ય ગુરૂના ન મળવાથી સ્વયં જ ભગવાનની મૂર્તિને પોતાના સેવ્ય બનાવીને પરિચર્યા સર્વદા કરવી કેમકે તે વ્યાપક બ્રહ્મની જેમ તેમનુ રૂપ પણ ત્યાં વિદ્યમાન હોય છે''** (ત.દી.નિ.૨।૨૨૮) આ વચનમાં ભગવન્મૂર્તિમાં ભગવાનના સ્વયં વિદ્યમાન હોવાની ઉપરાંત ભગવાનના રૂપની વિદ્યમાનતાના વાચક 'ચ' (પણ) નિપાતનો પ્રયોગ કરે છે. અતઃ બ્રહ્મદષ્ટિથી તે દેશકાલસ્વરૂપતઃ અપરિચ્છિન્ન પરમતત્ત્વ જ ભગવાન શ્રીકૃષ્ણ હોવાની દષ્ટિથી ભક્તાનુગ્રહશીલ સાકાર પણ હોય છે. અતઃ પોતાના ભજનીયને 'આકૃતિ' કહો 'મૂર્તિ' કહો કે 'રૂપ' કહો, ભક્તોદ્ધારા અનુષ્ઠિત સેવાના અંગીકરણાર્થ તે સ્વયં ભગવદ્‌વિગ્રહતયા પ્રગટ થાય જ છે, આવી બુદ્ધિ રાખવામાં કોઈ પ્રકારના દોષની સમ્ભાવનાનો લેશ પણ નથી. આ-

> **''મૂર્તિના ભગવાન હોવાનુ નિરૂપણ ત્રણ પ્રકારે શક્ય છે. [1]અ વસ્તુનો વિચાર કરવાથી તો બધી વસ્તુ ભગવદ્રૂપ હોય છે તદન્તર્ગત મૂર્તિ પણ, [2]અ છતાંપણ મૂર્તિમાં એક વિશેષતા આ હોય છે કે સર્વસાધારણ વસ્તુઓની વિપરીત ભગવન્મૂર્તિમાં ભગવાનની ઉદ્ધારેચ્છા પણ જોડાઈ જાય છે કે ''આ જીવનો ઉદ્ધાર મારે આ રૂપમાં કરવો છે.'' તેથી અહિંયા ઈચ્છાવિશિષ્ટ ભગવાન વિદ્યમાન હોય છે જ્યારે અન્યત્ર આવી ઈચ્છાથી રહિત. [3]ભક્તિમાર્ગીય ભાવોનુ અનુસરણ કરવામાટે ભગવાન પોતાની મૂર્તિમાં બિરાજી જાય છે ત્યારે જ્યાં મૂર્તિનો હસ્ત હોય છે ત્યાં ભગવાન પોતાના હસ્તને પણ પ્રગટ કરે છે આ રીતે**

મૂર્તિના પ્રત્યેક અવયવમાં ભગવાનના પ્રત્યેક અવયવ પ્રગટ થાય છે. કેમકે ભગવાન વ્યાપક હોવાની સાથે-સાથે સાકાર પણ છે. તેથી આ સહજ સમ્ભવ થઈ જાય છે... હવે કેવી મૂર્તિની સેવા કરવી આ બાબતમાં કાંઈક કહેવુ હોય તો કહી શકાય છે કે શ્રીકૃષ્ણની મૂર્તિની. કેમકે બીજી દેવમૂર્તિમાં સેવ્ય ભગવાન શ્રીકૃષ્ણ અને સેવક કૃષ્ણભક્તની વચ્ચે બે વાતોનો અન્તરાલ રહે છે. એક અન્તરાલ તો જે દેવતાના રૂપમાં ભગવાન સૃષ્ટિમાં પ્રગટ્યા તે દેવતાનો બીજો તેમના રૂપનો.''

(ત.દી.નિ.પ્ર.૨।૨૨૯).

અહિંયા [1]અ વસ્તુવિચાર [2]અ વિશેષવિચાર [3]અ ભક્તિવિચાર આમ ત્રણ પ્રકારના નિકષના (ત્રણ પ્રકારની કસોટીના) આધારપર મૂર્તિનુ ભગવાન હોવુ ઉપપાદિત (સિદ્ધ) કર્યુ છે.

આમાં વસ્તુવિચારના અનુસાર નામ રૂપ અને કર્મો ના બ્રહ્મતાદાત્મ્યના બોધક પૂર્વોદાહ્રત ''તેણે બધાં રૂપોનું વિચયન કરી તેમના તત્તદ્ નામ નિર્ધારિત કરી તે નામોથી તે રૂપોનું નિરૂપણ કરવા લાગી ગયા'', ''આજ બ્રહ્મ બધાં નામો... રૂપો... કર્મો ને ધારણ કરે છે. અતઃ આ ત્રણ હોવા છતાં પણ આત્માના રૂપમાં એક હોય છે અને આત્મા એક હોવાછતાં પણ આ ત્રણ રૂપોમાં પ્રગટ થાય છે'' (ચિત્યુપ.૧૨।૭, બૃહ.ઉપ.૧।૬।૧-૩) વગેરે શ્રુતિવચનોના બળ પર સિદ્ધ થાય છે.

વિશેષવિચાર શ્રીમદ્ભાગવતમાં ''અવ્યય અપ્રમેય નિર્ગુણ અને ગુણાત્મા ભગવાનનું પ્રગટ થવું મનુષ્યોના નિઃશ્રેયસાર્થ જ હોય છે. પોતાના કામ ક્રોધ ભય સ્નેહ ઐક્ય અથવા સૌહૃદ જે પણ શ્રીહરિમાં કોઈ નિત્યનિયતતયા જોડી શકે તે તન્મય થઈને તેમને પ્રાપ્ત કરી લે છે, આમાં વિસ્મયની કોઈ પણ વાત નથી કેમકે અજ યોગેશ્વરેશ્વર ભગવાન શ્રીકૃષ્ણએ કોને મુક્ત નથી કર્યાં ! (ભાગ.પુરા.૧૦।૨૬।૧૪-૧૬) આ પ્રકારે નિરૂપિત થયો છે.

આ પ્રકારે ભક્તિવિચાર પણ ''જે કોઈ તેની જે પ્રકારે ઉપાસના કરે છે તેવુ જ રૂપ તે ધારણ કરી લે છે'', ''જે ભગવાનની સમ્મુખ જેવી રીતે પ્રપન્ન થાય છે ભગવાન પણ તેને તેવી રીતથી ભજે છે'', ''ભાવયોગદ્વારા પરિભાવિત પોતાના હૃદયકમળમાં સ્વરૂપ-ગુણ-લીલાઓના શ્રવણમાર્ગથી પધારીને બિરાજવાવાળા ભગવાનની જે કોઈ જેવી બુદ્ધિ રાખીને ભાવના કરે છે તેવુ સ્વરૂપ તેના પર પોતાના વાસ્તવિક અનુગ્રહને પ્રગટ કરીને ભગવાન ધારણ કરી લે છે''

(મુણ્ડ.ઉપ.૩।૩, ભગ.ગીતા.૪।૧૧, ભાગ.પુરા.૩।૯।૧૧) આમ શ્રુતિ ગીતા તથા ભાગવત વગેરે શાસ્ત્રોમાં બહુધા પ્રતિપાદત થયો જ છે.

મૂર્તિઓમાં પણ કઈ વિશેષમૂર્તિનું આરાધનાર્થ ચયન કરવું (પસંદગી કરવી) આ બાબતમાં શ્રીકલ્યાણરાયજીએ અહિંયા લખેલી પોતાની ટિપ્પણીમાં ''અન્યમૂર્તિનુ ભજન કરવાથી શ્રીકૃષ્ણનુ સકલમૂર્તિઓમાં મૂલભૂત તત્ત્વ હોવાને કારણે શ્રીકૃષ્ણ અવતારોની મૂર્તિઓમાં પણ વિદ્યમાન હોવા છતાં શ્રીકૃષ્ણના અવતારૂપોપણ મૂર્તિમાં વિદ્યમાન હોવાને કારણે અન્યમૂર્તિમાં શ્રીકૃષ્ણ પોતાના મૂલરૂપને બદલે સૃષ્ટિમાં ગૃહીત બે રૂપોથી વ્યવહિત થઈ જાય છે'' (તત્રૈવ) આવુ સ્પષ્ટીકરણ આપ્યુ જ છે.

૧૧.ફલપ્રકરણમાં વર્ણિત ભગવત્પ્રાગટ્યના અનુસન્ધાનના પછી પ્રાદુર્ભૂત થયેલા રસાત્મક સ્વરૂપને પરમફલ હોવાના રૂપમાં ભાવાત્મક પાટપર બિરાજમાન કરાવવાની ભાવના :

તેના પછી ''ભગવાન શ્રીકૃષ્ણના દર્શન પ્રાપ્ત કરીને મળેલા આહ્લાદને વશ ગોપીજનોએ પોતાના હૃદયના સમસ્ત શોકતાપથી છૂટકારો મેળવી લીધો. શ્રુતિઓ પોતાના મૂલાભિપ્રાયના અનુરોધવશ બ્રહ્મનું જ પ્રતિપાદન નિરપવાદતયા કરે છે. સ્વયં બ્રહ્મ, કેમકે અનેકવિધ નામ-રૂપ-કર્મોની વિવિધતાની સાથે પ્રગટ થયા છે; અતઃ, શ્રુતિઓના ગૌણાભિપ્રાયને બહુધા પરમાભિપ્રાય માની લેવાથી તેમનો મૂલાભિપ્રાય કુણ્ઠિત થઈ જાય છે. અતએવ શ્રુતિઓમાં શોક-તાપ પ્રગટ થઈ જાય છે. તેમને કોઈ રીતે પુનઃ બ્રહ્મની સાથે સમન્વિત કરી દેવાથી શ્રુતિઓના મનોરથ પૂર્ણ થઈ જાય છે. આજ રીતે ગોપીજનોંના મનોરથ પણ તેમના ગૌણાભિપ્રાયથી છુટકારો મેળવીને અન્તરતમ નિહિત અભિપ્રાયના અનુરૂપ પરાકાષ્ટાપન્ન રૂપમાં પૂર્ણ થઈ ગયા. અતઃ પોતાના વક્ષપર લાગેલા કુંકુમની સાથે સમ્પર્કમાં આવવાથી કસુંભીરંગ લીધેલી પોતાની ઓઢણી પોતાના આત્મબન્ધુ ભગવાનના માટે આસનના રૂપમાં ગોપીજનોએ બિછાવી દીધી.'' (ભાગ.પુરા.૧૦।૨૯।૧૩) આ શ્લોક નો પાઠ કરતા કરતા સિંહાસનનો સ્પર્શકરીને ''રસ તો તે જ છે, આ રસને મેળવીને જ કોઈ આનન્દી થઈ શકે છે'' (તૈત્તિ.ઉપ.૨।૭) આ ઋચાનો પાઠ કરતા-કરતા ''યોગિજન જે ભગવાનની કલ્પના પોતાનાં

હૃદયાસનપર બિરાજમાન હોવાની કરતા રહે છે, આવા ભગવાન ગોપીઓની પરિષદમાં પૂજિત થઈ ને ત્રણેય લોકોની લક્ષ્મી કે શોભા ના એકમાત્ર આશ્રય બનીને સાક્ષાત્ ત્યાં બીરાજી ગયા'' (ભાગ.પુરા.૧૦|૨૯|૧૪) આ શ્લોકનો પાઠ કરતા કરતા આ જ 'શ્રીકૃષ્ણ' પદાર્થ મારૂ આ સેવ્ય સ્વરૂપ છે આવું ધ્યાન કરતા-કરતા શ્રીકૃષ્ણમૂર્તિને સિંહાસનપર બિરાજમાન કરવી જોઈએ.

(શ્રીકૃષ્ણપદાર્થ વિચાર)

તેના પછી વાક્યાંશથી આરમ્ભ કરી આ જ 'શ્રીકૃષ્ણ' પદાર્થ મારૂ આ સેવ્ય સ્વરૂપ છે આવુ ધ્યાન કરતા-કરતા શ્રીકૃષ્ણમૂર્તિને સિંહાસનપર બિરાજમાન કરવી જોઈએ અહિંયા સુધી વાક્યાંશમાં 'શ્રીકૃષ્ણ' પદનો અર્થ એટલે શું માનવો જોઈએ ?

શું ''પરમકાષ્ટાપન્ન તે જ ક્યારેક જ્યારે જગતના ઉદ્ધારાર્થ અખંડ-પૂર્ણરૂપવડે પ્રાદુર્ભૂત થાય છે ત્યારે તેને 'કૃષ્ણ' કહેવામાં આવે છે. અહિંયા આવી શંકા ન કરવી જોઈએ કે ઉદ્ધારના સાધન તો શાસ્ત્રોમાં પહેલેથી પ્રતિપાદિત છે જ પરન્તુ તે સાધનોને કરી શકવા યોગ્ય અધિકારીના અભાવમાં ભગવાન પણ પ્રગટ થઈને શું કરી શકશે. કેમકે ભગવાન તો અદ્ભુતકર્મા છે. અદ્ભુતકર્મા હોવાથી... અસાધનને પણ સાધન બનાવી શકે છે'' (ત.દી.નિ.પ્ર.૧|૧) આ વચનમાં નિરૂપિત આત્મોદ્ધારના સાધનોની અપેક્ષા રાખ્યા વગર જે રૂપમાં ભગવાન જગતના ઉદ્ધારક થાય છે શું તેને 'કૃષ્ણ'પદ નો અર્થ માનવો ?

અથવા ''જેમ કોઈ નટ કોઈક સ્ત્રીનુ રૂપ ધારણ કરી લે તો અકુશલ દર્શક તેને જાણી નથી શકતા કે આ 'પુરૂષ' છે. આવી જ રીતે ભગવાન પણ જ્યારે નરાકૃતિમાં પ્રગટ થાય છે ત્યારે કોઈ તેમને ભગવાનના રૂપમાં જાણી નથી શકતું... આવી સ્થિતિમાં તેમનો આવિર્ભાવ જ ઉપપન્ન નથી થઈ શકતો. કેમકે બધાંની વચમાં સાક્ષાત્ પ્રગટ હોવા છતાં પણ કોઈ તેમને જાણી ન શકતું હોય તો આવિર્ભાવ નિષ્પ્રયોજન થઈ જાય. અતઃ આ પ્રકારે જો ભગવાન આવિર્ભૂત થતા હોય તો એ પણ સ્વીકારવું જોઈએ કે બધાં તેમને જાણી જ જશે. ભગવાન કોઈને ઠગવા માટે તો પ્રગટ થતાં માની નથી શકાતા..ભગવાનતો ભક્તિયોગના પ્રસારને માટે જ આવિર્ભૂત થાય છે..સુન્દર સ્ત્રીનુ કુશળ નૃત્ય યદ્યપિ બધા જુએ છે પરન્તુ તો પણ રસાનુભૂતિ તો રસિકોને જ થાય છે. નપુંસકોને અથવા સ્ત્રિયોંને નહિં. સુન્દર સ્ત્રીદ્વારા નૃત્ય કરવાથી શૃંગારરસ પ્રગટ થાય છે.'' (સુબો.૧|૮|૧૮-

૧૯) આ વચનમાં પ્રતિપાદિત કેવળ ભક્તિયોગને પ્રગટ કરવાના પ્રયોજનવશ સ્વયંને પ્રગટ કરવાવાળાને શું 'કૃષ્ણ' પદનો અર્થ માનવો ?

અથવા ''પુષ્ટિમાર્ગમાં ભગવાનની અન્દર ગૂઢરૂપમાં રહેલ સ્ત્રી×ઇ(ભોગ્ય)×અ ભાવ પ્રમુખ તત્ત્વ છે. આવા 'કૃષ્ણ' પદાર્થની વિવેચના તો શાસ્ત્રોંમાં પણ અપવાદરૂપથી ક્યાંક જ થયેલી છે, સર્વત્ર નહિં.'' (સુબો.૧૦|૧૮|૫) આ પ્રકારનું પ્રતિપાદન જે સુબોધિનીમાં મળે છે. તેના અનુસાર સ્ત્રીભાવ અર્થાત્ ભક્તોના માટે ભગવાન ભોગ્યભાવોપેત પણ બની જાય છે આવુ દેખાડ્યુ છે. જેમ કે ''જ્યારે પોતાની શક્તિના રૂપમાં ભગવાન આવિર્ભૂત થાય છે ત્યારે અનેકાનેક શક્તિઓમાં શ્રીરૂપા શક્તિ તેમની પ્રમુખ હોય છે. પહેલાં તો તે શારીરિક બળની જેમ શરીરની ભીતર (અન્દર) જ રહે છે પણ જ્યારે ભગવાન પ્રભુના રૂપમાં પ્રગટ થાય છે ત્યારે તે શક્તિ પણ તેમની ભાર્યાનુ રૂપ ધારણ કરી ભોગ્યતયા આવિર્ભૂત થઈ જાય છે... તેને પોતાનો આત્મપ્રત્યય તો સચ્ચિદ્રૂપા હોવાનો રહે છે પરન્તુ તેમનુ વિગ્રહ તો બ્રહ્માનન્દરૂપ હોય છે... તે અક્ષરબ્રહ્માનન્દરૂપા હોય છે... જ્યારે ભગવાન પોતાના ભોગાર્થ જગતને પ્રગટ કરે છે ત્યારે બધુંજ લક્ષ્મીરૂપ જ હોય છે આ વાત આનાથી જણાવવામાં આવી. તેથી ભગવાનના અવતારોમાં ભગવાનની ભોગ્યા જે પણ નારી હોય છે તે તો કાંતો સ્વરૂપતઃ કે આવેશતઃ લક્ષ્મીરૂપા હોય છે'' (સુબો.૨|૯|૧૩-૧૪) આ પ્રકારનુ પ્રતિપાદન પણ મળતુ હોવાથી ''ભક્તોના દુઃખોને દૂર કરવામાટે શ્રીકૃષ્ણનુ અવતરણ માનવામાં આવ્યુ છે, જે ભક્તોની પાસે શાસ્ત્રીય બોધ કે સાધનાચરણની ક્ષમતા નથી હોતી આવા સ્ત્રી શુદ્ર કે દ્વિજબન્ધુઓના ઉદ્ધારક શ્રીકૃષ્ણ હોય છે વિશેષતઃ સ્ત્રિઓના'' (સુબો.કા.૧૦|૧|૧૭|૩) આ કે આવા અન્ય પણ વચનોમાં ઉપલબ્ધ થતા ભગવાનની ભીતર વિદ્યમાન જે ગૂઢભોગ્યભાવ અને ભક્તોની ભીતર વિદ્યમાન ગૂઢભોક્તૃભાવ તેમનો ઉદ્ભાવક કોઈ ધર્મ વિશેષ શું 'કૃષ્ણ' પદનો અર્થ હોય છે ?

અથવા જેમ કે ભાગવાતર્થનિબન્ધના મંગલાચરણમાં ''અમે તે શ્રીકૃષ્ણને નમન કરીએ છીએ જે પરમાનન્દરૂપ હોવાથી સર્વદા સર્ગ વિસર્ગ સ્થાન પોષણ ઊતિ મન્વન્તર ઈશાનુકથા નિરોધ મુક્તિ અને આશ્રય રૂપા દશવિધ લીલામાં રત રહે છે. જે સર્વ ભક્તોના સમુદ્ધારાર્થ સર્વદા બિરાજમાન છે. અહિંયા 'કૃષ્ણ' શબ્દ દ્વારા તે પરમતત્ત્વનું નિરૂપણ અભિપ્રેત છે જે ક્યારેક-ક્યારેક પોતાની ભીતર રહેલાં પરમ સૌન્દર્યને પ્રગટ કરવાની ઈચ્છાથી આકારની સહિત પ્રાદુર્ભૂત થવાથી 'શ્રીકૃષ્ણ' કહેવાય છે. તેમની ફલરૂપતાનુ જ પ્રતિપાદન તેમને 'પરમાનન્દમ્' કહીને કર્યુ છે.

તે પરમાનન્દને મેળવવાના સાધન તેમના સ્વરૂપ ગુણ અને લીલા નું શ્રવણ હોય છે. અતએવ તે લીલા શ્રીભાગવતપુરાણમાં દશ પ્રકારની વર્ણિત થઈ છે. અતઃ તે લીલાઓના વિહારીની ભાગવતપ્રતિપાદ્યતા સમજાવવામાટે તેમને 'દશલીલાયુત' કહેવામા આવ્યા છે. આવા વિલક્ષણ અવતારનુ પ્રયોજન 'સર્વભક્તસમુદ્ધાર' છે...'' (ત.દી.નિ.૩।૧।૧) અહિંયા ન કેવળ નિરોધરૂપા લીલાઓમાં અન્તઃપાતી ભક્ત પ્રત્યુત બધી સર્ગ વિસર્ગ આદિ લીલાઓમાં પણ અન્તઃપાતી ભક્તો સમક્ષ તે-તે લીલાદ્વારા સ્વગત સૌન્દર્ય ને પ્રગટ કરવાવાળા ભગવાનને 'શ્રીકૃષ્ણ' કહેવામાં આવી રહ્યા છે શું ?

આ વિવિધ રૂપોમાં મહાપ્રભુએ જે શ્રીકૃષ્ણના સ્વરૂપનું પ્રતિપાદન કર્યુ છે, તેમાંથી ક્યા પ્રતિપાદનની અનુસાર અહીંયાં શ્રીકૃષ્ણનું સ્વરૂપ પ્રતિપાદિત કરવું અભિપ્રેત માનવું જોઈએ ? શ્રીમદાચાર્યચરણોએ શ્રીકૃષ્ણનું જે-જે રૂપોમાં નિરૂપણ કર્યુ છે તે બધાં રૂપોમાં તેને સ્વીકારવું જ ઉચિત લાગે છે ! કેમકે-

૧.''પ્રત્યક્ષદ્વારા દેખાઈ ન દે તેવા પદાર્થ શ્રુતિમાં જે રીતે પ્રતિપાદિત થયા હોય તેમને તે રીતે સ્વીકારવા ઉચિત છે. તેમનામાં ક્યાંક પરસ્પર વિરૂદ્ધતા પણ ઝલકતી હોય તો એક વચનના આધારપર બીજા વચનના ગૌણાર્થક હોવાની કલ્પના ન કરવી જોઈએ. કેમકે બન્ને એકકોટીના વચન છે તેમનામાં પરસ્પર નિયમ્ય-નિયામકભાવ માની નથી શકાતો. કોઈ આધુનિક વિચારક પણ પોતાની બુદ્ધિ ચલાવવા માગે તો પણ શ્રૌતાર્થ નિર્ધારિત કરવામાટે પુનઃ તેને શ્રુતિવચનોનો આશ્રય જ તો લેવો પડશે... અતઃ શ્રુતિઓના વિવિધ વચનોમાં જે રીતે અવિરોધ સિદ્ધ થઈ શકે, તેવો વિચાર જ ગ્રાહ્ય બને છે. અતઃ એક વચનમાં નિરૂપિત રૂપને પ્રામાણિક અને અપર વચનમાં નિરૂપિત રૂપને ગૌણ માનવાને બદલે, બધાં રૂપોને ધારણ કરવામાં તેને સમર્થ માનવા જ ઉચિત વાત છે.''

૨.''ભક્તોપર અનુગ્રહ પ્રગટ કરવામાટે ભક્તોના જેવા રૂપ/દેહ ભગવાન ધારણ કરી લે છે. વિસદશ રૂપ કે

દેહ ધારણ કરવાથી ભક્તોમાં ભગવાન તેમના પોતાના હોવાનો વિશ્વાસ ઉત્પન્ન નથી થઈ શકતો. અતઃ મનુષ્યોપર અનુગ્રહ કરવા માટે ભગવાન માનુષ દેહ પ્રકટ કરે છે. આ જ રીતે ગોપિકાઓમાં વિશ્વાસ જગાડવા માટે ભગવાન ગોપકુમાર હોવાનું રૂપ ધારણ કરી પ્રગટ થયા. તેમની ઉપર અનુગ્રહ કરી નિજાનન્દ ગોકુલમાં પ્રગટ કર્યો તેવી ક્રીડાઓ પણ કરી. મનુષ્યોના જે ધર્મોમાં ભગવાન પ્રવિષ્ટ નથી થતાં તે ધર્મોમાં રહેલાં દોષ

પણ ત્યાં સુધી નિવૃત્ત નથી થઈ શકતા.''

૩.''દશમ સ્કન્ધના અન્તર્ગત આવતા આ પ્રકરણમાં લીલાન્તઃપાતી જનોનો ભગવાન કોઈ પણ પ્રકારના સાધનની અપેક્ષા રાખ્યા વગર પોતાના પ્રમેયબલથી નિરોધ કરવા માગે છે. લીલાન્તઃપાતી જન લોકમાં દશવિધ હોય છે. અતઃ ભગવાન શ્રીહરિ પણ દશવિધ થઈ ગયા. જગતમાં જેનો જેવો ભાવ હોય છે તે ભાવનુ તેવી રીતિથી અનુસરણ કરવાથી લીલાન્તઃપાતી જન ભગવાનમાં સારીરીતે નિરૂદ્ધ થઈ જાય છે. અન્યથા તો પોતાની સાંસારિક વૃત્તિઓના બન્ધનથી તેમને મુક્તિ મળી નથી શકતી.''

(સુબો.૨।૯।૩૨, ૧૦।૩૦।૩૭, ૧૦।૪૦।૩૭).

આ વચનોના અભિપ્રાયનો સારીરીતે વિચાર કરવાથી નિઃશંકતયા એમ કહી શકાય છે કે જ્યાં જેવી લીલામાં જે ભક્તોની વચ્ચે ભગવાન પોતાનું જેવું રૂપ પ્રગટ કરે છે, ત્યાં તેવી લીલામાં તે ભક્તોની વચ્ચે ભગવાનનું તેવું જ રૂપ વાસ્તવિક હોય છે. અતઃ યથોક્ત નિખિલ રૂપ 'શ્રીકૃષ્ણ' પદાર્થને સ્વીકારવા જોઈએ. આમાં કોઈ પણ પ્રકારના વિરોધાભાસનો કોઈ પ્રસંગ નથી !

(ભક્તિ કેવળ શૃંગારભાવાત્મિકા કે સર્વભાવાત્મિકા ?)

અહીંયાં એક આશંકા થાય છે કે ''રસ તો તે જ છે'-''ગોપિકાઓના સમૂહમાં પૂજિત ભગવાન શોભિત થઈ રહ્યા હતા'' આ પૂર્વોલ્લિખિત વચનો તથા ''શૃંગારરસમાં અન્ય બધાં રસ સમાવિષ્ટ થઈ જાય છે આવો નાટ્યશાસ્ત્રનો સિદ્ધાન્ત છે. કોઈક રસિક તો અન્ય રસોનું રસ હોવું પણ માન્ય કરવા ઉદ્યત નથી... અતઃ શૃંગારરસાનુરૂપ ભગવાનના રૂપ ગુણ કે લીલા ન હોય તો રસિકોની રૂચિ જ ભગવાનમાં ઉત્પન્ન નહીં થઈ શકે'' (સુબો.૧૦।૧૮।૧૨). આ અને આવા અન્ય વચનોના આધારપર ભજનીય ભગવન્મૂર્તિની શૃંગારરસના આલમ્બનવિભાવના રૂપમાં કેમ વિભાવના ન કરવી ! ભગવાનના વિરૂદ્ધધર્મોના આશ્રય હોવાની સોગંદ ખાઈને ડરાવવાથી રસિક ભક્તોને ક્યો લાભ મળી શકે છે, વિશેષતઃ તેમને અનભિલષિત સ્વરૂપની ભાવનાનો ઉપદેશ કરવાથી ?

આ સર્વથા અનુચિત આશંકા છે કેમકે ચતુઃશ્લોકીમાં ''વ્રજાધીપ સર્વદા સર્વભાવસહિત ભજનીય છે'' (ચતુ.શ્લો.૧) આ મહાપ્રભુના ઉપદેશથી વિરોધ ઉભો થશે. આવું પણ કહી ન શકાય કે આ વચનમાં પણ શૃંગારરસાત્મક સર્વાત્મભાવનો જ ઉપદેશ

છે, જેમકે ગોપીગીતમાં પ્રતિપાદિત થયુ છે **''પોતાના પતિ પુત્ર અને સુહૃદોની અનુવૃત્તિ સ્ત્રીઓનો સ્વધર્મ હોય છે આવી વાત જે ધર્મના વેત્તા ભગવાને કહી તે તો ઠીક જ છે. કેમકે આવો ઉપદેશ આપવાવાળા સ્વયં ભગવાન બધા દેહધારિઓના ઈશ્વર પ્રિયતમ બન્ધુ અને આત્મા હોવાથી ભગવાન જ અનુસરણીય હોય છે... અતએવ જેઓ અધ્યાત્મકુશળ હોય છે તેઓ તો પોતાના નિત્યપ્રિય આત્મરૂપ ભગવાનમાં જ રતિ કરે છે. કેમકે આર્તિ પ્રદાન કરવાવાળા પતિ પુત્ર વગેરેને ચાહવાથી શું લાભ થઈ શકે છે !''** (ભાગ.પુરા.૧૦।૨૬।૩૨-૩૩) આ વચનમાં શૃંગારરસાત્મક સર્વાત્મભાવ સ્વીકારવામાં આવ્યો છે અને તે અહીંયાં ચતુઃશ્લોકીમાં વિવક્ષિત માની લેવામાં આપત્તિ શું છે ? સૌથી મોટી આપત્તિ આ જ આવશે કે ભગવાનના પ્રતિ વાત્સલ્ય આદિ ભાવનાઓથી સભર ભગવાનને પલનામાં ઝુલાવવાની સેવામાં રસાભાસ પ્રગટ થશે. કોઈક આવું વિચારે કે વાત્સલ્યરસની વિભાવનામાં પણ **''આટલી લાંબી અવધિ સુધી અમે આ જ આશાની સાથે જીવી રહ્યા હતા કે ભગવાનનું સંયોગસુખ અમને મળશે, ભગવાનના વપુમાં બાળપણ લાગે છે પરન્તુ નયન તો શૃંગારરસમાં મત્ત માનિનિઓના માનનુ પણ હરણ કરવાવાળા છે''** (પર્યંકાર્યા.૨) આ રીતે બાલ્યાવસ્થામાં પલનામાં પોઢેલા ભગવાનના બાલરૂપનું વર્ણન મળતું હોવાથી રસાભાસની શંકા વ્યર્થ છે. અતઃ સેવ્ય ભગવન્મૂર્તિને પણ શૃંગારરસરૂપ કે શૃંગારરસના આલમ્બનવિભાવના રૂપમાં માન્ય કરવી જોઈએ. અહીંયાં આ અવધેય છે કે કોઈ ભક્તવિશેષની આવી વિભાવનાના ઉદ્ગારને સાંભળીને આપણો કે હર કોઇનો આવી વિભાવનાનો અધિકાર માન્ય ન થઈ શકે. જે ભક્તોની વાણીમાં આવો ઉદ્ગાર પ્રગટ થયો તેમનો તેવો અધિકાર હશે, તેથી તેમને છૂટ પણ મળી શકે છે. એતાવતા બધાને માટે તેવી છૂટ આપી શકાતી હોત તો પ્રભુચરણ **''પ્રાર્થના કરૂ છું કે જેઓ કામવર્જિત રસિક હોય તેઓ તો મારી કૃતિનું યથેચ્છ અહર્નિશ અવગાહન કરે, આ રસના અનભિજ્ઞ હોય તો કોઈ વૈષ્ણવ હોય છતાંપણ આને જોવાનો પ્રયાસ ન કરે''** (શૃંગા.ર.મણ્ડ.) આ પ્રકારનો નિષેધ ન કરત.

''શૃંગારરસમાં જ બધાં રસોનો અન્તર્ભાવ થાય છે'' આ વિધાન પણ ઉપપન્ન નથી થતું. કેમકે **''રસ તો તે જ છે''** આ શ્રુતિ પણ રસમાત્રના બ્રહ્મ હોવાનું પ્રતિપાદન કરી રહી છે કે બ્રહ્મના રસરૂપ હોવાનું ? જો રસમાત્રના બ્રહ્મ હોવાનું પ્રતિપાદન માનીએ તો રસનુ લૌકિકરસ અને અલૌકિકરસ આવું વિભાજન જ શક્ય નથી રહી જતું. ત્યારે તો રસાત્મિકા ભગવલ્લીલાની જેમ રસાત્મિકા કોઈ લૌકિક પ્રેમી-

પ્રિયતમા કે પ્રેમિકા-પ્રિયતમ ની પ્રણયલીલાના અવગાહનથી આત્મોદ્ધાર સુલભ માનવો પડશે. હવે બ્રહ્મને કેવળ રસાત્મક માનવાથી તો રસના નિષ્પાદક આલમ્બન/ઉદ્દીપન વિભાવ, અનુભાવ કે સઞ્ચારિભાવોને અબ્રહ્માત્મક માનવા પડશે. ત્યારે તો બ્રહ્માદ્વૈતની હાનિ થશે. તેમને પણ બ્રહ્મરૂપ માનવાથી બ્રહ્મ કોઈ રૂપમાં રસ હોય છે તો અન્ય રસવ્યતિરિક્ત રૂપોમાં પણ તે પ્રગટ થાય છે, આમ માન્યા વગર કોઈ ગતિ બચી નથી જતી. બ્રહ્મશાસ્ત્રની દૃષ્ટિથી **''તે પરમ અવ્યયમાં બધું જ એકીભૂત રહે છે''** (મુણ્ડ.ઉપ.૩।૨।૭) આવી શ્રુતિમાં બ્રહ્મભાવમાં પણ તો અન્ય બધા ભાવોનો સમાવેશ સ્વીકારવામાં જ આવ્યો છે. રસ અભાવરૂપ તો થઈ નથી શકતો. **''પરમ તત્ત્વરૂપ ભગવાનમાં આ વિવિધ નામ રૂપ ગુણ કર્મ વગેરે બધું જ લીન રહે છે. જેવી રીતે નદિઓ સાગરમાં; અથવા, પુષ્પોના વિવિધ રૂપ-રસ-ગન્ધ-સ્પર્શ જેવી રીતે મધુમાં લીન થઈ જાય છે''** (ભાગ.પુરા.૧૦।૮૪।૩૧) આ ન્યાયના અનુસાર બ્રહ્મમાં ન કેવળ વિવિધ સ્થાયિભાવાત્મક રસ પ્રત્યુત આલમ્બનવિભાવ ઉદ્દીપનવિભાવ અનુભાવ કે સઞ્ચારીભાવ આદિ બધું જ લીન રહે છે. ઉક્ત કે અનુક્ત અને વાણીના અગોચર પણ બધા વિષયો ત્યાં જ અન્તર્લીન રહે છે. અતઃ સર્વપ્રથમતયા તો ભગવન્મૂર્તિમાં બ્રહ્મભાવના જ પ્રશસ્ત હોય છે. અને તે જ બ્રહ્મભાવના સ્વયં ભગવત્સેવાકર્તાને પોતાની બાબતમાં પણ કરવી કે રાખવી જોઈએ.

આ જ વાત ભગવાને **''બ્રહ્મસમ્બન્ધ કરવાથી બધાનાં દેહ અને જીવ માં રહેલા સર્વ પ્રકારના દોષો નિવૃત્ત થઈ જાય છે''** (સિદ્ધા.રહ.૨) ઉપદેશમાં કહી છે. તેના પછી સચ્ચિદાનન્દરૂપ અંશી પરમાત્મામાંથી ચિદંશભૂત પોતાનુ વ્યુચ્ચરણ અને તત્પ્રયુક્ત તાપક્લેશાનન્દના તિરોભાવના અનુસન્ધાનદ્વારા ભજનીય ભગવદ્વિગ્રહના પરમાત્મા હોવાની ભાવના પણ કરવી જોઈએ. તેના પછી ''ભગવાન કૃષ્ણ'' જેમને પોતાની આત્મા અને આત્મીય સકલ પદાર્થોનુ સમર્પણ કરવાનું છે તેમની સેવ્યમૂર્તિની બાબતમાં સમર્પણના સમ્પ્રદાન હોવાની ભાવના પણ. અર્થાત્ સાક્ષાત્ શ્રીકૃષ્ણ હોવાની ભાવના કરવી જોઈએ. સેવા કર્યા વિના કરવામાં આવેલું સમર્પણ નિરર્થક વાગાડમ્બર હોવાથી સમર્પણને સાર્થક બનાવવાળી સેવાના માટે ''હું દાસ છું'' અને આ ભગવત્સ્વરૂપ 'મારા સ્વામી છે' આવી ભાવના પ્રસક્ત થાય છે. ત્યારે જઈને ''હું તમારો છું'' આ પદોદ્ધારા પ્રગટ કરવામાં આવતી સખ્યભાવના આવે છે. સખ્યભાવના પછી સમારબ્ધ કૃષ્ણસેવામાં વ્રજના ગોપીગોપબાલકોના વાત્સલ્ય

શૃંગાર આદિભાવોની ભાવનાઓનું આપણાં હૃદયમાં આવર્તન કરવાથી **''સર્વદા સર્વભાવના સહિત વ્રજાધિપ ભજનીય હોય છે''** આ ઉપદેશનું અનુસરણ શક્ય થઈ શકશે. અન્યથા કેવળ શૃંગારરસાત્મકતાના અનુસન્ધાનના કારણે તો શૃંગારરસાભાસ જ વજ્રલેપાયિત થશે. કેમકે જે રસશાસ્ત્રની દુહાઈ આપીને શૃંગારરસમાં સર્વરસોનો અન્તર્ભાવ કે શ્રેષ્ઠતા સિદ્ધ કરવામાં આવી રહી છે તે રસશાસ્ત્રના અનુસાર તો દેવાદિની બાબતમાં રતિને શૃંગારરસરૂપા માનવામાં નથી આવતી. તદુપરાંત તેઓ માને છે કે જડપદાર્થોથી નિર્મિત ભગવન્મૂર્તિની બાબતમાં સચેતન સ્ત્રી કે પુરૂષ નો શૃંગારભાવ તો કેવળ રસાભાસ જ હોય છે. જેમકે વિશ્વનાથ કહે છે **''ઉપનાયકસંસ્થાયાં મુનિગુરૂપત્નીગતાયાં ચ બહુનાયકનિષ્ઠાયાં રતૌ તથા અનુભયનિષ્ઠાયાં પ્રતિનાયકનિષ્ઠત્વે તદ્વત્ અધમતિર્યગાદિગતે શૃંગારાનૌચિત્યમ્''** (સાહિ.દર્પ.૩।૨૬૩-૬૪). દેવમૂર્તિની જડરૂપતાના પરિહારાર્થ બ્રહ્મ પરમાત્મા ભગવાન શ્રીકૃષ્ણ ની ભાવના કરવાથી રસભાવના ઔચિત્યનો પ્રસંગ ઉપસ્થિત થતો હોવાથી કેવળ શૃંગારરસાત્મકતા તો કેવળ ''મમ માતા વન્ધ્યા''વત્ નિરર્થક શબ્દાવલી સિદ્ધ થાય છે. અસ્તુ, આ તથ્યોને બુદ્ધિગત કરી લેવાથી ભક્તિ ભક્તવિશેષના માટે શૃંગારરસાત્મિકા હોઈ શકે છે. ભક્તિભાવનો જ મહાપ્રભુ નિરોધની ફલાવસ્થામાં વિકાસ શક્ય માને છે. નવમસ્કન્ધમાં વર્ણિત ભક્તિવાળાઓની પ્રપઞ્ચમાંથી આસક્તિ છોડાવીને પોતાનામાં તેમને નિરૂદ્ધ કરવામાટે કરવામાં આવતી લીલા દશમસ્કન્ધમાં વિવક્ષિત છે (દ્રષ્ટ. : ત.દી.નિ.૩।૧૦।૧૬). તેથી તે નિરોધના વિકસનાર્થ કે **''જેનાથી વધારે (વધીને) ન કોઈ મન્ત્ર ન સ્તવ ન વિદ્યા અને ન તીર્થ જ હોઈ શકે છે''** (નિરો.લક્ષ.૨૦). ભક્તિની આવી નિરોધરૂપતાની સિદ્ધિ **''શ્રીનન્દયશોદા અને ગોપિકાઓને ગોકુલમાં ભગવાનના ગોચારણાર્થ વૃન્દાવન જવાથી જેવુ વિરહજન્ય દુ:ખ થયું તે દુ:ખ મને ક્યારે થશે ! ગોકુલમાં ગોપીકાઓને અને બધાં વ્રજવાસીઓને ગોચારણ કરી પાછા પધારે ત્યારે ભગવાનની સેવામાં જેવું સુખ મળતું હતું તેવુ ભગવાન મને પણ શું ક્યારેક આપશે !** (નિરો.લક્ષ.૧-૨) આવી સેવાના અવસર અને અનવસર માં ભાવનીય ભકિતરસના સઞ્ચારિભાવરૂપ સુખદુ:ખોનો કેવળ શૃંગારરસમાંજ પર્યવસાન કહી શકવું બહુ સુસંગત વાત નથી લાગતી.

આ તો બહુજ ગમ્ભીર વિષય છે જે ન કેવળ શાસ્ત્રૈકગમ્ય છે અને ન સ્વૈરભાવૈકગમ્ય. કેમકે ભક્ત જ્ઞાની દ્વૈષી મૂઢ વગેરે વિવિધ જીવોના ભાવોનુ ભગવાન અનુસરણ કરે છે, આ શાસ્ત્રોના આધારપર તો પ્રમાણિત થઈ શકે છે; અન્યથા

અકલ્પ્ય કથા જ છે. આ રીતે શાસ્ત્રદ્વારા પ્રમાપિત પણ કયા રૂપોમાંથી ભગવાનના કયા રૂપને આરાધ્ય બનાવી શકાય છે, કયું રૂપ ભક્તના ભાવોને સન્તોષપ્રદ થઈ શકે છે,આ તો નિજહૃદયના ભાવૈકગમ્ય હોય છે આ વાત ભાષ્યકારે પણ કહી છે :

'' 'રસતો તે જ છે' આ શ્રુતિના આધારે તથા 'તે સર્વરસરૂપ છે' આ શ્રુતિના આધારે બ્રહ્મની સર્વરસાત્મકતા નિશ્ચિત થાય છે. અત: જે રસના જે વિભાવ અનુભાવ આદિ હોય છે તેનાથી તે રસ નિષ્પન્ન થાય છે. જેમ તાણાંવાણાં કોઈ વસ્ત્રનાં રૂપમાં નિષ્પન્ન થાય તેમ. અત: રસનું તે પોતાના નિષ્પાદક ભાવોની સાથે તાદાત્મ્ય હોવું તથા તે સર્વની સાથે અભેદ માનવામાં પણ કોઈ દોષ નથી.''

(બ્ર.સૂ.ભા.૩।૩।૧૦)

(બ્રહ્મની એકાન્તિક ઉપાસનામાં ભાષ્યોક્ત ગુણોપસંહારન્યાયવડે અન્યાશ્રય અને અન્યાસક્તિ ની બાધકતાનો વિચાર)

જો આ રીતે બધાંની સાથે અભેદ માનવામાં આવે છે ત્યારે તો પુષ્ટિમાર્ગમાં ભક્તિમાં અન્યાસક્તિ કે પ્રપત્તિમાં અન્યાશ્રય ને પણ દોષરૂપ ન માનવા જોઈએ. પછી ''બીજા કોઈ દેવનું શાસ્ત્રનિયત કર્તવ્ય ન હોય ત્યારે પણ ભજન કરવું, અથવા શાસ્ત્રનિયત દર્શન ન હોય ત્યારે પણ દર્શનાર્થ જવું, અથવા નિજકામનાના આધીન કોઈ પ્રકારની પ્રાર્થના અન્યાશ્રય દોષ હોવાથી ન કરવી જોઈએ'' (વિ.ધૈ.આ.૧૪) આ પ્રકારનો ઉપદેશ પણ અપ્રાસંગિક થઈ જશે ! આ પ્રકારની શંકા વ્યર્થ છે, કેમકે આ સમગ્ર વિષયને સારીરીતે સમજવામાટે થોડા વચનો યથાપેક્ષિત અનુક્રમમાં બ્રહ્મસૂત્રભાષ્યથી ઉદ્ધૃત કરવા માંગીશ -

''બ્રહ્મનું એકરસ હોવું જેવી રીતે શ્રુતિના બળથી સ્વીકારવામાં આવે છે, તેવી રીતે બ્રહ્મનું વિરૂદ્ધધર્માશ્રય હોવુ પણ. બ્રહ્મ તો શ્રૌત પદાર્થ હોવાથી જેવો પણ શ્રુતિઓમાં નિરૂપિત કરવામાં આવ્યો છે તેવો અંગીકાર કરી લેવો જોઈએ'' (બ્રહ્મ.સૂ.૩।૩।૬).

''વિવિધ ઉપાસનાઓનુ ફળ બ્રહ્મવિજ્ઞાન છે. બ્રહ્મ એકજ પ્રકારનો હોવાથી ઘડાની જેમ નિર્માણાર્થ અપેક્ષિત જે પણ સામગ્રી હોય તેનાથી જાણી શકાય છે... અત: પોત-પોતાની શાખાઓમાં નિરૂપિત રીતિઓની અનુસાર ઉપાસના કરવામાટે બધાંનો અધિકાર છે. અત: તદનુસાર બ્રહ્મવિજ્ઞાન પણ થાય છે... બ્રહ્મના ઐક્યના કારણે કોઈ રીતની ઉપાસનાથી પ્રગટેલું જ્ઞાન પણ બ્રહ્મવિજ્ઞાન જ હોય છે. પૃથ્વી જે રૂપ રસ ગન્ધ આદિ

ગુણોવાળી છે, તેનુ પુરૂષભેદવશ અથવા કોઈ એક જ પુરૂષને જેવુ જે પ્રકારનું ભૂવિજ્ઞાન થાય છે તેને ભૂવિજ્ઞાન ન માનવું, આવું તો ન કહી શકાય. તેથી બ્રહ્મના અનન્તધર્મોનું હોવું સિદ્ધ થાય છે'' (બ્ર.સૂ.ભા.૩।૩।૩).

આ રીતે જેવા અધિકારીને જેવું રૂપ બ્રહ્મનું અવગત થવું જોઈએ તેવા રૂપમાં શ્રુતિ તેને સમજાવે છે... ભક્તિપ્રકરણમાં ભક્તિના બહુવિધ હોવાથી જે ભક્તોને જેવી રીતે બ્રહ્મ અનુભૂત થાય છે, તેવી રીતે તેને નિરૂપિત કરવામાં આવ્યા છે.'' (બ્ર.સૂ.ભા.૩।૩।૭).

''અનેકવિધ ઉપાસનાઓના અનેકવિધ વિષયોમાં બધાનુ બ્રહ્મ હોવુ અવિશિષ્ટ હોય છે. આ રહસ્યને જાણીને તેમનામાં એકતર રૂપની જે ઉપાસના કરે છે, તેને પોતાના ઉપાસ્ય રૂપમાં અન્ય બધાં ગુણોનો ઉપસંહાર કરવો ઉચિત હોય છે પણ જે અનન્તવિભૂતિરૂપોમાં... (કોઈ એકને) બ્રહ્મ માનીને ઉપાસના કરતો હોય તેને બીજી શાખાઓમાં તે પ્રકારના ઉપાસના પ્રકરણમાં કહેલાં બ્રહ્મના ગુણોનો ઉપસંહાર પોતાના વિભૂતિરૂપમાં કરવો જોઈએ... અન્ય ઉપાસના પ્રકરણોમાં નિરૂપિત બ્રહ્મના ગુણોનો નહીં. કેમકે તે ગુણધર્મ તે વિભૂતિરૂપને અનુલક્ષિત કરીને જ કહેવામાં નથી આવ્યા'' (બ્ર.સૂ.ભા.૩।૩।૨).

''બ્રહ્મના બધાં રૂપોમાં અરસપરસ (એક-બીજામાં) બધા ગુણધર્મોનો ઉપસંહાર પ્રાપ્ત થાય છે પરન્તુ તે તો ઐકાન્તિક ભક્તોના અનુભવની વિરૂદ્ધ છે. અતઃ આ વિષયમાં વ્યવસ્થિત વિકલ્પનુ વિધાન કરવા માગે છે... બધાં અવતારોમાં જેની બુદ્ધિ સાધારણ હોય તે સર્વત્ર બધાં ધર્મોનો ઉપસંહાર કરી શકે છે. જે પરન્તુ એકાન્તિક ભક્ત હોય તેને પોતાના અસાધારણ સ્નેહને કારણે કોઈ એક રૂપમાં ભગવાનને ભજવાનો ભાવાગ્રહ હોય છે. અતઃ રૂપાન્તર તેના અન્તઃકરણારૂઢ નથી થઈ શકતું. અતએવ તેણે અન્યાન્ય રૂપોમાં પ્રકટ થવાવાળા બ્રહ્મના ગુણધર્મોનો પોતાના ઉપાસ્ય રૂપમાં ઉપસંહાર કરવો આવશ્યક નથી. તેથી ઉપસંહારની સમ્ભાવના પણ નથી રહી જતી'' (બ્ર.સૂ.ભા.૩।૩।૭).

''પ્રકૃત સન્દર્ભમાં પણ બ્રહ્મના જે રૂપની ઉપાસનાના પ્રકરણમાં જેટલાં ધર્મ ઉપદિષ્ટ થયા, તે રૂપમાં તેટલા જ ધર્મ હોવાની ઉપાસના કરવી ઉચિત હોય છે. કેમકે તે રૂપની ઉપાસનાના પ્રકરણમાં તેટલા જ રૂપ કહેવાયેલા (અપાયેલા) છે. રૂપાન્તરની ઉપાસનાના પ્રકરણમાં કહેવાયેલા ધર્મોની નહીં. અન્યથા મત્સ્યાવતારના ઉપાસકને ધનુષ્ય-બાણ ધારણ કરેલા મત્સ્યરૂપ ભગવાનની કલ્પના કરવી પડશે અને નરાકૃતિવાળા અવતારોમાં લક્ષયોજન લાંબા શીંગડા આદિની ! (બ્ર.સૂ.ભા.૩।૩।૩).

''જગતને બ્રહ્મરૂપ જાણવું સારી વાત છે પરન્તુ બ્રહ્મનુ તો જગતથી વ્યતિરિક્ત રૂપ પણ છે. અતઃ બ્રહ્મરૂપ જાણીને જગતમાં આસક્તિ ન કરવી જોઈએ. કોઈ પણ એક પદાર્થમાં સર્વલીલાઓના સહિત ભગવાન તો વિદ્યમાન રહે છે, દેશ કાળ અને વસ્તુ રૂપી થઈને પણ તે દેશ કાળ અને વસ્તુ થી વ્યતિરિક્ત પણ હોય છે'' (સુબો.૨।૯।૩૫).

''બધાં દેવતા પ્રકૃતિની અન્દર પ્રગટ થયા છે. કાળ કર્મ સ્વભાવ પ્રકૃતિ અને પુરૂષ ના આધારભૂત અક્ષર બ્રહ્મ પણ ગણિતાનન્દની જેમ હોય છે. અતઃ પૂર્ણાનન્દ હોવાના કારણે ભક્તની ગતિ તો કેવળ શ્રીહરિ જ છે'' (કૃષ્ણા.સ્તો.૮).

આનાથી બ્રહ્મના સ્વરૂપતઃ એકરસ હોવા છતાં પણ લીલામાં વિરૂદ્ધધર્માશ્રયતાના પ્રસ્કુટનના કારણે અનેકરસતા પણ વિરૂદ્ધ નથી હોતી. આથી જ પુષ્ટિ આદિ સૃષ્ટિના વિભેદ, તે-તે માર્ગના વિભેદ, તે-તે જન્મ આદિના અનુરૂપ તે-તે રૂપોના આવિષ્કરણદ્વારા એક જ પરમ તત્ત્વની અનેકવિધ આરાધના સંભવ બની જાય છે. અતઃ સ્વસ્વરૂપ સ્વમાર્ગસ્વરૂપ સ્વજન્મસ્વરૂપ સ્વેષ્ટભગવત્સ્વરૂપ આદિના વિવેકદ્વારા જ બધી ગુણધર્મરૂપલીલાઓમાં વિહરવાવાળા ભગવાનના યથોચિત ગુણધર્મલીલાઓનો જ નિજ આરાધ્ય ભગવત્સ્વરૂપમાં ઉપસંહાર કરવો ઉચિત હોય છે. દૈત્ય દાનવ ગર્દભ કીટ આદિ રૂપોમાં પ્રગટ તો ભગવાન જ થયા છે. એતાવતા આ રૂપોમાં ભગવાનને આરાધનીય ન બનાવી શકાય. કેમકે કોઈ વારવધૂની બાબતમાં ભોગવાસનાથી ગ્રસ્ત કામુક પુરૂષની વારવધૂમાં પરમાત્મબુદ્ધિ સાત્ત્વિકી કે મુક્તિપ્રદાયિની મતિ ન માની શકાય. તે તો અધોગતિકારિણી તામસી મતિ જ માનવામાં આવશે ! આ સર્વથા ઉપપન્ન કથા હોવા છતા પણ વિષયવાસનાથી રહિત ત્રિગુણાતીત બ્રહ્મદર્શન કરી શકવાવાળાની વારવધૂમાં પણ બ્રહ્મબુદ્ધિ હોય તો કોઈ પ્રકારનો દોષ માનવામાં નથી આવતો. આ પ્રકારે નિખિલ વસ્તુઓમાં બ્રહ્મના તાદાત્મ્યને જાણીને એક કોઈ ભજનીય વિગ્રહમાં ઐકાન્તિક શ્રદ્ધા-અનુરાગવાળા ભાવુકને પરિમિત ઉપાધિબુદ્ધિનો પરિત્યાગ કરી અપરિમિત બ્રહ્મબુદ્ધિમાં; અથવા ઈતરોપાધિમાં પ્રગટિત બ્રહ્મધર્મોનું ચિન્તન કરવાથી સ્વયંની ભક્તિમાં, કોઈ ચમત્કૃતિ પ્રગટ નથી થઈ શકતી ! પોતાના સસરાના રૂપગુણધર્મવાળા પોતાના પતિમાં કોઈ પત્નીની શ્વશુરબુદ્ધિથી અભેદભાવના દામ્પત્યમાં ઉપકારિણી થઈ નથી શકતી. અતઃ ''પિતા સ્વયં જ પુત્રના રૂપમાં પુનઃ જન્મ લે છે'' આ ન્યાયના અનુસાર તેમના અભિન્ન હોવા છતાં પણ પત્નીની પોતાના પતિ અને સસરા ની

બાબતમાં ભેદભાવના જ ઉચિત હોય છે. અતઃ ભક્તોના માટે પણ અભેદબુદ્ધિપૂર્વિકા ભેદઘટિતસ્નેહભાવના જ ઉપકારિણી હોય છે. અતઃ ઐકાન્તિકી ભક્તિમાં અન્યાસક્તિ એવં અન્યાશ્રય દોષરૂપ માનવામાં આવે છે.

એક શંકા અહીં કરી શકાય છે કે **''ગોવિન્દની એકાન્તભક્તિ સર્વત્ર ગોવિન્દના દર્શન કરવા એ છે''** (ભાગ.પુરા.૭।૭।૫૫) આ વચનથી આ નિરૂપણ વિરૂદ્ધ જતું હોય એમ લાગે છે પરન્તુ ગોવિન્દના સર્વત્ર દર્શન અને તે દર્શનના કારણે કરવામાં આવતા ભજનની વચ્ચે જે સૂક્ષ્મ વિભાજક રેખા છે તેને જોઈ ન શકવાથી આવી શંકા ઉઠે છે. જો કહેવામાં આવે કે શ્રીકૃષ્ણની ઐકાન્તિક ભક્તિનો હઠાગ્રહ કરવાથી વસ્તુમાત્રના બ્રહ્મતાદાત્મ્યનું પ્રતિપાદન કરવાવાળા શ્રુતિવચનોનો વિરોધ ઉભો થશે, તો અક્ષરબ્રહ્મનું જ્ઞાન પ્રાપ્ત કરવામાટે કરવામાં આવતી જ્ઞાનોપાસનામાં આવો ભાવ અવશ્ય જ વિરૂદ્ધ હોય છે છતાં ભગવદ્‌ભક્તિરૂપા ઉપાસનામાં કોઈ પ્રકારનો વિરોધ નથી માનવામાં આવતો. વસ્તુતઃ તો જ્ઞાનોપાસનૌપયિક સ્વરૂપના નિરૂપણમાં પણ સાધનદશામાં તો બધી અપરોક્ષ વસ્તુઓને ઉદ્દેશ્ય બનાવીને તેમની પરોક્ષ બ્રહ્માત્મકતાનુ જ વિધાન શ્રુતિ કરે છે. નહીં કે પરોક્ષ બ્રહ્મને ઉદ્દેશ્ય બનાવીને તેની અપરોક્ષ સર્વરૂપતા. આ પ્રસ્તુત વચન **''આ બધું આત્મા જ છે''** (છાન્દો.ઉપ.૭।૨૬।૨) જેવા વચનોમાં દેખાડવામાં આવ્યું છે. આ જ તો માહાત્મ્યજ્ઞાન છે જે ભક્તિમાં ઉપકારક એવં તેના પૂર્વાંગ હોવાના રૂપમાં અપેક્ષિત હોય છે. ઉત્તરાંગ તો ભક્તિનું સુદૃઢ સર્વતોધિક સ્નેહ જ હોય છે. તે જ પુનઃ લૌકિક વિષયક હોય તો શ્રુતિ કહે છે કે **''એક વસ્તુ બીજી વસ્તુમાં પ્રતિષ્ઠિત હોય છે''** (છાન્દો.ઉપ.૭।૨૬।૨૪) આમાં આપણે જોઈ શકીએ છીએ કે આલમ્બનવિભાવ અને સ્થાયિભાવ ની વચ્ચે ભેદ ઘટિત થઈ જાય છે. આ સ્નેહ, પરન્તુ, જ્યારે બ્રહ્મ પરમાત્મા ભગવાન ને પોતાનો વિષય બનાવે છે ત્યારે, આલમ્બનવિભાવ સ્થાયિભાવ અને તેના અનુભવકર્તા ની વચ્ચે તત્ત્વતઃ અભેદ અને કેવળ લીલાર્થ ભેદથી ઘટિત હોવાના કારણે શ્રુતિ કહી દે છે **''તે તો પોતાની મહિમામાં જ પ્રતિષ્ઠિત રહે છે''** (તત્રૈવ). તેથી આ અભેદઘટિત હોતા ભક્તિભાવમાં બ્રહ્મની ભેદલીલાની ઇચ્છાના અનુરોધવશ આહાર્ય ભેદનો ઘટક બની જાય છે. ''તે અક્ષર બ્રહ્મ મારૂં પરમ ધામ છે'' (ભગ.ગીતા.૧૫।૬) આવો ગીતોપદિષ્ટ અક્ષરબ્રહ્મ જ અહીંયાં 'પોતાની મહિમા' પદદ્વારા અભિહિત થયો છે, આમ ભાષ્યમાં પ્રતિપાદિત કરવામાં

આવ્યું છે.

(સિંહાસનની અક્ષરબ્રહ્મતયા ભાવના)

સર્વનિર્ણયના પ્રકાશમાં પણ **''વસ્તુતઃ તો અક્ષરબ્રહ્મ આનન્દમય જ હોય છે... પુરૂષોત્તમથી ભિન્નતયા અવસ્થિત નહીં પણ નિરન્તરાલ અવસ્થિત રહે છે... મૂલભૂત પુરૂષોત્તમથી વિચ્છિન્ન થઈ ને નહીં પ્રત્યુત અવિચ્છિન્ન જ. ક્યારેક જ્યારે પુરૂષોત્તમ આવિર્ભૂત થાય છે ત્યારે અક્ષરબ્રહ્મ પણ બહુધા આવિર્ભૂત થાય છે. તે પ્રભુ બનીને આવિર્ભૂત થાય છે ત્યારે લોકના રૂપમાં અક્ષરબ્રહ્મ પ્રતીત થવા લાગે છે. પ્રભુ વૈકુંઠવાસી અને લોક અર્થાત્ વૈકુંઠમાં જીવ-જડના આકારમાં પણ તે (અક્ષરબ્રહ્મ) પ્રાદુર્ભૂત થઈ જાય છે... જ્ઞાનમાર્ગમાં આ (અક્ષરબ્રહ્મ) જ ઉપાસ્ય તથા જ્ઞેય હોય છે પરન્તુ ભક્તિમાર્ગના માટે સેવ્ય શ્રીકૃષ્ણ અક્ષરબ્રહ્મથી ઉત્તમ હોય છે.''** (ત.દી.નિ.પ્ર.૨।૧૦૦-૧૦૪) આવું પ્રતિપાદન મહાપ્રભુએ કર્યુ છે.

અહીંયાં શ્રીકૃષ્ણમૂર્તિને સિંહાસનપર બીરાજમાન કરવા જોઈએ આવું જે કહેવામાં આવ્યુ છે એ તો તે સિંહાસનની અક્ષરબ્રહ્મતયા ભાવના કરવામાટે કહેવામાં આવ્યુ છે. પુરૂષોત્તમના બિરાજવાને માટે, કેમકે, તેની પોતાની વ્યાપકતા વગર (સિવાય) અર્થાત્ અક્ષરબ્રહ્મથી અતિરિક્ત અન્ય કાંઈ ઉપવેશનાર્હ નથી હોતુ. અતઃ મૂર્તિમાં પુરૂષોત્તમના આવિર્ભૂત હોવાથી સિંહાસનમાં આધિદૈવિક તથા આધ્યાત્મિક ઉભયવિધ અક્ષરબ્રહ્માત્મકતાના અનુસન્ધાનાર્થ કહે છે **''પોતાની ઓઢણી પોતાના આત્મબન્ધુ ભગવાનના માટે આસનના રૂપમાં ગોપીજનોએ બિછાવી દીધી''** આ શ્લોકનો પાઠ કરતા-કરતા સિંહાસનને સ્પર્શ કરીને **''રસ તો તે જ હોય છે. આ રસને પ્રાપ્ત કરીને જ કોઈ આનન્દી થઈ શકે છે.''** આ ઋચા અને **''યોગીજન જે ભગવાનની કલ્પના પોતાના હૃદયાસનપર બીરાજેલા હોવાની કરતાં રહે છે... સાક્ષાત્ બિરાજી ગયા''** આ શ્લોકનો પાઠ કરતા કરતા આ વાક્યાંશ સુધી.

અહીંયાં આશય આમ છે કે લૌકિક રસોને બહાર પ્રગટ થવુ હોય તો પોતાનાથી વ્યતિરિક્ત બાહ્ય આધારની અપેક્ષા રહે છે પરન્તુ ભગવાનને તે રીતે પોતાનાથી વ્યતિરિક્ત બાહ્ય કોઈ આધારની અપેક્ષા નથી રહેતી. આ વાત **''બ્રહ્મજ્ઞાની પરને પ્રાપ્ત કરે છે. એ આ પ્રકારે વ્યાખ્યાત થયું છે કે બ્રહ્મ સત્ય જ્ઞાન અને અનન્ત રૂપ હોય છે. જે તેને આ રૂપમાં પોતાની હૃદયગુહાની અંદર નિહિત જાણી લે છે તે જ પરમ વ્યોમમાં સર્વજ્ઞ બ્રહ્મની સાથે**

બધી કામનાઓને પૂર્ણ કરી શકે છે'' (તૈત્તિ.ઉપ.૨।૧) આ વચનની વિવેચનામાં બ્રહ્મસૂત્રાણુભાષ્ય (૧।૧।૧૧-૧૮) માં સમજાવામાં આવી છે.

૧૨.સેવ્યનો સેવકમાં અને સેવકનો સેવ્યમાં પરસ્પર પ્રમાણ પ્રમેય સાધન અને ફ્લરૂપી નિરોધાત્મક સેવન :

તેના પછી ચરણારવિન્દોમાં તુલસીદલ વડા કરી સ્વયં લેવા જોઈએ અને પુન: બીજા તુલસીદલ સમર્પિત કરવા જોઈએ. ધૂપ-દીપ કરીને બાલભોગથી લઈને રાજભોગ અને ઉત્સવભોગ પણ સમર્પિત કરવા જોઈએ. ભોગ ધરી લેવા બાદ તેને સરાવીને આચમન-મુખવસ્ત્ર કરાવીને પાનની બીડી વેણુવેત્ર ધરાવીને ચુનનુ (લોટનું) દીપદાન બનાવીને તેનાથી આરતી કરવી જોઈએ -

અતઃ પ્રપઞ્ચને ભૂલીને ભગવાનમાં આપણી આસક્તિરૂપા ભક્તિ જોડાઈ જાય એતદર્થ આ પ્રકારે પ્રતિષ્ઠાપિત પુરૂષોત્તમની સેવાનો ઉપદેશ આપે છે **તેના પછી ચરણારવિંદમાંથી તુલસીદલ વડા કરી અહીંયાંથી લઈને ચૂનનું (લોટનું) દીપદાન બનાવીને તેમાં આરતી કરવી** અહીંયાં સુધી.

(તુલસીનું મહત્ત્વ)

વેદમાં આવે છે કે **''તે બધાનો ભર્તા છે તેનું ભરણ કરવાવાળાનું તે ભરણ કરે છે''** (તૈત્તિ.આર.૩।૧૪।૧). ભગવાન તુલસીપત્રોની માળા પોતાના હ્રદયપર અને ચરણકમલોંમાં તુલસીદલોને ધારણ કરે છે. ભક્તિમાર્ગમાં આ નિશ્ચિત જ તેમનુ અસાધારણ માહાત્મ્ય છે. આ વાત મહાપ્રભુએ **''તુલસીકા ભગવાનનુ આભરણ છે... તુલસી લક્ષ્મીની જેમ અમૃતોદધિમાંથી પ્રગટ થઈ છે... ભક્તિમાર્ગમાં તેનુ માહાત્મ્ય સર્વતો અધિક માન્ય છે''** (સુબો.૩।૧૫।૧૯) અહીં કહી છે. અતઃ ભર્તારૂપ ભગવાન પોતાના આભરણના રૂપમાં તુલસિકાની જેમ જે જીવોને પોતાના હ્રદયપર ધારણ કરવા ચાહે છે તે જ ભગવાનની બાબતમાં સહજ સ્વામી હોવાના ભાવને ધારણ કરી શકે છે. ભગવાનના ચરણારવિન્દના સેવક થઈ શકે છે. **''તે જેનું વરણ કરે છે તે જ તેમનું વરણ કરવાને સમર્થ થઈ શકે છે. તે જીવાત્માઓની જ સન્મુખ આ પરમાત્મા પોતાના સ્વરૂપનું વિવરણ કરે છે''** (મુણ્ડ.ઉપ.૩।૨।૩) આ શ્રુતિ અનુસાર સર્વસમ પરમાત્મા પણ

લીલયા જ્યારે પોતાના અંશોમાંથી કોઈનું વિશેષ વરણ કરે છે ત્યારે પોતાના સ્વરૂપનું તેના સન્મુખ વિવરણ પ્રગટ કરે છે. પુષ્ટિકર્તા હોવાના રૂપમાં ભગવાનનો ભક્તમાં સાધનરૂપ નિરોધ પહેલાં સિદ્ધ થાય છે. આ સાધનભૂત નિરોધના કારણે ફલાત્મક નિરોધ, અર્થાત્ ભક્તનું પ્રપઞ્ચવિસ્મૃતિપૂર્વક ભગવદાસક્ત થઈ જવું માનવામાં આવ્યુ છે. એતદર્થ જ આચાર્યચરણ કહે છે -

''જે જેવા થવા માગે છે તેને તેવા થવા દો. અમારે તો સર્વભાવની સાથે ભગવાનને ભજવા છે. દેહથી આરમ્ભ કરીને જેટલાં પણ ભજનીય હોઈ શકે છે, ઐહિક કે પારલૌકિક જે પણ સાધન હોય છે, તેમના દ્વારા જે-જે ભાવોથી જેને ભજી શકાય છે, તે બધાં ભાવ ભગવાનમાં કરવા જોઈએ... 'ભગવાન જ બધું જ કરે છે' આ કહી શકાય છે પણ ભજન વગર તો કાંઈ પણ સિદ્ધ નથી થઈ શકતું. તેથી ભજન તો અવશ્ય કરવુ જોઈએ.''

(સુબો.૩।૩૨।૨૨).

આનાથી જીવાત્માના ફલાત્મક નિરોધનું પ્રતિપાદન જ કરવામાં આવ્યું છે. જ્યારે બધાં ભાવ પોતાના આરાધ્ય ભગવાનમાં નિરૂઢ થઈ જાય છે ત્યારે જીવ તેના ઉદ્દીપક વિષયોંને ભૂલી શકે છે. આમ ભક્ત અને ભગવાન બન્નેના એકબીજામાં નિરૂદ્ધ થઈ જવાથી ભક્તિની કોઈ પરમકાષ્ઠાપન્ન અવસ્થા વિકસિત થઈ જાય છે. અતએવ સેવાભાવનાના પદ્યોમાં કહેવામાં આવ્યુ છે કે **''હે ભગવન્! આપને પ્રિય ગન્ધવાળી જે તુલસી છે તેનાથી મેં આપનુ પૂજન કર્યુ તેથી આપ પ્રસન્ન થઈ જાઓ. આપ તો નિષ્કિઞ્ચનોના સ્વામી છો અને આનાથી અધિક કાંઈ કરવાને હું સમર્થ નથી''** (રશ્મિ.પરિ.૬૮).

અહીંયાં એ અવધેય છે કે જ્યારે કોઈ કે કેવી પણ વસ્તુનું સમર્પણ બ્રહ્મને કરવા જઇએ ત્યારે વસ્તુમાત્ર જો બ્રહ્માત્મક હોય તો એક પરમ અકિઞ્ચનતા હ્રદયમાં ઉભરે છે. અતએવ કહેવામાં આવ્યું છે કે **''આ નિજાનન્દના લાભથી પરિપૂર્ણ કરૂણાશીલ પ્રભુ અજ્ઞાનીજનોથી પોતાના માટે સમ્માન/પૂજાની અપેક્ષા નથી રાખતા. છતાં પણ જે કોઈ ભક્ત ભગવાનના પ્રતિ કોઈ સમ્માન કે પૂજન કરે છે, તે તો સ્વયં ના મુખની શોભા જેવી રીતે દર્પણગત પોતાના પ્રતિબિમ્બના મુખની શોભા વધારે છે, તેવી રીતે જ નિજાનન્દનું ભજનાનન્દરૂપ કેવળ પ્રતિબિમ્બ છે''** (ભાગ.પુરા.૭।૯।૧૧).

ક્યાં નિરતિશય દિવ્ય આ અકિઞ્ચનતા અને ક્યાં અધુના દેખાડવામાં આવતી આસુરી અકિઞ્ચનતા જે -

“આપણે ભગવાનની શું સેવા કરી શકીએ ? દર્શન કરવા આવવાવાળા ભક્તોથી ભગવત્સેવાને માટે યાચના તો આપણાંમાં આપણે સેવા કરી રહ્યાં છીએ આવા અહંકારને ઘટાડવા માટે જ છે. તેથી સેવાના આવા પ્રકારમાં તો આપણું સાચુ દૈન્ય અને સાચી અકિઞ્ચનતા પ્રગટ થાય છે. આનાથી દરિદ્રતા નહીં પ્રત્યુત આત્મામાં સાચી બ્રહ્માત્મકતાની સમૃદ્ધિ માનવી જોઈએ. આપણે તો કેવળ તુલસીપત્રોમાં પ્રગટ થતી નિષ્કિઞ્ચનતાની સુગન્ધ જે ભગવાનને અતિશય પ્રિય છે તે જ સમર્પિત કરી શકીએ છીએ !”

આ વાતની સચ્ચાઈ તો ત્યારે પારખી શકાય કે જ્યારે આ પ્રકારના ભક્તિના બહાના બનાવીને વ્યવસાયિક ભગવત્સેવા કરવાવાળા પોતાની અકિઞ્ચનતાના સમર્પણરૂપ તુલસીદળોનું જ કેવળ પ્રસાદતયા ગ્રહણ કરે અને દર્શનાર્થી જનતાથી ભીખ માંગી ભગવાનને ભોગ ધરવામાં આવેલી ભેટ-સામગ્રી સ્વયંના ઉપભોગાર્થ ન વાપરે ! અથવા બીજાની ભગવત્સેવાના હેતુ (માટે) સ્વયં પોતાના ધનનો પણ વિનિયોગ કરે જેમ પોતાની ભગવત્સેવાના હેતુ (માટે) બીજાના ધનનો વિનિયોગ તેઓ ગ્રાહ્ય માને છે.

(વેણુ અને વેત્ર ની ભાવના)

વેણુ-વેત્ર ધરાવીને. અહીંયાં વેણુને રૂદ્રરૂપ અને વેત્રને બ્રહ્મરૂપ જાણવા જોઈએ. જેવું કે કહેવામાં આવ્યુ છે **“ગોપીજન અને ગાય વેદોની ઋચા છે. ભગવાનનું વેત્ર કમલાસન બ્રહ્મા છે. વેણુ તો ભગવાન રૂદ્ર છે”** (કૃષ્ણોપનિષદ્.૮). આમાં વેણુનું કાર્ય તો સર્વમાં ભગવદીયતા સમ્પાદિત કરી બ્રહ્માનન્દથી પણ અધિક ભગવત્સ્વરૂપાનન્દનો ઉપભોગ કરી શકવાની યોગ્યતાનું સમ્પાદન છે. આ વેણુ ભગવાનની અધરસુધાગત રસની પ્રવાહિકા છે. આમ સુબોધિનીમાં સમજાવીને ત્યાં જ નિરોધના સ્વરૂપનું નિરૂપણ પણ સમજાવવામાં આવ્યુ છે :

“આ રસના અન્દર પ્રવિષ્ટ થવાથી નિરોધ સિદ્ધ થઈ જાય છે... સૃષ્ટિમાં ઉત્પન્ન થવાવાળા બધાં સુખભોગ અહીંયાં પર્યવસિત થઈ જતાં હોવાથી જીવ નિરૂદ્ધ થઈ જાય છે. તેના પછી આવે છે મુક્તિ અને આશ્રય = બ્રહ્મભાવાપત્તિ... અન્યથા સૃષ્ટિ જ વ્યર્થ

સિદ્ધ થશે.”

“ભગવાનની સાથે સંલાપ કરી શકવું, તેઓ પ્રગટ થાય ત્યારે તેમને નિહાળવા, મળી જાય તો ભેટવું, તેમની સેવા કરવી, તેમનો સ્પર્શ કરી શકવો, તેમના અધરામૃતનું પાન કરવું, ભગવાનના આવા ઉપભોગના કારણે રોમાઞ્ચિત થવું, ભગવાનના વેણુવાદનને સાંભળી શકવું, સ્વયં તેમને કે તેમના કંઠ/ચરણોમાં રહેલા તુલસીપત્રોને સૂંઘી શકવું, ચરણોથી ચાલીને તેમની સમીપ જવું, મનથી સદા તેમનુ ભાવન કરવું. જે આપણને ઇન્દ્રિયો મળી તેમનુ આ સાફલ્ય છે. આની તુલનામાં મોક્ષમાં મળતું સુખ તો કાંઈ પણ નથી. કેમકે અંધારામાં બંધ (કેદ) થઈ જવાવાળાની ઈન્દ્રિયોનો કોઈ સાર્થક ઉપયોગ વિચારી નથી શકાતો. આ રીતે જેને ઈન્દ્રિય વગેરેની પ્રણાલીદ્વારા વિવિધ પ્રકારના જ્ઞાનનુ સામર્થ્ય મળ્યું હોય તેના માટે ઈન્દ્રિયો વગર મળતું મોક્ષસુખ પણ વ્યર્થ લાગે છે. આ બાધક વિષયાસક્તિને છોડીને બધી ઈન્દ્રિયોથી ભગવાનના સ્વરૂપાનન્દની સિદ્ધિ કરવાવાળો સર્વાત્મભાવ જ્યારે પ્રકટ થાય ત્યારે જ શક્ય બને છે”

(સુબો.૧૦।૧૮।૫-૭).

અહીંયાં શૃંગારરસાત્મિકા લીલામાં શૃંગારરસાત્મક પ્રભુના સ્વરૂપ પ્રત્યે શૃંગારરસભાવવાળી નાયિકા ગોપિકાઓના શૃંગારરસાત્મક જ નિરોધનું સ્વરૂપ વર્ણિત થયું છે. આ **“અતઃ અહીંયાં સ્ત્રિઓનું નિરૂપણ પ્રકરણના અન્તમાં મળે છે. ભગવાનદ્વારા કોઈનો ભોગ કરાય ત્યારે જ ભગવાન કોઈના ભોગ્ય બને છે. અતએવ શુકદેવજી પણ અહિં મુખ્યતયા સ્ત્રિઓનું વર્ણન કરી રહ્યા છે”** (સુબો.૧૦।૧૮।૫) અહીં આચાર્યચરણોએ પ્રતિપાદિત કર્યુ છે.

ભગવન્મૂર્તિના ભજનમાં ઉપયોગી, પરન્તુ, જે સર્વાત્મભાવનો પ્રકાર છે તે તો ચતુ:શ્લોકીમાં ઉપદિષ્ટ થયો છે. તેથી પ્રશ્ન થઈ શકે છે કે તો એવી ભાવનાના ઉપદેશની અહીંયાં શું સંગતિ કે અહીંયાં તે ઉપદેશથી શું લાભ સમ્ભવી શકે ? આ લીલાસામયિક નિરૂપણ છે અને લીલામાં જેવી રીતે વ્રજની ગોપીકાઓ મુખ્ય અધિકારિણી છે, તેમના ઉપલક્ષણરૂપ વર્ણનદ્વારા વ્રજના અન્ય પણ બધાં જનોને ભગવદ્ભક્તિ કરવામાટે અધિકારી માનવામાં આવ્યાં છે. આ અધિકાર અન્યત્ર પણ **“શ્રીહરિ બધાં ભૂતોના આત્મા ઈશ્વર પ્રિય હોય છે... ચાહે કોઈ દેવ હોય કે અસુર મનુષ્ય હોય કે યક્ષ-ગન્ધર્વ હોય. ભગવાન મુકુન્દના ચરણોંને જે ભજે છે તે સ્વસ્તિમાન થઈ જાય છે”**

(ભાગ.પુરા.૭|૭|૪૯-૫૦) ભાગવતના આ વચનના આધારે પણ સિદ્ધ થાય છે.

અતએવ નિરોધલક્ષણ ગ્રન્થમાં પણ ''**શ્રીહરિની મૂર્તિનું ધ્યાન સદા કરતાં રહેવું જોઈએ. કેમકે ભગવાન-ભક્ત બન્નેના પુષ્ટિ-ભક્તિરૂપ સંકલ્પના કારણે ભગવન્મૂર્તિ ત્યાં પ્રગટી હોય છે. સેવાકર્તાના નયનોથી દર્શન અને ત્વચાથી સ્પર્શન તો સ્પષ્ટ છે. આ રીતે કર-ચરણોંથી કૃતિ-ગતિ તેમની (ભગવન્મૂર્તિની) બાબતમાં હોવી જોઈએ. કાન અને વાણીથી સદા શ્રવણ અને કીર્તન પણ કરતાં રહેવુ જોઈએ. પુત્રકામના પણ જે શ્રીકૃષ્ણની પ્રેમપૂર્વક સેવામાં સહયોગી બની શકે એવાની કરવી. પાયુનો પણ શરીરના મલાંશનિવૃત્તિદ્વારા સેવોપયોગી શુદ્ધીકરણાર્થ વિનિયોગ શક્ય છે. છતાંપણ જે, ઈન્દ્રિયનો ભગવત્કાર્યાર્થ કોઈ પણ ઉપયોગ પ્રતીત ન થાય તેને નિશ્ચય જ સંયમ દ્વારા નિગૃહીત કરવી જોઈએ**'' (નિરો.લક્ષ.૧૬-૧૯) આ વચનમાં શૃંગારરસાત્મક નિરોધથી ભિન્ન પ્રકારના ભક્તિરસાત્મક નિરોધનું નિરૂપણ મળે છે. તદનુસાર સર્વભાવની સાથે ભજન કરવાથી શૃંગાર આદિ અનેક રસભાવના સમ્ભવ થાય છે.

વસ્તુતઃ તો રાસ પણ, અતએવ, શૃંગારરસાત્મક જ હોય છે આવી માન્યતાનો કોઈ સુદૃઢ આધાર નથી દેખાઈ દેતો. કેમકે સ્વયં મહાપ્રભુએ આ બાબતમાં ''**તેવા અધિકારીને ભગવાનની બાબતમાં રતિરાસ અર્થાત્ રતિનો વિલાસ સિદ્ધ થાય છે. 'વિલાસ' પદદ્વારા ભગવાનના ચરણોનું ભક્તના આધિન થઈ જવું એવું તાત્પર્ય છે. ભગવદ્રતિના અનેક પ્રકાર હોઈ શકે છે. બહુવિધ અર્થાત્ સર્વ ઈન્દ્રિયોના વિષયોનો રાસ એટલે કે રસસમૂહ**'' (સુબો.૩|૭|૧૮) આ પ્રકારનું નિરૂપણ કર્યું છે. આમ રાસના માટે ભક્તને બોલાવવાની ભગવાનની વિદ્યાશક્તિ જે વિષયાસક્તિનો રૂદ્રરૂપા મુરલિકા વડે ઉપસંહાર કરી દે છે આવી ભાવનાની સાથે મુરલિકા ભગવન્મૂર્તિના કરકમળમાં ધરાવવી જોઈએ.

આના પછી આવે છે વેત્ર, જે કમલાસનરૂપ છે. સૃષ્ટિના આદિમાં બ્રહ્માજીને ઉપદેશના નિમિત્તથી ભગવાને બધાં જીવોને નિજક્રીડાર્થ સૃષ્ટિના પ્રાગટ્યનો ઉપદેશ ''**હે બ્રહ્મા ! કેમકે હું આત્માઓની પણ આત્મા છું. જગતમાં જે પ્રિયતર હોઈ શકે છે તેનાથી પણ અધિક પ્રિયતમ હું છું. દેહ આદિ બધાંમાં મારા કારણે પ્રિયતા પ્રતીત થતી હોવાથી મારામાં પોતાની રતિ જોડો**'' (ભાગ.પુરા.૩|૯|૪૨) આ પ્રકારનો ભક્તિના મૂળભૂત પરમાત્મભાવનો ઉપદેશ આપ્યો. જેવી રીતે કેવલાદ્વૈતી ઉપદેશક કહે છે કે કંઠમાં પહેરેલી મણિમાળાને ભૂલીને અહીંયાં-ત્યાં કોઈ શોધે અને યાદ અપાવતાં તે કહે કે

'મળી ગઈ !' આ પ્રકારે બ્રહ્મજ્ઞાન કૃતિલભ્ય ન હોઈને કેવળ સ્મૃતિલભ્ય હોય છે. આજ રીતે ભાગવતમતના અનુસાર ભગવદ્ભક્તિ પણ કૃતિલભ્ય ન હોઈ ને સ્મૃતિલભ્ય માનવી જોઈએ. તે સાધનજન્યા નહીં પરન્તુ નિત્યસિદ્ધા હોય છે. એતાવતા સાધનોપદેશને વ્યર્થ ન માની શકાય. કેમકે નિત્યસિદ્ધા હોવા છતાં પણ ભગવાનનાં વરણ કરવાથી તે વરણના અનુભાવના રૂપમાં જ ભક્તિ પ્રગટ થતી મનાયેલી છે. ''**હે સ્વામી ! અસત્પુરૂષોના માટે દુર્લભ એવા આપના ચરણ જે મને પ્રાપ્ત થયાં તે તો આપની કૃપાનું જ ફળ છે.**'' (ભાગ.પુરા.૧૦|૩૭|૨૮). અતઃ ક્યાંક ભક્તિરૂપ અનુભાવ પ્રગટ ન પણ થતો હોય ત્યાં પણ તે રહેલો તો છે જ. અપ્રગટ રહેવામાં હેતુ ભગવાનદ્વારા જીવનુ ભક્ત્યર્થ વરણ ન કર્યું હોય એ જ છે. આને મહાપ્રભુએ દ્રઢ

> ''**બધાં આત્માઓના ભગવાન આત્મા છે... અતઃ પ્રીતિના વિષય હોવાના કારણે ભગવાનમાં રતિ કરવી જોઈએ... દેહાદિ તો આત્માના સમ્બન્ધના કારણે પ્રિય લાગે છે... જાગતિક વિષયનું જ્ઞાન પણ અતએવ મૂળમાં તો ભગવજ્જ્ઞાન જ છે પરંતુ ભગવાન આપણું વરણ કરે ત્યારે આ તથ્ય અવગત થઈ શકે છે. આ પ્રકારે દેહગેહાદિમાં આપણો સ્નેહ મૂળમાં ભગવત્સ્નેહ જ છે પરન્તુ ભગવાન સ્વયં-પોતાને આ રીતે જણાવવા ચાહે ત્યારે આવું જ્ઞાન થઈ શકે છે... જ્ઞાનની અપેક્ષાએ પ્રીતિદ્વારા શીઘ્ર જ ભગવાનને ગૃહીત કરી શકાય છે. અતએવ પ્રીતિનો ઉપદેશ આપવામાં આવ્યો છે... ભગવાનને ચાહે તો બધાં જ છે પરન્તુ અનુભૂત ન થઈ શકવાના કારણે જે વિષય અનુભૂત થતાં હોય તેને જીવ ચાહવા લાગે છે અને આ કારણે તેને ભગવાન પ્રિય નથી એવું ભાન થાય છે. જેવી રીતે કોઈ સ્વયં-પોતાની ઉપર ક્રોધિત થઈને સ્વયંને કોસવા લાગે. તે સિદ્ધ રતિ માટેના આપણાં અજ્ઞાનને દૂર કરવા માટે અહીંયાં કહેલી રતિને નિત્યપ્રીતિના રૂપમાં દેખાડવામાં આવી છે.**''
>
> (સુબો.૩|૯|૪૨).

અતઃ અનુગ્રહેતર જે શ્રવણ આદિ નવ સાધનો છે, અથવા તનુવિત્તજા સેવા આદિ કે વ્રજભાવોની અનુભાવના આદિ, તે બધાં અનુગ્રહરૂપ મૂળ સાધનના અવાન્તરવ્યાપારરૂપ હોય છે.

એતદર્થ આપણી ભગવદ્ભક્તિ નિરૂપાધિકા બની રહે અને સુદઢ અને સર્વતોધિક સ્નેહના રૂપમાં ખીલી શકે; અને જો ખીલી ગઈ હોય તો તેવું (નિરૂપાધિક) સ્વરૂપ તેનું નિરન્તર નભી શકે એતદર્થ વેત્ર પણ આવી ભાવનાની સાથે ભગવાનના શ્રીહસ્તમાં ધરાવવા જોઈએ. અથવા વેત્ર ધારણ કરી ભગવાન આપણને એવો ઉપદેશ આપવા ચાહે છે એવી ભાવના પણ કરી શકાય છે.

૧૩.આપણાં સેવ્યસ્વરૂપ સદા નિજધામમાં લીલાવિહાર કરે છે એવી ભાવના કરી તેમની સેવાદ્વારા મને મુક્તિથી ઘણી (અતિ) શ્રેષ્ઠ ભગવદ્ધામમાં ભગવત્સેવા કરી શકવાની કૃપા મારા ઉપર ભગવાને કરી છે એવી ભાવના :

''જે પોતે આત્મસાત્ કરેલાં સાત્વતોમાં શ્રેષ્ઠ હોવાથી તેમના પતિ છે પરન્તુ સાધનાભિમાની ભૂતલથી બંધાયેલા યોગિઓને સદા દુર્લભ રહે છે, જે પોતાની 'રાધસ્' નામિકા શક્તિ, જેની સમાન કે જેનાથી અધિક શ્રેષ્ઠ કોઈ બીજી શક્તિ હોઈ નથી શકતી, તેની સાથે નિજ અક્ષરધામમાં સદા રમણ કરતાં રહે છે, આવા પ્રત્યક્ષ ભગવાનને વારંવાર નમન!'' (ભાગ.પુરા.૨।૪।૧૪) આ શ્લોકનો પાઠ કરીને નમન કરતા કરતા અનવસર કરવા જોઈએ.

આના પછી ''નિજધામમાં જ નિત્ય લીલાવિહાર કરવાવાળા સ્વરૂપ જ આપણા સેવ્ય છે'' આ પ્રકારની ભાવના મુક્તિથી પણ અધિક ભક્તિના પરમ ઉત્કર્ષની ભાવનાર્થ સેવાના અનવસરમાં પણ ભક્તિના કથાપક્ષના અવલમ્બનદ્વારા ભગવલ્લીલાનુસન્ધાન કરવાનો ઉપદેશ આપવા માટે જે પોતે (સ્વયં) આત્મસાત્ કરેલાં સાત્વતોમાં શ્રેષ્ઠ હોવાથી તેમના પતિ છે અહિંથી આરમ્ભ કરી અનવસર કરવા જોઈએ પર્યન્ત ભાવનાન્તરનું નિરૂપણ કરે છે. આ પદ્ય શ્રીશુક મુનિએ શ્રીમદ્ભાગવતકથાના ઉપક્રમમાં જે મંગલાચરણ કર્યુ છે તેના અન્તર્ગત મળે છે. આ પદ્યની સુબોધિનીમાં શ્રીમદ્આચાર્યચરણોએ પ્રતિપાદન કર્યુ છે –

''ભગવાનની એક સિદ્ધિ છે જેને 'રાધસ્' કહેવામાં આવે છે. ન તો આવી કોઈ સિદ્ધિ અન્યત્ર હોઈ સકે છે અને ન ક્યાંય આનાથી વધીને કોઈ (અન્ય) સિદ્ધિ હોઈ શકે છે. આ સિદ્ધિની સાથે ભગવાન નિજગૃહમાં જ સદા રમણ કરે છે. આ અક્ષરબ્રહ્માત્મિકા છે.

'રમણ કરે છે' આવા નિરૂપણવશ પોતાનામાં જ રહેલો જે રસ છે તે આ શક્તિના સમ્બન્ધથી ભગવાન અભિવ્યક્ત કરે છે. આથી આ સિદ્ધ થયું કે ભગવાન પોતાની સ્વરૂપસ્થિતિથી વ્યતિરિક્ત અન્યત્ર ક્યાંય રમણ નથી કરતા. અતઃ ભગવદીય રસ અહીં જ પ્રાપ્ત થઈ શકે છે. ગૃહ તેમનું પોતાનું. અને તેમને (ભગવદીયરસને) મેળવવાનું સાધન જેનાથી અતિશય કે જેની સમાન અન્યસિદ્ધિ હોઈ નથી શકતી એવી સિદ્ધિ છે. અતઃ અન્યોને તો ભગવદ્રસની પ્રાપ્તિ સર્વથા દુર્લભ જ રહે છે. જે પરન્તુ ભગવાનના આ ગૃહમાં રહેતા ગૃહસેવક હોય તેમને તો સુલભ જ હોય છે. ભગવાન પોતાના ગૃહમાં તેને લઈ જઈને રમણ કરે છે આ ઉપપત્તિથી ભગવાનનું ભક્ત્યેકલભ્ય હોવુ સિદ્ધ થાય છે. 'નિજ અક્ષરધામમાં' આ પદદ્વારા એ દ્યોતિત થાય છે કે અન્ય કોઈ ત્યાં જઈ નથી શકતું. બ્રહ્મ હોવાના કારણે આ ઘર સર્વથા ઉપાદેય હોય છે. આ ઘરમાં લીલારસનો પ્રવાહ નિરન્તર બની રહેતો હોવાથી ન તો સાયુજ્ય થાય છે અને ન તેની અપેક્ષા જ કોઈ હોય છે.'' (સુબો.૨।૪।૧૪).

આનાથી સિદ્ધ થાય છે કે સેવાના અવસરમાં વ્રજલીલાવિહારી ભગવાનની સર્વભાવની સાથે સેવા કરવી એ સ્વધર્મ છે. સેવાના અનવસરમાં તે જ પરબ્રહ્મ પરમાત્મા પરમાનન્દરૂપ ભગવાન નિત્ય સર્ગ વિસર્ગ સ્થાન પોષણ વગેરે દશવિધ લીલાઓમાં નિરત રહેતા હોવાથી તે લીલાનુ નિરૂપણ કરવાવાળુ ભાગવતપુરાણ અનુસન્ધેય હોય છે. આ વાત ''અહીંયાં ઈશ્વરના 'કર્તુમ્ અકર્તુમ્ અન્યથા કર્તુમ્'' સામર્થ્યનુ નિરૂપણ થયું છે. 'સદ્ય' પદના કારણે આ સિદ્ધ થાય છે કે ભાગવતના શ્રવણમાત્રથી ભગવાન હૃદયારૂઢ થઈ જાય છે, વિના વિચાર-ચિન્તનના પણ'' (સુબો.૧।૧।૨) માં કહી છે. આના દ્વારા ભગવત્સેવામાં ઉપયોગ આવવાવાળા ગૃહમાં સેવા કરવાવાળામાં પણ અક્ષરબ્રહ્મની ભાવનાનો ઉપદેશ આપવામાં આવ્યો છે. આ જ વાત –

''કૃષ્ણસેવા સદા કરવી જોઈએ... આનાથી સંસારદુઃખ નિવૃત્ત થઈ જાય છે અને અક્ષરબ્રહ્મનો બોધ પણ થવા લાગે છે. પરબ્રહ્મ તો શ્રીકૃષ્ણ છે અને અક્ષરબ્રહ્મ સચ્ચિદાનન્દક હોય છે. તે અક્ષરબ્રહ્મના બે રૂપ હોય છે : એક તો તે સર્વ બને છે અને બીજા રૂપમાં વસ્તુમાત્રથી વિલક્ષણ પણ હોય છે... અતઃ આવા તત્ત્વના પ્રતિપાદક બ્રહ્મવાદના અનુસાર શ્રીકૃષ્ણમાં બુદ્ધિ લગાડવી જોઈએ. આત્મચેતના બ્રહ્મરૂપ હોય છે જેવી રીતે વ્યોમની આગળ ચાળણી રાખવાથી છિદ્ર દેખાઈ દેવા લાગે છે. ચાળણીના

છિદ્રોમાં દેખાતાં નાના-નાના આકાશ-કણ જો ચાળણી હટાવીને જોઈએ તો એક આખુ આકાશ પોતાની સમગ્રતામાં દેખાઈ દેવા (દેખાવા) લાગે છે. આ પ્રકારે આપણા ક્ષુદ્ર છિદ્રોપમ અહંબોધની ઉપાધિને હટાવીને બ્રહ્મની દષ્ટિથી જોવાથી આપણી આત્મામાં પણ બ્રહ્માત્મકતા ઝલકવા લાગે છે. જેવી રીતે ગંગાના તટપર ગંગાના કોઈ ભક્તને ગંગાદેવીના દર્શન સુલભ થઈ જાય છે તેવી જ રીતે આ અવસ્થામાં સેવા કરવાવાળો પણ પોતાની ભીતર (અન્દર) શ્રીકૃષ્ણને જોઈ શકવાને સમર્થ થઈ જાય છે. જે સંસારી રહેતા રહેતા ભજન કરે છે તે તો જેમ ગંગાતટથી દૂર રહેવાવાળા પોતાની ભક્તિમયી વૃત્તિને સન્તુષ્ટ નથી કરી શકતા તેમની જેમ જ દુઃખી રહે છે. અતઃ બધાં લોકથી છૂટકારો મેળવીને પોતાની ભીતર આત્માનન્દના લહેરાતા સાગરમાં બિરાજમાન એવા શ્રીકૃષ્ણના માર્ગપર શ્રીકૃષ્ણનું જ ચિન્તન કરવું જોઈએ.'' (સિદ્ધા.મુક્તા.૧-૧૬).

અહીંયાં અક્ષરબ્રહ્મનુ પુરૂષોત્તમધામ હોવું ''તે અવ્યક્તને 'અક્ષર' કહેવામાં આવે છે જે એવી પરમગતિ છે કે જ્યાં પહોચવાથી કોઈ પાછુ નથી આવતું, આવુ તે મારું પરમધામ છે'' (ભગ.ગીતા.૮।૨૧) ગીતાના આ વચનના આધારે કહેવામાં આવ્યુ છે. ધામરૂપ અક્ષરનું નિરૂપણ શ્રીમદાચાર્યચરણોએ પણ ''અક્ષરબ્રહ્મ બધાં કારણરૂપ કાલ કર્મ સ્વભાવ પ્રકૃતિ અને પુરૂષ નું પણ કારણ હોય છે... આવું હોવાથી પણ તે પરબ્રહ્મ પુરૂષોત્તમનું ધામ હોય છે, ચાહો તો આને દેહની જેમ કે ચાહો તો ગૃહની જેમ સમજી લો. જાગતિક બધી આત્મા અક્ષરબ્રહ્મની દેહસ્થાનીય હોય છે આવી રીતે અક્ષરબ્રહ્મ પણ ભગવાનના'' (સુબો.૩।૧૧।૪૧) આ રીતે કર્યુ છે. આ બાબતમાં બ્રહ્મસૂત્રના અણુભાષ્યમાં પણ પ્રક્રિયા નિરૂપિત કરી છે :

''હવે બ્રહ્મને જાણી શકવાનો અભિપ્રાય સમજાવે છે કે 'જે આ પ્રકારે તેને જાણી શકે છે' ઈત્યાદિ દ્વારા. અહીંયાં આ અભિપ્રાય છે કે 'આ પરમાત્મા જેનું વરણ કરે છે તે જ તેમને પામી શકે છે. તેની સામે તે (પરમાત્મા) પોતાના સ્વરૂપનું વિવરણ કરે છે' આ શ્રુતિના આધારે તેના દ્વારા કરેલાં વરણના સિવાય અન્ય કોઈ પણ સાધનથી તે મળતા નથી. આ રીતે બન્ને પ્રકારની શ્રુતિઓમાં ઉભરેલા વિરોધનો પરિહાર (આ રીતે થાય છે કે) અક્ષરબ્રહ્મના જ્ઞાનથી અવિદ્યાનિવૃત્તિ થાય છે, કેમકે તે જ્ઞાન જીવને પ્રાકૃત ધર્મોથી રહિત બનાવી તેને શુદ્ધ બનાવીને પુરૂષોત્તમને જાણી શકવાની સ્વરૂપયોગ્યતા સમ્પાદિત કરે છે. આવા જીવનું જ્યારે ભગવાન પોતાને જાણી કે ચાહી શકવાવાળા જીવના રૂપમાં વરણ કરે ત્યારે તેનામાં ભક્તિભાવ પ્રગટ થાય છે. આ પ્રકારે સહકારિયોગ્યતાને સમ્પાદિત

કરતા હોવાથી તેના કારણે પુરૂષોત્તમની પ્રાપ્તિ થાય છે. હૃદયગુહામાં પરમવ્યોમનો આવિર્ભાવ, અર્થાત્ પરબ્રહ્મને જેના દ્વારા જાણી શકાય કે જોઈ શકાય આ માટે 'પરમ' કહે છે... હૃદયાકાશરૂપી ગુહામાં જે પરમવ્યોમરૂપ વ્યાપિ વૈકુંઠ આવિર્ભૂત થાય છે. તે પુરૂષોત્તમના ગૃહરૂપ હોય છે. અતઃ તે (ત્યાં) નિહિત સ્થાપિત હોવાના રૂપમાં જે તેને જાણી શકે છે.''

(બ્ર.સૂ.ભા.૧।૧।૧૧).

૧૪.ભગવન્મૂર્તિની જેમ શ્રીસ્વામિનીની મૂર્તિના બાબતમાં ઉપદિષ્ટ પ્રાદુર્ભાવરીતિનો અતિદેશ :

શ્રીમૂર્તિની પણ આ પ્રકારે કે ભગવન્મૂર્તિની સાથે પણ પ્રતિષ્ઠાપનવિધિનુ અનુષ્ઠાન કરવાથી સાક્ષાત્ પુરૂષોત્તમાત્મકતા સિદ્ધ થઈ જાય છે -

શ્રીમૂર્તિની અહીંથી આરંભ કરી **સાક્ષાત્ પુરૂષોત્તમાત્મકતા સિદ્ધ થઈ જાય છે** ત્યાં સુધી. શ્રીની એટલે કે સ્વામિનીજીના સ્વરૂપની. અહીંયાં શંકા ઉઠે છે કે શ્રીમૂર્તિની સાક્ષાત્ પૂર્ણાનન્દરૂપ પુરૂષોત્તમાત્મકતા કેવી રીતે કહી શકાય છે, કેમકે શ્રીને તો ગણિતાનન્દરૂપા અક્ષરબ્રહ્માત્મિકા માનવામાં આવી છે ? આ વિષયમાં આ જ્ઞાતવ્ય છે કે સ્વયં અક્ષરબ્રહ્મપણ એકાન્તિકતયા ગણિતાનન્દરૂપ નથી હોતા પ્રત્યુત ''ગણિતાનન્દકં બૃહત્'' (કૃષ્ણા.સ્તો.૮) આ વચનમાં ''અલ્પે'' (અષ્ટા.સૂ.૫।૩।૮૫) આ સૂત્રદ્વારા અલ્પાર્થક 'કન્' પ્રત્યય 'ગણિતાનન્દ' પદની સાથે જોડવામાં આવ્યો હોવાથી અક્ષરબ્રહ્મમાં ગણિતાનન્દ અલ્પતર હોય છે, આવો અર્થ જ સ્ફુટ થાય છે. અર્થાત્ વસ્તુતઃ તો તે પ્રચુર આનન્દમય જ હોય છે. આ વાત ''પુરૂષોત્તમના સ્વરૂપથી આ અક્ષરબ્રહ્મનું વૈલક્ષણ્ય શું ? આનન્દાંશનો તિરોભાવ. સત્ત્વના પ્રબલ હોવા માત્રથી... 'હવે મારે આવું બનવું છે' આવી ઈચ્છામાત્રના વશ અન્તઃસમુત્થિત સત્ત્વના વશ આનન્દાંશ તિરોહિત જેવો થઈ જાય છે... આમ ન વિચારવું જોઈએ કે આનન્દાંશના તિરોહિત જેવો થઈ જવાથી તે જીવ જ બની જશે, આમતો મહદ્ આદિ (મહદાદિ) પદાર્થોમાં તો આનન્દાંશ તિરોહિત જ રહે છે. કેમકે બહુભવનની ઈચ્છાના પ્રબળ હોવાના કારણે તિરોભાવ જેવું કાંઈક ઘટિત થાય છે. વસ્તુતઃ આ તિરોભાવ ઔપચારિક છે અર્થાત્ ઈચ્છાના પ્રગટ થવાના કારણે કાર્યવ્યાપૃત્તિના વશ તિરોભાવ જેવુ કાંઈક ઘટિત થાય છે. વસ્તુતઃ તો તે (અક્ષરબ્રહ્મ) આનન્દમય

જ હોય છે'' (ત.દી.નિ.પ્ર.૨।૯૯-૧૦૦) આ રીતે અક્ષરબ્રહ્મના આનન્દની બાબતમાં પ્રાચુર્યાર્થક 'મયટ્' પ્રત્યયનો પ્રયોગ સર્વનિર્ણયમાં મહાપ્રભુએ કર્યો છે. અને એક વાત જે સુબોધિનીમાં મહાપ્રભુએ કહી છે **''જ્યારે ભગવાન શક્તિના રૂપમાં પ્રગટ થાય છે ત્યારે તે શક્તિઓમાં શ્રી પ્રથમશક્તિ હોય છે. તે પહેલાં તો બળની જેમ શરીરમાંજ અવસ્થિત રહે છે, પણ ભગવાનના ભર્તા કે પ્રભુ ના રૂપમાં આવિર્ભૂત થવાથી તે પણ ભાર્યા કે ભોગ્યાના રૂપમાં આવિર્ભૂત થઈ જાય છે... તે સ્વયં પોતાના માટે સચ્ચિદ્રૂપા હોવા છતાં પણ તેનું વિગ્રહ બ્રહ્માનન્દરૂપ હોય છે... કેમકે તે અક્ષરાનન્દરૂપા હોય છે''** (સુબો.૨।૯।૧૩).

આ વચનમાં એક સન્દેહ થાય છે કે ''સ્વયં પોતાના માટે તે સચ્ચિદ્રૂપા હોય છે પરન્તુ પુરૂષોત્તમના માટે આનન્દરૂપા હોય છે'' આવું કહ્યું છે તો ન કેવળ તે જ અપિતુ નિખિલ નામરૂપકર્મોવાળું આ ચેતનાચેતન જગત પણ સ્વયં પુરૂષોત્તમના માટે તો પુરૂષોત્તમાત્મક જ હોય છે. કેમકે તે સ્વયં તો તે-તે રૂપોમાં પ્રાદુર્ભૂત થયા છે; અને કેમકે તે **''દેશતઃ કાલતઃ અવસ્થાતઃ સ્વતઃ કે અન્યતઃ કોઈ પણ રૂપમાં પોતાની બોધાત્મકતાને ખોતા નથી''** (ભાગ.પુરા.૩।૭।૫) આવું ભાગવતમાં કહ્યું જ છે. જો આવું માનીએ છીએ તો શ્રીશક્તિ અને જડ-જીવ આદિ પણ સ્વયં પોતાના માટે અપુરૂષોત્તમાત્મક હોવા છતાં પણ પુરૂષોત્તમના માટે તો પુરૂષોત્તમાત્મક જ હશે. ત્યારે શ્રીશક્તિ અને જડ-જીવ વગેરે જગતની વચ્ચે અન્તર કેવી રીતે સિદ્ધ થશે ?

આ તો પહેલાં જ કહેવાઈ ચૂક્યું છે કે સૃષ્ટિમાં કે અવતારલીલામાં શ્રી જ ભગવાનની સાક્ષાત્ ભોગ્યા હોય છે અન્ય બધું જ તેના અવતાર કે આવેશ ના કારણે ભગવદ્ભોગ્ય બની શકે છે.

૧૫.સેવાના આરમ્ભમાં તેવો અનુભાવ સિદ્ધ ન હોઈ શકવાને કારણે થતા ઉદ્વેગના નિવારણાર્થ આશ્વાસન :

વિવિધ લીલાભાવોના અનુભાવ પ્રગટ કરવાવાળા પ્રાદુર્ભાવ આદિ તો તે-તે ભક્તોના તેવા-તેવા ભાવોના અનુસાર હોય છે. આથી જ ''સ્વરૂપમાં દેહોમાં દેહાદિની ક્રિયાઓમાં તારતમ્ય ન હોવા છતાં પણ જેનાથી જે કાર્ય સિદ્ધ કરાવવું હોય તેનાથી તે કાર્ય ભગવાન સિદ્ધ કરાવી લે છે'' (પુ.પ્ર.મ.૧૩) આમ પિતૃચરણ મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યે નિરૂપિત કર્યુ છે.

અતઃ આત્મક્રીડાર્થ જ એકમેવ અદ્વિતીય બ્રહ્મ અનેકધા પ્રાદુર્ભૂત થયો હોવાથી જે-જે રૂપોમાં જે-જે નામોને ધારણ કરી જેના-જેના પ્રતિ જે-જે કર્મ કરવા ચાહે છે, તે નામના તે રૂપમાં તે જ કર્મની અભિવ્યક્તિ તેના જ પ્રતિ અભિવ્યક્ત હોય છે અન્ય કર્મની કે અન્યના પ્રતિ નહિં. તેથી કહે છે **વિવિધ લીલાભાવોના અનુભાવ પ્રગટ કરવાવાળા પ્રાદુર્ભાવ આદિ** અહીંથી આરમ્ભ કરી **''સ્વરૂપમાં, દેહોમાં અને દેહાદિની ક્રિયાઓમાં તારતમ્ય ન હોવા છતાં પણ જેનાથી જે કાર્ય સિદ્ધ કરાવવું હોય તેનાથી તે કાર્ય ભગવાન સિદ્ધ કરાવી લે છે''** (પુ.પ્ર.મ.૧૩) **આવું પિતૃચરણ''** પર્યન્ત. આ આત્મસૃષ્ટિમાં જડ-જીવોના ભેદની જેમ જીવોમાં પણ પુષ્ટિ મર્યાદા અને પ્રવાહ ના પ્રભેદ, તેના અવાન્તર ઉપભેદ, જેમ કે શુદ્ધપુષ્ટિ પુષ્ટિપુષ્ટિ મર્યાદાપુષ્ટિ પ્રવાહપુષ્ટિ આદિ, આમાં પણ દેવ દાનવ તિર્યક્ નર વગેરે ભેદ કાલ-કર્મ-સ્વભાવના કારણે પ્રાદુર્ભૂત થાય છે જેના કારણે તે પરમાનન્દનો આ વિવિધ જીવ આ હેતુઓના કારણે તારતમ્યથી અનુભવ કરે છે. આ વિષયનું પ્રતિપાદન **''આ એવી આનન્દની મીમાંસા છે... તે એક માનુષ આનન્દ હોય છે. આવા સો માનુષ આનન્દ...''** થી આરમ્ભ કરીને **''આવા સો પ્રજાપતિના આનન્દ બરાબર બ્રહ્મનો એક આનન્દ હોય છે... તે તો એક જ છે''** (તૈત્તિ.ઉપ.૨।૮) અહીં કરવામાં આવ્યું છે. **''કોઈ પણ સ્વયં પ્રિયતયા કામ્ય હોવાના કારણે પ્રિય નથી હોતું પ્રત્યુત આત્માના પ્રિયતયા કામ્ય હોવાના કારણે જ સર્વ (કાંઈ) પ્રિય લાગે છે''** - **''આ આનન્દની કાંઈક માત્રાઓનુ અન્ય ભૂતો ઉપજીવન કરે છે''** (બૃહ.ઉપ.૨।૪।૫, ૪।૩।૩૨) અહીંયાં પણ કરવામાં આવ્યું છે. આનું ઉપોદ્બલક શ્રીમદ્ભાગવતનુ **''હું આત્માઓનો પણ આત્મા છું, બધાં પ્રિયતરોમાં પ્રિયતમ છું. દેહાદિ પણ મારા જ કારણે પ્રિય લાગે છે. અતઃ મારી સાથે પોતાની રતિ જોડવી જોઈએ''** (ભાગ.પુરા.૩।૯।૪૨) આ સુન્દર વચન પણ મળે છે. આ બધી વાતો હૃદયમાં રાખીને આચાર્યચરણ કહે છે -

૧.''ભક્તિ સ્નેહરૂપા હોય છે, 'દેવ આદિની બાબતમાં જે રતિ હોય તેને 'ભાવ' કહે છે.' અહીંયાં 'રતિ' પદના કારણે સ્નેહ અને 'દેવ' પદના કારણે માહાત્મ્ય દ્યોતિત થાય છે. આ તો જ્યારે તેને પોતાની આત્મા હોવાના રૂપમાં જાણે ત્યારે સંભવ છે. અતઃ ભજનાર્થ જ આત્મા હોવાના રૂપમાં તેનું નિરૂપણ અને માહાત્મ્ય કહેવામાં આવે છે. અન્યથા

બ્રહ્મના નિરૂપણાર્થ પ્રવૃત્ત ઉપનિષદોમાં બે પ્રકારના વાક્ય વ્યર્થ સિદ્ધ થશે.''

૨.''અતઃ સ્નેહ તો એક વિલક્ષણ પદાર્થ છે. તે તો ભગવન્નિષ્ઠ અને ભગવદ્વિષયક જ હોય છે, જેવી રીતે જ્ઞાન કે ઐશ્વર્ય ભગવાનના સમ્બન્ધની નિકટતા ના કારણે અન્યત્ર પણ અવભાસિત થાય છે. ઉષ્ણસ્પર્શની જેમ જેમ-જેમ ભગવાનના કોઈ નિકટ થતું જાય છે તેમ-તેમ સ્નેહ અતિશય તેમાં વધતો જાય છે. શરીરાભિમાની આત્માની પ્રત્યે પણ આપણને પરમ સ્નેહ આથી થાય છે. કેમકે પરમાત્માની સાથે અન્ય બધાં અહન્તાસ્પદ કે મમતાસ્પદ પદાર્થોની તુલનામાં તે અતિનિકટતર હોય છે. અન્યત્ર તો સ્નેહ આત્માના અધ્યાસના કારણે થાય છે.''

૩.''પ્રીતિ તો ભગવાનનો એક એવો ધર્મ છે જે ભગવાને સર્વ જીવોની વચ્ચે, તેમને કોઈ પ્રકારની સુખાનુભૂતિ સુલભ થઈ શકે એ માટે, ખંડશઃ વહેંચી રાખ્યો છે. અતઃ જે જ્યાં પ્રેમ કરવા લાગે છે ત્યાં જ તેને સુખ મળવા લાગી જાય છે. અતઃ વિચારો તો સ્વયં પોતાનું જ સુખ આપણને મળે છે.''

(ત.દી.નિ.પ્ર.૧।૪૨ સુબો.૧।૧૯।૧૬, ૨।૨।૭)

૧૬.આ પ્રકારે પ્રતિષ્ઠાપિત શ્રીપુરૂષોત્તમના ભજનની ઈતિકર્તવ્યતાના નિરૂપક ગ્રન્થ અને કર્તવ્યનો ઉપદેશ :

ત્યારબાદ અન્યાશ્રયનો ત્યાગ કરીને ગુરૂદ્વારા ઉપદિષ્ટ શ્રીભાગવત ભક્તિવર્ધિની નવરત્ન ગ્રન્થોમાં વર્ણવેલ પ્રકારનું અનુસરણ કરતા ભગવાન શ્રીકૃષ્ણનું જ ભજન કરવુ જોઈએ. અહીંયાં અપેક્ષિત ઉપપત્તિ તો ભક્તિહંસ ગ્રન્થમાં સ્ફુટતયા સમજાવી જ છે. અતઃ અહીંયાં આપવી હવે આવશ્યક નથી.

અહીંયાં જાણવા લાયક વાત આ જ છે કે યદ્યપિ તત્ત્વદષ્ટિથી જીવાત્માની રતિ તો ક્યાંય પણ હોય પણ તેની રતિ તો ભગવદ્રતિ જ હોય છે. છતાં પણ લીલાદષ્ટિથી અન્યાશ્રયનો ત્યાગ અને અન્યરતિનો ત્યાગ ભગવત્પ્રપત્તિ અને ભગવદ્ભક્તિમાં અતિશય અપેક્ષિત હોય છે, બન્નેના સુદઢ થવાને માટે અને સ્નેહના સર્વતો અધિક થવાને માટે. અન્યથા તો ભક્તિ પોતાના લક્ષણના અનુરૂપ જ થઈ નહીં શકે. આમાં અન્યાશ્રય ભક્તિના પૂર્વાંગભૂત માહાત્મ્યજ્ઞાનના પ્રતિકૂલ મન વાણી કે

કર્મ ની પ્રવૃત્તિ છે. આ રીતે અન્યરતિ પણ ભક્તિના ઉત્તરાંગભૂત સુદઢ સર્વતોઽધિક સ્નેહના પ્રતિકૂલ મન વાણી કે કર્મ ની પ્રવૃત્તિ છે. અતઃ તેને સારી રીતે સંયત કરવાથી જ ભગવદ્અનુગ્રહથી જન્ય ભક્તિ પોતાનું સ્વરૂપ નભાવી શકે છે. અતઃ ભગવદ્અનુગ્રહરૂપ પ્રમુખ સાધનના આ અનન્યાશ્રય અને અનન્યાસક્તિ અવાન્તરવ્યાપારરૂપ છે. સર્વ ઉપનિષદોના સારભૂત શ્રીભગવદ્ગીતા અને તેના વિસ્તાર રૂપ શ્રીભાગવતપુરાણ ના નિષ્કૃષ્ટ તાત્પર્યનુ અજ્ઞાન આવી પ્રતિકૂલ પ્રવૃત્તિનો હેતુ બની જાય છે. આ સર્વ શાસ્ત્રોના નિર્ગલિતાર્થના ઉપદેશક નિજાચાર્યના વચન (જે) પરબ્રહ્મ પરમાત્મા ભગવાન શ્રીકૃષ્ણનું સ્વરૂપ અને તેમના ભજનની રીતિ ના ઉપદેશક (વચનો છે તે) ષોડશગ્રન્થોમાં મળે છે. તે વચનોનું અવગાહન કરવાથી સર્વ પ્રતિબન્ધોની નિવૃત્તિ થઈ શકે છે, આવો પોતાનો અભિપ્રાય પ્રભુચરણ કહી રહ્યા છે **આના પછી અન્યાશ્રયનો ત્યાગ કરીને અહીંથી આરમ્ભ કરીને મધ્યમાં ભક્તિવર્ધિની નવરત્ન ગ્રન્થોંમાં ઉપદિષ્ટ પ્રકારનું અનુસરણ કરતા** અંશદ્વારા તથા અન્તમાં ભજનના પ્રકારને પણ સમજાવતા **ભગવાન શ્રીકૃષ્ણનુ જ ભજન કરવું જોઈએ** પર્યન્ત ભજનીયનું સ્વરૂપ પણ નિર્ધારિત કરવામાં આવ્યુ છે.

ભક્તિથી જોડાયેલાં આચારોના ઉપદેશાર્થ નાનાવિધ ઉપદેશરૂપ પ્રાયઃ ઓગણીસ જેટલાં ઉપદેશપ્રધાનગ્રન્થોના રહેતાં અહીંયાં સેવાપ્રકારના સારી રીતે અનુષ્ઠાનના માટે કેમ કેવળ ભક્તિવર્ધિની અને નવરત્ન ગ્રન્થોનો જ વિશેષતયા ઉલ્લેખ કરવામાં આવ્યો છે ?

ભાગવતના પ્રતિપાદ્ય શ્રીકૃષ્ણની ભક્તિ તો પોતાના ઘરમાં જ આચાર્યચરણોને અભિપ્રેત છે સાર્વજનિક દેવાલયોમાં નહીં, જેમ કે આધુનિક તેમના પૂ.પા.વંશજ અને અનુગામી મોહાન્ધકારમાં ભટકતાં-ભટકતાં એક-બીજાને ભરમાવવામાટે આચાર્યોપદિષ્ટથી વિપરીત કુરીતિને જ આ પરમ દિવ્ય માર્ગમાં પુષ્ટિમાર્ગના રૂપમાં જોવા-દેખાડવા ચાહે છે. કેમકે **''જે અવ્યાવૃત્ત હોય તેના માટે ભક્તિના બીજભાવને દઢ કરવાનો પ્રકાર તો ઘરમાં રહીને સ્વધર્મને નભાવતા નભાવતા કૃષ્ણને ભજવા એ છે'' આ ઉપદેશમાં ઘરમાં રહીને ભજનના વિધાનના કારણે પોતાના ઘરમાં બિરાજતા સ્વરૂપનું ભજન છોડીને અન્યત્ર ભજન કરવાથી ભક્તિ સિદ્ધ નથી થતી''** (શ્રીવલ્લભાત્મજશ્રીબાલકૃષ્ણવિરચિતા ભ.વ.વ્યા.૨). અહીંયાં પોતાના ઘરમાં

બિરાજતા ભગવદ્વિગ્રહની સેવા પુષ્ટિમાર્ગમાં કર્તવ્યના રૂપમાં માર્ગણીય હોય છે. આ વાતના ઉપોદ્બલક **''શાસ્ત્રોમાં સર્વથા હેયતયા કહેલાં ઘર આદિ સર્વનું ભગવાનને નિવેદન કરી ઘરોમાં ભગવત્સેવા કરવાવાળાઓને તેમના ભગવદુપયોગી બની જવાના કારણે ઘરમાં રહેતા-રહેતા પણ મુક્તિ મળી જાય છે. આવાઓનુ ઘર ભગવદ્ગૃહજ હોય છે આ જણાવવા માટે 'આયતન' પદનો પ્રયોગ કર્યો... 'આદિ' પદથી સ્ત્રી પુત્ર વગેરે સંગૃહીત કરવામાં આવ્યા. આ હેતુથી જ્ઞાનમાર્ગથી ભક્તિમાર્ગનો ઉત્કર્ષ પ્રતિપાદિત થાય છે. અહીંયાં મુક્તિના બાધક તત્ત્વ પણ સાધક બની જાય છે.''** (બ્ર.સૂ.ભા.૩।૩।૩૯) આવું ભાષ્યકારનું વચન પણ મળે જ છે.

સાર્વજનિક દેવાલયોમાં સ્વયં કે સ્વયં નિવેદિત સર્વ સ્વીયોના નિવેદનની બાબતમાં થતી ચિન્તા, કે ભગવાનમાં તેમનો વિનિયોગ ન થઈ શકવાની ચિન્તા, કે તેમના અન્ય કોઈમાં વિનિયોગના કારણે થતી ચિન્તા સર્વથા અપ્રસક્ત જ હોય છે. આ રીતે સાર્વજનિક દેવાલયોમાં આપણાં વેદ કે લોકમાં સ્વસ્થ ન રહી શકવાના કારણે થતી ચિન્તા પણ સર્વથા જ અપ્રસક્ત હોય છે. તે તો ભગવત્સેવામાં પરાયણ ભક્તિમાન સેવકના ઘરમાં કરવામાં આવે ત્યારે જ પ્રસક્ત થઈ શકે છે. અતએવ આ બન્ને ગ્રન્થોની બાબતમાં અહીંયાં સેવાના પ્રકારના પ્રેરક હોવાની વાત કહેવામાં આવી છે. કેમકે મુક્તિમાં બાધક માનવામાં આવતા ઘર વગેરે ભજનમાં ઉપયોગી હોવાથી સાધક હોય છે. છતાં પણ આપણાં સાંસારિક ઘરમાં જે કે જેવી ચિન્તાઓ પેદા થઈ શકે છે, તે સેવા કરવાવાળાના માટે વિવેક ધૈર્ય ભગવદ્આશ્રય અને ભગવદ્રતિ ની વિપરીત હોવાથી પ્રતિબન્ધક જ માનવામાં આવી છે.

અતએવ ભક્તિવર્ધિની અને નવરત્ન ગ્રન્થોનુ કાંઈક અસાધારણ મહત્ત્વ આ વિષયમાં છે જ. આના કારણે શ્રીકૃષ્ણની પોતાના જ તનુવિત્તથી, પોતાના જ ઘરમાં જ, સ્વયં સમર્પિત કરાયેલા પત્ર, પુષ્પ ફલ અન્ન વસ્ત્ર અલંકાર આદિ સામગ્રીથી કરાયેલી સેવા સ્વયં પોતે અને પોતાના સર્વસ્વના વિનિયોગના રૂપમાં વ્રજભક્તોના ભાવોની અનુભાવના કરતાં-કરતાં પોતાના પરિવારજનોની સાથે અતીવ નિશ્ચિન્ત થઈને સેવા કરવાનો સિદ્ધાન્ત જ આ સમગ્ર પ્રતિપાદનનો નિર્ગલિતાર્થ છે.

૧૭.ભજનના આવા પ્રકારમાં નિત્ય આવાહન-વિસર્જનની સિવાય પૂજાની ઘણી બધી રીતોનો અન્તર્ભાવ માન્ય કરયો હોવાને કારણે ક્યારેક અશુદ્ધિ કાંઈક આવી પડે ત્યારે શું કરવું :

મ્લેચ્છ કે ચાંડાલ આદિ અથવા અન્યમાર્ગીય નો સ્પર્શ થવાથી પઞ્ચામૃતસ્નાન અને અભ્યંગ કરાવીને શૃંગાર ધરાવવા અને ''ભગવાન શ્રીકૃષ્ણના દર્શન મેળવીને મળેલા આહ્લાદને વશ...આસનના રૂપમાં ગોપીજનોએ બિછાવી દીધી.'' (પૂર્વોક્ત સ્થલમાં) આદિ પદ્યોના પાઠનો પ્રકાર પૂર્વવત્ જ કરવો.

મ્લેચ્છ યા ચાણ્ડાલ વગેરે થી આરમ્ભ કરીને **પૂર્વવત્ જ કરવો** પર્યન્ત. અહીં આ આશંકા કરી શકાય છે કે ભાગવતમાં **''શિલાનિર્મિત, કાષ્ઠનિર્મિત, લોહ વગેરે ધાતુઓથી નિર્મિત, રંગોના લેપનદ્વારા નિર્મિત, લેખિનીદ્વારા લિખિત, રેતીથી (વાલુકાથી) નિર્મિત, માનસી, કે મણિનિર્મિત આમ પ્રતિમા આઠ પ્રકારની હોઈ શકે છે''** (ભાગ.પુરા.૧૧।૨૭।૧૨) આ આઠ પ્રકારની પ્રતિમાઓમાં બધાની સાથે આ વિધિનું અનુષ્ઠાન શક્ય ન હોવાથી ન તો બધી પ્રતિમાઓની યથોક્ત વિધાનના અનુસાર પ્રતિષ્ઠા અને ન શુદ્ધિ કોઈ કરી શકે છે ? અહીં સમાધાનતયા આ જાણી લેવું આવશ્યક છે કે જે પ્રતિમાની આવી વિધિના અનુસાર પ્રતિષ્ઠા કરવા જવાથી અર્થાત્ પઞ્ચામૃતસ્નાન સંસ્કાર કરવાથી પ્રતિમાની વર્ણાકૃતિના લુપ્ત થવાનો પ્રસંગ ઉપસ્થિત થાતો હોય ત્યાં ''દ્રવ્ય અને સંસ્કાર પરસ્પર વિરોધી હોય ત્યારે દ્રવ્યની પ્રધાનતાનો વિવેક રાખવો જોઈએ'' આ ન્યાયની અનુસાર દૂરથી પ્રોક્ષણ માત્ર કરી લેવું જોઈએ. અથવા ધાતુનિર્મિત દર્પણમાં પ્રતિમાના પ્રતિબિમ્બને સ્નાન કરાવીને પણ આ વિધિનુ અનુષ્ઠાન શક્ય છે. રેતીથી (વાલુકાથી) નિર્મિત લિંગ/પ્રતિમાનું પ્રતિદિન આવાહનવિસર્જન કરવામાં આવે છે (જે આપણા સમ્પ્રદાયમાં નૈમિત્તિક રૂપમાં અને અપવાદરૂપમાં જ, યમુનાતટપર શિલા પધરાવીને, અન્નકૂટના દિવસે ગોમયનિર્મિત ગોવર્ધનપર્વતના પૂજનાર્થ, અથવા મહાપ્રભુજીની જે બેઠકોમાં નિત્યસેવાનો પ્રકાર નભી ન શકતો હોય ત્યાં ભૂમિ પર તિલક-તુલસીકંઠી-વસ્ત્ર આદિ ધરાવીને અથવા છપ્પનભોગ વગેરેના પ્રસઙ્ગમાં જ્યારે ભાવનાજી પધરાવવામાં આવે છે ત્યારે તો આવાહન-વિસર્જન અનુષ્ઠેય હોય છે. અન્યથા આપણે ત્યાં નિત્યસેવાર્થ પધરાવવામાં આવતા ભગવદ્વિગ્રહની બાબતમાં આવાહન-વિસર્જનવિધિ સ્વીકારવામાં નથી આવી). જેવું કે કહેવામાં જ આવ્યું છે ''આપણે

ત્યાં ઉદ્વાસાવાહન નથી કરવામાં આવતું, મૂર્તિમાં ભગવાનની સ્થિતિ ઉપપાદિત કરવામાં આવી હોવાથી'' (ત.દી.નિ.આવ.૨।૨૨૯) આવરણભંગના આ વચનમાં, ગ્રન્થાન્તરમાં વસ્ત્રસેવાવાદમાં ભગવદ્વિગ્રહથી ઉત્તીર્ણ વસ્ત્ર અંગરાગ વેણુ આદિની પણ સાક્ષાત્ ભગવદ્ભાવસહિત સેવા કરી શકાય છે, આવું આવરણભંગકારે ઉપપાદન (સિદ્ધ) કર્યું જ છે. અતઃ ત્યાં પણ આ જ ન્યાય અનુસન્ધેય છે.

અહીંયાં શંકા થાય છે કે વૈષ્ણવવાર્તાઓ (દ્દષ્ટ.૨૫૨/૧૨૪,૧૩૬) માં વર્ણાશ્રમથી બાહ્યજનોને અને અન્ત્યજોને પણ સેવાર્થ ભગવન્મૂર્તિ પ્રદાન કરવાનો ઉલ્લેખ મળે છે, તે તેમના સ્પર્શ વગર કેવી રીતે શક્ય થઈ શકશે? તેમના સ્પર્શના કારણે મૂર્તિને પઞ્ચામૃત સ્નાન અને અભ્યંગસ્નાન કરાવવાની વિધિ સ્વયં શ્રીમત્પ્રભુચરણોએ પણ ક્યાં નભાવી? અતઃ આ વિધાનમાં કાંઈક વિસંગતિ લાગે છે. સાથે જ સાથે **''કિરાત હૂણ આન્ધ્ર પુલિન્દ પુલ્કસ આભીર કંક યવન ખસ આદિ અન્ય પણ જે સમુદાય અશુદ્ધ માનવામાં આવ્યા છે તે પણ ભગવદાશ્રિતોના આશ્રયદ્વારા શુદ્ધ થઈ જાય છે આવા સર્વસમર્થ ભગવાનને નમસ્કાર''** (ભાગ.પુરા.૨।૪।૧૮) આવું વચન મળે છે. આના સિવાય નિર્ણયસિન્ધુમાં ઉદ્ધૃત વારાહપુરાણના વચનમાં પણ **''જે હીનવર્ણના લોકો હોય તેમને શાલિગ્રામનો સ્પર્શ ન કરવો જોઈએ... સ્ત્રી કે શુદ્રોના દ્વારા શાલિગ્રામને હસ્તથી સ્પર્શ કરવાથી વજ્રના પ્રહારના જેવું થાય છે... જો પ્રબળ ભક્તિભાવ પૂજા કરવામાટે હોય તો દૂરથી જ... સ્પર્શ કર્યા વગર પૂજા કરવી કે કરાવવી જોઈએ... કોઈ પણ દેવતાની પ્રતિમા, પરન્તુ, બધાં વર્ણો દ્વારા પૂજી શકાય છે''** (વારા.પુરા. । ।). આ વચનના આધારે પણ ભક્તિ હોવાથી પ્રતિમાપૂજનમાં બધાંનો વૈધ અધિકાર તો માનવામાં જ આવ્યો છે. તેથી અનુપનીત જો પ્રપન્ન ભક્ત હોય તો તેને સેવા-પૂજનાર્થ પ્રતિમા પ્રદાનમાં કોઈ દોષ પ્રતીત નથી થતો.

અહીંયાં આ જ્ઞાતવ્ય છે કે બસોબાવન વૈષ્ણવોની ૨૫૨/૧૨૪ વાર્તામાં અન્ત્યજને વળી શાલિગ્રામની શિલાના પૂજનની અનુમતિ શા માટે આપવામાં આવી, તે જોકે ન આપવી જોઈએ છતાં પણ કેમકે શાલિગ્રામમાં ભગવાનની નિત્ય સંનિધિ મનાયેલી છે. અતઃ કોઈ અન્ત્યજદ્વારા તેને સ્પર્શ કરવા છતાં તે સંનિધિ નિરસ્ત તો થઈ નહીં શકે. તેથી ભગવાનની આધિદૈવિક વિભૂતિ હોવાના રૂપમાં જ સ્પર્શ-પૂજનનો નિષેધ થતો હશે પરન્તુ સાક્ષાત્ પરબ્રહ્મ પરમાત્મા ભગવાનના રૂપમાં

સેવાની બાબતમાં નહીં. આવા આશયથી પોતાના પ્રમેયબળથી પ્રભુચરણોએ તેને આ અનુમતિ આપી હશે. તેમના પુષ્ટિમાર્ગમાં દીક્ષિત હોવાના કારણે પણ આવું અનુમાન થાય છે. અન્યથા તો અન્ત્યજનો તો સ્પર્શ થવાથી જ પુનઃપઞ્ચામૃતદ્વારા સ્નાન કરાવવાનુ વિધાન છે પરન્તુ કોઈ અવૈષ્ણવની સમક્ષ પોતાના સેવ્યના પ્રદર્શનના કારણે તો વાર્ષિકી સેવાના નિષ્ફળ થઈ જવાની અને પુનઃ પઞ્ચામૃતસ્નાન કરાવવા માટેની આજ્ઞા છાંસઠ અપરાધોના નિરૂપણમાં શ્રીહરિરાયજીએ આપી છે. તે તો ભગવત્સાંનિધ્યની નિવૃત્તિના જ બરાબર લાગતી હોવાથી પુનઃપ્રતિષ્ઠાવિધિના તુલ્ય જ લાગે છે. આ હેતુના કારણે પણ પુષ્ટિમાર્ગીય સાર્વજનિક દેવાલયોમાં પુષ્ટિપ્રભુની સેવા સિદ્ધાન્તથી સર્વથા વિપરીત જ છે. આ બધી વાતોની સુવિશદ મીમાંસા મેં મારી (કુ)વિમર્શની વિશોધનિકામાં કરી છે. વિશેષ જિજ્ઞાસા હોય તો તેના અવલોકનદ્વારા નિવૃત્ત કરી શકાય છે.

(પુરૂષોત્તમપ્રતિષ્ઠા સ્વાર્થ કે પરાર્થ ?)

અતએવ આ પુરૂષોત્તમપ્રતિષ્ઠા સ્વાર્થ છે કે પરાર્થ ? આ પ્રશ્નના સમાધાનાર્થ શ્રીકૃષ્ણસેવાના સમ્ભાવિત બે રૂપો - એક ભગવદ્ભાવાર્જનાર્થ અને ધનોપાર્જનાર્થ રૂપોને મહાપ્રભુ અને પ્રભુચરણો એ સેવાને પઞ્ચમપુરૂષાર્થ માન્ય રાખવાની કરવતવડે કાપીને બન્ને ફાડોને અલગ-અલગ કરી. તેમને એક-બીજાથી દૂર રાખવામાટે તે બન્ને વચ્ચે તનુવિત્તજા સેવાની ખિલ્લી ફસાવીને રાખી હતી. તેને ગોસ્વામીઓના કુલગૌરવના નાશક વાનરની જેમ ઉખાડવા ચાહવાવાળા કોઈ વાનરે એવું વિધાન કર્યુ કે તનુજા નોકરોથી કરાવવામાં આવવાથી અને વિત્તજા દર્શનાર્થી જનતાના દ્રવ્યથી કરાવવામાં આવવાથી અન્તમાં તો તનુવિત્તજા સેવા જ સિદ્ધ થાય છે. અતઃ આ રીતિમાં પણ આચાર્યચરણોંની આજ્ઞાનું પરિપાલન થયું સારીરીતે જાણવું જોઈએ. જનતાના ઉદ્ધારમાટે કરવામાં આવતી આવી ભગવત્સેવાના કારણે આપણાં દેહગેહાદિના પોષણમાં પણ અતએવ જન્મજન્માન્તરનાં અદષ્ટને જ નિયામક માનવું જોઈએ. કેમકે અન્યથા બીજો કોઈ પોતાનું વિત્ત અમને આપે જ શા માટે! અતઃ ગોસ્વામિઓની હવેલીમાં કરવામાં આવતી કૃષ્ણસેવા, ગોસ્વામી અને દ્રવ્યદાતા દર્શનાર્થીઓ બન્નેના ઉદ્ધારાર્થ હોય છે. જ્યારેકે વૈષ્ણવોના ઘરોમાં કરવામાં આવતી સેવા પરન્તુ કેવળ વૈષ્ણવોના ઉદ્ધારાર્થ જ હોય છે.

હે ભગવાન! આ વિચિત્ર વાતનો શું ખુલાસો આપવો! આ તો ભક્તિની

મન્દતા, મતિની મન્દતા, નીતિની મન્દતા ના કારણે કોઈની કુલગૌરવની નાશિકા દુર્ગતિ છે! નિજાચાર્યના કુલમાં જન્મ લેવાવાળાની આવી દુર્ગતિ થવી આ જ મોટી મનોવ્યથાની વાત છે! છતાં પણ સંક્ષેપમાં આટલું તો કહેવા ચાહિશું કે ભગવત્સેવાની સાચી અભિલાષા રાખવાવાળા કોઈ નિજગેહમાં ભગવદારાધનાર્થ જો પુરૂષોત્તમની પ્રતિષ્ઠા કરવા ચાહતા હોય તો તેણે સ્વાર્થપ્રતિષ્ઠા જ કરવી જોઈએ અને નિજાનુગામી જનોના માટે હોય તો કોઈ અર્થવિશેષમાં પરાર્થપ્રતિષ્ઠા માની શકાય છે. –

''ક્યાંક સાગરના તટપર અથવા નદીના તટપર, ગ્રામવિશેષમાં કે વિપિનાદિમાં કોઈક સ્થળે જગતના કલ્યાણની કામનાને વશ અને દુષ્કર્મોના નિવર્તનના માટે પધરાવવામાં આવતા વાસુદેવના વિગ્રહ 'પરાર્થપ્રતિષ્ઠાપિત' કહેવામાં આવે છે. આવા ભગવદ્‌વિગ્રહ સર્વ જનોને માટે સર્વવિધ ફળોનાં પ્રદાતા હોય છે. આ સર્વને મુક્તિપ્રદાન કરવાવાળા હોય છે. અતએવ સર્વ ભક્તજનો માટે આરાધનીય હોવાથી આને પરાર્થ-પુરૂષોત્તમ માનવામાં આવે છે. પોત-પોતાના ઘરોમાં, કિન્તુ, બ્રાહ્મણ ક્ષત્રિય વૈશ્ય કે શૂદ્ર આદિ વ્યક્તિઓએ જે દેવાધિદેવને પ્રતિષ્ઠાપિત કર્યા હોય તેમને 'સ્વાર્થપ્રતિષ્ઠાપિત' કહેવામાં આવે છે. આ પ્રકારની પ્રતિષ્ઠા કરવામાં આવવાથી આવી ભગવન્મૂર્તિની સેવા-પૂજાના માટે જે પશુ ઉપવન ભવન ખેતર પુત્ર પરિજન ધન આદિ રૂપ સ્વાર્થસમ્પદા જ પ્રયોગમાં લાવવામાં આવે છે. આરાધનાર્થ આ સ્વાર્થસમ્પદાના જ ઉપયોગમાં લાવવાને કારણે આ પ્રકારે પ્રતિષ્ઠાપિત ભગવન્મૂર્તિને 'સ્વાર્થપ્રતિષ્ઠાપિત' કહેવામાં આવે છે. પરાર્થપ્રતિષ્ઠા સૂર્યની જેમ સર્વને પ્રકાશ પ્રદાન કરવાવાળી હોય છે જ્યારે કે સ્વાર્થપ્રતિષ્ઠા આપણાં ગૃહદીપની જેમ કેવળ આપણાં ઘરને પ્રકાશિત કરવાવાળી હોય છે.''

(શ્રીપ્રશ્નસંહિતા.૫૩।૧૫૧-૫૭).

આ પ્રકારના અનેક શાસ્ત્રવચનોમાં આ બન્ને પ્રકારોનું અન્તર સુનિર્ધારિત છે જ. ભક્તિમાર્ગીય આચારોના ઉપદેશાર્થ નાનાવિધ વાક્યરૂપ શ્રીમદાચાર્યચરણોના ઘણાં બધાં ગ્રન્થોમાથી કોઈપણ ગ્રન્થમાં પરાર્થભજનનો પ્રકાર ક્યાંય પણ મળતો નથી. અતઃ સ્વમાર્ગીય પુરૂષોત્તમપ્રતિષ્ઠા નિશ્ચિત જ સ્વાર્થપ્રતિષ્ઠા છે, આમાં શંકાનો કોઈ પ્રસંગ જ નથી. કોઈક લોકો એવું કહે છે કે ચાહે એવો ઉપદેશ કોઈ ગ્રન્થમાં ન મળતો હોય છતાં પણ ''જનાશિક્ષાકૃતે કૃષ્ણભક્તિકૃત્'' (સર્વો.સ્તો.૧૨)

આ સર્વોત્તમસ્તોત્રના નામનો અભિપ્રાય વિચારવાથી પરાર્થભક્તિનું અનુષ્ઠાન સ્વયં પ્રભુચરણોએ પોતાના પિતા મહાપ્રભુનુ સ્વીકાર્યું છે. વસ્તુતઃ તો પ્રાચીન ટીકાકાર આ નામની વ્યાખ્યામાં શું કહે છે તે પહેલાં સારીરીતે જાણી-સમજી લેવું જોઈએ. લાભપૂજાપરાયણ આધુનિક પૂ.પા.દેવલકોના મનઘડંત અર્થને પકડીને પુષ્ટિમાર્ગમાં મોહનો પ્રસાર ન કરવો જોઈએ. તે જોઈએ તો–

૧.''યદ્યપિ પોતાના ભક્તોમાં પૂર્વોક્ત પોતાનાં નામોદ્વારા પોતાનું સ્વરૂપ જ્ઞાપિત કરી દીધું. છતાં પણ તે તો કેવળ વાચનિક જ ઉપદેશ જ થશે. અતઃ પોતાનાદ્વારા ઉપદિષ્ટ સેવાના પ્રકારને સ્વયંના આચરણદ્વારા પણ સમજાવી દેવામાટે સ્વયં ઉપદિષ્ટ રીતિના અનુસાર ભજન કરીને દેખાડ્યું , આ જણાવવા માટે ''જનશિક્ષાકૃતે કૃષ્ણભક્તિકૃદ્'' નામ પ્રકટ કર્યુ. શ્રીકૃષ્ણસેવા સ્વયં પણ કરે છે આમ કહેવાથી આપણાં માર્ગમાં ભગવદ્‌ભજન જ પુરૂષાર્થ છે. તેની તુલનામાં અન્ય કોઈ પણ કર્તવ્ય માન્ય ન થઈ શકે. આ જણાવવામાટે ''જનશિક્ષાકૃતે...'' ઇત્યાદિ કહ્યું છે. 'કૃષ્ણ' પદતો ફલનું વાચક હોવાથી આ પ્રકારે કરવામાં આવતું ભજન ફળરૂપ જ હોય છે, માર્ગાન્તરીય ભજનની જેમ સાધનરૂપ ન માની શકાય. આ જ્ઞાપિત થયું.'' (શ્રીગોકુ.વિવૃ.).

૨.''અહીંયાં સન્દેહ થાય છે કે સત્પુરૂષોનું હિત કરવું તો ઠીક પરન્તુ સ્વયં ઈશ્વર હોય તો ભગવદ્‌ભક્તિ કરવાનો હેતુ શું ? આ સન્દેહના નિરાકરણાર્થ કહે છે ''જનશિક્ષાકૃતે...''. (શ્રીહરિ.વિવૃ.)

૩.'' 'જનશિક્ષા...'. સદાનન્દ = શ્રીકૃષ્ણરૂપ હોવા છતાં પણ લોકમાં સ્વયં ભક્તિ કરીને પોતાના જનોને કૃષ્ણસેવા કરવાની શિક્ષા આપે છે.'' (શ્રીવિઠ્ઠલરાયાત્મજવલ્લભકૃત.વિવૃ.).

અતઃ પોતાની લાભપૂજાના માટે શ્રીકૃષ્ણની સેવા શ્રીમદાચાર્યચરણોએ કરી હોય આવું તો વિચારવું પણ પાપ છે. તેવી સેવા તો આજકાલ પોતાની ઉદરપૂર્તિના હેતુથી તેમના વંશજોના મનમાં ઘર કરી ગઈ છે! એતદર્થ જ શ્રીહરિરાયજી કહે છે : **''કોઈ પણ પ્રકારની અપેક્ષા રાખીને કે દંભ કર્યા વગર, કેવળ શ્રીમદાચાર્યચરણોપર આશ્રિત હોવાથી આ જીવાત્માનું પુષ્ટિપ્રભુએ વરણ કર્યું છે, એવા કરૂણાના મનોભાવ રાખીને, સ્વમાર્ગમાં દીક્ષિત થઈને શ્રીકૃષ્ણની સેવા માટે સતત પ્રયત્નશીલ હોય તેવા શુદ્ધ સેવકને આવું સ્વરૂપ ફળરૂપતયા પધરાવવું જોઈએ.''** (સ્વમાર્ગી.સ્વરૂ.સ્થાપ.૧૬-૧૭).

આવા નિરૂપણદ્વારા ભક્તિનો દમ્ભ : ભગવાનના સેવ્ય સ્વરૂપના પ્રદાનમાં, સેવાના ઉપદેશમાં, સેવોપયોગીભાવોના ઉપદેશમાં, કે તેના માટે આપવામાં આવતી દીક્ષાપ્રદાન વગેરેમાં શક્ય હોવાથી ધન કમાવવાની લાલસાને ન રાખવાનો ઉપદેશ અહીંયાં આપવામાં આવ્યો છે.

અતઃ ગુરૂના દ્વારા પોતાના અનુગામિઓના માટે કરવામાં આવતી પુરૂષોત્તમપ્રતિષ્ઠા પોતાનાથી પર અર્થાત્ પોતાના અનુગામીના માટે હોવાના જ અર્થમાં તો પરાર્થ થઈ શકતી હોવા છતાં પણ, અર્થાત્ સાર્વજનિક પરાર્થ હોવાના અર્થમાં તો સર્વથા નહીં, ભગવન્મૂર્તિની સેવાનુ પરાર્થાનુષ્ઠાન તો સર્વથા નિન્દિત આચરણ જ હોય છે. અતઃ કોઈ પણ પુષ્ટિમાર્ગીયને આ બાબતમાં ભ્રમ ન રાખવો જોઈએ.

અહીંયાં કહેવામાં આવેલો પઞ્ચામૃતસ્નાનનો પ્રકાર તો જે શ્રીપુરૂષોત્તમજીએ પ્રકટ કર્યો તે જ અવધેય છે. અતએવ તેને આ ગ્રન્થના પરિશિષ્ટના રૂપમાં આપી રહ્યાં છીએ. આનું અવલોકન કરવાથી આ બાબતમાં ઉઠતો સન્દેહ નિવૃત્ત થઈ જાય છે.

ગ્રન્થોપસંહારાર્થ ઇતિશ્રી :

આ રીતે શ્રીવિંલદીક્ષિત (પ્રભુચરણ) દ્વારા વિરચિત શ્રીપુરૂષોત્તમની પ્રતિષ્ઠાનો પ્રકાર પૂર્ણ થયો.

ગ્રન્થનાં ઉપસંહારાર્થ ઈતિશ્રી લખી રહ્યાં છે **ઈતિ શ્રીવિંલદીક્ષિત...** ઇત્યાદિથી. અહીંયાં અન્ય માતૃકાઓમાં ‘પ્રભુચરણ’ પદ કોઈ પરવર્તી અનુલિપિકારદ્વારા યોજિત લાગતું હોવાથી કોષ્ટકમાં રાખ્યું છે.

આ ગ્રન્થની વ્યાખ્યાના બહાને મેં મહાપ્રભુ પ્રભુચરણ પ્રભૃતિ પૂર્વાચાર્યોના ઘણાં બધાં વચનોને સંકલિત કરવામાટે સભાનતયા પ્રયાસ કર્યો છે. આ સંકલન આપણાં માર્ગના સિદ્ધાન્તની બાબતમાં આપણી સમજને મહાપ્રભુની કૃપાના બળથી શુદ્ધ રાખવાના પ્રયાસના રૂપમાં કર્યું છે. આ વ્યાખ્યા નિર્દોષ છે કે સદોષ

અથવા પ્રામાણિક છે કે અપ્રામાણિક, આ બાબતમાં કાંઈ પણ કહી શકવાને હું સ્વયં પોતાને સમર્થ નથી માનતો. છતાં પણ આટલું તો જાણું છું કે આ વ્યાખ્યાના લેખનના કારણે હું અવશ્ય જ કૃતકૃત્ય થઈ ગયો. શ્રીકૃષ્ણાસ્ય મહાપ્રભુની વાણીના સાગરમાં ડૂબકી લગાડવાથી જ પુરૂષોત્તમપ્રતિષ્ઠાના પાયાપર શ્રીકૃષ્ણસેવાનું સુદૃઢ ભવન નિર્મિત થઈ શકે છે. એવું કે ડૂબકી લગાડવાવાળાના ચિત્તને તનુવિત્તજાસેવાદ્વારા કૃષ્ણપ્રવણ બનાવી શકાય. વર્તમાનમાં પોતાની દુરન્ત ઉદરગુહાની ભૂખની પૂરી કરવા માટે તનુજા અને/અથવા વિત્તજા (અથવા ન તન અને ન ધન પણ કેવળ પોતાનું નામ જોડીને લાભગ્રાહી ઉદ્યોગના રૂપમાં ચલાવવાનું દુષ્કર્મ) ના રૂપમાં તેને ધૂર્તોએ વિદીર્ણ કરી દીધિ છે. અતઃ પુષ્ટિસમ્પ્રદાયમાં અધુનાપ્રચલિત શ્રીકૃષ્ણસેવા ન તો શાસ્ત્રીય રીતિનું અનુસરણ કરે છે અને ન તો ભક્તિભાવાત્મિકા તે રહી જાય છે. આ તો કેવળ જગતને ઠગવાનેમાટે ચલાવવામાં આવતી એક પુષ્ટિમાર્ગીય નોટંકી છે. મહાપ્રભુ સર્વ પુષ્ટિમાર્ગીયો ઉપર સદા એવી પોતાની કૃપા વરસાવે કે કોઈ પણ આપણાં માર્ગનો અનુગામી ધનલાલસાના વશ, વસ્તુતઃ તો સ્વયં પોતાના અનર્થના ભવિતવ્યના વશ જ, પુરૂષોત્તમનું આ પ્રકારનું ભજન ક્યારેય ન કરે. શ્રીવલ્લભાચાર્ય મહાપ્રભુના મતના નિરન્તર અભ્યાસાર્થ કૃપા કરીને જેમણે મને દીક્ષિત કર્યો એવા મારા પિતૃચરણ ગોસ્વામી શ્રીદીક્ષિત (વિઠલનાથ) ને હું પોતે સદા કૃતજ્ઞતાના મનોભાવસહિત નમન કરૂં છું.

આ પ્રકારે ગોસ્વામિશ્રીદીક્ષિતાત્મજ શ્યામમનોહરદ્વારા વિરચિત પુરૂષોત્તમપ્રતિષ્ઠાપ્રકારવિવરણ સમ્પૂર્ણ.

સકલાન્તરાત્મા શ્રીહરિઃ પ્રસન્નો ભવતુ !

અમૃતવચનાવલી

(૧)જો કટોરી (ગિરવિ) ધરિકે સામગ્રી આઈ સો તો ભોગ શ્રીઠાકુરજી આપ હી કે દ્રવ્યકો આરોગે સો આપ હી કો ભયો. જો શ્રીઠાકુરજીકો દ્રવ્ય ખાયગો સો મેરો નાહીં અરુ મેરો સેવક ભગવદીય હોયગો સો દેવદ્રવ્ય કબહૂં ન ખાયગો. જો ખાયગો સો મહાપતિત હોયગો. તાતે વા પ્રસાદમેંતે ભોજન કરિવેકો અપનો અધિકાર ન હતો; યાકેલિએ ગોઅનકોં ખવાયો અરુ શ્રીયમુનાજીમેં પધરાયો(યહ સુનિકે સબ વૈષ્ણવ ચુપ હોય રહે).

(મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય : ઘરુવાર્તા-૩).

(૨)ધન વિ.ની કામનાઓને પૂર્ણ કરવામાટે જે શાસ્ત્રવિહિત શ્રવણ-કીર્તન-અર્ચન વિ. કરવામાં આવતાં હોય તો તેવા અનુષ્ઠાનને કર્મમાર્ગીય જાણવું. પોતાની આજીવિકા ચલાવવામાટે જો શ્રવણ-કીર્તન-અર્ચન વિગેરે કરવામાં આવતાં હોય તો તેમને તો કૃષિની માફક 'લૌકિક કર્મ'જ કહેવા. જાજરૂ જઈને મલપ્રક્ષાલનાર્થ ગંગાજલ વાપરવા જેવું તે નિષિદ્ધ આચરણ છે; અને આવા દુષ્કૃત્યને કારણે પાપજ લાગતું હોય છે.

(શ્રીવિઠ્ઠલનાથ પ્રભુચરણ : ભક્તિહંસ).

(૩)અપને સેવ્ય સ્વરૂપકી સેવા આપુહી કરની. ઓર ઉત્સવાદિ સમય અનુસાર, અપને વિત્ત અનુસાર, વસ્ત્ર-આભૂષણ ભાંતિ-ભાંતિકે મનોરથ કરિ સામગ્રી કરની.

(શ્રીગોકુલનાથજી-ચતુર્થેશ : ૨૪ વચનામૃત).

(૪)જબ સંતદાસકો સગરો દ્રવ્ય ગયો તબ શ્રીઠાકુરજીકી સેવામેં મંડાન શ્રીઠાકુરજીકે દ્રવ્યસોં રાખે ઓર શ્રીઠાકુરજીકે દ્રવ્યમેંતે ચોબીસ ટકા પૂંજી કરિ કોડી બેચતે. સો શ્રીઠાકુરજીકી પૂંજીમેંતે તો કાસિદકો દિયો ન જાઈ સો કમાઈકો ટકા દિયે. તબ ઈનકી મજૂરીકો રાજભોગ ન ભયો સો મહાપ્રસાદ હૂ ન લિયો. ટકાકે ચૂનકો ન્યારો ભોગ ધરતે સો રાજભોગ જાનતે=મહાપ્રસાદ લેતે; ઓર નિત્યકો નેગ બહોત શ્રીઠાકુરજીકે દ્રવ્યસોં હોતો. તાતે આપુની રાજભોગકી સેવા સિદ્ધ ન ભઈ (જાને). કાસિદકો દિયે સો નારાયણદાસકોં લિખે જો તુમ્હારી પ્રભુતાતેં એક દિન રાજભોગકો નાગા પર્યો જો મેરી સત્તાકો ભોગ ન ધર્યો! યા પ્રકાર સન્તદાસ વિવેકધૈર્યાશ્રયકો રૂપ દિખાયે. વિવેક યહ જો = શ્રીગુસાંઈજીકો હૂંડી પઠાઈ - આપુની સેવા ન ભઈ, રાજભોગકો નાગા, માને. ધૈર્ય યહ જો = શ્રીઠાકુરજીકે દ્રવ્યકો ખાનપાન ન કિયે. આશ્રય યહ જો = મનમેં આનંદ પાયે - દુ:ખકલેશ ન પાયે.

(શ્રીહરિરાયજી-દ્વિતીયેશ : ભાવપ્રકાશ.૮૪ વૈષ્ણવવાર્તા-૭૬).

(૫)પારિશ્રમિક (ન્યોછાવર-ભેટ-પગાર-મજૂરી) તરીકે વિત્ત આપીને બીજા કોઈ પાસેથી સેવા કરાવવામાં આવતી હોય તો તેથી ચિત્તમાં અહંકાર વધે પણ ચિત્ત કદિ ભગવાન્‌માં ચોંટે નહીં. જો ભગવત્સેવા કરવામાટે બીજા પાસેથી પારિશ્રમિક ધન લેવામાં આવે તો ગોર-મહારાજને જેમ યજ્ઞયાગનું ફળ ન મળે પણ યજમાનનેજ મળે તેવી રીતે સેવાકર્તાની પણ ભગવત્સેવા નિષ્ફલ જાય. દક્ષિણા આપીને યજમાન, ગોર-મહારાજદ્વારા, જેમ યજ્ઞયાગ કરાવે તેમ ભગવત્સેવા (હાલમાં જેમ વૈષ્ણવો ભેટ-સામગ્રી-મનોરથો નોંધાવીનેં ગોસ્વામિ-મહારાજોદ્વારા કરાવે છે તેમ: અનુવાદક) કરાવી લેવામાં શો વાંધો ? કર્મમાર્ગમાં તેવું કરવાનું શાસ્ત્રમાં કહ્યું હોવાથી તેમ કરી શકાય છે. ભક્તિમાર્ગમાં, પરંતુ, તેવી વિધિ ઉપદેશાયેલી ન હોવાથી, આવી રીતે ધન આપીને ભગવત્સેવા કરાવવી નહીં. ભક્તિમાર્ગમાં તો ભગવદુક્ત પ્રકારે (પોતાના તન-મન-ધનથી પોતાના ઘરે પોતાના પરિવારજનોના સહયોગથી) જ ભગવત્સેવા કરવી જોઈએ.

(સુરતસ્થ ૩/૨ ગૃહાધિપતિ શ્રીપુરુષોત્તમજી : સિદ્ધાં.મુક્તા.વિવૃ.પ્રકા.૨)

(૬)''અત્ર ગૃહસ્થાન-વિધાનેન, સ્વગૃહાધિષ્ઠિત-સ્વરૂપ-ભજન-પરિત્યાગેન અન્યત્ર તત્કરણે ભક્તિ: ન ભવતિ, ઈતિ સૂચિતં ભવતિ: અહીંયાં સેવોપયોગી સ્થાન તરીકે ઘરનું વિધાન કરવામાં આવ્યું છે તેથી, જો પોતાના ઘરમાં બિરાજતા પ્રભુનું ભજન છોડીને બીજે કશે ભજન (ભેટ-સામગ્રી-મનોરથ-ઝાંખીરૂપે) કરવામાં આવે તો ભક્તિ થઈ ન કહેવાય''.

(શ્રીવલ્લભાત્મજ-શ્રીબાલકૃષ્ણજી : ભક્તિવર્ધિ.વ્યા.૨).

(૭)જે શ્રીવલ્લભકુળ છે તે પોતના સેવ્યસ્વરૂપ ઉપર કેવો સ્નેહ રાખે છે કે એક બાજુ દ્રવ્યનો ઢગલો કરો અને એક બાજુ શ્રીઠાકોરજીને પધરાવો તો શ્રીવલ્લભકુળ એ દ્રવ્ય સામું જોશે પણ નહિ; અને શ્રીઠાકોરજીને અતિસ્નેહ કરી પધરાવી લેશે.

પણ જે આ કળિનો જીવ છે તેને તો દ્રવ્ય ઘણું પ્રિય છે. માટે તે તો શ્રીઠાકોરજી સામું જોશે નહિ. અને કેવળ વૈભવ સામું જોશે અને તરત મોહ પામશે...

(શ્રીમટ્ટુજી મહારાજનાં ૩૨ વચનામૃતો:૫).

(૮)લૌકિક કામનાઓને પૂર્ણ કરવાની ઇચ્છાથી જે ભગવદ્‌ભજનમેં પ્રવૃત્ત થાય છે તે દરેક પ્રકારે ક્લેશ પામે છે. તેથી, કંઈક ભેટ-સામગ્રી મળી રહે તેવી કામનાથી જે સેવા વગેરે કરે તે પાખંડી અને દેવલક કહેવાય છે.

(શ્રીનૃસિંહલાલજી મહારાજ: સિદ્‌ધા.મુક્તા.ટી.શ્લો.૧૬-૧૭).

(૯)શ્રીઉદયપુર દરબારને આશીર્વાદ. આથી જણાવવામાં આવે છે કે મેં સ્થાવર-જંગમ સંપત્તિના આર્થિક તથા માલિકીય વહિવટ અંગે, મને સલાહ આપવામાટે, યોગ્ય વ્યક્તિઓની એક સમિતિની નીમણૂક કરી છે. સેવા વિગેરે બાબતમાં પુરાતન તેમજ પ્રવર્તમાન પ્રણાલીના અનુસાર કાર્ય કરવામાં આવશે. તથા જો પુરાતન પરંપરાનો બાધ ન થતો હોય અને સમિતિ જો કોઈ સુધારાની ઈચ્છા રાખતી હોય તો તે સુધારાઓ સ્વીકારવામાં આવશે. તથા શ્રીઠાકુરજીનું દ્રવ્ય અમારા વ્યક્તિગત વપરાશમાં નહીં આવે, જેવી કે પરંપરા આજે પણ છે; અને તેને જાળવવામાં આવશે. તે છતાં પણ મારા વડવાઓના સમયથી ચાલ્યા આવતાં મારા માલિકીના હક્કો તેજ પ્રમાણે કાયમ રહેશે. આ મુજબજ જમા-ઉધારની નોંધો પણ તે-તે ખાતામાં ચાલુ રહેશે, જે મુજબ ચાલુ ખાતામાં હાલ નોંધાઈ રહ્યું છે.

(નિ.લી.ગોસ્વામિતિલકાયિત શ્રીગોવર્ધનલાલજી મહારાજ:ડેકલેરેશન મિતિ-ભાદ્ર-શુક્લા પંચમી સં.૧૯૮૯=તા.૫-૯-૧૯૩૨).

(૧૦)મહારાજને જે આવક વૈષ્ણવો વિગેરેમાંથી આવે તેમાથી ઘર-ખરચ તરીકે ઠાકોરજીનો ખરચ મહારાજ ચલાવે છે. ઠાકોરજીનેમાટે સ્થાવર કે જંગમ અમુક મિલ્કત જુદી કાઢી તેમાંથી ખરચ ચલાવતા નથી. ઠાકોરજીના વૈભવનો, ભોગનો, આભૂષણ-વસ્ત્ર વિગેરેનો ખરચો મહારાજ કરે છે. પોતાની આવકઉપર એ સરવે ખરચ કરે છે... ઠાકોરજીની સન્મુખ ભેટ ધરી શકાતી નથી...ઠાકોરજીની ભેટ દેવમંદિરમાંજ મોકલવી પડે. મહારાજથી તે ભેટનો ઉપયોગ થઈ શકે નહિ.

(નિ.લી. અમરેલીવાળા શ્રીવાગીશલાલજીના આમ-મુખત્યાર: ગાયકવાડી વડોદરા રાજ્યની કોર્ટમા જુબાની).

(૧૧)જેવી રીતે અમારા પૂર્વપુરુષો પોતે આપણા ધર્મનું સત્ય સ્વરૂપ તથા શુદ્ધાદ્વૈતસિદ્ધાંત સંપૂર્ણરીતે સમજીને વૈષ્ણવધર્મનો યથાર્થ ઉપદેશ લોકોને કરતાં હતા; અને વચલા કાળમા, જે સંપત્તિ વિગેરે કારણોથી અમે ઘણે દરજજે છોડી દીધો છે, તેથી ઘણા ખરાં લોકોને સાધારણ સેવા અને કોરી વિત્તજા ભક્તિનુંજ રૂઢિ અનુસાર જ્ઞાન રહ્યું છે.

(નિ.લી.શ્રીદેવકીનન્દનાચાર્યજી-પંચમેશ: 'આશ્રય'એપ્રિલ૮૭).

(૧૨)આપણો પ્રમુખ સિદ્ધાન્ત છે 'અસમર્પિતનો ત્યાગ'. ઉત્તમ ઉપાય તો તે જ છે કે ઘરમાં જે પણ રસોઈ બને તે પ્રભુને ભોગ ધરીને પછી જ મહાપ્રસાદ લેવો. ... જ્યાં સુધી અસમર્પિતનો ત્યાગ નહીં થાય ત્યાં સુધી બુદ્ધિ ઉત્તમ નહીં બને. સાનુભાવતા ક્યારે સિદ્ધ થઈ શકે? જ્યારે આપણી બુદ્ધિ નિર્મળ બને. ...આજે આપણે (ઘરમાં બિરાજતા સેવ્ય) હીરાને પારખી નથી શકતા. સાચા હીરાને ઝવેરી જ પારખી શકે. સ્થિતિ કેવી છે કે આપણે ખોટા હીરાને સાચો માનીને તેની પાછળ (હવેલી-મન્દિરોમાં?) ભાગી રહ્યા છીએ. શ્રીમહાપ્રભુજીએ તો નિધિરૂપી સાચો હીરો જ આપણને આપ્યો છે. ભગવાન્ ગીતામાં કહે છે કે ''દિવ્યં દદામિ તે ચક્ષુ: પશ્ય મે યોગમીશ્વરમ્''. ભગવાનને ઓળખવામાટે તો દિવ્યતા પ્રાપ્ત થવી જોઈએ. દિવ્યતા જ આત્મબળ છે. ... તેથી મારો તો આપ લોકોથી સાગ્રહ અનુરોધ છે કે આત્મબળને પ્રાપ્ત કરવામાટે પોતાનો કંઈક દૈનિક નિયમ બનાવો. ષોડશગ્રન્થના પાઠનો નિયમ લો...

(નિ.લી.ગો. શ્રીગિરિધરલાલજી મહારાજ, ઇન્દૌર-નાથદ્વારા, દ્વિતીયગૃધીશ: શ્રીમદ્‌વલ્લભ અને શ્રીહરિરાયજી જીવનદર્શન, ભાગ-૨, વચનામૃત ૭મું, પૃષ્ઠ ૧૨૪).

(૧૩)વકીલ:જો પુષ્ટિમાર્ગીય, કોઈપણ, મંદિરમાં વૈષ્ણવો શ્રીઠાકુરજીની સેવા તેમજ નેગ-ભોગમાટે અને શ્રીઠાકુરજીની સેવાના નભાવમાટે ભેટ વિગેરે આપી વિત્તજાસેવા કરતા હોય તો અને તે મંદિરમાં તનુજાસેવા કરતા હોય તો તે મંદિર

પુષ્ટિમાર્ગીય નથી એમ આપનું કહેવું છે ?

પૂ.પા.મહારાજશ્રી: પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોની તનુજા કે વિત્તજા સેવા સ્વતંત્ર કરવાની પ્રક્રિયા નથી અને તેવી સેવા કરે તો તે સાંપ્રદાયિક મંદિર ન કહેવાય.

(નિ.લી.ગોસ્વામી શ્રીવ્રજરત્નલાલજી મહારાજ સુરતસ્થ ૩/૨ ગૃહાધીશ: જુબાની, નડિયાદના કેસમાં).

(૧૪)...તેવીજ રીતે આપણે ત્યાં સન્મુખભેટ થાય છે તે પણ દેવદ્રવ્ય છે; અને તે સામગ્રીના કામમાં નથી આવતી. શ્રીગોકુલનાથજી અને શ્રીચન્દ્રમાજી ના ઘરમાં હજી આ નિયમનું પાલન થાય છે. ત્યાં જે સન્મુખભેટ થાય તે કીર્તનિયો લઈ જાય છે. એ કીર્તનિયો મહાવનિયો હોય છે. તે વલ્લભકુલનો, યમુનાજીનો ગોર હોય છે. બીજો તેનું અનુકરણ કરે તે ખોટું...અમે શ્રીનાથજી અગાડી જે સન્મુખભેટ ધરીએ છીએ તે શ્રીમહાપ્રભુજીની પાદુકાજીને ધરીએ છીએ છતાં તે અલંકારાદિકમાં વપરાય છે, સામગ્રીમાં નહિ. સન્મુખભેટ ધરવામાં ઘણો અનાચાર થાય છે...શ્રીઠાકોરજી-નિમિત્તે કાંઈ મંગાય નહીં કે કાંઈ અપાય નહીં. એ રીતે આવેલ દ્રવ્ય દેવદ્રવ્ય બને...તે લેનારની બુદ્ધિ બગડ્યા વગર ન રહે.

(નિ.લી.શ્રીરણછોડલાલજી, રાજનગરના વચનામૃત=૪૮૪-૮૭).

(૧૫/ક)વૈષ્ણવોની પાસે જે કાંઈ પરમ પદાર્થ છે, તેનું અસ્તિત્વ આજનાજ શુભ દિનને આભારી છે. કાળની ભીષણતા અને પરિસ્થિતિની વિષમતાના અત્યંત વિકટ યુગમાં શ્રીમત્પ્રભુચરણના દિવ્ય સિદ્ધાંતોઉપર અટલ રહેવામાંજ જીવમાત્રનું ઐહિક અને પારલૌકિક કલ્યાણ રહેલું છે. અન્યાશ્રયનો ત્યાગ એ ભાવનાઉપર જગતના જીવો દ્રઢ રહે તો, જે વૈષ્ણવ હવેલીઓના વૈભવોને કારણે વૈષ્ણવો ઘરસેવા ભૂલી ગયા હતા, સંજોગવશાત્ તે હવેલીઓમાં શ્રીના દર્શન આજે બંધ થતાં વૈષ્ણવોના ઘર શ્રીઠાકુરજીની સેવાથી કિલ્લોલતા થશે. એ લાભ સંપ્રદાય અને સંપ્રદાયીઓ માટે નાનોસૂનો નથી. ઈશ્વરેચ્છા અકળ છે. મને શ્રદ્ધા છે કે આ આકરી કસોટીમાંથી આપણું સર્વનું શ્રેયજ સધનારૂં છે.

(૧૫/ખ)મેરે અનુયાયીઓંકો દો પ્રકારસે દીક્ષા દેતા હૂં. પ્રથમ કંઠી બાંધના તથા દૂસરી બ્રહ્મસમ્બન્ધદીક્ષા દેના. કંઠી બાંધના સાધારણ વૈષ્ણવોંકો હી દી જાતી હૈ. તથા બ્રહ્મસમ્બન્ધ વિશેષરૂપસે ઉન અનુયાયીઓંકો જો સેવામેં વિશેષરૂપસે બઢના

ચાહતે હૈં. પહેલી દીક્ષાકો 'શરણ-દીક્ષા' કહતે હૈં તથા દૂસરી દીક્ષાકો 'આત્મનિવેદન' કહતે હૈં. શરણ દીક્ષામેં વૈષ્ણવ સિર્ફ નામસ્મરણ કરનેકા હી અધિકારી હૈ. તો સેવાવાલે વૈષ્ણવકો બ્રહ્મસમ્બન્ધદીક્ષા લેનેકે બાદ હી અધિકાર હોતા હૈ. બ્રહ્મસમ્બન્ધવાલા વૈષ્ણવ અપને ઘરમેં હી સેવાકા અધિકારી હોતા હૈ... હમ સ્વરૂપકી સેવા નન્દાલયકી ભાવનાસે કરતે હૈ. ઈસલિયે હમ સાતોંકે સાત પુત્રોંકે ઘર 'ઘર' હી કહલાતેં હૈં ઔર હમારા ઘર 'તીસરા-ઘર' કહલાતા હૈ ઔર હમારે ઘરકી સૃષ્ટિ 'તીસરે ઘરકી સૃષ્ટિ' કહલાતી હૈ.

(૧૫/ગ) શ્રીઆચાર્યચરણના સિદ્ધાન્તોમાં ભગવત્ સમ્બન્ધ અને ભગવત્ સેવા ને જ પ્રધાનતા આપવામાં આવી હતી. બાદમાં પરિલક્ષિત થાય છે કે આમાં પણ કંઈક અંતર આવી ગયું. ... શ્રીઆચાર્યચરણના ને શ્રીપ્રભુચરણના સેવકો, આપણે જોઈએ છીએ કે સર્વ પ્રકારનાં છે. એવું નથી કે અમુક વિશિષ્ટ વ્યક્તિ જ ભગવત્સેવાને યોગ્ય હોઈ શકે છે અને અમુક પરિસ્થિતિમાં જ ભગવત્સેવા થઈ શકે છે. આવો કોઈ જ ઉલ્લેખ નથી મળતો. અનેક પ્રકારના જીવો ભગવત્સેવા કરતા હતા. જેમાં સ્મશાનવાસી, વેશ્યા વગેરેથી લઈને સારા વિદ્વાન્ બ્રાહ્મણો પણ હતા. આજના સમયમાં, મને એવું પ્રતીત થાય છે કે આપણે તે ચરિત્રને ભૂલી અને પાછળથી મુખ્ય બનેલા કેવળ ભાવાત્મરૂપને લઈ બેઠા છીએ કે જે આજે પણ વૈષ્ણવોમાં પ્રચલિત છે. ... હું માનું છું કે ચરિત્રોનો વિચાર કરવામાં સિદ્ધાન્તોની આવશ્યકતા રહે છે.

(નિ.લી.ગો.શ્રીવ્રજભૂષણલાલજી મહારાજ તૃતીયેશ: ૧૫/ક: તા.૨૪-૧૨-૪૮ના દિને મુંબઈના વૈષ્ણવોની જાહેર સભામાં શ્રીમત્પ્રભુચરણના પ્રાકટ્યોત્સવપ્રસંગે અધ્યક્ષસ્થાનેથી કરેલ વચનામૃત 'વૈશ્વાનર' અંક-૩૧ સન્-૪૮ :: ૧૫/ખ: બયાન મૂર્તિબા કાર્યા. સહા. કમિ. દેવસ્થાનવિભાગ ખંડ ઉદયપુર એવં કોટા બજરિયે કમિશન મુ.કાંકરોલી. ફાઈલ સંખ્યા.૧-૪-૬૪. શ્રીદ્વારકાધીશમંદિર દિનાંક ૭/૧૧/૬૫:: ૧૫/ગ: શ્રીમદ્વલ્લભ અને શ્રીહરિરાયજી જીવનદર્શન, ભાગ-૨, વચનામૃત ૨૦મું, પૃષ્ઠ૧૪૬,૧૪૯).

(૧૬)આજ મુઝે અપને હૃદયકે ઉદ્ગાર કહને દો, મેરા હૃદય જલ રહા હૈ, મંદિરોમેં દ્રવ્યસંગ્રહકી પ્રવૃત્તિ માત્ર રહ ગઈ હે ઓર વહી અનર્થોકી જડ હૈ. ઐસે મંદિરોકે અસ્તિત્વસે કોઈ લાભ નહીં. હમારા સંપ્રદાય સામુહિક નહીં વૈયક્તિક હૈ. સાર્વકાલિક તથા સાર્વદેશિક અવશ્ય હૈ પરંતુ સાર્વજનિક નહીં. ''કરત કૃપા નિજ દૈવી જીવનપર

'' ઈસ ઉક્તિમેં 'નિજ' શબ્દકા પ્રયોગ કિયા ગયા હૈ. દૈવી જીવ કહીં ભી હો સકતે હૈં પરંતુ સાર્વજનિક રૂપસે નહીં. આજ હમ 'પુષ્ટિ'કા નામ લેનેકે ભી અધિકારી નહીં હૈં! હમારે મંદિર કહાં હૈં! આજકા હમારા જીવન ચાર્વાક-જીવન હો રહા હૈ. ક્યા હમ, આજ જિસ પ્રકારકા સંપ્રદાય હૈ, ઉસે જિવાના ચાહતે હૈં? યદિ સચ્ચે સંપ્રદાયકો ચાહતે હો તો સ્વરૂપસેવા ઘર-ઘરમેં પધરાઓ એવં નામસેવાપર ભાર રખ્ખો...ભક્તિકી પ્રાપ્તિ સ્વગૃહોમેં સેવા કરનેસે હી હોગી. આજકે ઈન મંદિરોસે કોઈ લાભ નહીં હૈ, ક્યોંકિ ઈનમેં દ્રવ્યસંગ્રહકી પ્રધાનતા આગયી હૈ ઔર જહાં દ્રવ્ય ઈકઠ્ઠા હોતા હૈ વહીં અનર્થ હોતે હૈં. આજ સંપ્રદાયકા વિકૃત સ્વરૂપ ઈસીસે હૈ.

(નિ.લી.ગો.શ્રીકૃષ્ણજીવનજી-મહારાજ, મુંબઈ-મદ્રાસઃ વલ્લભવિજ્ઞાન સં.૫-૬ વર્ષ ૧૯૬૫).

(૧૭/ક)હમ શ્રીવલ્લભાચાર્યજીકી આજ્ઞાકા પાલન કહાં કર રહે હૈં? હમારે યહાં ગૃહસેવા કહાં રહી હૈ? કેવલ મંદિરોંકે દર્શનોંસે ક્યા લાભ હૈ? શ્રીમહાપ્રભુજીકી આજ્ઞા હૈ ''કૃષ્ણસેવા સદા કાર્યા''. યદિ શ્રીમહાપ્રભુજી મંદિરકો મુખ્ય માનતે તો અપની તીન પરિક્રમાઓંમેં અનેક મંદિર સ્થાપિત કર દેતે. શ્રીગુસાંઈજીને શ્રીગિરધરજીકો સાતસ્વરૂપકા મનોરથ કરતે સમય ઈસી પ્રકારકી ચેતાવની દી થી. મન્દિરસ્થાપન કરતે સમય ઉનકો ડર થા કિ ઘરમેંસે ઠાકુરજી મન્દિરમેં પધાર જાએંગે. મેરે પિતાજીને કલ (ઉપર ટાંકેલ ૧૫મા વચનમાં) જો કહા વહ અક્ષરશઃ સત્ય હૈ. તુમ અપને ઘરોંમે ઠાકુરજીકો પધરાઓ ઓર સેવા કરો.

(૧૭/ખ)પુષ્ટિમાર્ગીય પ્રણાલિકામાં ટ્રસ્ટ ખરૂં ઉતરતું નથી. શ્રીઆચાર્યચરણે દરેક બ્રહ્મસંબંધી જીવને આજ્ઞા કરીછે કે ''ગૃહે સ્થિત્વા સ્વધર્મતઃ'' (ભક્તિવર્ધિની) અર્થાત્...ગૃહમાં રહીને સ્વધર્માચરણ કરવું. ગોસ્વામિબાલકો પણ આચાર્ય હોવાથી વૈષ્ણવ પણ છે. એટલે આચાર્યશ્રીની ઉપરોક્ત આજ્ઞા પાલન કરવાની તેમની પણ ફરજ છે...માટે મારું માનવું તો આજ છે કે આચાર્યચરણનાં સિદ્ધાંતપ્રમાણે વૈષ્ણવો પોતાના ઘરે શ્રીઠાકોરજીની સેવા કરે અને ધર્મગ્રન્થોનું વાંચન કરે, નહિ કે મન્દિરોમાં જઈને...ટ્રસ્ટ એ પુષ્ટિમાર્ગીય પ્રણાલિકામાં બંધ-બેસતું નથી બલ્કે આપણી પ્રણાલીનો ભંગ કરે છે.

(દહીસરમાં શ્રીગોવર્ધનનાથ-હવેલીટ્રસ્ટના સંસ્થાપક નિ.લી.ગો.શ્રીવ્રજાધીશજી મહારાજઃ ૧૭/ક 'વલ્લભવિજ્ઞાન' અંક૫-૬ વર્ષ૧૯૬૫, ૧૭/ખઃ 'નવપ્રકાશ' અંક ૮ વર્ષ૮).

(૧૮/ક)ઔર જબ જનરલ પબ્લિક-ટ્રસ્ટ હૈ, તબ ઠાકુરજીકો ગોસ્વામી-સંબંધસે પૃથક્ કર, ઠાકુરજીકો સબ સંપત્તિ અર્પણ કર, અર્થાત્ ભેટ કરકે, રિલીજિયસ એંડૉમેંટ કે રૂપમેં હુએ વહ ટ્રસ્ટ હૈં. એસી અવસ્થામેં ઈન ટ્રસ્ટોંસે જો નેગ-ભોગ ચલાયા જાતા હૈ વહ દેવદ્રવ્યસે ચલાયા જાતા હૈ. દેવદ્રવ્યકા ઉપભોગ કરનેવાલે અંતમેં દેવલક (નરકમાં પડનાર પાપી)હી હૈં. શ્રીમદાચાર્યચરણને પ્રભુકી સોનેકી કટોરી ગિરવી રખ કર જબ ભોગ અરોગાયા તબ આપને ઉક્ત દ્રવ્યસે સમર્પિત સબકા સબ પ્રસાદ ગાયોંકો દિયા. યહ હૈ સામ્પ્રદાયિક સિદ્ધાંત. ઈસ પ્રકારકે આદર્શરૂપ સિદ્ધાંતોંકા જિસ પ્રથાસે વિનાશ હો કર આચાર્યોંકો દેવલક બનાયા જાય, ઉસ પ્રથાકો જિતની શીઘ્ર સમ્પ્રદાયસે હટા દી જાય ઉતના હી શ્રેય ઈસમેં ગોસ્વામિ-સમાજ તથા વૈષ્ણવ-સમાજ કા નિહિત હૈ.

(૧૮/ખ)ભગવત્સેવા સંપ્રદાયકી આત્મરૂપ પ્રવૃત્તિ હૈ. આચાર સેવાકા અંગ હૈ સેવાકી અનુકૂલતાકે અનુરૂપ હી આચારકા પાલન કિયા જાના ચાહિયે. આચાર-પાલનકો પ્રમુખતા દે કર ભગવત્સેવાકા ત્યાગ ઉચિત નહીં હૈ. ભગવત્સેવા જૈસે ભી બને કરો...ગુરુઘરોંમેં મત ભેજો...યદિ હમ ભગવદ્દ્રવ્યકો પેટમેં ડાલેંગે તો વહ અપરાધ હૈ. ગ્રન્થોંકે અધ્યયનકે પ્રતિ હમેં સમાજકો આકર્ષિત કરના ચાહિયે.

(નિ.લી.ગો. શ્રીદીક્ષિતજી મહારાજ મુંબઈ-કિશનગઢઃ ૧૮/કઃ'આચાર્યોચ્છેદક ટ્રસ્ટ-પ્રથાસે પુજારીપનકી સ્થાપના ઘોર સિદ્ધાન્તહાનિ એવંઘોર સ્વરૂપચ્યુતિ'લેખ પૃષ્ઠ૭.; ૧૮/ખઃ'શ્રીવલ્લભવિજ્ઞાન'અંક૫-૬ વર્ષ૧૯૬૫).

(૧૯/ક)જેમ સ્વરૂપસેવા સ્વાર્થબુદ્ધિથી અને લૌકિક કાર્ય સમજીને ન કરવાની શ્રીમહાપ્રભુજીની આજ્ઞા છે, તે પ્રમાણે નામસેવા પણ વૃત્તિઅર્થે ન કરવી એવી આજ્ઞા શ્રીમહાપ્રભુજી નિબન્ધમાં કરે છે...વૃત્તિઅર્થે સેવા કરવાથી પ્રત્યવાય (દોષ)લાગે. જેમ ગંગા-જમુનાજળનો ઉપયોગ ગુદાપ્રક્ષાલનાર્થ ન થાય, તેમ સેવાનો ઉપયોગ પણ વૃત્ત્યર્થ ન કરાય.

(૧૯/ખ)તન અને વિત્ત જો પ્રભુમાં વપરાય તો મન પ્રભુમાં જરૂર લાગે છે. માટેજ શ્રીવલ્લભે ઉપદેશ કર્યો છે કે ''તત્સિદ્ધ્યૈ તનુવિત્તજા''. માનસી જે પરા છે તેને સિદ્ધ કરવા તનુ-વિત્તજા સેવા જરૂરી છે. તન અને વિત્ત બન્ને ક્યાંય એક સ્થળે લગાડો તો ચિત્ત તેમાં રાત-દિવસ રહે છે. દલાલનો વ્યવસાય કરનાર વ્યવસાયમાં કેવલ તનથી શ્રમ કરે છે પણ તેમાં વિત્ત પોતાનું જરાય લાગતું નથી.

આથી જો બજારભાવ વધે કે ઘટે તો તેનાથી તેને મનથી ચિંતા થતી નથી...અને છોકરાનો પિતા એકલી વિત્તજા તરીકે ટ્યુશન ફી આપીને સમજે છે કે છોકરો પાસ થવાનોજ છે. આ ત્રણેને ફલ પ્રાપ્તિ નહીં થાય કારણકે તનુજા-વિત્તજા બન્ને લાગતા નથી. હવે તનુવિત્તજા બન્ને લગાડે તો ચિત્ત પરોવવાના દાખલા જોઈએ: એક દુકાનદાર દુકાન અને માલ ની ખરીદીમાં મૂડી લગાડી વેપાર શરૂ કરી અને સવારથી રાત સુધી હાજરી આપી તન પણ વેપારમાં લગાડે છે તો તેથી રાત-દિવસ દુકાન અને વેપાર ના જ વિચારો આવે છે: કેમ વેપાર સારો થાય, કેમ વધે...માટે પુષ્ટિમાર્ગમાં પ્રભુમાં આસક્તિ સિદ્ધ થવામાટે મનોવૈજ્ઞાનિક પ્રક્રિયા બતાવી છે કે તેણે તનુ-વિત્તની સેવા ભાવપૂર્વક કરવી.

(નિ.લી.ગો.શ્રીગોવિંદરાયજી મહારાજ પોરબન્દર: ૧૯/ક: સુધાધારા ૧૧૪ - ૧૯/ખ: સુધાબિન્દુ ૭૩).

(૨૦)વલ્લભમતમેં યહ સિદ્ધાંતતઃ ગલત હૈ ઓર ઐસે દેવસ્થાનોંકે ચઢાવેકા પ્રસાદ ભી ખાયા નહીં જા સકતા હૈ, ક્યોંકિ વહાં દેવલકત્વ હી પ્રધાન હૈ. આજકે યુગકો દેખતે હુએ જહાં ન્યાસ કરના આવશ્યક હૈ વહાં ઉપર્યુક્ત સિદ્ધાન્તોંકો ધ્યાનમેં રખ કર હી ન્યાસ કરના આવશ્યક હૈ, જિસસે દેવલકવૃત્તિસે બચા જા સકે. યદિ ઐસી વ્યવસ્થા નહીં કી જાતી તો દેવદ્રવ્ય હોતા હૈ, જિસકા સેવન કરનેસે આચાર્ય સ્પષ્ટ કહતે હૈં કિ નર્કપાત હોગા.

(નિ.લી.ગો.શ્રીરણછોડાચાર્યજી પ્રથમેશ: ''હમારી ધાર્મિક સ્થિતિકા વર્તમાન સ્વરૂપ એવં ભવિષ્યકી વ્યવસ્થાકે હેતુ પ્રતિવેદન'').

(૨૧)ક્યોંકિ શ્રીનાથજી સ્વયં ઉસકે ભોકતા હૈં કિન્તુ વૈષ્ણવવૃંદ તથા સેવકગણ ભી ઉસકે મહાપ્રસાદ લેને તકકે અધિકારી નહીં હૈ. યહ આચાર્યચરણકે ઈતિહાસસે પ્રત્યક્ષ પ્રમાણભૂત હૈ. ઉસકે મહાપ્રસાદ લેનેકા કેવલ ગાયકો હી અધિકાર હૈ. અન્યથા ઉસ દેવદ્રવ્યકે ઉપભોગ કરનેસે નિશ્ચય હી અધઃપતન હૈ...સબ પ્રકારકે દાન ચઢાવોં વ વસૂલ વસૂલી કરનેકા ઉલ્લેખ કિયા ગયા હૈ, વહ ભી સંપ્રદાયકે સિદ્ધાંતસે નિતાંત વિરુદ્ધ હૈ. હમારે સંપ્રદાયકી પ્રણાલીકે અનુસાર જો હમારે સંપ્રદાયકે સેવક હૈં, ઉનકા હી દ્રવ્ય ગુરુ-શિષ્યકે સંબંધસે લેકર સેવામેં ઉપયોગ કરાયા જા સકતા હૈ. સંપ્રદાયમેં સબ પ્રકારકે દાન-ચઢાવેકા ઉપયોગ સેવામેં નહીં કિયા જાતા હૈ. ઔર કદાચિત્ કહીં કિયા જાતા હો તો વહ સંપ્રદાયકે નિયમોંસે

વિરુદ્ધ હોનેકે કારણ બંદ કર દેના ચાહિયે.

(પૂ.પા.ગો.શ્રીઘનશ્યામલાલજી-સપ્તમેશ: શ્રીનાથદ્વારા ઠિકાનેકે પ્રબંધકી દિલ્લીયોજનાકી આલોચના તા.૧-૨-૫૬).

(૨૨/ક)પ્રશ્ન: દેવદ્રવ્ય કોને કહેવાય ? દેવદ્રવ્ય એટલે દેવનું દ્રવ્ય દેવને ઉદ્દેશીને અર્પણ કરાતું દ્રવ્ય કે કોઈ પદાર્થ 'દેવદ્રવ્ય' કહેવાય. તે જ પ્રકારે ગુરુને ઉદ્દેશીને અર્પણ કરાતું દ્રવ્ય 'ગુરુદ્રવ્ય' કહેવાય. પ્રભુની પ્રસાદી વસ્તુને 'મહાપ્રસાદ' કહેવાય...આ પ્રકારનાં મંદિરોમાં તો સન્મુખમાં ભેટ ધરાતું દ્રવ્ય તેમજ ટ્રસ્ટની ઓફિસમાં આવતું દ્રવ્ય તેને સ્પષ્ટ 'દેવદ્રવ્ય' કહી શકાય અને તે દ્રવ્યથી સિદ્ધ થતી સામગ્રીમાં ભગવત્પ્રસાદી થયા પછી મહાપ્રસાદપણું તો આવે છે પરંતુ તેની સાથે તેમાં દેવદ્રવ્યપણું તો રહેજ છે. તેથી વૈષ્ણવોએ એ મહાપ્રસાદને દેવદ્રવ્ય સમજીનેજ વ્યવહાર કરવો જોઈએ. તે મહાપ્રસાદ લેવામાં દેવદ્રવ્યનો બાધ તો રહેલોજ છે.

(૨૨/ખ)મંદિરના સ્થળ ફેરફાર અંગે શ્રી ગો.પૂ.૧૦૮ શ્રીબાલકૃષ્ણલાલજીએ કહ્યું કે પુષ્ટિમાર્ગમાં સાર્વજનિક મંદિરની પરંપરાજ નથી. એમા વ્યક્તિગત સ્વરૂપ, નિજી સ્વરૂપ, ની જ વાત છે. અને તેથી તેનો સેવાપ્રકાર દેવાલયપ્રકારનો નથી. મંદિરની બાંધણી પણ ઘર જેવીજ થાય છે. ક્યાંય ધ્વજ-ઘુમ્મટ હોતા નથી. વૈષ્ણવો પણ ઘરમાં સેવા કરે છે, તેને 'મંદિર'જ કહે છે...

('સેવા-દેવદ્રવ્ય-વિમર્શ' ગ્રંથના સહલેખક નિ.લી.ગો.શ્રીબાલકૃષ્ણલાલજી મહોદય, સૂરત: ૨૨/ક: વૈ.વા.અંક.૩.વર્ષ.માર્ચ ૧૯૮૩ - ૨૨/ખ: 'ગુજરાત સમાચાર' અંક ૨૫-૫-૯૩માંથી સાભાર).

(૨૩)...બ્રહ્મસંબન્ધ લે કર સેવા કરનેસે પ્રત્યેક ઇન્દ્રિયોંકા ભગવાન્‌મેં વિનિયોગ હોતા હૈ...મન્દિર-ગુરુઘર કેવલ ઉપદેશ ગ્રહણ કરનેકેલિયે હૈં. સેવા હમેં અપને ઘરોંમે કરની હૈ.

(પૂ.પા.ગો.શ્રીમથુરેશ્વરજી, સંસ્થાપક-શ્રીગોવર્ધનનાથજી મંદિર, હ્યુસ્ટન ટેક્સાસ યુ.એસ.એ.: વલ્લ.વિજ્ઞા. અંક ૫-૬ વર્ષ ૧૯૯૫).

(૨૪)પ્રશ્ન: આપણા સંપ્રદાયમાં મંદિરને 'મંદિર' ન કહેતાં 'હવેલી' શામાટે કહેવામા

આવે છે ? ઉત્તર : સામાન્યરીતે ઇતર હિંદુ સંપ્રદાયમાં 'મંદિર' શબ્દ દેવાલયના અર્થમાં વપરાય છે પરંતુ આ રીતે દેવાલયના રૂપમાં મંદિર જેવી સંસ્થાનું પુષ્ટિમાર્ગમાં અસ્તિત્વ નથી. કારણ કે પુષ્ટિમાર્ગમાં જે પ્રભુ આપણા માથે પધરાવવામાં આવે છે તે પ્રભુ-સ્વરૂપ અને તેમની સેવા દરેકના વ્યક્તિગતરૂપે તેમની ભાવના અનુસાર પધરાવી આપવામાં આવે છે. પોતાના શ્રીઠાકોરજીની સેવા પુષ્ટિમાર્ગીય જીવનું એકમાત્ર પોતાની ફરજ બની જતું પોતાનુંજ ધર્માચરણ છે. પુષ્ટિમાર્ગમાં સેવા સામુહિક જીવનનો વિષય નહિ પણ વ્યક્તિગત જીવનનો વિષય છે. જેમ લોકમાં પત્ની અથવા માતા નો પતિ અથવા પુત્ર ની સેવાનો કે વાત્સલ્યઆપવાનો તેનો વ્યક્તિગત ધર્મ ફરજ અને અધિકાર હોય છે, તે જ પ્રમાણે જે સેવકનું જે સેવ્ય સ્વરૂપ હોય તે સેવ્યની સેવાનો તેનો વ્યક્તિગત ધર્મ અને અધિકાર છે. સેવા એ જાહેર કાર્ય કે જાહેર પ્રવૃત્તિ નથી પરંતુ સેવા એ પોતાના આંતરિક જીવન સાથે સંબંધ ધરાવતી હોવાથી તે આપણા જીવનની આપણા નિજઘરમાં થતી સ્વધર્મરૂપ પ્રવૃત્તિ છે...માટે ઈતર હવેલીઓની જેમ 'શ્રીનાથજીનું મંદિર' શબ્દ રૂઢ થઈ ગયેલો હોવાથી તે વપરાય છે. હકીકતમાં સામુહિક દર્શન કે સેવા જ્યાં થતી હોય તેવા અન્યમાર્ગીય જાહેર દેવસ્થાન જેવું એ મંદિર નથી.

('સેવા-દેવદ્રવ્ય-વિમર્શ'ગ્રંથલેખક અ.સો.વા.ગો.પૂ.પા.શ્રીવલ્લભરાયજી, સુરત : પુષ્ટિ.શીત.છાંય. પાનાં નં.૧૫૭-૧૫૮).

(૨૫)શ્રીમહાપ્રભુએ જુદા-જુદા મંદિરોની પ્રણાલી ઊભી કરી નથી; પણ એમાં જગદ્ગુરુ શ્રીવલ્લભાચાર્યનો એક લાંબો દષ્ટિકોણ હતો : પ્રત્યેક વૈષ્ણવનું ઘર નન્દાલય બનવું જોઈએ ...એક મંદિરની બાજુમાં એક બહેન રહે. એમને ત્યાં ઠાકોરજી બિરાજે. મંદિરની આરતીના ઘંટા એમને સંભળાય. સેવા કરતા બેઠેલી એ બહેન ઠાકોરજીના વસ્ત્રો કાઢી સ્નાન કરાવતી હતી ત્યાં આરતીના ઘંટા પડ્યા. પેલી ઠાકોરજીને પડતા મુકીને મંદિરે દોડી. થોડી વારે ઘેર આવી. હવે વિચાર કરો, આવી રીતે કોઈ સેવા કરે તો એમાં સેવાનો આનંદ આવે ખરો ? અહીં તો પ્રત્યેક વૈષ્ણવનું ઘર નન્દાલય છે.

(શ્રીમદ્ભાગવતતત્ત્વમર્મજ્ઞા પૂ.પા.સુશ્રીઇન્દિરા બેટીજી :વૈ.પ.અંક જૂન ૧૯૯૦).

(૨૬)''અતિ ધન્યવાદાર્હ હૈ કિ આપને ઇતની મેહનત કરકે સમ્પ્રદાયકે સિદ્ધાન્તનકૂં કોર્ટમેં સમઝાયે'' - ''હમારા ઇસમેં પૂરા સહયોગ હોગા, તનમનધનસે...હમારે સભી ચિ.બાલક ઇસ કાર્યમેં સહયોગ કરનેકો તૈયાર હૈં''.

(જામનગરસ્થ ચિ.હરિરાયજીના સિદ્ધાંતનિષ્ઠ પિતૃચરણ નિ.લી.ગો.શ્રીવ્રજભૂષણલાલજી મહારાજ : ગો.શ્યા.મ.ને મોકલાવેલ તા.૨૬-૧૦-૮૬ અને ૭-૧૧-૮૬ ના પત્રોમાં).

(૨૭)

ગો.શ્રીહરિરાયજી : જરા ધ્યાનથી સાંભળજો ... ''તત્ર અયમ્ અર્થઃ. લાભપૂજાર્થયત્નસ્ય ઉપધર્મત્વ-દેવલકત્વાદિ'' સ્પષ્ટ સાંભળજો, ''સમ્પાદકત્વાત્''. ...લાભ-પૂજાર્થ યત્ન કરે છે જે સેવા કરીને, જ્યારે તે લાભ-પૂજાર્થ પ્રયત્ન કરે છે તો તે ઉપધર્મ થયું; દેવલકત્વ વગેરે જે દોષો છે તે તેની અંદર પ્રવેશે છે.

...

ગો.શ્રીશ્યામમનોહરજી : એટલે ખાસ ધ્યાનમાં રાખજો હોં, કે ભાવપ્રતિષ્ઠા જે સ્વરૂપની થઈ હોય તે સ્વરૂપની પણ લાભ અથવા પૂજા માટે જો સેવા કરવામાં આવે તો સેવાકર્તા દેવલક (પાપી) થઈ રહ્યો છે ...

ગો.શ્રીહરિરાયજી : અને ઉપધર્મત્વ આવી રહ્યું છે ...અને આ નિષિદ્ધ છે.

...

ગો.શ્રીશ્યામમનોહરજી : આ સ્થિતિમાં ગુરુ પોતાની લાભ કે પૂજાનેમાટે શિષ્યથી કાંઈ પણ ઠાકોરજીમાટે માંગતો હોય તે ... શાસ્ત્રનિષિદ્ધ હોવાથી ... દાન હોવાથી દેવદ્રવ્ય હોવાથી ઉપયોગ કરવાયોગ્ય હોતું નથી.

ગો.શ્રીહરિરાયજી : હા, બિલકુલ. ... આ તો બિલકુલ સ્પષ્ટ છે. ... 'સ્વવૃત્તિવાદ'થી પણ સ્પષ્ટ થાય છે.

પૂ.પા.ગો.શ્રીહરિરાયજી મહારાજ, જામનગર પુષ્ટિસિદ્ધાન્તચર્ચાસભા, વિસ્તૃત વિવરણ પૃષ્ઠ ૧૬૪,૧૯૩

(૨૮)આ કાર્યક્રમ દ્વારા બને એટલો પ્રયાસ આપશ્રીએ મુંઝવણ દૂર કરવાનો કર્યો છે; બીજો કોઇ આમાં આશય મને દેખાતો નથી. અંતમા હું તો એક જ વસ્તુ કહીશ કે સમાજની અંદર; અને આપણા સંપ્રદાયમાં એટલું બધું સિદ્ધાન્તવૈપરીત્ય થઇ ગયું છે કે ગુજરાતના એક ગામમાં હું ગયેલો - હું તો પ્રવાસ ખુબ કરૂં છું - એ ગામમાં પુષ્ટિમાર્ગના જ આપણા સંપ્રદાયના બે મંદિરો છે અને મંદિરોની દિવાલ પણ એક જ છે. પરંતુ લોકાર્થિત્વ, જેમ આપે આજ્ઞા કરી ગઇ કાલે ''લોકાર્થી ચેદ્

ભજેત્ કૃષ્ણં ક્લિષ્ટો ભવતિ સર્વથા'', એટલું બધું લોકાર્થિત્વ સમાજમાં ઉત્પન્ન થયું છે. પરિણામ એ આવ્યું કે બન્ને મંદિરોની દિવાલો એક જ. મંગલાના દર્શનમાં વૈષ્ણવો; એક મંદિર તો બાલકૃષ્ણલાલનું છે અને બીજું મંદિર ચન્દ્રમાજીનું છે. સવાર પડે એટલે ચન્દ્રમાજીવાળા વૈષ્ણવો બાલકૃષ્ણલાલનો જે મેવો હોય તે ચન્દ્રમાજીમાં લઇ જાય અને બાલકૃષ્ણલાલજીવાળા જે વૈષ્ણવો હોય એ ચન્દ્રમાજીનો જે મેવો અને પ્રસાદ હોય તે બાલકૃષ્ણલાલજીમાં લઇ આવે! આવી જબરદસ્ત હોંસાતોસી વૈષ્ણવસમાજમાં ઉત્પન્ન થઇ; જાણે એકબીજાની સ્પર્ધા કરતા હોય એમ. ઈર્ષા-દ્વેષનું વાતાવરણ જ્યારે સેવાના ક્ષેત્રમાં ઉત્પન્ન થાય એનાથી મોટું લોકાર્થિત્વ કયું હોઇ શકે! આ બધા કેટલાક વિચારો અને જે શો-બીઝનેસ સંપ્રદાયમાં થયો એ બધાનું નિવારણ થાય એ માટે આ આખું એક સુંદર ચર્ચાસભાનું આયોજન થયું. અને મારી તો ખાસ વિનંતી છે કે આવા બધા સિદ્ધાન્તવૈપરીત્યનો ભવાડો જો વધારે થતો હોય તો ગુજરાતમાં થાય છે. ભાગવતજીમાં પણ લખ્યું છે ''ગુર્જરે જીર્ણતાં ગતાઃ'' ભક્તિ જો જીર્ણ થઈ હોય તો ગુજરાતમાં. ગાડરિયો પ્રવાહ વધ્યો હોય તો ગુજરાતમાં. એટલે સિદ્ધાન્તની સત્યનિષ્ઠાને ... અને મહાપ્રભુજીના પુષ્ટિસિદ્ધાન્તોનું સદ્જાગરણ ... એમાં મારાથી બનતો સહકાર હું આપવા તૈયાર છું.

(પૂ.પા.ગો.ચિ.શ્રીદ્રુમિલકુમારજી મહોદયઃ ''પુષ્ટિસિદ્ધાન્ત-ચર્ચાસભા તા.૧૦-૧૩ જાન્યુવારી ૯૨ પાર્લા, મુંબઇ, વિસ્તૃત વિવરણ પૃ.૩૧૭-૩૧૮).

(૨૯)પુષ્ટિમાર્ગ ગુપ્ત છે, દેખાડો કરવા માટે તો છે જ નહીં, ભક્ત અને ભગવાન્ વચ્ચે આન્તરિક સમ્બન્ધ દૃઢ કરવાનો માર્ગ છે...બન્નેના સમ્બન્ધો એવા હોવા જોઇએ કે કોઇ ત્રીજા વ્યક્તિને એની જાણકારી ન થાય. આપણો આપણા ભગવાન્ સાથે કેવો સમ્બન્ધ છે, તે બીજી કોઇ વ્યક્તિને જણાવવાની જરૂરત શું? નામના મેળવવા માટે? પોતાનું મહાત્મ્ય વધારવામાટે? આ તો બધુ બાધક છે.

(પૂ.પા.ગો.ચિ.શ્રીદ્વારકેશલાલજી મહોદય શ્રીવલ્લભાચાર્યપ્રાકટ્યપીઠ અમરેલી-કાંદીવલી-ચમ્પારણ્ય-સૂરતઃ 'પુષ્ટિનવનીત' પૃ.૧૨).

(૩૦/ક)પ્રશ્નઃ આજ ચલ રહે જો ડિસ્પ્યુટ્ હૈં વામેં કિતનેક સિદ્ધાન્ત ચર્ચિત હો રહે હૈં જૈસે કિ નયે મન્દિર નહીં ખોલને, ટ્રસ્ટ મન્દિર નહીં બનાને, ઠાકુરજીકે નામપે દ્રવ્ય નહીં લેનો, ઠાકુરજીકે દર્શન નહીં કરાને, તથા બિના સમજે-સોચે

કોઈકુ બ્રહ્મસમ્બન્ધ નહીં દેનો. ઇન સબ વિષયમેં આપકો અભિમત ક્યા હૈ?

ઉત્તરઃ દેખો મન્દિરકી જહાં તક સ્થિતિ હૈ તો યે બાત સત્ય હૈ કે પુષ્ટિમાર્ગીય પ્રકારસું મન્દિર તો માત્ર એક હી હૈ; ઓર સબ ઘરકી સ્થિતિ હતી. ... આજ મન્દિર જિતને હૈં અથવા જિન સ્થાનનકું અપન મન્દિર સમઝે હૈં વો સ્થાન ... વાકુ અપન મર્યાદાપુષ્ટિ મન્દિર કહ સકે હૈં, પુષ્ટિમન્દિર નહીં. પુષ્ટિકો પ્રકારતો માત્ર ગૃહસેવામેં હી હૈ.

(૩૦/ખ)આજથી દોઢસો વર્ષ પૂર્વે, શ્રીમહાપ્રભુજીના સમયથી ત્યાં સુધી, પુષ્ટિમાર્ગમાં કોઈ ભગવદ્ મન્દિર ખોલવાનો ક્રમ ન હતો. પ્રત્યેક વૈષ્ણવને ઘરે-ઘરે સેવા થાય તેનો આગ્રહ રખાતો. વૈષ્ણવો પોતાને ઘરે શ્રીઠાકોરજીના સ્વરૂપને સેવ્ય કરી પધરાવી ગુરુઘરની પ્રણાલિકા મુજબ સેવા કરતા.

(પૂ.પા.ગો.શ્રીવ્રજેશકુમારજી તૃતીયેશ ૩૦/કઃ 'આચાર્યશ્રીવલ્લભ' ઑગસ્ટ ૧૯૯૪, અંક૫, પુષ્ટિમાર્ગવર્તમાન, પ્રશ્ન-ઉત્તર ૪, પૃ.૭. ૩૦/ખઃ બ્રજ મોહે બિસરત નાહીં, પૃ.૧૪૦-૪૧)

(૩૧)શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે દુનિયામાં ભટકતું રહેતું આપણું મન-ચિત્ત શ્રીઠાકોરજી સાથે જોડીને તેમની તનુવિત્તજા સેવા કરવી. ... તનુવિત્તની સેવા એટલે આપણે કમાયેલા પોતાના ધનથી, પોતાના ઘરમાં શ્રીઠાકોરજીની પોતાના શરીરથી સેવા કરવી તે.

(પૂ.પા.ગો.ચિ.શ્રીવાગીશકુમારજી 'વલ્લભીય ચેતના', ઓક્ટોબર ૧૫, ૨૦૦૩, પૃ. ૪)

(૩૨)ચિત્ત ભગત્પ્રેમમાં પરિપૂર્ણ થઈ જાય છે, પૂર્ણતઃ ભગવાન્માં જોડાઈ જાય છે, તન્મય અને તલ્લીન થઈ જાય છે ત્યારે પરાસેવા થાય છે. આને માનસી સેવા કહેવાય છે. આની સાથે મનુષ્યે શરીરથી પણ સેવા કરવી જોઈએ. ... તનુજા સેવાથી શરીરની શુદ્ધિ થાય છે. અહંતા-હુપણા નો નાશ થાય છે. ધનથી કરાતી સેવા 'વિત્તજા' સેવા છે. તેનાથી મમતા-મારાપણાનો નાશ થાય છે. અહંતા અને મમતા એકબીજા સાથે જોડાયેલા રહે છે આથી તનુજા અને વિત્તજા સેવા સાથે થવી જોઈએ. આમાં પ્રધાનતા તનુજા સેવાની છે. કેવળ ધન આપી દેવાથી સેવા થતી નથી. એનાથી રાજસી વૃત્તિ આવે છે.

(પૂ.પા.ગો.ચિ.શ્રીદ્વારકેશલાલજી મહોદય, ષષ્ઠેશ, વડોદરા: 'શ્રીમદ્ભગવદ્ગીતા પુષ્ટિદર્શન' પૃ.૧૨૫)

(૩૩)આજે ફરીથી એ સમય આવ્યો છે. તેનાથી પણ મુશ્કેલ સમય આવ્યો છે. તે સમયે તો અન્યમાર્ગીય લોકો મતોને પ્રસ્તુત કરીને ભ્રમ ઉત્પન્ન કરતા હતા. પણ આજે તો આપણા સમ્પ્રદાયના જ 'સુજ્ઞજનો' શ્રીમહાપ્રભુજીની વાણીનો વિપરીત અર્થ કરી રહ્યા છે. લોકોને પથભ્રષ્ટ કરી રહ્યા છે, દૈવીજીવોની સાથે ઘોર અન્યાય કરી રહ્યા છે. તેથી જ હાલમાં મહાપ્રભુ શ્રીવલ્લધીશના વંશજ પુષ્ટિમાર્ગીય યુવા આચાર્યોએ એક 'સંવાદસ્થાપકમણ્ડળ'ની સ્થાપના કરીને મુમ્બઈમાં ... ચાર દિવસ સુધી એક પુષ્ટિસિદ્ધાન્ત ચર્ચાસભાનું આયોજન કર્યું હતું. ... સભામાં ૩૫ મહાનુભાવ આચાર્યો ઉપસ્થિત હતા. ૨૮ ગોસ્વામી આચાર્ય મહાનુભાવોએ ગો. શ્રીશ્યામમનોહરજી મહારાજશ્રી(કિશનગઢ-પાર્લા)ના 'સિદ્ધાન્તવચનાવલી'ના ભાવાનુવાદને સહમતિ આપી હતી. કેટલાક આચાર્ય મહાનુભાવોએ અસહમતિ આપી હતી અને કેટલાક મૌન રહ્યા હતા. અસહમતિ પ્રકટ કરવાવાળા પૂ.પા.ગો.શ્રીહરિરાયજી વ્રજભૂષણલાલજી મહારાજશ્રી, જામનગરવાળાએ પૂજ્ય ગોસ્વામી શ્રીશ્યામમનોહરજી મહારાજશ્રીની સાથે તેમણે કરેલ ભાવાનુવાદના મુદ્દાઓ ઉપર ચર્ચા પ્રારમ્ભ કરી હતી. ... સમયના અભાવે ચર્ચા નિર્ણયપર પહોંચી ન શકી. પરન્તુ વર્તમાનમાં કેટલાક ચર્ચાસ્પદ, સંશયાસ્પદ મુદ્દાઓની સ્પષ્ટતા આ ચર્ચામાં પ્રાપ્ત થઈ તે ખરેખર એક મોટી સિદ્ધિ છે. એટલું જ નહીં પરન્તુ નીચે બતાવેલ મુદ્દાઓના વિશ્લેષણમાં પૂજ્ય શ્રીશ્યામમનોહરજીની સાથે સહમત થઈને પૂજ્ય શ્રીહરિરાયજીએ આપણા સમ્પ્રદાયની ઉત્તમ સેવા કરી છે:

૧. પુષ્ટિમાર્ગીય સેવ્યસ્વરૂપ પૂર્ણપુરુષોત્તમ સ્વરૂપથી જ બિરાજે છે, તે સ્વરૂપ પછી ગુરુના સેવ્ય હોય કે શિષ્ય(વૈષ્ણવ)ના સેવ્ય હોય. બન્ને(સ્વરૂપો)માંથી કોઈમાં પણ પુરુષોત્તમપણું ન્યૂનાધિક હોતું નથી.

૨. પુષ્ટિમાર્ગીય સિદ્ધાન્ત અનુસાર કૃષ્ણસેવા કરવાનું સ્થાન ઘર જ હોઈ શકે છે, સાર્વજનિક(સ્થળ) નહીં.

૩. પુષ્ટિમાર્ગીય ભગવત્સેવાને ધનની પ્રાપ્તિનું સાધન બનાવવું ન જોઈએ.

૪. દેવલક વ્યક્તિ (=ભગવત્સેવ્યસ્વરૂપને ધનની પ્રાપ્તિનું સાધન અથવા આજીવિકાનું સાધન બનાવનાર) ની સેવા નિષિદ્ધ કક્ષાની હોવાથી (તે) સેવાનો અધિકારી નથી.

૫. શ્રીઠાકોરજીને માટે કોઈ પણ પ્રકારની દાન-ભેટ માંગવી અથવા સ્વીકારવી એ શાસ્ત્રદ્વારા નિષિદ્ધ છે. એટલું જ નહીં પરન્તુ લાભ-પૂજાના હેતુથી પોતાનામાટે દ્રવ્ય અથવા કોઈ વસ્તુને સ્વીકારવી તે શાસ્ત્રની દષ્ટિમાં ઋણાનુબન્ધી દોષને ઉત્પન્ન કરનાર હોવાથી બન્ધનકારક છે.

૫. પુષ્ટિમાર્ગના સિદ્ધાન્ત અનુસાર શ્રીઠાકોરજીને નિવેદન કરેલા પદાર્થનું જ સમર્પણ થઈ શકે છે અને સમર્પિત પદાર્થોનો જ ભગવદ્ ઉચ્છિષ્ટરૂપમાં પ્રસાદ લઈ શકાય છે. શ્રીઠાકોરજી માટે દાન અથવા ભેટ ના રૂપમાં આવેલ સામગ્રીને પ્રસાદના રૂપમાં લઈ શકાતી

નથી કેમકે શ્રીઠાકોરજી માટે દાન અથવા ભેટ ના રૂપમાં પ્રાપ્ત થયેલ પદાર્થ(દ્રવ્ય)થી આવેલ સામગ્રીને પ્રસાદના રૂપમાં પાછી લેવાથી 'દત્તાપહાર'નું પાપ લાગે છે.

૬. સેવા તો શાસ્ત્રનો વિષય છે. તેથી સેવાના સમ્બન્ધમાં શાસ્ત્રથી-શ્રીમહાપ્રભુજીના ગ્રન્થોથી જ બધો નિર્ણય થઈ શકે છે, અન્ય કોઈ પ્રકારે નહીં.

(સંયુક્ત ઘોષણાપત્ર: અમદાવાદ, મિતિ ફાલ્ગુન સુદી૭, શ્રીવલ્લભાબ્દ૫૧૪, દિનાઙ્ક: ૧૧ માર્ચ ૧૯૯૨.

હસ્તાક્ષર:

નિ.લી.ગો.શ્રીવ્રજરાયજી મહારાજ,
પૂ.પા.ગો.શ્રીવ્રજેન્દ્રકુમારજી મહારાજ (અમદાવાદ);
પૂ.પા.ગો.શ્રીદેવકીનન્દનાચાર્યજી, ચતુર્થેશ(ગોકુલ-અમદાવાદ),
પૂ.પા.ગો.શ્રીવ્રજેશકુમારજી મહારાજ(કડી-અમદાવાદ)
પૂ.પા.ગો.શ્રીરાજેશકુમારજી મહારાજ(કડી-અમદાવાદ)
પૂ.પા.ગો.શ્રીવલ્લભલાલજી મહારાજ(કડી-અમદાવાદ);
પૂ.પા.ગો.શ્રીજયદેવલાલજી મહારાજ,
પૂ.પા.ગો.શ્રીમથુરેશજી મહારાજ,
પૂ.પા.ગો.શ્રીકન્હૈયાલાલજી મહારાજ,
પૂ.પા.ગો.શ્રીહરિરાયજી(કામા-વીરમગામ-અમદાવાદ).

(૩૪)તનુજા સેવા ઔર વિત્તજા સેવા એક હી વ્યક્તિ કરે તબ કહીં જાકર વહ માનસીકો સિદ્ધ કરતી હૈ. કેવલ તનુજા કરલી યા કેવલ વિત્તજા કરલી તો અહન્તા-

મમતા દૂર નહીં હોગી. ... કૈસે ? મૈં આપકો એક ઉદાહરણ દેતા હૂં. ... જો ઘરસેવા કરતે હૈં ઉનકેલિયે તો કોઈ પ્રશ્ન નહીં હૈ. લેકિન યદિ કોઈ વિત્તજા સેવા કરેગા તો સમઝ લીજીયે કિ ઉસને મન્દિરમેં ભેટ દી. મનોરથ કિયા. ઉસકી આપ રસીદ લેંગે. ... તબ આપ કહેંગે ''મૈને સેવા લિખાયી હૈ''. આપ કહતે હૈં ''મૈને સેવા લિખાયી હૈ'' તબ અહન્તા કહાં દૂર હુઈ ? અબ આપ મેહતાજીસે ક્યા માંગોગે ? ''યે મેરી રસીદ હૈ, મેરા પ્રસાદ લાઓ''. તો દેખીયે, અહન્તા-મમતામેં હમ ઔર બંધ ગયે. તો ઐસી સેવા સંસારકો દૂર નહીં કરેગી, સંસારમેં બાંધેગી. .... કેવલ યદિ હમ વિત્તજા કરતે હૈં તો હમારે અહંકારકો બઢાતે હૈં. ઔર અહન્તા દૂર ન હોગી, મમતા દૂર ન હોગી તો માનસી કૈસે સિદ્ધ હોગી ? ક્યોંકિ સભી બન્ધનકા મૂલ અહન્તા-મમતા હી હૈ.

(પૂ.પા.ગો.શ્રીદ્વારકેશલાલજી, કામવન-સુરત, સિદ્ધાન્તમુક્તાવલી પ્રવચન, ભરૂચ, જન્યુઆરી ૨૦૦૫)

(૩૫)અમે તો રાજના ખાસા ખવાસ મુક્તિ મન ન આવે રે'' વ્રજાધિપનું સેવન કરનારા અમે મુક્તિ માંગતા નથી. છતાં પુષ્ટિમાર્ગી વૈષ્ણવો ભાગવત સપ્તાહ બેસાડીને પોતાના પિતૃઓને મોક્ષમાર્ગે મોકલે છે ! પિતૃમોક્ષાર્થે ભાગવત સપ્તાહ ! કોઈ એકસો આઠ ! કોઈ એક હજાર આઠ ! ... આપણા પિતૃઓ તો ગોલોકમાં જાય છે એમને પાછા મોક્ષમાં શા માટે મોકલો છો ? ... ભાગવત સપ્તાહ પૂરી કરીને પછી માળા પહેરામણી કરે અને કહે કે ગોલોકધામ... હવે ગોલોક ધામમાં મોકલવા છે ! એટલે પિતૃઓને અહીંથી ત્યાં દોડા-દોડી જ કરાવવી છે ! આપણું કોઈ ધ્યેય જ નક્કી નથી !! આપણે શ્રીમહાપ્રભુજીના ગ્રન્થો ખોલ્યા નથી એનું આ દુષ્પરિણામ છે કે જે આપણા પૂર્વજોને પણ ભોગવવું પડે છે.

(પૂ.પા.ગો.ચિ.શ્રીપુરુષોત્તમલાલજી, જુનાગઢ શ્રીયમુનાષ્ટક પ્રવચન, રાજકોટ, ૨૦૦૬)

(૩૬)...જ્યાં સુધી સિદ્ધાન્તના નિશ્ચિત સ્વરૂપ કે વ્યાખ્યાનો પ્રશ્ન છે, અમે બધા ધર્માચાર્ય, આપણા સમ્પ્રદાયના પ્રવર્તક મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય તથા પરવર્તી અન્ય પણ માન્ય બધા વ્યાખ્યાકારોના સન્દેહરહિત વિધાનોના આધારે આ સ્પષ્ટ શબ્દોમાં ઘોષિત કરીએ છીએ કે આપણા ધાર્મિક સિદ્ધાન્ત તેમજ પરંપરા અનુસાર ભગવત્સેવા - સેવાસ્થળ - સેવોપયોગિસમ્પત્તિ - સેવાકર્તા (ગુરુ કે વૈષ્ણવ) તેમજ

ભગવત્સ્વરૂપનું ખાનગી અથવા પારિવારિક હોવું એક અનુલ્લંઘનીય ધાર્મિક અનિવાર્યતા છે. તેથી તેઓમાંથી કોઈને પણ સાર્વજનિક બનાવવું સર્વથા ધર્મવિરુદ્ધ હોવાના કારણે એક ઘોર ધાર્મિક અપરાધ છે.

...વાલ્લભ સમ્પ્રદાયના સિદ્ધાન્ત પ્રમાણે પોતાના ઘરમાં પોતાના ધનને તથા નિજ પરિવારજનોને ભગવત્ સ્વરૂપની સેવામાં ઉપયોગમાં લેવા એ જ આરાધનાનું વાસ્તવિક સ્વરૂપ છે.

...આથી પોતાના ઘરમાં પોતાના ધનના વિનિયોગ વિના તથા પોતાના પરિવારના માણસોના સહયોગ વગર કરાતી આરાધના, વાલ્લભ સમ્પ્રદાયની આરાધનાની પરિભાષા પ્રમાણે આરાધના છે જ નહિ. આવી સ્થિતિમાં અમારા ઘરમાં આવતા લોકો દ્વારા અમારા સેવ્ય ભગવદ્સ્વરૂપના દર્શન કરવા કે ભેટ ધરવી વગેરે આચરણ આરાધનાની અન્તર્ગત માન્ય ક્રિયાકલાપ નથી.

...ભજન(સેવા) જો નિજ ઘરમાં નથી કરાતું તો એવા ભગવદ્ભજનને પુષ્ટિમાર્ગીય પરિભાષામાં ભગવદ્ભજન જ નથી કહેવાતું. પુષ્ટિમાર્ગમાં નિજઘરમાં રહીને ભગવદ્ભજન કરવાના પ્રકાર સિવાય બીજો કોઈ પ્રકાર છે જ નહિ.

...ભેટ ધરેલા ધનથી ભોગ ધરેલી સામગ્રીને પ્રસાદરૂપે ગ્રહણ કરવી અમારે ત્યાં બિલકુલ વર્જિત છે. ...સાર્વજનિક મંદિરમાં દર્શનાર્થી જનસમુદાયના પ્રતિનિધિના રૂપમાં સેવા કરવાની પ્રક્રિયાને ન તો વાલ્લભસમ્પ્રદાયમાં કોઈ અવકાશ છે અને ન એવું આચરણ સિદ્ધાન્તની દષ્ટિએ પ્રશંસનીય પણ છે. ભગવત્સેવાનું અનુષ્ઠાન ન તો નોકરી કે ન તો ધંધાના રૂપમાં કરી શકાય છે. ... વાલ્લભસમ્પ્રદાયમાં ગો. મહારાજોને ... ભગવત્સેવાની અવેજીમાં કે પુજારીની હૈસિયતમાં કંઈ પણ ભેટ સ્વીકારવી માત્ર વર્જિત જ નથી બલ્કે અધર્મ તથા અયોગ્યતા સંપાદક છે.

...શ્રીમહાપ્રભુ બધા પુષ્ટિમાર્ગીઓની સૈદ્ધાન્તિક નિષ્ઠા સ્વધર્માનુસરણનું સામર્થ્ય તથા પારસ્પરિક સૌમનસ્ય પ્રદાન કરે. ... બધા પુષ્ટિમાર્ગીયોના નિજઘરોમાં બિરાજમાન સેવ્યસ્વરૂપ હંમેશા ખાનગી જ રહે; ક્યારેય સાર્વજનિક ન બની જાય ! ''બુદ્ધિપ્રેરક કૃષ્ણસ્ય પાદપદ્મં પ્રસીદતુ''.

હસ્તાક્ષર :

ગો. શરદ્ અનિરુદ્ધજી (માંડવી-હાલોલ)

ગો. કિશોરચન્દ્ર (માંડવી-જુનાગઢ)

ગો. અજયકુમાર શ્યામસુંદરજી (મદ્રાસ)

ગો. મનમોહન (મુંબઈ)

ગો. શ્યામસુન્દર મુરલીધરજી (બોરીવલી)

ગો. હરિરાય કૃષ્ણજીવનજી (મુંબઈ)

નિ.લી.ગો.શ્રીકૃષ્ણચન્દ્રજી શ્રીકૃષ્ણજીવનજી (મુંબઈ)

ગો. વલ્લભલાલ શ્રીગોવિંદલાલજી (કડી-અમદાવાદ)

ગો. હરિરાય શ્રીગોવિંદરાયજી (પોરબંદર)

નિ.લી.ગો.શ્રીવ્રજાધીષજી શ્રીકૃષ્ણજીવનજી (દહિસર)

ગો. વ્રજેશકુમાર શ્રીગોવિંદલાલજી (કડી-અમદાવાદ)

નિ.લી.ગો.શ્રીકૃષ્ણકુમાર શ્રીરમણલાલજી (કાંદીવલી-કામવન)

ગો. રાજેશકુમારજી શ્રીગોવિંદલાલજી (કડી-અમદાવાદ)

ગો. વિજયકુમારજી શ્રીગોવિંદલાલજી (કડી-અમદાવાદ)

ગો. યોગેશ્વર મથુરેશ્વરજી (વડોદરા-સુરત)

ગો. રઘુનાથલાલ શ્રીરમણલાલજી (કામવન-ગોકુલ-પાર્લા)

ગો. દેવકીનન્દનાચાર્ય (ગોકુલ-અમદાવાદ)

ગો. નવનીતલાલ શ્રીગોવિંદલાલજી (કામવન-ભાવનગર)

ગો. મુરલીમનોહર શ્રીવ્રજાધીશજી (દહિસર)

નિ.લી.ગો.શ્રીમાધવરાયજી શ્રીગોકુલનાથજી (મુંબઈ-નાસિક)

ગો. રમેશકુમાર શ્રીગોપીનાથજી (મુલુંડ-નાસિક)

ગો. કલ્યાણરાય (કન્હૈયાબાવા) (વીરમગામ-અમદાવાદ)

ગો. યોગેશકુમાર રઘુનાથલાલજી (કામવન-ગોકુલ-પાર્લા)

ગો. વ્રજપ્રિય મુરલીધરજી (બોરીવલી)

ગો. નીરજકુમાર શ્રીમાધવરાયજી (મુંબઈ-નાસિક)

ગો. શરદકુમાર (શીલૂબાવા) શ્રીમુરલીધરજી (પોરબંદર)

ગો. ચન્દ્રગોપાલ (ચંદુબાવા) શ્રીમુરલીધરજી (પોરબંદર)

નિ.લી.ગો.શ્રીનૃત્યગોપાલજી શ્રીકૃષ્ણજીવનજી (મુંબઈ)

પત્રદ્વારા સમ્મતિ:

નિ.લી.ગો.શ્રીબાલકૃષ્ણલાલજી શ્રીગોવિંદરાયજી (સુરત)

નિ.લી.ગો.શ્રીવ્રજભૂષણલાલજી મહારાજ (જામનગર)

પઞ્ચમપીઠાધીશ્વર નિ.લી.ગો.શ્રીગિરિધરલાલજી (કામવન-વલ્લભવિદ્યાનગર)

નિ.લી.ગો.શ્રીગોવિંદલાલજી (કોટા)

(''મહાપ્રભુ શ્રીમદ્વલ્લભાચાર્ય વંશજ ગોસ્વામીઓનું સંયુક્ત ઘોષણાપત્ર'' ૧૯૮૬. પુષ્ટિસિદ્ધાન્તચર્ચાસભા સંક્ષિપ્ત વિવરણ, પૃષ્ઠ ૪૯-૭૮)